CORE

Metadata, citation and similar papers at core.ac.uk

Provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Jani, Mayur S., 2011, "*વર્ષા અડાલજાની નવલકથાઓ - એક અધ્યયન*", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/855

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિનયન વિદ્યાશાખાના
ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી
માટે પ્રસ્તુત કરવામાં આવેલ

# મહાનિબંધ

# વર્ષા અડાલજાની નવલકથાઓ - એક અધ્યયન

**• પ્રસ્તુત કર્તા •**
મયૂર એસ. જાની
(એમ.એ.)
વ્યાખ્યાતા
શ્રી એચ.એન. દોશી આર્ટ્સ એન્ડ
આર. એન. દોશી કોમર્સ કોલેજ,
વાંકાનેર

**• માર્ગદર્શક •**
ડૉ. નીતિન વડગામા
પ્રોફેસર
ગુજરાતી ભાષા સાહિત્ય ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ.

રજી. નં. : ૩૧૯૩ રજી. તારીખ : ૧૫-૧૦-૨૦૦૪

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરું છું કે પ્રા. મયૂર એસ. જાનીએ **"વર્ષા અડાલજાની નવલકથાઓ – એક અધ્યયન"** એ વિષય પર મારા માર્ગદર્શન નીચે આ મહાનિબંધ તૈયાર કર્યો છે. આ વિષયમાં એમણે કરેલું સંશોધનાત્મક અધ્યયન મૌલિક છે.

સ્થળ :

તારીખ :

**ડૉ. નીતિન વડગામા**
પ્રોફેસર
ગુજરાતી ભાષા સાહિત્ય
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ–૩૬૦ ૦૦૫

# ઋણ સ્વીકાર

નાનપણથી જ માની વાર્તાઓ સાંભળવાનો ક્રમ અને એ ક્રમે જ નવું-નવું વાંચવાની લગન લગાવી એ લગની એજ આ સંશોધન કરવા પ્રેર્યો. કઠોર પુરૂષાર્થ, સચોટ માર્ગદર્શન, માર્ગદર્શકોનો સહયોગ અને શુભેચ્છાઓ કોઈ પણ સંશોધનની નીપજ છે એમ કહું તો કંઈ ખોટું નથી. એ જ તો સહિયારા પુરૂષાર્થનો સ્નેહ સભર સરવાળો છે. પ્રસ્તુત સંશોધનમાં સહયોગીઓનો ઋણ સ્વીકાર કરતાં હું હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું તથા મારા માતા-પિતા અને ગુરૂજનોને નત મસ્તકે વંદન કરું છું.

જેમણે સખત પરિશ્રમ દ્વારા સાહિત્યના સાગરને ખેડીને સિદ્ધિનાં ઉચ્ચ શિખરો સર કર્યાં છે એવા **શ્રી ડૉ. નીતિનભાઈ વડગામા** સાહેબનો હું ઋણી છું. જેઓ મારા આ મહાશોધ નિબંધમાં માર્ગદર્શક રહયા છે. જેમના સાહિત્ય જીવનમાંથી પ્રેરણા લઈ મને આ કાર્ય કરવાનું સ્વપ્ન મળ્યું જે એમની રાહબરી હેઠળ ફળીભૂત થયું છે. મારા વિદ્યાર્થીકાળ દરમિયાન સાહિત્ય પ્રત્યે લગની લગાવનાર મારા ગુરૂવર્ય **ડૉ. બળવંત જાની સાહેબ અને ડૉ. નરેશભાઈ વેદ**નો હું ઋણી છું. જેઓ મારા સંશોધન કાર્યની શરૂઆતથી મારી સાથે છે. આ ઉપરાંત હવે સેવા નિવૃત્ત થયેલા પણ સાહિત્યમાં પ્રવૃત્ત એવા **ડૉ. પી. આર. તેરૈયા** સાહેબ અને **ડૉ. હિમાંશુ ભટ્ટ** સાહેબ અને **ડૉ. રસિક દવે** સાહેબ પણ મારા પ્રેરણા સ્ત્રોત રહયા છે.

મારી શિક્ષણ કારકીર્દિની શરૂઆત જે કોલેજથી થઈ તે ધર્મેન્દ્રસિંહ કોલેજના નિવૃત્ત આચાર્યો શ્રી આઈ. એન. આચાર્ય સાહેબ (ગુરુજી) અને આર. એ. મહેતા સાહેબને પણ હું અંતઃ કરણપૂર્વક વંદન પાઠવું છું.

મારા સંશોધન કાળ દરમિયાન મને રાહ બતાવનાર ગુજરાતી ભાષા ભવનના **ડૉ. બિપિન આશર** સાહેબ, **પ્રો. ડૉ. અંબાદાન રોહડીયા** સાહેબ, **ડૉ. મનોજ જોષી** સાહેબ, અને **ડૉ. દીપક પટેલ** સાહેબનો હું ઋણી છું. મારા વિદ્યાર્થી કાળના સમયથી જ મોટા બહેનની જેમ સતત હૂંફ આપનાર તથા રાહ બતાવનાર **રક્ષા દીદી**ને તો કેમ ભૂલાય ? અને શબ્દના સાથીદાર તરીકે રાત દિવસ જોયા વગર જેણે આ કાર્ય કરવામાં મને સાથ આપ્યો એ **ડૉ. બીના ત્રિવેદી**નો હું આભારી છું. તેમના માતા-પિતાના આશીર્વચનો અને એમનું મૃદુભાષી વલણ મને સતત હૂંફ આપતું રહયું છે, જે મારી કર્મભૂમી છે એ વાંકાનેર દોશી કોલેજના **ટ્રસ્ટી શ્રી રસિકભાઈ તથા શ્રી નવિનભાઈ**નો પણ ઋણી છું તથા પ્રિન્સીપાલસાહેબ **ડૉ. વાય. એમ. ચુડાસમા** કે જેમણે મારા કોલેજના કાર્યભારને સુવ્યવસ્થિત રીતે ગોઠવીને સંશોધન કાર્ય સારી રીતે કરી શકાય એવી સગવડતાઓ આપી, તેમનો હું આભારી છું. મને જોઈતાં પુસ્તકો તથા અન્ય સાહિત્યને મેળવી આપવામાં મદદરૂપ થનાર લાયબ્રેરીયન **અરવિંદ કાકા** તથા

**ખીમજીભાઈ**નો સહકાર મારા આ કાર્યને પૂર્ણતા તરફ લઈ જનાર મહત્ત્વના લોકો છે. આ ઉપરાંત મારા સહકાર્યકરો **ડૉ. હરીશ ચંદારાણા સાહેબ, ડૉ. બી. ડી. વાળા સાહેબ, ડૉ. અતુલ વોરા સાહેબ, શ્રીમતી ઊર્મિલાબહેન પટેલ, ડૉ. અર્ચના પરમાર તથા ડૉ. વિભા વ્યાસ** વગેરે દ્વારા સંશોધન કાર્ય સમયે જે સહકાર મળેલો છે તે માટે તેમનો હું આભારી છું. વિજ્ઞાનના આવિષ્કારી સાધનો દ્વારાપ્રિન્ટ મીડિયાથી જોડાયેલા એવા શ્રી હેમલભાઈ, ચિરાગભાઈ તથા કૌશિકભાઈના સમયનો પણ નોંધપાત્ર ફાળો રહયો છે જેઓનો હું આભારી છું.

બચપણથી જ વાર્તાઓ દ્વારા ભાષાનો સ્વાદ ચખાડનાર સ્વ. માતા **કુંદનબહેન** તથા સાહિત્ય પ્રેમી સસરા **સ્વ. શ્રી ઘનશ્યામભાઈ**ના આકાશી આશિર્વાદ વગર આ કાર્ય શકય જ ન બન્યું હોત. જેમણે મને અધ્યાપક તરીકેના રાહ પર રમતો મૂકયો એવા વ્હાલા ભાઈઓ **સ્વ. શ્રી નરેન્દ્રભાઈ જાની તથા રામભાઈ ઠાકર**ની યાદ આ સંશોધન કાર્ય દ્વારા કાયમ રહેશે.

પોતના દરેક સંતાનો નું મંગલહિતની કામના ધરાવતા અને અનેરી કુટુંબ ભાવનાથી નિર્મલ સ્નેહનો ધોધ વરસાવતા પૂજય ભાભુ **ગં. સ્વ. નિર્મળા બા** તથા **ગં. સ્વ. શશીકલા બા** અને બાળકોના વ્હાલા નાની બા ગં. **સ્વ. ઈન્દિરાબાના** પ્રેમે આ સંશોધન કાર્યમાં પ્રાણ પૂર્યા છે. જેમની આંગળી પડકી ચાલતાં શીખ્યો એવા ૭૯ વર્ષીય **પૂ. પિતાશ્રી** પણ થાકયા વગર મારી સાથે રહયા છે. એ ઋષિ તુલ્ય પિતાશ્રીને હું વંદન કરું છું. આસિસ્ટન્ટ એ. જી. તરીકનો માનવંતો હોદ્દો ધરાવનાર કુટુંબના મોભી એવા **શ્રી પ્રદ્યુમ્નભાઈ યાજ્ઞિક** કર્મથી લક્ષ્મીના કરસેવક હોવા છતાં જેમની કલમમાંથી માતા સરસ્વતીની કૃપા વરસી રહી છે તેઓ પણ મારી સાથે આ કાર્યમાં રહયા છે જેમનો હું આભાર માનું છું. **પૂ. મોટાભાઈ રાજુભાઈ – રાજેશ્રી ભાભી** તથા ભાઈબંધ જેવા મોટા ભાઈ **ચિરાગભાઈ** કે જેઓ અતિ વ્યસતતા વચ્ચે સમય કાઢીને મારી સતત સાથે રહયા છે જેનો હું આભાર માનુ છું. જે સતત નવું વાચતી–વંચાવતી અને સાહિત્યમાં રસ ધરાવતી **પ્રિય પત્ની લિપ્સાની** અદમ્ય ઈચ્છાને મેં આ સંશોધન દ્વારા મારા શબ્દદેહનો પરિચય કરાવ્યો છે. જે સતત મારી સંગાથે રહીને મારા કાર્યમાં સહભાગી થઈ છે. **બહેન રૂપા તથા નરેન્દ્રકુમારના** આશીર્વાદ પણ સતત સાથે રહયાં છે. થોડા જ સમય પહેલા અમારી વચ્ચેથી વિદાય લઈ ગયેલ સ્વ. કરણ તથા કૌશલ અને રાધેની જિજ્ઞાસાવૃત્તિ અને પ્રશ્નાવલીએ મને હંમેશા જીવંત રાખ્યો છે જે આજે પણ ભૂલી શકાય તેમ નથી....

આ સિવાયના મારા આ કાર્યમાં દૂર રહીને પણ સાથ સહકાર આપનારા મારા અધ્યાપક મિત્રો, સહાધ્યાયીઓ, સહકાર્યકરોનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આ ઉપરાંત ફોટોકોપી કરી આપનાર ચિરાગ, શૈલેષકુમાર તથા જેઓએ સુંદર રીતે ટાઈપીંગ અને પ્રિન્ટીંગ કાર્ય કર્યું છે તે થર્ટીન પ્રિન્ટ શોપના કૌશિક જાનીનો હું આભાર માનું છું.

**– મયૂર શિવકુમાર જાની**

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| • | પ્રમાણપત્ર | |
| • | નિવેદન | |
| • | ઋણ સ્વીકાર | |
| પ્રકરણ-૧ | નવલકથા : સ્વરૂપ અને વિકાસ | ૧ થી ૩૭ |
| પ્રકરણ-૨ | વર્ષા અડાલજાનું જીવન અને કવન | ૩૮ થી ૪૬ |
| પ્રકરણ-૩ | વર્ષા અડાલજાની પ્રણય નવલકથા | ૪૭ થી ૮૪ |
| પ્રકરણ-૪ | વર્ષા અડાલજાની સામાજિક નવલકથા | ૮૫ થી ૧૩૪ |
| પ્રકરણ-૫ | વર્ષા અડાલજાની રહસ્યમય નવલકથા | ૧૩૫ થી ૨૩૪ |
| પ્રકરણ-૬ | સાંપ્રત લેખિકાઓમાં વર્ષા અડાલજાનું સ્થાન | ૨૩૪ થી ૨૫૩ |
| પ્રકરણ-૭ | ઉપસંહાર | ૨૫૪ થી ૨૫૬ |
| • | સંદર્ભગ્રંથ સૂચિ | ૨૫૭ |
| • | વર્ષાબેન અડાલજાની મુલાકાત | |

# અભ્યાસમાં સમાવિષ્ટ વર્ષા અડાલજાની નવલકથાઓ

**• પ્રણય નવલકથા •**

૧. ‘મારે પણ એક ઘર હોય’
૨. ‘રેતપંખી’
૩. ‘એની સુગંધ’

**• સામાજિક નવલકથા •**

૧. ‘શ્રાવણ તારાં સરવડાં’
૨. ‘તિમિરના પડછાયા’
૩. ‘એક પળની પરખ’
૪. ‘મારે પણ એક ઘર હોય’
૫. ‘રેતપંખી’
૬. ‘આનંદધારા’
૭. ‘ખરી પડેલ ટહુકો’
૮. ‘એક કારાગાર’
૯. ‘બંદીવાન’
૧૦. ‘માટીનું ઘર ’
૧૧. ‘શગ રે સંકોરું’
૧૨. ‘ત્રીજો કિનારો’
૧૩. ‘અણસાર’
૧૪. ‘ગાંઠ છૂટયાની વેળા’
૧૫. ‘આતશ’

**• રહસ્યમય નવલકથા •**

૧. ‘મૃત્યુદંડ’
૨. ‘પગલા’
૩. ‘પાછાં ફરતાં’
૪. ‘નીલિમા મૃત્યુ પામી છે’
૫. ‘છેવટનું છેવટ’
૬. ‘પાંચને એક પાંચ’

# પ્રકરણ-૧
# નવલકથા સ્વરૂપ વિકાસ

- **ભૂમિકા**

ગુજરાતી સાહિત્યના બધા જ સાહિત્ય પ્રકારોમાં વિષય અને સ્વરૂપની દષ્ટિએ નવલકથા ખૂબ જ અગત્યનો સાહિત્ય પ્રકાર છે. કારણ કે વાચક માટે વિવિધ સ્તરે તેનું કુતૂહલ અને આકર્ષક હરહંમેશ રહયાં કરતું હોય છે. તેથી આ સાહિત્ય પ્રકાર લોકપ્રિય બન્યો છે. લોકહૃદયની ચાહના મેળવી છે. તેમાં માનવજીવનનું સાચું પ્રતિબિંબ પાડવામાં આવ્યું છે કે આલેખવામાં આવ્યું છે. નવલકથા પરિવર્તનશીલ હોવાને લીધે રહસ્યમય થઈ છે.

- **નવલકથા સ્વરૂપ :-**

આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે વેદકાળથી આરંભાયેલી રસસભર ગદ્ય વાર્તાઓ આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય યુગમાં પદ્યસ્વરૂપે આવિર્ભાવ પામી. રાસ, રાસા, આખ્યાન, પ્રબંધ વગેરે મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપોમાં સર્વત્ર વાર્તાતત્ત્વ જ જણાય છે. ત્યારપછી કાળક્રમે ૧૯મી સદીમાં અંગ્રેજી ભાષા તથા સાહિત્યના વ્યાપક, વિશિષ્ટ સંપર્ક–સેવન દ્વારા નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, નિબંધ, જીવનચરિત્ર, પ્રવાસ વર્ણન જેવાં અનેકવિધ સાહિત્ય સ્વરૂપો ગુજરાતી ભાષા સાહિત્યમાં સ્વીકારાયાં – વિકસાવાયાં. તેમાંયે વાર્તા સાહિત્ય તો સર્વાધિક લોકપ્રિય બનેલું. સવિશેષ ખેડાયેલું સાહિત્ય સ્વરૂપ છે.

નવલકથાનો આરંભ ઈ.સ. ૧૩મી સદીમાં પશ્ચિમમાં થયો હતો. તે સમયે પશ્ચિમમાં 'It Novelino' અને 'Cento Novelle Antiche' એમ બે કથાસંગ્રહોની રચના થઈ હતી. આ કથા સંગ્રહો ઉપરથી 'Novel' શબ્દ પ્રચલિત થયો છે.

આ અંગ્રેજી 'Novel' શબ્દ ઉપરથી ગુજરાતી ભાષામાં આપણે તેના પર્યાયરૂપે 'નવલકથા' શબ્દ સ્વીકાર્યો. આપણે ત્યાં મરાઠી ભાષામાં નવલકથાને 'કાદંબરી', હિન્દીભાષામાં 'ઉપન્યાસ' તથા આપણી ગુજરાતી ભાષામાં 'નવલકથા' તરીકે ઓળખવામાં આવે છે.

- **નવલકથાના ઘટક તત્વો :-**

નવલકથા સાહિત્ય સ્વરૂપના ઘટક તત્વો વિશે ટૂંકમાં જોઈએ તો

– કથાવસ્તુ :

નવલકથાનું સર્વથી અધિક અને મહત્વપૂર્ણ અંગ જો કોઈ હોય તો તે છે, તેનું કથાવસ્તુ કથા, વાર્તા દ્વારા જે કથવા–કહેવામાં આવે છે તે તેનું વસ્તુ અથવા તેનાં વિષય છે. આ વિષય જેના દ્વારા કહેવામાં આવે છે, તે વાર્તા છે. ઉત્તમ વસ્તુ તથા એવી જ ઉત્તમ વાર્તાના સમન્વય દ્વારા જ સર્વોત્તમ નવલકથાનું સર્જન શકય બને છે. વસ્તુપસંદગી સર્જકની સૌથી મોટી જવાબદારી તે વસ્તુનો કલામય ઉચિત વિનિયોગની એટલે વસ્તુ સંકલનાની છે. નવલકથાની કથામાં સંપૂર્ણ જીવનની વાત આવે છે.

– પાત્રાલેખન :

નવલકથામાં વાર્તા પોતે પોતાને વ્યકત કરતી નથી તેને વ્યકત કરવા માટે પાત્ર કે ચરિત્રનું નિર્માણ કરવું પડે છે. એવા પાત્રનું આલેખન એટલે પાત્રાલેખન. પાત્રાલેખન એ કથા વસ્તુના જીવંત, સબળ વાહકો છે. કેમકે વિવિધ પાત્રો કે ચરિત્રો વગરની નવલકથા સંભવી શકે નહી. પાત્રો નવલકથાનું વિશિષ્ટ અંગ છે. નવલકથામાં પાત્રાલેખન જો સબળતાથી થયું હશે તો અન્ય ખામી ઢંકાઈ જાય છે. પાત્રાલેખનની સબળતા આવશ્યક છે.

– સ્થળ, કાળ અથવા વાતાવરણ :

નવલકથામાં, કૃતિમાં કથા હોય, વસ્તુ પણ હોય, પાત્રો ને પણ સ્થાન હોય, પણ આટલા માત્રથી નવલકથાનું સર્જન થઈ શકતું નથી. આની અભિવ્યક્તિ માટે કશાકનો આધાર જોઈએ. તે માટે સ્થળ અને કાળ બંનેની અનિવાર્ય જરૂર પડે છે. બંને અન્યોન્ય આધારિત છે. બંનેનું જીવંત, વાસ્તવિક, કલાત્મક, તર્કસંગત, પ્રતીતિજનક, રસપ્રદ નિરૂપણ થાય ત્યારે સ્થળકાળનું વિશિષ્ટ વાતાવરણ બંધાય છે.

આ પ્રમાણે નવલકથામાં કથા, વસ્તુ, પાત્રો, સ્થળ અને કાળ એ પાંચે ઘટકતત્ત્વો વાતાવરણ સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે અને તેનાથી નવલકથાની સફળતા સિદ્ધ થાય છે.

– સંવાદ–ભાષાશૈલી :

નવલકથાના વસ્તુના વિકાસ માટે નવલકથાકાર પાસે એક મહત્વનું સાધન છે સંવાદ. નવલકથાનું સ્વરૂપ મુખ્યત્વે કથનાત્મક હોય છે. તેમાં વિશેષતા, રસિકતા, વૈવિધ્ય, અસરકારકતા લાવવા માટે સંવાદકલાનું લાક્ષણિક પ્રયોજન થાય છે. જેમ જીવનમાં સંવાદ વગર ચાલતું નથી તેમ નવલકથામાં પણ સંવાદકલા વગર ચાલી શકે નહિ. એ રીતે અનેક પ્રકારની નિરૂપણની શૈલીઓ અસ્તિત્વ ધરાવે છે. પાત્રો, પ્રસંગને અનુરૂપ શૈલી પ્રયોજાય છે. "જેવું શીલ તેવી શૈલી" એ ઉક્તિના સંદર્ભમાં નવલકથાકારનું સમગ્ર વ્યક્તિત્વ શૈલી દ્વારા પ્રગટ થાય છે.

– જીવનદર્શન :

નવલકથા લખાતી–વંચાતી વાર્તા છે આરંભ અને વિકાસની પેઠે જ તેનો અંત પણ લાક્ષણિક, પ્રભાવક, સંતોષજનક હોવો જોઈએ. તેમાં જીવનનું દર્શન થવું જોઈએ, ઉત્તમ નવલકથાનો અંત કલાત્મક હોવાથી જે તે નવલકથાને વિશેષ લોકપ્રિય બનાવે છે.

આ જ રીતે નવલકથાકારના ચિત્તમાં નવલકથા લખવા માટેનું કોઈ અને કોઈ ખાસ પ્રયોજન પણ હોવું જોઈએ. કેમકે હેતુ વગરના પ્રયોજનનો તો કશો જ અર્થ સરતો નથી. જેમ પ્રયોજન ઊંચું, સ્પષ્ટ, તેમ નવલકથાને અધિક સફળતા પ્રાપ્ત થાય છે.

આમ, અહીં નવલકથા સ્વરૂપની મુખ્ય વિશેષતા વિશે ટૂંકમાં પરિચય મેળવ્યા પછી નવલકથા સ્વરૂપની જુદા જુદા વિદ્વાનોએ વ્યાખ્યા આપી છે તે વ્યાખ્યાને જોઈને તેના વિકાસની વાત કરીએ.

**શ્રી ધીરુભાઈ ઠાકર** નવલકથા વિશે કહે છે, કે.....

"ઓછામાં ઓછી બૌદ્ધિક કસરતે જીવનનો વધુમાં વધુ ગાઢ અનુભવ કરાવવાની સુવિધા જો કોઈ સાહિત્યમાં હોય તો તે છે નવલકથા."[૧]

ભારતીય સાહિત્યમાં નવલકથાના મૂળ છેક, પ્રાચીન સાહિત્ય સુધી પહોંચે છે. 'દશકુમાર ચરિત', 'કાદંબરી', 'તિલકમંજરી', જેવી વાર્તાપ્રધાન લાંબી કથાઓની રચના

[૧] શ્રી ધીરુભાઈ ઠાકર, 'સાંપ્રત સાહિત્ય', આવૃત્તિ–૧૯૭૮, પૃ. ૧૯૧.

થયેલી છે. કથા આદિકાળથી અસ્તિત્વ ધારણ કરતી હોવાથી નવલકથા એના વિષય અને સ્વરૂપની દષ્ટિએ અગત્યનો સાહિત્ય પ્રકાર છે. નવલકથાકાર નવલકથામાં વાસ્તવિક જીવનની સાથે કલ્પનાનું તત્વ ભેળવીને જીવનના દરેક પાસાને નવલકથામાં સંગ્રહિત કરે છે. એટલે જ હેનરી જેમ્સ કહે છે કે

**"A novel is its broadest definition, personal, a direct impression of life."**[૨]

અર્થાત્ નવલકથા એના વ્યાપક અર્થમાં વ્યક્તિગત જીવનના પ્રત્યક્ષ સંસ્કાર છે. નવલકથા વાચકના માનસને જકડી રાખે છે. તેના મય બનાવી દે છે. એટલે જ આ સાહિત્ય સ્વરૂપ લોક હૃદયને સ્પર્શી શક્યું છે. અબાલવૃદ્ધને વાર્તા કહેવી અને સાંભળવી ગમી છે. જેવું કે દાદીમાની વાર્તા, લોકવાર્તાઓ, દષ્ટાંતકથાઓ વગેરે પણ આ પ્રકારની વાર્તાએ Fiction ના પ્રકારમાં ગણી શકાય. આપણે જોઈએ સંસ્કૃત સાહિત્ય 'કાદંબરી' સાથે આંશિક રીતે ભાષાકીય સંબંધ ધરાવતી ગુજરાતી કૃતિઓનો પણ સ્વરૂપગત સંબંધ તો મોટે ભાગે પ્રાશ્ચાત કૃતિઓ સાથે રહયો છે.

નવલકથાને માનવજીવન સાથે સંબંધ હોવાને કારણે માનવ અને માનવજીવનનું વિશ્લેષણ તેના કેન્દ્રમાં છે. માનવ-વિશ્લેષણ કથા દ્વારા ઘાટ પામીને આવે છે. એમ કરતાં જીવન નવલકથાને અને નવલકથા જીવનને સમજવામાં ઉપયોગી થઈ પડે છે. નવલકથામાં જીવતાં-જાગતાં માણસનાં હૃદયની, મનની વાત કહેવામાં આવે છે. એટલે જ **ક્લેરા રીવ** નોંધે છે કે

**"Picture of real life and manners and of the times in which it is written."**[૩]

"નવલકથા જેમાં સમયનું એ સમયના વાસ્તવિક જીવનનું અને રીતિઓનું ચિત્ર છે."

વાસ્તવિક માનવ જીવનની જેમ કલ્પના અને જીવનમાં સમ-વિષમ, સદ્-અસદ્, તેજ-તિમિર વગેરેનું નિરુપણ નવલકથામાં થયું હોય છે. નવલકથા કોઈપણ સાહિત્ય

---

[૨] હેન્રી જેઈમ્સ, ' ધ આર્ટ ઓફ ફિકશન', આવૃત્તિ-૧૯૩૪, પૃ. ૮.

[૩] ડૉ. પ્રવીણ દરજી, 'નવલકથા સ્વરૂપ', આવૃત્તિ-૧૯૮૬, પૃ. ૧૦.

સ્વરૂપ કરતાં ચોક્કસ વલણો, વિચારો વાક્યમાં જન્માવવાની વિશેષ શક્તિ ધરાવે છે. અન્ય સ્વરૂપોની કોઈને કોઈ વિશેષતા આ સ્વરૂપ પોતાનામાં સમાવી લે છે. ટૂંકમાં જોઈએ તો દરેક નવલકથા મનુષ્ય જીવનની એક યાદગાર અને સંસ્મરણીય યાત્રા બની રહે છે. એટલે જ પ્રવીણ દરજી એ તેમનું પુસ્તક 'નવલકથા સ્વરૂપ' માં અમેરિકન નવલકથાકાર 'મેરી મેકાર્થી'ની વ્યાખ્યા નોંધેલ છે. તેણે નવલકથાનું સ્વરૂપ સમજાવતા યોગ્ય જ કહે છે કે,

"A prose book of a certain thickness that tells a story of real life."[૪]

અર્થાત્ : "વાસ્તવ જીવનની કથા કહેતી ઘટ્ટ પોતવાળી ગદ્યકૃતિ એટલે નવલકથા."

**– કથાનું નવુરૂપ : નવલકથા**

નવકલકથાનું સાહિત્ય સ્વરૂપ ગુજરાતીમાં પશ્ચિમની અસર નીચે ખેડાયેલું છે. એટલે જ નવલકથાની વિભાવના સમજવા માટે ગુજરાતી વિવેચનમાં FICTION અને NARRATIVE એવા બે શબ્દો સતત વપરાતા આવ્યા છે. FICTION એટલે બનાવટ, જુઠાણું, ગપ્પ કે અસત્યનો અર્થ સૂચવે છે. અમૂર્ત ભાવ-વિભાવનાને આકાર આપતી માનસિક પ્રક્રિયાનો અર્થબોધ પણ એ સંજ્ઞાથી થાય, જેમાં તથ્ય કે હકીકતનો અંશ ન હોય એવી નરી કલ્પનાનો અર્થ પણ એમાંથી સૂચવાય છે. એટલે આપણે નવલકથાને NARRATIVE પ્રકારનું સાહિત્ય સ્વરૂપ (વૃતાન્ત મૂલક) કહીશું. કારણ કે તેમાં જીવનની વાસ્તવિકતા પડેલી છે. NARRATIVE એટલે 'કથા' એ ઘણું જૂનં સ્વરૂપ છે જે અનાદિકાળથી અસ્તિત્વ ધરાવતું રહયું છે. વેદકાળથી જ આ કથારસ સમય પ્રમાણે અવનવા રંગો ધારણ કરી વહે તો રહયો છે. 'કથા'નું સ્વરૂપ સૌથી વધુ પરિવર્તનશીલ હોવાથી જુદાં-જુદાં સમયે જુદું-જુદું સ્વરૂપ મૌખિક જોવા મળે છે અને લેખિત કથારૂપ વિકસિત થવા પામેલ છે.આપણા મહાકાવ્યો એના ઉત્તમ ઉદાહરણો છે. 'શિરીષ પંચાલ'નું પુસ્તક 'નવલકથા'માં જર્મનચિંતક **જયોર્જ લુકા**એ કહયું છે કે,

"ઈશ્વરે ત્યજી દીધેલ આ જગતનું મહાકાવ્ય એટલે નવલકથા."[૫]

[૪] ડૉ. પ્રવીણ દરજી, 'નવલકથા સ્વરૂપ', આવૃત્તિ-૧૯૮૬, પૃ. ૮.
[૫] શિરીષ પંચાલ, 'નવલકથા', આવૃત્તિ-૧૯૮૪, પૃ. ૩.

આપણા પૌરાણિક સાહિત્યમાં મહાકાવ્યમાં યોદ્ધાઓ જેવા નરવીરોના વીરતાભર્યા પરાક્રમો ગવાતાને તેમાં ઉન્નત મૂલ્યોનું ગાન કરાતું મધ્યયુગમાં સામંતોનું રંજન કરવા રાજ દરબારમાં સાહસકથા, દંતકથા, લોકકથા, ધર્મકથા વગેરે સાહિત્યમાં આ પ્રકારનું સુયોજન સધાતા એક નવા સાહિત્ય સ્વરૂપનો જન્મ થયો તે નવલકથા. જો કે આ સ્વરૂપનું લાક્ષણિક વ્યક્તિત્ત્વ ૧૮મી સદીમાં પ્રાપ્ત થાય છે. નવલકથાનું સાહિત્ય સ્વરૂપ પશ્ચિમની અસર નીચે ખેડાયું છે. તે સમયમાં સંસ્કૃત સાહિત્ય અને ગુજરાતી સાહિત્યમાં મહાકાવ્યનો વિકાસક્રમ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. પ્રાશ્ચાત્ય સાહિત્ય અને શિક્ષણનો વ્યાપ વધતા તેની અસર રૂપે ગુજરાતી સાહિત્યમાં અનેક સાહિત્ય પ્રકારો વિકસ્યા જેમાં નવલકથાને ગણાવી શકાય. વિદેશી ધરતીમાંથી આયાત કરેલી નવલકથાનું સ્વરૂપ ભારતીય ભાષામાં નાવિન્ય સભર પુષ્પ બની રહે છે.

તેરમી સદીથી આરંભાયેલા આ સાહિત્ય સ્વરૂપ આખા યુરોપમાં ક્રમશઃ પ્રસાર પામ્યું હોવાથી **ડૉ. ધીરેન્દ્ર મહેતા** નોંધે છે કે

"આપણે ત્યાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમા તે અન્ય ગદ્ય સાહિત્ય સ્વરૂપોની જેમ અંગ્રેજી સાહિત્ય સંપર્ક પછી આવ્યું."[૬]

પરંપરાગત સાહિત્ય સ્વરૂપ (કાવ્ય, નાટય)ની સરખામણીમાં નવલકથા સાહિત્ય સ્વરૂપ વિશ્વ સાહિત્યમાં ઘણું મોડેથી ઉદ્દભવેલું સાહિત્ય સ્વરૂપ છે. **શ્રી પ્રવીણ દરજી** નવલકથા સ્વરૂપને મૂલવતા કહે છે કે,

"આજે ભિન્ન-ભિન્ન સાહિત્ય સ્વરૂપોની વિભાવનાઓ સતત બદલાતી રહી છે અને લોકશિક્ષણના અનેક અવનવા માધ્યમો અસ્તિત્વમાં આવ્યા છે."[૭]

નવલકથા નવજાગરણ સમયનું ઔદ્યોગિક જમાનાનું નવલું વિકસિત સાહિત્ય સ્વરૂપ છે. એટલે જ **યશવંત શુકલ** એ કહયું છે કે

"જીવન વ્યવહાર જેવો હોય તેવો જ ચિત્રિત કરવાનું એમાં ઉદિષ્ટ છે. તથાપિ એમાં તો પાત્ર પ્રસંગો અને રસબિંદુ કલ્પિત અને નવીન હોવાથી જ એને એ Novel (નવલ) નામ આપવામાં આવ્યું છે."[૮]

---

[૬] ધીરેન્દ્ર મહેતા, 'નંદશંકર થી ઉમાશંકર', આવૃત્તિ-૧૯૮૪, પૃ. ૧૬.

[૭] પ્રવીણ દરજી, 'નવલકથાનું સ્વરૂપ', આવૃત્તિ-૧૯૮૬, પૃ. ૫.

[૮] યશવંત શુકલ, નવલકથા સ્વરૂપ, સર્જન અને સમીક્ષા, પૃ. ૭.

નકવલકથા તેના જન્મકાળથી જ વાસ્તવિકતા અને કલ્પનાના તત્વ સાથે લોહીના સંબંધ ધરાવે છે. તેના પૂર્વવર્તિ કથા–સ્વરૂપ (ROMANCE) માં ધરાવે છે. વાસ્તવનો સ્પર્શ નહિવત હતો. એની પ્રતિક્રિયા રૂપે ઉદ્દભવેલી નવલકથા શિશુ અવસ્થાથી જ વાસ્તવભિમુખ રહે છે. વાસ્તવલક્ષિતા એની જાણે જીવાદોરી છે. નવલકથાએ વાસ્તવ માનવજીવનની કલ્પના કથા છે. નવલકથાનું કથાવસ્તુ કાલ્પનિક હોવાથી **મણિભાઈ તંત્રી** યથાર્થ નોંધે છે કે

"કલ્પના કરવી એ મનુષ્યનું સહજ અને અનિવાર્ય લક્ષણ છે."[૯]

તેથી નવલકથાકાર માનવજીવનને કેન્દ્રમાં રાખી નવલકથાની કથાવસ્તુ લખે છે. નવલકથા માણસ વિશે જ હોય છે. એટલે જ **ઈ. એમ. ફોર્સ્ટર્ટ** સાચું જ કહે છે

"અન્ય કલાકારો માનવીને ટાળી શકે, ચિત્રકાર, શિલ્પી માનવીને અડે જ નહીં તો ચાલે, કવિ માત્ર પ્રકૃતિની જ વાતો કરે તો પણ ચાલે, પણ નવલકથાકારને તો જીવતા જાગતા માણસ વગર ચાલે નહીં."[૧૦]

નવલકથાકાર વાસ્તવિક જગતમાંથી કથાવસ્તુ પસંદ કર્યા બાદ પોતાની કલ્પનાનું થોડું તત્વ ઉમેરી નવલકથાની સૃષ્ટિને વાસ્તવિક સૃષ્ટિ કરતાં ચડિયાતી બનાવે છે. નવલકથા માનવજીવન અને તેની આસપાસના ભૌતિક જગતના, સમાજના અને વ્યક્તિના વાસ્તવને તે અન્ય કોઈ સાહિત્ય સ્વરૂપ કરતાં વધુ નિકટતા અને નિર્ભિકતા પૂર્વક આશ્લેષણમાં લઈ અનેકવિધ રચના યુક્તિ દ્વારા તેનું વાસ્તવિકતાથી સૌથી નજીક હોય તેવું કલ્પનોત્થ રૂપ સર્જવાની ક્ષમતા નવલકથા ધરાવે છે. **કાકા સાહેબ કાલેલકર** નોંધે છે કે,

"દરેક નવલકથા મનુષ્ય જીવનની અથવા મનની કલ્પનાની એક સ્મરણયાત્રા છે."[૧૧]

---

[૯] મણિભાઈ તંત્રી, 'ગુજરાતી નવલકથા' સા. આવૃત્તિ–૧૯૧૧, પૃ. ૨૫.

[૧૦] ઈ. એમ. ફોર્સ્ટર્ટ, નવલકથા, સ્વરૂપ આવૃત્તિ, ૧૯૮૬.

[૧૧] રતિલાલ દવે અને પુષ્પાબેન અમીન, નવલકથા સ્વરૂપ સર્જન અને સમીક્ષા, આવૃત્તિ–૧૯૭૦, પૃ. ૭.

ઓગણીસમી સદીથી ગુજરાતી નવલકથા 'કરણઘેલો' દ્વારા સાહિત્યનો ઉદ્દભવ થયો. ત્યારથી આજ પર્યંત વીસમી સદીના ઉત્તરાર્ધમાં અને એકવીસમી સદીના પૂર્વાધ તરફ જતી નવલકથા એક નવલું નજરાણું આપતી રહી છે. નવલકથાની શરૂઆતમાં સમાજ અને માણસ કેન્દ્ર સ્થાને હતો. જયારે આજે માનવીય સંબંધની વાત કથામાં કહેવામાં આવે છે. માણસનાં આંતરચેતના મનનું મનોવિશ્લેષણ સર્જવામાં આધુનિક નવલકથાકાર જરા પણ પાછો નથી. પરંપરાગત નવલકથામાં જે ભાવના હતી તેમાં આમૂલ પરિવર્તન જોઈ શકીએ છીએ. પ્રતીક, રૂપક, કલ્પન, પુરાકલ્પન, લય, સેકસ, મનોવિશ્લેષણ જેવા કાવ્યનાં ઘટકોનો સમાદર નવલકથામાં થવા લાગ્યો છે. કથાનો મેદ ઘટયો છે. સુબદ્ધતાં અને સુસ્લિષ્ટતાનો આગ્રહ વધવા લાગ્યો છે. આધુનિક નવલકથાકાર પશ્ચિમની તેમજ પૂર્વના મહાન કથા લેખકોની પરંપરાથી વાકેફ થઈને પશ્ચિમની કથા લેખનની પરંપરાને સમજીને, વિચારીને અનુસરવા લાગ્યો છે. સર્જક શુદ્ધ કલાના આદર્શને અને સિદ્ધાંતને ઉગ્ર પીઠિકા સાથે સર્જનલક્ષી બનવા લાગ્યો છે.

– **નવલકથાના પર્યાયો :-**

ગુજરાતી ભાષામાં આપણે તેને 'નવલકથા' કહીએ છીએ. હિન્દી તેમજ બંગાળીમાં જેને 'ઉપન્યાસ' તરીકે ઓળખવામાં આવે છે. જયારે મરાઠીમાં 'કાદમ્બરી' તરીકે ઓળખવામાં આવે છે. અંગ્રેજીમાં તેને 'નોવેલ' (NOVEL) કહીએ છીએ. નોવેલ, શબ્દનું મૂળરૂપ લેટિન શબ્દના 'નોવુસ' (NOVUS) માં રહેલું છે. યુરોપની અન્ય ભાષામાં, ફ્રેન્ચ ભાષાના 'નોવેલ' કે 'નોવેલેસ' શબ્દોનો વિકાસ પણ એમાંથી જ થયો છે. ગુજરાતીમાં નંદશંકર તુળજાશંકર મહેતાએ નવલકથાને 'નવલકથા' કહી છે. તો **મણિભાઈ નભુભાઈ ત્રિવેદી**એ આ પ્રકારને 'સંસાર ચિત્ર' શબ્દથી નવાજયો છે.

"ભારતની અન્ય ભાષામાં નવલકથા 'નવલ' શબ્દ 'NOVEL' ને વધારે મળતો આવે છે તે એક સુયોગ છે."[૧૨] એમ **ડૉ. ધીરેન્દ્ર મહેતા**નું આ વિધાન વિધેયાત્મક બની રહે છે.

## – નવલકથાના પ્રકારો :-

Like everything else in Literature, the categories are almost never pure. We can say, though, that most books fall primarily in to one mode or another.[૧૩]

– રોજર હેન્કલે

The novel and the romance, the novel of incident and that of charater, these clumsy separations appear to me to have been made by critics and readers for their own convenience, and to the help them out of some of their occasional gueer predicaments.[૧૪]

– હેન્ની જેઈમ્સ

The literary kind is not a name, for the aesthetic convention in which a work participates shapes its character. Literary kinds may be regarded as institutioanl temperatives which both coerce and are in turn coerced by the writer.[૧૫]

– એન. પીયર્સન

**ઉપરોક્ત અવતરણોને જોતાં જ ખ્યાલ આવે છે કે અમુક સાહિત્યકાર કોઈક એક પ્રકારની અગત્યતાને અનિવાર્ય સમજે છે. તો કોઈ તેને છેડે જાતા વિરોધ પણ કરે છે. ઘણાં ખરા વિવેચકો નવલકથાના સ્વરૂપને અશુદ્ધ રૂપ હોય એવું સમજી તેનો વિરોધ પણ કરે છે અને કોઈક તેનો સ્વીકાર પણ કરે છે. આમ જોતા નવલકથાના પ્રકારને ઈચ્છીએ ત્યાં સુધી લંબાવી શકીએ.**

[૧૨] ધીરેન્દ્ર મહેતા, 'નંદશંકર થી ઉમાશંકર', આવૃત્તિ-૧૯૮૪, પૃ. ૧.
[૧૩] રોજર હેન્કલે, 'નવલકથા સ્વરૂપ', આવૃત્તિ-૧૯૮૩ પૃ. ૬૯.
[૧૪] હેનરી જેઈમ્સ, 'નવલકથા સ્વરૂપ', આવૃત્તિ-૧૯૮૬, પૃ. ૬૯.
[૧૫] એન. પીયર્સન, 'નવલકથા સ્વરૂપ', આવૃત્તિ-૧૯૮૬, પૃ. ૬૯.

નવલકથાનું સાહિત્ય સ્વરૂપ લોકપ્રિય હોવાથી માનવજીવનને સ્પર્શતુ હોવાને લીધે તેનો વિકાસ વિશાળ ફલકમાં થયો છે. નવલકથામાં અનેકવિધ નવીનતા, નાવિન્ય જોવા મળે છે. કારણ કે તેમાં ભાતીગળ બધી જ સામગ્રીનો પ્રવેશ થયો હોવાથી તેમાં વિવિધ રીતે સર્જન કરવાનું સર્જકને મોકળું મેદાન મળ્યું છે. નવલકથાનું કદ, વિષય, અભિવ્યક્તિ અને ઘટકો વગેરેમાં વિશેષ વૈવિધ્ય જોવા મળે છે. નવલકથાના વિષયની દષ્ટિએ તેના અનેક પ્રકાર પાડી શકાય છે. જાસુસી, પૌરાણિક, ઐતિહાસિક, ધાર્મિક, સામાજિક, રાજનૈતિક, પ્રાદેશિક વગેરે પ્રકારો પાડી શકાય છે. તો અભિવ્યક્તિની દષ્ટિએ આત્મકથા પત્ર કે નાટયાત્મક પ્રકાર મળે છે.

આમ, વિવિધ વિષયના અનુસંધાને પ્રકાર પાડી શકાય છે જે નીચે મુજબ છે.

**અ. ફલક-કદ પરિણામની દષ્ટિએ :-**

૧. મહાનવલ
૨. લઘુનવલ
૩. નવલકથા
૪. બૃહદનવલ

**બ. વિષય-નિરૂપણની દષ્ટિએ :-**

૧. પૌરાણિક નવલકથા
૨. ઐતિહાસિક નવલકથા
૩. સામાજિક નવલકથા
૪. મનોવિશ્લેષણાત્મક નવલકથા
૫. જાસુસી નવલકથા
૬. જાનપદી નવલકથા

**ક. અભિવ્યક્તિની દષ્ટિએ :-**

૧. આત્મકથનાત્મક શૈલીયુક્ત નવલકથા
૨. રોજનીશી શૈલીયુક્ત નવલકથા

૩. પત્રલેખન શૈલીયુક્ત નવલકથા

૪. પ્રતીકાત્મક શૈલીયુક્ત નવલકથા

૫. નાટયાત્મક શૈલીયુક્ત નવલકથા

**૬. ઘટકોની દષ્ટિએ :-**

૧. ક્રિયા કે પ્રસંગપ્રધાન નવલકથા

૨. ચરિત્રપ્રધાન નવલકથા

૩. વાતાવરણ પ્રધાન નવલકથા

૪. વિચારપ્રધાન નવલકથા

૫. રહસ્યપ્રધાન નવલકથા

નવલકથાના વર્ગીકરણનું મૂલ્ય છેવટે તો વિવેચનની સગવડ પૂરતું જ આંકવાનું રહયું. જે કૃતિના મૂલ્યાંકન સમયે નવલકથાનાં પ્રકારને લક્ષમાં રાખીને વિવેચન કરવાથી કૃતિને સમજવામાં સરળતા રહે છે. સામાજિક, ઐતિહાસિક કે આધુનિક નવલકથામાં યુગ પ્રમાણે માનવ સમસ્યા કે માનવજીવનનું વર્ણન કરવામાં આવ્યું છે. ગુજરાતી નવલકથા સાહિત્યમાં સામાજિક, ઐતિહાસિક, પ્રાદેશિક, જાનપદી, મનોવૈજ્ઞાનિક વાસ્તવલક્ષી, પાત્રપ્રધાન, નાટયાત્મક કે પ્રયોગાત્મક જેવા નવલકથાના વિવિધ પ્રકાર પાડી શકાય છે. ઉપરાંત નવલકથામાં અહીં ઉલ્લેખાયા છે તેથી વધુ પ્રકાર પણ ગુજરાતી સાહિત્યમાં છે.

## ૧.૫ નવલકથાની ગતિવિધિ :-

અર્વાચીન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જે અનેક કલા સ્વરૂપ મળે છે તેમાં સૌથી વધુ પ્રશંસાપાત્ર નવલકથાનું સ્વરૂપ બને છે. ગુજરાતી સાહિત્યમાં જે અન્ય પ્રકાર પશ્ચિમમાંથી આવ્યાં તેમાં નવલકથાના સાહિત્ય સ્વરૂપે સારું એવું ગજુ કાઢયું છે. ઓગણીસમી સદીમાં અંગ્રેજી શિક્ષણની સુવિધાથી અને સાહિત્યના પૂર્ણ પ્રભાવથી આપણા ઊગતા ગુજરાતી ગદ્યને પ્રેરકબળો મળતા તે એક નહીં પરંતુ અનેક પ્રવાહમાં વહેવા લાગ્યા. પશ્ચિમમાં અને ભારતમાં નવલકથાનું પગેરું શોધવા જઈએ તો વર્ષો પૂર્વેનું પ્રાપ્ત થાય છે. ગુજરાતીમાં નર્મદ નવલકથા લખતા નથી. પરંતુ સાહિત્યમાં ગદ્યનું ખેડાણ તો નર્મદના નિબંધથી થયું હોવાથી **બાબુ દાવલપુરા** ઉચિત નોંધે છે કે

"ગુજરાતીમાં શિષ્ટ સાહિત્યિક ગદ્યનું ખેડાણ ઓગણીસમા શતકના મધ્ય ભાગમાં નર્મદના નિબંધોથી આરંભાયું હતું. આ અરસામાં નિબંધ ઉપરાંત, જીવનચરિત્ર, આત્મચરિત્ર, નાટક અને નવલકથા વગેરે ગદ્ય સ્વરૂપોનો વિકાસ થયો. તેમાં નવલકથાનું સ્વરૂપ સવિશેષ ખેડાયું છે."[૧૬]

## • પારસીઓથી નવલકથા લેખન પ્રવૃત્તિનો પ્રારંભ :-

ગુજરાતી નવલકથાનો પ્રારંભ ફ્રેન્ચ કથાના અંગ્રેજી અનુવાદ 'Indian Cottage' થી થયો. અંગ્રેજી અનુવાદ ઉપરથી ગુજરાતીમાં રૂપાંતર કરેલી કથા "હિંદુસ્તાન મધ્યેનું એક ઝૂંપડું" ૧૯૮૨માં પ્રકાશિત થવા સાથે લેખન પ્રવૃત્તિનો આરંભ થયો. અંગ્રેજી, ફારસી જેવી વિદેશી કથાના ભાષાંતર-રૂપાંતર કરવામાં પારસી સર્જકો રહયાં છે. મૌલિક નવલકથાના સર્જનને અગાઉ આ પ્રકારની ભાષાંતર રૂપાંતર પામેલી નવલકથાથી અવકાશ પૂરાય છે એટલું જ નહી, બહુસંખ્ય વાચકોની ભૂખ પણ આનાથી સંતોષાય છે. ત્યાર પછીના સમયમાં અનુવાદ કરી નવલકથાના સર્જન તરફ વળેલા જોવા મળે છે. અંગ્રેજી સાહિત્ય સંસ્કૃતિના ગાઢ સંપર્કથી બંકિમ બાબુએ ઈ.સ. ૧૮૬૫ માં 'દુર્ગેશનંદિની' નામની બંગાળીની પહેલી અર્વાચીન નવલકથા રચી. મરાઠીમાં ઈ.સ. ૧૮૫૭ માં બાલ પદ્મજીની 'યમુના પર્યટન' પ્રસિદ્ધ થઈ. હિન્દીમાં શ્રી ભારતેન્દુ હરિશચંદ્રના અપૂર્ણ પ્રયત્નો પછી ઈ.સ. ૧૮૮૨ માં લાલા શ્રીનિવાસની 'પરીક્ષા ગુરૂ' પ્રગટી, ઈ.સ. ૧૮૮૭ માં મલયાલમમાં 'કૃન્તલત્તા' લખાઈ. તેલુગુમાં ઈ.સ. ૧૮૭૮ માં 'રાજશેખર-ચરિત્ર'ની રચના થઈ. ભગિની ભાષી નવલકથાઓમાં 'દુર્ગેશનંદીની' પછી 'કરણઘેલો' રચના વિધાન અને શૈલીની દષ્ટિએ મહત્ત્વની કૃતિ બની. નવલકથામાં આમ તો ઉદ્દગમકાળથી આજ સુધી દિન પર્યંત લોકપ્રિય રહેવા પામી છે. એટલે સંખ્યા અને ગુણવત્તાની દષ્ટિએ એમાં થોડી જ નવલકથા એવી હોય છે કે સ્વરૂપનો વિકાસ અને સ્વરૂપની સિદ્ધિ જોવા મળતી હોય છે. અહીં નવલકથાનો વિકાસક્રમ યુગ પ્રમાણે આલેખવામાં આવ્યો છે જે નીચે પ્રમાણે છે.

- સુધારકયુગની નવલકથા
- પંડિતયુગની નવલકથા

---

[૧૬] સં. બાબુ દાવલપુરા અને નરેશ વેદ, 'ગુજરાતીકથા વિશ્વ નવલકથા', આવૃત્તિ-૧૯૮૫, પૃ. ૨૪.

- ગાંધીયુગની નવલકથા
- સ્વાતંત્ર્યોત્તરયુગની નવલકથા
- આધુનિકયુગની નવલકથા
- સાંપ્રતયુગની નવલકથા

- **સુધારકયુગની નવલકથાઓ :-**

ઈ.સ. ૧૮૬૬ માં પ્રસિદ્ધ થયેલ 'કરણઘેલો' નવલકથા શ્રી નંદશંકર તુલજાશંકર મહેતાની પ્રથમ ગુજરાતી મૌલિક નવલકથા છે. 'કરણઘેલો' નવલકથા દ્વારા ગુજરાતી સાહિત્યમાં નવલકથા સ્વરૂપનાં બીજ વવાયા. શ્રી નંદશંકર મહેતાએ અંગ્રેજી અધિકારી શ્રી રસેલ સાહેબના સૂચનથી આ નવલકથાનું સર્જન કરેલું. નવલકથાના સર્જન માટે નંદશંકરે 'રાસમાળા' જેવા મધ્યકાલીન ગ્રંથમાંથી ગુજરાતનો છેલ્લો રાજા કરણ વાઘેલાનું ઐતિહાસિક કથાવસ્તુ લીધું છે. નવલકથા માટે જરૂરી એવા કળાતત્વો કરણઘેલામાં પ્રથમ જોવા મળે છે. કથાવસ્તુ જોઈએ તો ઐતિહાસિક પાત્રો દ્વારા પાપનો ક્ષય અને ધર્મનો જય, મગરૂબીનો માર અને વ્યભિચારીની હાર જેવા વિષયો લઈને નવલકથાનું પ્રયોજન થયેલું છે. કરણઘેલામાં સ્કોર્ટની 'Historical Romance' ની અસર જોવા મળે છે.

આ નવલકથાનું ચિરંજીવ પાસું તેના છટાદાર વર્ણનો છે. પાત્ર, સ્થળ, સમય, પ્રસંગ વગેરે તાદશ્ય આલેખનોમાં નંદશંકરની ઉત્તમ ગદ્યશૈલીના દર્શન થાય છે. શ્રી રતિલાલ દવે અને પુષ્પાબેન અમીન તેમના પુસ્તક 'નવલકથા સ્વરૂપ સર્જન અને સમીક્ષાંમાં વિશ્વનાથ ભટ્ટનું કોટેશન ટાંકતા કહે છે કે

"નંદશંકરે પોતાના વિશાળ વાંચનાલયમાંથી બાદશાહી લૂંટ ચલાવી છે. નવલકથાના ક્ષેત્રમાં આમ પહેલાં જ સપાટે એણે જે સિદ્ધિ મેળવી છે તે આશ્ચર્ય-જનક છે. કયાંકથી આણી આપણી ભૂમિમાં રોપેલો પ્રથમ છોડ એટલો રસાળ અને સંગીન નિવડયો જાણ્યો નથી... ઈતિહાસની દષ્ટિએ જોઈએ તો 'કરણઘેલો' એ નર્મદયુગની બહુજ મૂલ્યવાન કૃતિ ઠરે છે."[૧૭]

---

[૧૭] શ્રી રતિલાલ દવે તથા પુષ્પાબેન અમીન, 'નવલકથા સ્વરૂપ સર્જન અને સમીક્ષા', ....., પૃ. ૩૬.

- **આ સમયના અન્ય નવલકથાકારો :-**

આ સમયના અન્ય નવલકથાકારોમાં શ્રી મહિપતરામ નીલંકઠની 'સાસુવહુની લડાઈ' તે સમયની સામાજિક, પારીવારિક સમસ્યાનું ઘેરું કરુણરસિક અને વાસ્તવદર્શી ચિત્ર 'સાસુ વહુની લડાઈ'માં આપે છે. ઈ.સ. ૧૮૬૮માં પ્રગટ થયેલી 'હરપાળ શૂરો' નામની નવલકથાના સર્જક સો. ખ. ઈજનેર દ્વારા રચાયેલ ટચુકડી રંજનકથા છે. આ ઉપરાંત કરણઘેલોની પ્રેરણાથી શ્રી મહિપતરામ નીલકંઠે 'સધરા જેસંગ' (ઈ.સ. ૧૮૮૦) અને 'વનરાજ ચાવડો' (ઈ.સ. ૧૮૮૧) એ બે કલ્પના મિશ્રણવાળી સામાન્યકક્ષાની ઐતિહાસિક નવલકથા આપી છે. જહાંગીર તાલિયારખાન કૃત 'મુદ્રા અને કુલીન' (ઈ.સ. ૧૮૮૪) માં પ્રસિદ્ધ થઈ તે ઉપરાંત તેમની 'રત્નલક્ષ્મી' પણ નવલકથા છે. કેશવલાલ પરીખ કૃત 'રૂઢી અને બુદ્ધિ'ની કથા એક નાનકડી બોધલક્ષી રૂપકથા લેખે ઉલ્લેખનીય છે. પણ લેખકે પોતે 'ઉટાંગ વાદ' તરીકે ઓળખાવી છે.

હરગોવિંદ કાંટાવાળા કૃત 'અંધેરી નગરીનો ગંધર્વસેન' એક એવી ઈતિહાસના પાયા વગરની પણ આભાસી નવલકથા છે. અનંતપ્રસાદ વૈષ્ણવ રચિત 'રાણકદેવી'માં પાત્ર પ્રસંગનું અસરકારક નિરૂપણ થયું છે. તેનું કથાવસ્તુ ઐતિહાસિક છે. ઈ.સ. દેસાઈ કૃત 'હિંદ અને બ્રીટાનીયા' પહેલી રાજકીય નવલકથા છે. આ નવલકથા મિરઝામુરાદ અલીબેગની લેખમાળા 'માઉન્ટ ટોય'માંથી વિચાર સંભાર લઈ રચાયેલી નવલકથા છે. પ્રાણજીવનશાસ્ત્રી કૃત 'હેસ્ટીંગ્ઝની સોટી' અને મણિલાલ ત્રિવેદીએ લિટનકૃત ઝેનોનીનું કરેલું રૂપાંતર 'ગુલાબસિંહ' (૧૮૮૫) વગેરે કૃતિ સુધારક યુગના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ યુગની નવલકથામાં ઉપદેશનો હેતુ અને વર્ણનો વિશેષ જોવા મળે છે. આ યુગના સર્જકો પાસે કોઈ આદર્શ ન હતો. તેમજ સ્વરૂપ પ્રત્યે આગ્રહ પણ ન હતો. પરિણામે સુધારકયુગની નવલકથાના અમુક પાસાઓ આપણને નબળા જોવા મળે છે.

- **પંડિતયુગની નવલકથાઓ :-**

નવકલકથા સ્વરૂપની સિદ્ધિ સૌ પ્રથમવાર આપણને 'સરસ્વતી ચંદ્ર'માં જોવા મળે છે. ગોવર્ધનરામના આગમનથી જ ગુજરાતી નવલકથા સાહિત્ય, સ્વરૂપની કરવટ

બદલાઈ જાય છે. નવલકથાના ક્ષેત્રમાં 'સરસ્વતીચંદ્ર'એ એક ચમત્કાર સર્જયો. નવલકથા સ્વરૂપની સંપૂર્ણ સિદ્ધિઓ સૌ પ્રથમવાર 'સરસ્વતી ચંદ્ર'માં જોવા મળે છે. એમ કહેવું હોય તો કહી શકાય કે, "સરસ્વતી ચંદ્ર એ પંડિતયુગની હૃદયવીણા સમી નવલકથા છે." આમ જોઈએ તો સુધારક યુગથી તેમજ ભાષાંતર રૂપાંતર કૃતિથી નવલકથા સ્વરૂપની સૂઝબૂઝ અને સભાનતા અલ્પ અંશે જ દૃષ્ટિગત થાય છે તે સમયના પ્રમાણભૂત તત્વનો તેમાં આવિષ્કાર સંધાયો અને લલિત સાહિત્યના ક્ષેત્રમાં નવલકથા મૂળિયા નાખી શકે એવી ભૂમિકા રચાઈ. આ રીતે જોતા ગુજરાતી નવલકથાના વિકાસમાં પૂર્વનવલોનું મહત્ત્વ ન ઉવેખી શકાય તેવું છે. પણ નવલકથાનું સાચુ સ્વરૂપ આપણે 'સરસ્વતી ચંદ્ર' દ્વારા જોવા મળે છે તેનું કારણ ગોવર્ધનરામની કળાસૂઝ છે. તે સમયના અને તેની પહેલાંનાં સ્થળ કાળ વાતાવરણ, સમાજ, ઈતિહાસ, સંસ્કૃતિ, ધાર્મિકતા અને પુરાણ વગેરેનું મિશ્રણ કરી ગોવર્ધનરામે 'સરસ્વતી ચંદ્ર'ના ચાર ભાગ આપણી સામે મૂકયા જે ભૂલ્યે પણ ભૂલાય નહીં તેવા છે.

'સરસ્વતી ચંદ્ર'નો પ્રથમ ભાગ ઈ.સ. ૧૮૮૭ માં રજૂ થયો. બીજો ભાગ-૧૮૯૨માં રજૂ થયો. તેમનો ત્રીજો ભાગ ઈ.સ.૧૮૯૮માં રજૂ થયો અને ચોથો ભાગ ઈ.સ. ૧૯૦૧ માં બહાર પડયો અને ગુજરાતી નવલકથા ક્ષેત્રે યશોદાયી નવલકથાનું સર્જન થયું.

ગુજરાતી નવલકથા સાહિત્યમાં માર્ગસૂચક સ્તંભ સમાન કે શ્રેષ્ઠ નવલકથાના સર્જક તરીકે 'ગોવર્ધનરામ ત્રિપાઠી', 'સરસ્વતી ચંદ્ર' દ્વારા ગુજરાતી નવલકથા સાહિત્યમાં પ્રકાશ પાથરે છે. ગોવર્ધનરામ સમર્થ સર્જક અને ચિંતક છે. એમની સર્જકશક્તિ ઉપરથી જગત સાહિત્યના અધ્યયનનું એમનું અગાધજ્ઞાન જણાય છે જ. રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો, ભવભૂતિ અને કાલિદાસના નાટકો બૌદ્ધ જાતકકથાઓ ઉપરાંત દાંતે, ગ્યુઈથે વગેરે પાશ્ચાત્ય સર્જકોની કૃતિઓ દ્વારા મેળવેલું જ્ઞાન એમના સર્જનમાં સર્વત્ર ડોકાય છે. આ કૃતિને વિવેચકો 'ગ્રંથ શિરોમણી', 'ગૌરવ ગ્રંથ', 'પંડિતયુગનું મહાકાવ્ય', 'એકલકથા', 'પુરાણ', 'બૃહન્નવલ', 'પાંચમોવેદ' વગેરે તરીકે નવાજે છે. નક્કર વાસ્તવિકતા અને ભવ્ય કલ્પના લોક વચ્ચે ગૂંથાયેલી વાર્તા 'સરસ્વતીચંદ્ર' અને કુમુદથી માંડીને, જમાલ, અલકનંદા સુધીની પાત્રસૃષ્ટિ એમના અનેક વિવિધ કૂતુહલપૂર્ણ અને હૃદયદ્રાવક પ્રસંગો એમના કવચિત જણાતા નાટયાત્મક કે કાવ્યાત્મક, આલેખનો તેમની ગદ્યશૈલી

વગેરે પાસાને હિસાબે 'સરસ્વતીચંદ્ર' આદ્યાપિપર્યંત ગુજરાતી ભાષાની નવલકથાઓમાં શિખર સ્થાને છે. એવી સનાતન અસર જન્માવનાર નવલકથા હજુ સર્જાઈ નથી. એનો પ્રભાવ एकम् एवम् अद्वित्यम् છે.

- **હાસ્યની છોળ ભદ્રંભદ્ર દ્વારા :-**

'સરસ્વતીચંદ્ર' પછી આજ સમયગાળામાં રમણભાઈ નીલકંઠ દ્વારા હાસ્ય નવલકથા 'ભદ્રંભદ્ર' (૧૯૦૦) માં મળે છે. આ નવલકથા – નવલકથા સાહિત્યમાં વિષય અને કથનરીતે ઉભય દષ્ટિએ જુદી ભાત પાડતી વિડંબના પ્રકારની નવલકથા મળે છે. નવલકથાનું નિરૂપણ ઉપહાસ લક્ષી 'Comic Mode' માં કરવામાં આવેલું છે. એક સળંગ હાસ્યપ્રધાન નવલકથાનું સર્જન કરી શ્રી રમણભાઈ નીલકંઠે ગુજરાતી નવલકથાકાર તરીકે પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ઐતિહાસિક અને સામાજિક કથાતંતુ લઈને આરંભાયેલી ગુજરાતી નવલકથામાં પોતાની દષ્ટિગોચર કરીને રમણભાઈ નીલકંઠે તે અરસાના સમાજની જડતા, રૂઢિતા, બાલિસતા, દાંભિકતા અને વાસ્તવિમુખતાને ઓળખી આ દષ્ટિ સંપન્ન સર્જક જેવી દષ્ટિ અને કલ્પના રમણભાઈમાં હતી એટલે ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ અને સફળ વ્યંગકથા તેમની કલમે રચાય. નર્મ-મર્મ, વ્યંગ-વિનોદ, ઉપહાસ-કટાક્ષ વગેરે પ્રકારનાં લગભગ વિનિયોગ કરી હાસ્ય નિસ્પન્ન કરેલું છે અને એટલે જ રમણભાઈ નીલકંઠની ઉત્તમ સર્જકની પ્રતીતિ 'ભદ્રંભદ્ર' દ્વારા થાય છે.

- **આ સમયગાળાની ભગિની નવલકથાઓ :-**

આ સમયમાં લખાયેલી નવલકથાઓમાં શિવાભાઈ દુરકાળની 'સુમિત્ર', 'અલક્ષ્ય જયોતિ', (૧૯૦૭), 'પદ્મનાભ' (૧૯૦૮)માં મળે છે. ભોગીન્દ્રભાઈ દિવેટીયાની નવલકથા 'ઉમાકાંત' (૧૯૦૮) માં અમૃતકેશવ રચિત 'એમ. એ. બના કે કયો મેરી મિટ્ટી ખરાબ કી', આ ઉપરાંત બંધુ સમાજના લેખકો અને બીજા અજમાયસી લેખકો વડે 'સુકથાની મદિરા' સાથે બોધાત્મક ભાવના-ચિંતનની જ્ઞાનગોળી પીરસવાનો પ્રયત્ન, આ નવલકથા દ્વારા કર્યો છે. આ નવલકથાકારોએ નવલકથાને 'મનહર' નહીં પણ 'મનભર' બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ યુગના આપણને બે નવલકથાકારો મળ્યા. બે ઉચ્ચનવલકથાકારો મળ્યા. એક પંડિતયુગના 'શિરોમણી' તો બીજા 'હાસ્યનો રજા' છે. એમ અન્યયુગની નવલકથાથી અલગ પડી ચોક્કસ આકાર અને મુદ્રા ધારણ કરે છે. એટલે ગુજરાતી નવલકથા સાહિત્ય સ્વરૂપ આંખોના નૂર સમાન છે તેમ કહેવું યોગ્ય છે.

- **ગાંધી યુગની નવલકથાઓ :-**

**– ગુજરાતી નવલકથાની ક્ષિતિજે મુનશીનો ઉદય**

મુનશીનો નવલકથા ક્ષેત્રે પ્રવેશ સામાજિક નવલકથા 'વેરની વસુલાત' થી થાય છે. ગાંધીયુગના સર્જકોમાં મુનશીનું સ્થાન મોખરાનું છે. 'વેરની વસુલાત'માં (૧૯૧૩) મુનશી ઉપર ગોવર્ધનરામની અસર જોવા મળે છે. તનમન જેવું સ્ત્રીપાત્ર મુનશીની પાત્રા લેખનની સિદ્ધિઓની સાક્ષી પૂરે તેવું સ્ત્રીપાત્ર છે. સ્વામી અનંતાનંદ બોધિત વિશ્વનિયમનને અનુસરતો જગત જે રીતે સંસારસુખ પામે છે વગેરે તેમજ 'કોનો વાંક'. સામાજિક નવલકથામાં વિશ્વ નિયમનની વાત જોવા મળે છે. સંસ્કારી પુરૂષ કે સ્ત્રી હૃદય સમાન જોડી માટે તલસે પરંતુ સમાજ એ તલસાટને નિયત્રિત કરવા પ્રયત્નશીલ બનતો હોય છે. એની વાત એમની ઉત્તરકાલીન સામાજિક વાસ્તવને સ્પર્શતી 'તપસ્વિની' (૧૯૫૭–૫૮)ની નવલકથામાં જોવા મળે છે. 'સ્નેહસંભ્રમ' (૧૯૩૩) માં પણ 'સ્વપ્નદષ્ટા' (૧૯૨૪) અને 'તપસ્વીની' જેમ હાસ્યકાર મુનશી પાસે સામાજિક નવલકથા પ્રાપ્ત થાય છે.

મુનશીની નવલકથાકાર તરીકેની સઘળી સિદ્ધિઓ આપણે એમની ઐતિહાસિક નવલકથાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. એમની પ્રસિદ્ધ અને કિર્તિદા કથાત્રયી 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ' ઉપરાંત 'પૃથ્વીવલ્લભ', 'ભગવાન કૌટિલ્ય', 'ભગવાન પરશુરામ' અને 'જય સોમનાથ' જેવી નવલકથાઓ દ્વારા મુનશી ગુજરાતી સાહિત્યમાં નવલકથાક્ષેત્રે અભૂતપૂર્વ લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે. રોમાન્સની જેમ રંજનકથાનો માર્ગ અખત્યાર કરીને મુનશી બહુજન સમુદાયમાં લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે. મુનશી એક સરળ નવલકથાકાર હોવાથી **ચુનીલાલ મડિયા** યોગ્ય નોંધે છે કે

"મુનશીની ટૂંકીવાર્તા કામચલાઉ ધર્મપત્ની છે અને નવલકથા તેમની કાયમી ધર્મપત્ની બની રહે છે."[૧૮]

મુનશીની ઐતિહાસિક નવલકથાની કથાવસ્તુમાં ફ્રાન્સના સર્જક 'એલકઝાન્ડર ડુમા'ની અસર જોવા મળે છે. ઐતિહાસિક લાક્ષણિકતાને નજર સમક્ષ રાખીને કૃતિની રચના કરતાં હોવાથી કથાવસ્તુ એકબીજામાં સમાવી ઔચિત્યપૂર્વક વિનિયોગ દ્વારા ગુજરાતી નવલકથામાં મુનશી અનન્ય સ્થાન મેળવે છે. મુનશીની ઐતિહાસિક નવલકથાને ધ્યાનમાં રાખી **રઘુવીર ચૌધરી** નોંધે છે કે :-

"ગાંધીયુગના આરંભે આ કૃતિઓ આવી છે, મહત્ત્વની ઐતિહાસિક નવલકથા પોતાના યુગની મૂંઝવણોની છબી ઈતિહાસમાં શોધીને ઐતિહાસિક પ્રતીતિનો લાભ લઈ પોતાનો જીવન સંદર્ભ વિશદ કરવા મથતી જોવા મળે છે."[૧૯]

ઉપરાંત 'ભગ્નપાદુકા', 'ભગવાન પરશુરામ', 'કૃષ્ણાવતાર' વગેરે પૌરાણિક નવલકથાઓ લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે. કળા સંવિધાનની દષ્ટિએ નૂતન સિદ્ધિ મુનશીએ સિદ્ધ કરી છે. "સમગ્ર ગુજરાતી સાહિત્ય જયારે 'ગાંધીવાદી' ભાવનાને અનુસરતું હતું ત્યારે I follow the Mahatma' કહીને પોતાની આગવી સાહિત્ય દષ્ટિ અને સાહિત્ય રીતિને વળગી રહીને યુગ પ્રવાહથી જુદા પડીને પણ જો કોઈ સાહિત્યકારોએ મહત્ત્વ ટકાવી રાખ્યું હોય તો કાવ્યક્ષેત્રે નાનાલાલ અને નવલક્ષેત્રે મુનશીએ !.... સરસતા અને સચોટતા, નવીનતા અને પ્રણાલિકા ભંગની બંડવૃત્તિ ઉપરાંત માનવમનનો સ્પષ્ટ ખ્યાલ અને વાચકને વશ કરવાની કળા એ મુનશીને જેવી લોકપ્રિયતા આપી છે તેવી હજી કદાચ બીજાને મળવી બાકી છે. ઈતિહાસને ઉવેખીને પણ તેમણે ગુજરાતની 'અસ્મિતા' જગાડી પુરાણોને પીખીને પણ પ્રજામાં ભૂતકાલીન ગૌરવની સભાનતા જાગ્રત કરી, એના સાંસ્કૃતિક પુનઃજીવનમાં મોટો ફાળો છે.... નવલ સાહિત્ય જોતા 'કરણઘેલા' થી પ્રારંભ થયો અને 'સરસ્વતી ચંદ્ર' મહાનકૃતિ મળી અન્યોએ પ્રાથમિક પ્રયોગો કર્યા પણ ગુજરાતને નવલકથા તો શ્રી મુનશી એ જ આપી."[૨૦]

---

[૧૮] ચુનીલાલ મડિયા, વાર્તા વિમર્શ, આવૃત્તિ-૧૯૯૧, પૃ. ૨૦૮.

[૧૯] રઘુવીર ચૌધરી અને રાધેશ્યામ શર્મા, ગુજરાતી નવલકથા, -...., પૃ. ૧૪૦.

[૨૦] માયાલોક, પૃ. ૬૬, -....

- **ગાંધીયુગની નવલકથાના અન્ય પથિકો :-**

મુનશીની નવલકથાના રાજમાર્ગને ધૂમકેતુ અને ચુનીલાલ વર્ધમાન શાહ જેવા સફળ સાહિત્ય સર્જકોએ અનુસરીને દિપાવ્યો છે. ચુ. વ. શાહે હિન્દી, મરાઠી, અંગ્રેજી અને બંગાળીમાં સંખ્યાબંધ નવલકથાઓ ગુજરાતી ભાષામાં અવતારી છે. તેમની ઐતિહાસિક નવલકમાં 'સોમનાથનું શિવલિંગ', 'નીલકંઠનું બાણ' ઉત્તરોત્તર લોકપ્રિયતા પામી છે. ઈ.સ. ૧૯૩૮ માં અમદાવાદની 'સાહિત્યસભા' એ તેમને 'રણજિતરામ સુવર્ણ ચંદ્રક' એનાયત કરી જાહેર સમ્માન કર્યું હતું. શ્રી ચુ. વ. શાહની ઐતિહાસિક નવલકથાઓ ગુર્જર ઈતિહાસને આલેખે છે. એ વિશિષ્ટતા નોંધનીય છે. 'અવંતીનાથ' ધારાનગરીનો રાજાભોજ ગુર્જર ભાષામાં જ નહી પણ મરાઠી, હિન્દી, બંગાળી વગેરે ભાષાઓમાં પણ ભોજ પર આદ્યાપિપર્યંની એકપણ નવલકથા લખાઈ નથી. પણ શ્રી શાહે 'બલ્લાલકૃત', 'ભોજ પ્રબંધ' અને ઈતર સંસ્કૃત પુસ્તકો પરથી કેટલાક કાલ્પનિક અંશો ઉમેરીને તત્કાલીન ઐતિહાસિક વાતાવરણ જન્માવતી સફળ નવલકથા સર્જી છે.

આ ઉપરાંત તેમની સામાજિક નવલકથાઓમાં 'વિષચક્ર', 'વર કે થર', 'તપોવન' વગેરે ઉલ્લેખનીય છે. 'જિગર અને અમી' તેમની ખૂબ જ લોકપ્રિય નવલકથા છે.

- **ધૂમકેતુ (ગૌરીશંકર ગોરવર્ધનરામ જોશી)**

નવલિકા સમ્રાટ ધૂમકેતુએ ઐતિહાસિક અને સામાજિક નવલકથાનું સર્જન પણ વિપુલ પ્રમાણમાં કર્યુ છે, તેમની ઐતિહાસિક નવલોમાં 'ચૌલુકય ગ્રંથાવલી અને 'ગુપ્તયુગ-ગ્રંથવલિ'ની ગ્રંથ શ્રેણિઓ વાર્તાકલાના આકર્ષક તત્વો ધરાવે છે. 'ચાલિકય ગ્રંથાવલી' માં 'વાચિનીદેવી', 'અજીત ભીમદેવ', 'ચૌલાદેવી', 'રાજસંન્યાસી', 'કર્ણાવતી', 'જયસિંહ સિદ્ધરાજ', 'ગુર્જરેશ્વર કુમારપાલ', 'નાયિકા દેવી', 'રાય કરણઘેલો' જેવી કૃતિ જોવા મળે છે.

'ગુપ્તયુગ ગ્રંથાવલી' માં 'આમ્રપાલી', 'વૈશાલી', 'મગધપતિ', 'મહા અમાત્ય ચાણકય', 'ચંદ્રગુપ્ત મૌર્ય', 'સમ્રાટ ચંદ્રગુપ્ત' અને 'સમ્રાટ અશોક' વગેરે નવલોમાં ઈતિહાસની વફાદારી, કવિત્વયુક્ત પણ પ્રલંબ વર્ણનો, આકર્ષક સંવાદો, ભાવનાશીલ પાત્રો વગેરે એમની કૃતિના આકર્ષણો છે. આ ઉપરાંત 'પૃથ્વીશ', 'રાજમુગટ', 'પરાજય' અને 'અજીતા' વગેરે સમાજલક્ષી નવલકથાઓ છે.

- **યુગમૂર્તિ વાર્તાકાર ર. વ. દેસાઈ :-**

ગાંધીયુગીન ગુજરાતને સાહિત્યમાં મૂર્તિમંત કરનાર 'યુગમૂર્તિ વાર્તાકાર રમણલાલ વ. દેસાઈ સામાજિક નવલકથા ક્ષેત્રે અગ્રિમ સ્થાન ધરાવે છે. એમની નવલકથામાં સમકાલીન ગુજરાતનું પ્રતિબિંબ ઝીલાયું છે. ગુજરાતની નવજાગૃતિનાં વિવિધ પાસાને સાકાર કરવાનો પ્રયત્ન કર્યો છે. તો કયારેક પ્રણયકથાને આલેખી પ્રણયત્રિકોણ કથાની સાથે ગાંધીયુગની વિચારધારા પણ એમની નવલકથામાં જોવા મળે છે.

'જયંત' (૧૯૨૫) નવલકથાથી નવલકથાકાર તરીકે શરૂઆત કરે છે. ત્યારબાદ 'શિરીષ', 'કોકિલા', 'પૂર્ણિમા', 'હૃદયનાથ', 'સ્નેહયજ્ઞ', 'ગ્રામલક્ષ્મી ભાગ-૧ થી ૪', 'દિવ્યચક્ષુ', 'છાયાનટ', 'ઝંઝાવાત' અને 'હૃદયવિભૂતિ' જેવી ગાંધીયુગની ભાવનાના રંગોનું દર્શન કરાવતી સામાજિક નવલકથા છે.

'ભારેલો અગ્નિ', 'ઠગ', 'ક્ષિતિજ ભાગ-૧ અને ૨', 'કાલ-ભોજ', 'શૌર્યતર્પણ', 'પહાડના પુષ્પો', 'બાલાજોગણ', 'પ્રલય', 'શચીપૌલોમી' વગેરે નવલકથાઓ ખૂન, આગ, લૂંટ, રાજકીય અને સામાજિક સુધારણા અને ઉત્ક્રાંતિની નવલકથાઓ છે. 'બંસરી', 'જાસૂસી' પણ જોવામળે છે.

"ગોવર્ધનરામ અને મુનશી પછી ગુજરાતી નવલકથાએ રમણલાલ પાસેથી ઘણું મેળવ્યું છે."[૨૧] એમ શ્રી **રતિલાલ દવે** અને **પુષ્પાબેન અમીન** કહે છે.

- **રાષ્ટ્રીય શાયર મેઘાણી :-**

રાષ્ટ્રીય શાયરનો ઈલ્કાબ પામેલા ઝવેરચંદ મેઘાણીએ ઐતિહાસિક, સામાજિક અને મિશ્રપ્રકારની નવલકથાઓમાં સ્વરૂપની દષ્ટિએ વિશિષ્ટતા દર્શાવી છે. 'સોરઠ તારા વહેતા પાણી' (૧૯૩૭) અને 'તુલસી કયારો' (૧૯૪૦) જેવી નવલકથાઓમાં સોરઠના, સૌરાષ્ટ્રના પ્રાદેશિક લોકજીવનના રંગદર્શી ચિત્રો અંકિત કરીને લાક્ષણિક કહી શકાય એવી કથાસૃષ્ટિ સર્જે છે. મેઘાણી (૧૯૪૩)માં 'પ્રભુ પધાર્યા' નામની બ્રહ્મદેશના જનજીવનને તથા ત્યાંના હિંદીઓના સમાજને નિરૂપતી કથા છે. ગુજરાતી નવલકથામાં

[૨૧] સં. રતિલાલ દવે અને પુષ્પાબેન અમીન, 'નવલકથા સ્વરૂપ સર્જન અને સમીક્ષા', આવૃત્તિ-૧૯૭૦, પૃ. ૪૩.

જે રીતે પરંપરાગત કોટિના કથા નાયક હતો તે મેઘાણીની પ્રાદેશિક નવલકથા 'સોરઠ તારા વહેતા પાણી'માં નથી એની જગ્યાએ કથાનાયક તરીકે સમગ્ર લોકસમાજ પ્રાદેશિક લોકજીવનને કેન્દ્રમાં રાખતી વાતાવરણ પ્રધાન નવલકથાની દિશામાં થયેલું મેઘાણીનું નવપ્રસ્થાન વાસ્તવમાં એક આગવી પ્રાર્શ્વ ભૂમિકા રચી આપે છે.

પરંતુ મેઘાણીના કથાગદ્યને આ ભાવક્ષમતા તેમની 'વેવિશાળ'માં જોવા મળે છે. 'તુલસીક્યારો', 'નિરંજન' કુટુંબજીવનની મહેકતી ફોરમ છે. પવિત્રતાની પ્રતિમા જેવી વિધવાઓ કેવી પાવનકારી હોય છે તેના ચિત્તાકર્ષક નમૂનો 'તુલસીક્યારો'માં ભાભીના પાત્ર દ્વારા આપ્યો છે. 'સત્યની શોધ', 'અપરાધી', 'વસુંધરાના વહાલા દવલાં' વગેરે સૂચિત કૃતિઓ છે. વિકટર હ્યુગોના 'ધ લાફીંગ મેન' માંથી વિચાર માત્ર લઈને મેઘાણીએ 'વસુંધરાના વહાલા દવલા'માં ગુજરાત કાઠિયાવાડની કે કંગાલિયતનું હૃદયદ્રાવક વર્ણન કરેલું છે. 'સમરાંગણ', 'રાગંગાજળિયો', 'ગુજરાતનો જય ભાગ-૧-૨' વગેરે ઐતિહાસિક નવલકથાઓ પ્રેમ-શૌર્યના આદર્શ રજૂ કરે છે. 'ધરતીનું ધાવણ' મેઘાણીના લોકજીવનનો પરિચય આપતી લોક સાહિત્યના સજીવ પ્રેમ દ્વારા લખાયેલી છે. આકર્ષક ઉપાડવાળી સંક્રાન્તિકાળને આલેખતી 'કાળચક્ર' નવલકથા એમના અવસાનથી અપૂર્ણ રહેલી છે.

'પુત્રલાલસા', 'હૃદયનાથ' જેવી નવલકથાઓ પર ગાંધી વિચારનો પ્રભાવ જોવા મળે છે. પરંતુ મેઘાણીએ તેને કલાત્મકરૂપ આપ્યું હોવાથી **બાબુ દાવલપુરા** નોંધે છે કે,

"રમણલાલ દેસાઈ સમકાલીન સમાજ અને ઈતિહાસની પાશ્ચાદભૂ પર ભાવનાપ્રધાન કથાચિત્ર આપે છે, તો તેમના સમકાલીન ઝવેરચંદ મેઘાણી 'સોરઠ તારા વહેતા પાણી' અને 'તુલસી કયારો' આદિ નવલકથાઓમાં સોરઠના પ્રાદેશિક લોકજીવનનાં રંગદર્શી ચિત્રો અંકિત કરે છે."[૨૨]

- **આ સમયની Comic Mode ની બે નવલો :-**

'ભદ્રંભદ્ર' પછી ઘણા લાંબા સમય પછી આપણે 'Comic Mode' ની બે નવલકથાઓ પ્રાપ્ત થાય છે. જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાએ સંયુક્ત રીતે રચેલી 'અમે બધા' નામની કુટુંબકથા ન રહેતાં હાસ્યકથા બની રહે છે. આ જ રીતે

[૨૨] સ. બાબુ દાવલપુરા અને નરેશ વેદ, 'ગુજરાતી કથાવિશ્વ નવલકથા', પૃ. ૫૧.

જયમલ્લ પરમાર અને નિરંજન વર્મા રચિત 'ખંડિત કલેવરો' એક કટાક્ષ કથા ઉલ્લેખનીય નવલકથા બની છે.

- **આ સમયનાં ઉલ્લેખનીય નામો :-**

આ સમયના અન્ય સર્જકોમાં ગુણવંતરાય આચાર્યની ઐતિહાસિક અને સાગરકથાઓ નોંધનીય છે. 'દેશદીવાન', 'જગતના મંદિરમાં', 'ઈન્કિલાબ', 'સેનાપતિ', 'જામ-તમાચી', 'સોરઠની સંધ્યા', 'મીના બજાર' એ જાણીતી ઐતિહાસિક કૃતિઓ છે. વિજયનગર ગ્રંથાવલિમાં 'રાય હરિહર', 'કૃષ્ણાજી નાયક', 'રાયરેખા', 'રાય બુક્કારાય' અને 'મહા અમાત્ય માધવ' નોંધવાલાયક છે. જેમ મેઘાણીએ સૌરાષ્ટ્રના ગૌરવનું ગાન વાર્તાઓ દ્વારા ગાયુ તેમ ગુણવંતરાય આચાર્યએ કચ્છી ખમીરને તેમની નવલોમાં નવાજ્યું છે.

સાગરકથાની શ્રેણીમાં 'સક્કરબાર', 'હરારી', 'સરફરોશ', 'સરગોસ', 'દરિયાલાલ', 'હાજીકાસમ તારી વિજળી', 'ભગવો નેજો', 'જાવડભાવડ', 'સોહિણી સંધાર', 'કાળભૈરવ' વગેરેની શૈલી અને રસ જમાવટ વાચકોને સતત આકર્ષ્યા કરે છે. તો 'દ્રરિદ્રનારાયણ ભાગ-૧ અને ૨', 'ત્રિલોચન', 'પુત્ર જન્મ', 'નર અને નારાયણ' જેવી સામાજિક નવલકથાઓ છે.

ગાંધીયુગની મોટામાં મોટી સિદ્ધિએ છે કે આ યુગની નવલકથાઓ અનુકરણમાં સરતી નથી.

- **સ્વાતંત્ર્યોત્તર યુગની નવલકથા :-**

નવલકથાની પ્રમુખ ધારાથી આડા ફંટાઈને ઉમાશંકર જોશી અને જયંતિ દલાલ જેવા અપવાદરૂપ સર્જકોએ વીસમાં શતકના પૂવાર્ધમાં મનોવાસ્તવલક્ષી નવી કેડી પાડવાનું સર્જન સાહસ ખેડયું હતું. મનુષ્યની મનોવૃત્તિ, પરપીડનવૃત્તિ, અહમગ્રંથી તેમજ માનવીની સંકુલ ગતિવિધીનું વાસ્તવલક્ષી ચિત્રણ કરવાનો ઉપક્રમ સર્વપ્રથમ ઉમાશંકર જોશીની નવલકથા 'પારકા જણ્યા'માં થયો છે. જયંતિ દલાલ આ દિશામાં એક

ડગલું આગળ જઈ 'ધીમુ અને વિભા' (૧૯૪૩) માં આધુનિક સ્વરૂપની મનોવૈજ્ઞાનિક નવલકથા રચવાનો એક અભાન અને કળાસૂઝ ભર્યો ઉપક્રમ કરે છે. **શ્રી બાબુદાવલપુરા** નોંધે છે કે,

"સમકાલીન સામાજિક તેમજ રાજકીય વાસ્તવિકતાનું સરલીકરણ કર્યા વિના અંતર્મુખ, આત્મનિષ્ઠ વ્યક્તિના આંતર વાસ્તવનું જેમા મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ સૂક્ષ્મતાપૂર્વક આલેખન થયું હોય એવી આધુનિક સ્વરૂપની પહેલી નવલકથાના સર્જક જયંતિ દલાલનું અર્પણ એક કરતાં વધુ દષ્ટિએ મૂલ્યવાન બની રહે તેવું છે."[૨૩]

– તેમની અન્ય નવલકથામાં 'પાદરના તીરથ' (૧૯૪૬).

**મનુભાઈ પંચોલી (દર્શક)** આઝાદી પછીના ગાંધી વિચારસરણીના સાહિત્યકાર છે. જયંતિ દલાલે આધુનિક સ્વરૂપની વાસ્તવલક્ષી નવલકથાની કેડી રચી આપી પરંતુ દર્શકે એ માર્ગે ચાલવાનું પસંદ ન કર્યુ. 'ઝેર તો પીધા જાણી જાણી' દર્શકની શ્રેષ્ઠ નવલકથા છે. (૧૯૩૫) થી તેમની નવલકથા લેખનની પ્રવૃત્તિનો આરંભ થયો. તેમાં 'બંદીઘર', 'બંધન અને મુક્તિ', 'દીપનિર્વાણ', 'સોક્રેટીસ', જેવી નવલકથાઓ તેમને ગુજરાતી સાહિત્યને અર્પણ કરી છે. નવલકથાની આ દિશામાં ગતિ કરવાનો પ્રયાસ આપણા કથા સાહિત્ય પૂરતો અનન્ય ગણી શકાય એ કોટિનો છે.

- **પન્નાલાલ પટેલ**

પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર અને પિતાંબર પટેલ એ ત્રિપુટીએ પ્રાદેશિકતાનું આલેખન કરતી કેટલીક સુરૂચિકર નવલકથાઓ આખા સમાજના નીચલા સ્તરના પાત્રોની પસંદગી કરી ગ્રામ જીવનને તાદશ્ય કર્યુ છે. ગોવર્ધનરામ, મુનશી, રમણલાલ અને મેઘાણી પછી સર્ગશક્તિના વધુ ઉન્નત્ત શિખરો સર કરતી નોંધપાત્ર સિદ્ધિ પન્નાલાલમાં જણાય છે. પન્નાલાલ પટેલ જાનપદી નવલકથાકાર તરીકે સફળતાના ઉતુંગ શિખરો સર કર્યા છે. જ્ઞાનપીઠ પુરસ્કૃત વિજેતા કૃતિ 'માનવીની ભવાઈ' તેમની કીર્તિદાકૃતિ છે જે પેટની ભૂખ વચ્ચે જીવતા રાજુ-કાળુના હૈયાની મહા તાંડવભરી

[૨૩] 'ગુજરાતી નવલકથા વિશ્વ', બાબુ દાવલપુરા અને નરેશ વેદ, આવૃત્તિ-૧૯૮૫, પૃ. ૫૪.

પ્રણયકથા છે. પ્રકૃતિ, સમષ્ટિ, સમાજ, કાળ અને સમય કાળુ-રાજુ, નાનો, માલી આ સૌની વસ્તુ ગૂંથણી એટલે 'માનવીની ભવાઈ'.

આ ઉપરાંત 'મળેલા જીવ'માં પણ સર્જક સિદ્ધિની પરાકાષ્ટા ઝળકે છે. 'વળામણા', 'પાછલે બારણે'માં કુશળ કસબ વરતાય છે. 'ભીરૂસાથી', 'યૌવને', 'સુરભિ', 'ના છૂટકે', 'ફકીરો', 'ભાગ્યાના ભેરું', 'પડઘા અને પડછાયા ભાગ-૧ અને', 'નગદ નારાયણ', 'ઘમ્મર વલોણું ભાગ-૧ અને ૨' વગેરે આસ્વાદ્ય કથાઓ છે.

- **ઈશ્વર પેટલીકર અને પીતાંબર પટેલ**

પન્નાલાલે સાબરકાંઠાને સાહિત્યમાં સજીવ કર્યો છે. તેમ પેટલીકરે ચરોતરના સમાજને અને પીતાંબર પટેલે ઉત્તર ગુજરાતના લોક જીવનને નિરુપવાનો પ્રયાસ કર્યા છે. પેટલીકરે કથનરીતિના અવનવા પ્રયોગો દ્વારા રોજિંદા જીવનના પ્રશ્નોને આલેખવાનો સારો પ્રયત્ન કર્યો છે. તેમની પ્રથમ નવલકથા 'જનમટીપ' (૧૯૪૪) અને 'ભવસાગર' ચરોતર પ્રદેશના ગ્રામ સમાજની અને તેના વ્યક્તિ ચિત્રોની વાસ્તવિક સૃષ્ટિ ખડી કરે છે. 'જનમટીપ'માં ભીમા અને ચંદાના સંઘર્ષયુક્ત દામ્પત્યજીવનની પરિસ્થિતિ ધ્યાન ખેંચે છે.

'મારી હૈયાસગડી', 'કલ્પવૃક્ષ', 'પાદરના તીરથ', 'કાજળ કોટડી', 'કંકુ અને કન્યા', 'પટલાઈના પેચ' વગેરેમાં બારૈયા કોમના પ્રશ્નો અને સંઘર્ષો ચર્ચાયા છે. તેઓ સામાજિક સુધારક હોઈ કવચિત્ તેમની નવલોમાં જણાતો પ્રચાર કલાતત્વને માટે લાલબત્તી રૂપ ગણાય.

પીતાંબર પટેલ સામાજિક નવલકથાઓમાં ઉત્તર ગુજરાતનાં લોકજીવન ઉપરાંત અત્યારના લગ્નજીવનના પ્રશ્નો પણ આકર્ષક રીતે ગૂંથ્યા છે. ગ્રામજીવનને આલેખતી નવલકથાઓમાં 'રસિયો જીવ', 'ઘરનો મોભ', 'પરિવર્તન', 'ખેતરને ખોળે', 'ઊગ્યુ ંપ્રભાત', 'તેજ રેખા', 'ચિરંતન જયોત' વગેરે નવલકથાઓ છે.

- **ચુનીલાલ મડિયા અને ચંદરવાકર**

શ્રી ચુનીલાલ મડિયાએ મેઘાણીની જેમ સૌરાષ્ટ્રની ધરતીના જીવનરંગોની હૃદયસ્પર્શી ચર્ચા ઉપરાંત મુંબઈના નાગરિક જીવનની ઘટનાઓ અને સંવેદનો નિરૂપતી

નવલકથાઓ આપી છે. 'વ્યાજનો વારસ', 'પાવક જવાલા', ઈંધણ ઓછા પડયા', 'વેળા વેળાની છાંયડી', 'લીલુડી ધરતી ભાગ-૧ અને ૨', 'પ્રીતવછાયા' વગેરે નાટયાંશો ધારણ કરતી વાચકોના દિલને વશ કરતી નવલકથાઓ છે.

પુષ્કરચંદરવાકરે નળકાંઠાના લોકજીવનને નવલકથાઓમાં ખડું કર્યુ છે. તેમની નવલકથાઓમાં 'રાંકના રતન', 'બાવડાના બળે', 'માનવીનો માળો', 'ભવની કમાણી', 'લીલુડા લેજો' વગેરે નવલકથાઓ સર્જી છે. 'માનવીનો માળો' માં ગ્રામીણો તરફની હમદર્દી વ્યક્ત થઈ છે. 'ભવની કમાણી'માં ભાલ-નળકાંઠાના કોળીઓની કર્મકથની છે. 'લીલુંડા લેજો' માં ગામડું અને બેતાલીસ ની લડતનું વાતાવરણ છે. લેખકે તેમની નવલકથામાં ગ્રામ વાતાવરણ અને લોકોના રીતરિવાજને ધ્યાનમાં રાખી આલેખન કર્યું છે.

- **અન્ય નવલકથા દ્વારા આગેકૂચ**

નિરંજન વર્માની 'ખંડિત કલેવરો' અને જયમલ્લ પરમાર કૃત 'અણખૂટ ધારા' વગેરે અસહકારયુગીન સૌરાષ્ટ્રી કાર્યકરોના જીવન-કાર્ય નિરૂપતી હાસ્ય અને કટાક્ષસભર વાસ્તવિક નવલો છે. શ્રી સોપાને 'પતન અને પ્રાયશ્ચિત' જેવી ઓજસ્વી અને દર્દભરી સોરઠી છાંટવાળી સંખ્યાબંધ પ્રશ્નપ્રધાન નવલકથાઓ આપી છે. શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠકે ભારતની વિવિધ ભાવનાઓને કેન્દ્રમાં રાખીને 'પચાસ વર્ષ પછી', 'સોહાગ', 'આવતીકાલ', 'સાથી', 'જગતનો તાત' વગેરે હેતુપ્રધાન નવલો સર્જી છે. શ્રી ગોવિંદભાઈ અમીને 'માડી જાયો', 'જૂનું અને નવું', 'ત્રિવિધ તાપ' વગેરે નવલો આપી શ્રી સ્નેહરશ્મિ એ 'અંતરપટ', 'રવીન્દ્રનાથની 'ઘરે બાહિરે', મનસુખલાલ ઝવેરી કૃત 'કાળુભારને કાંઠે', 'સુવર્ણ મેખ', 'જળ અને જવાળા', 'પરલોકમાં', 'અમને વહાલે પાયા વિષ', 'જીવતરનાં મૂળ' ચંદ્રવદન મહેતા કૃત 'ખમ્મા બાપુ' ઉમાશંકર જોશી કૃત 'પારકા જણ્યા' ઈન્દ્રવસાવડા કૃત 'ગંગાના નીર', 'શોભા', 'ઘરભણી' અને સમર્પણ (લઘુ નવલ) પ્રેમશકંર હ. ભટ્ટ કૃત 'બીજલ', ધીરજલાલ ધ. શાહ કૃત 'લાટનો દંડનાયક' શ્રમણ ભગવાન મહાવીર' વિશ્વમિત્ર કૃત 'આત્મવંચના', 'મંગલ યાત્રા' વગેરે નવલકથાઓ આવકારદાયક છે.

આ ઉપરાંત ઉલ્લેખનીય નવલકથામાં 'શયદા' કૃત, 'મા તે મા', 'દેવ દુલારી', 'નાની નણદી', 'વણઝારી વાવ', 'સોહાગ ચૂડી', 'સંસારની શોભા' વગેરે લોકભોગ્ય

નવલકથાઓ છે. વજુકોટકની 'ઘરની શોભા', 'આંસુના તોરણ', 'ચૂંદડી અને ચોખા', ' જુવાન હૈયા', 'હા કે ના'; શ્રી કોલક કૃત 'દીવાસ્વપ્ન', 'સોના', 'અન્નપૂર્ણા', 'બીજ પર ત્રીજ', 'આભા અને અલકા'; શ્રી સારંગ બારોટ કૃત 'નંદનવન', 'જિંદગીના ફેરા', ' આકાશ કુસુમ', 'ઊર્મિ અને આશા', 'સૂર્યમુખી', 'રેન બસેરા'; 'નવાનિશાન ભાગ-૧ અને ૨' કુર્યાત્ સદામંગલમ્, 'સંગમ ત્રિવેણી'; શ્રી મોહનલાલ પટેલ કૃત 'મોટી વહુ', 'અંતીમદીપ', 'જેઠાલાલ ત્રિવેદી કૃત 'ભગવાન પતંજલિ', 'યુગપુરૂષ પતંજલિ' ચિનુભાઈ પટવા કૃત 'અવળે ખૂણેથી', 'ગોરખ અને મચ્છિન્દ્ર'; દેવશંકર મહેતા કૃત 'એળે ગયો અવતાર', 'લક્ષ્મણ રેખા', 'ધરતીની આરતી', 'ભસ્મકંકણ ભાગ-૧, ૨, ૩', 'ધરતીનું હીર', 'સિંધુ તારા વહેતા પાણી', 'કોરી રેજો કૂખ', 'અબોટ યૌવન', 'સુઘરીનો માળો'; શ્રી ગોકળદાસ રાયચુરા કૃત 'ગરવો ગીરનાર', 'સોમનાથની સખાતે', 'નવલખ સોરઠ', 'સોરઠપતિ', 'કુળદીપક'; મોહનલાલ ચ. ધામી કૃત 'છેલ્લી નજર', 'ગોરી ધીરે ચાલો ભાગ-૧, ૨', 'રૂપગર્વિતા', 'અલબેલી-૧, ૨, ૩', 'રૂપ માધુરી', 'ભવબંધન ભાગ-૧, ૨', સૌભાગ્ય કંકણ 'નષધપતિ', 'ભાવડશાહ'; ચંદુલાલ સેલારકા કૃત 'ઉર ઉદાસી', 'ભીતર સાત સમંદર'; વિઠલ પંડયા કૃત 'મૃગતૃષ્ણા', 'રૂપ જવાલા', 'ફૂલને વાગ્યા કાંટા'; રસિક મહેતા કૃત 'શ્વેત રાત્રિ શ્યામ સિતારા', 'એક જિંદગી લાખ આંસુ', 'રાધિકા રાણી', 'સોહાગણ', 'પૂજારિણી', 'અંતર અને અંગાર', 'પ્રેમ બંધન', 'આત્માનાં દાન', 'ઝેર તો પીધાં અમૃત જાણી'; દિનકર જોશી કૃત 'દૂર દૂર આરા', 'મત્સ્યવેધ'; જીતુભાઈ મહેતા કૃત 'જીવનની સરગમ', 'ગુલાબી ડંખે (જાસુસી નવલ)'; દિલીપ રાણપુરા કૃત 'હું આવું છું'; પરાજિત પટેલ કૃત 'જોબન ગંગા', 'ગુલાબ શૈયા', 'માઝમ રાતના મેળા', 'વખના વલોણાં', 'બંધ દરવાજા'; ભૂપત વડોદરિયા કૃત 'સાથ વિના સંગાથી', 'અમર દીપ', 'અધૂરાં તપ'; દોલત ભટ્ટ કૃત 'જપ્યા જળ મઝધારના', 'નાચે મનના મોર', 'વસમી વેળા', 'ધન્ય ધરા સોરઠ', 'પરણેતર'; દુલેરાય કારાણીકૃત 'જામચનેસર', 'જામ રાવળ'; જેઠાલાલ સોમૈયા કૃત 'ઝેરનો પ્યાલો', 'રાત રડતી હતી', 'કાચની બારી', 'કોના વાંકે', 'બારને ટકોરે', 'ભસ્મ થયો સંસાર', 'બાવરે નૈન', 'મૃગનયની' વગેરે નવલકથાઓ આપી. સ્વાતંત્ર્યયુગની વિકાસ રેખામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આપણા સ્વાતંત્ર્યોતરમ સાહિત્યમાં કંઈક નવો સંચાર કર્યો હોય તેવું વર્તાય છે.

- **આધુનિક યુગની નવલકથા :-**

આપણા આ યુગના સાહિત્યમાં કંઈક નવીનતમ પ્રયોગો નવલકથાઓમાં જોવા મળેલ છે. છેલ્લા ચાર દાયકામાં ગુજરાતી નવલકથા ક્ષેત્રે હરણફાળ ભરી હોય તેવી લાગે છે. આપણા સાહિત્યમાં કંઈક નવો સંચાર વર્તાય છે. આધુનિક યુગની વસ્તુથી માંડીને વિભાવના સુધી અને ભાવનાથી ભાષા સુધી સર્વત્ર પરિવર્તન જણાય છે.

સ્વાતંત્ર્ય પહેલાની આશાઓના સંદર્ભમાં બીજા વિશ્વયુદ્ધ પછીના પશ્ચિમના સાહિત્યના ગાઢ સંપર્કથી ગુજરાતી સાહિત્યના અન્ય સર્જન પ્રકારોની જેમ નવીનતમ નવલક્ષેત્રે પણ હલચલ પ્રગટ થયેલી જોવા મળે છે. તેમાં ચિલાચાલુ નહી પણ સ્વતંત્ર યૌવનસભર નૂતનશૈલીના તેજ ઝબકાર જણાય છે. જૂના જૂના નવલકથાકારોના સરઘસમાં જોડાયા વિના નવીનોએ નિજના આગવા પંથે પ્રયાણ આદર્યુ છે. અર્વાચીન કાળમાં નવલકથા ક્ષેત્રે વસ્તુ, રીતિ, અભિવ્યક્તિ, સ્વરૂપ વગેરેમાં નિત્યનૂતન વિલક્ષણ પ્રયોગ થઈ રહયાં છે. જે સાહિત્યની વિકાસ રેખામાં – ગાંધીયુગીન સાહિત્ય વર્તુળથી ભિન્નતા દર્શાવી તે નોંધપાત્ર ઉન્મેષ ગણી શકાય. અસ્તિત્વવાદ, નવ વાસ્તવવાદ કે ફ્રોઈડ પ્રભાવ તળે સાહિત્યમાં વૈયક્તિકતા અને સ્વતંત્રતાનો એક જુદો જ મિજાજ પ્રગટવા લાગ્યો છે. માત્ર વ્યક્તિના બાહય સ્વરૂપને નહીં પણ વ્યક્તિના મનોવિશ્લેષણાત્મક અભિગમને વ્યક્ત કરવાની કોશિષ આધુનિક નવલકથાકારોએ કરી છે. નવીનતમ લેખકોની અરૂઢ રીતિ, અવનવાં રૂપ (પ્રણાલિકાગત નહીં તેવા) કવચિત્ ખરબચડી જણાતી ભાષા, આશ્ચર્યજનક વર્ણનો, ચમત્કૃતિપૂર્ણ પ્રતીકો, કેટલીક કૃતિઓમાં ડોકાતી ‘ઉત્કટ અપ્રસન્નતા’ કે આઘાતક પ્રકોપ અને તેમાંથી જન્મતું હતાશામય જુગુપ્સામય, ભાવ અને ભાવના જીવનનાં ચીંથરા ઉરાડતું, તીખા કટાક્ષ, નિર્દય હાંસી અને કઠોર ભ્રાન્તિહીનતાનું વાતાવરણ અને તેને મૂર્ત કરતાં માનવની મૂળ વૃત્તિઓની જુગુપ્સા પ્રેરક અંતરલીલાના કે નૈતિક મૂલ્યોની ઉપહાસલીલા સર્જતી વાસ્તવિકતાના ચિત્રો વગેરે પશ્ચિમના અર્વાચીન સાહિત્યથી અપરિચિત ગુજરાતી વાચકોને અકળાવે તેવી સૃષ્ટિ છે કે જેની સાથે મૈત્રી કરવાની આવશ્યકતા છે જ.

## • આધુનિકતાની નાંદી સુરેશ જોશીથી

'છિન્ન પત્ર' – પ્રતિકરાગી નવલકનો નમૂનો રચના વિધાન અને અરૂઢશૈલી દ્વારા પ્રતિનવલ જેવી 'છિન્નપત્ર' નામની નવલકથા ૧૯૬૫માં રચીને સુરેશ જોશીએ નવલકથા સ્વરૂપ અંગેના પોતાના જે આગ્રહો હતાં તેની એક પ્રતિનિધિ રચના રજૂ કરી. નવી નવલિકાની જેમ નવલકથાની નવી વિભાવના સર્જવાનું માન પણ સુરેશ જોશીને ફાળે જાય છે. તેમણે સળંગ ઘટનાવિહીન નવલ 'છિન્નપત્ર' સર્જી છે. લેખકના જે શબ્દમાં લખવા ધારેલી નવલકથાનો 'મુસદો' છે. જૂની કથનરીતિમાં કહેવુ હોય તો તેના નાયક વિષાદ છે અને તેની નાયિકા વેદના, એકલતા, વિફલતા, શૂન્યતા અને વિરતિના સંવેદનોને ઊર્મિપ્રાણિત સંવાદોમાં ગોઠવીને લેખકે તેમાં રજૂ કર્યા છે. અન્ય પુરૂષોના સંપર્કમાં રહેતી સ્ત્રીનો પ્રેમી આંતરિક નિરાશા, એકલતા અને છિન્નતાનો અનુભવ કરીને આપઘાત કરે છે એવું તૂટક-તૂટક સૂચન 'છિન્નપત્ર' ના સંવાદોથી થાય છે. મનુષ્યના વ્યક્તિત્વની વિભકતતાનું સૂચન કરતું વાતાવરણ એમાં આકાર લે છે પણ નવલકથાનો સ્પષ્ટ ઘાટ બંધાતો નથી.

નક્કર અભિવ્યક્તિના હિમાયતી સુરેશ જોશી આ પ્રયોગમાં જુદા જ જણાય છે. પરિશિષ્ટ રૂપે રજૂ કરેલી ઘટનાની ઝલક નવલકથાના મુખ્ય ભાગને મુકાબલે સ્પષ્ટ અને સંબદ્ધ આકૃતિ ઉપસાવે છે.

સુરેશભાઈએ આઠમાં દાયકાના આરંભે 'મરણોત્તર' નામની બીજી નવલકથા આપી. જેમા શરૂઆતના ચુમ્માલીસ ખંડમાં પાત્રનું આત્મકથન ચાલ્યા કરે છે અને છેવટે લેખક કથામાં નિરૂપાયેલ સંવેદનાને આકાર બદ્ધ કરતી હકીકત મૂકે છે. અહીં મૃણાલની અને હુંની ચેતનાના તાણાવાણા સૂક્ષ્મ રીતે બંધાતા રહે છે. મૃણાલ માટેની કથાનાયકની ઝંખના અને મૃત્યુની પ્રતીતિ વચ્ચે કથાનાયકની સંવેદના વહેંચાયેલી છે એની પ્રતીતિ ભાવકને થાય છે. આ નવલકથા સ્વરૂપ દષ્ટિએ ચર્ચાસ્પદ અને અનુકરણીય રહી છે.

સુરેશ જોશીના પાસાદાર ગદ્યમાં માનવહૃદયને સ્પર્શવાની શક્તિ જણાય છે. વક્તવ્યના મર્મને નવીન અર્થપૂર્ણ પ્રતીકોમાં વ્યક્ત કરવાનું સામર્થ્ય તેમનામાં છે. પાત્રને પાત્ર રૂપે નહીં પણ માનવચિત્તની સંવેદનારૂપે નિરૂપવાનું લેખકનું લક્ષ્ય વ્યક્ત થાય છે.

કવચિત્ શૈલીની સંદિગ્ધતા, કિલષ્ટતા અને છિન્નતા તેમજ પ્રતીકોની જાળ વાંચકોને વિચારતા કરી મૂકે છે.

- **ચંદ્રકાન્ત બક્ષી (આકારનું નાવીન્ય)**

'ગુજરાતી નવલકથાનો નાભિશ્વાસ'એ લેખ સુરેશ જોશીએ લખ્યો તે અગાઉ અને તેપછી ગુજરાતી નવલકથાના વિકાસમાં આધુનિકતા અને પરંપરા બંનેનો યુગમય આવિષ્કાર ચંદ્રકાંત બક્ષીમાં જોવા મળે છે. ૧૯૬૬માં બક્ષીની 'આકાર' નવલકથા પ્રગટ થઈ જે આધુનિકતાની પ્રથમ પ્રતીતિ કરાવતી પ્રથમ નવલકથા ગણાવા માંડી. 'આકાર' વાંચતી વખતે આપણને આધુનિક અસ્તિત્વવાદી સંપ્રજ્ઞતાનો અનુભવ એનો નાયક યશ ન. શાહ અચૂક કરાવે છે. યશ ન. શાહ અસ્તિત્વવાદી બેદરકારીથી જીવન જીવે છે. સાત–આઠ વર્ષની સક્રિય જિંદગી માણવી એ તેની મહત્ત્વકાંક્ષા છે તે માને છે કે, "માણસ જો સમજદારીથી અને ડાહયો થઈને વિચાર કરે તો જિંદગીનો એક જ યોગ્ય અંત હોઈ શકે – 'આત્મહત્યા' તે દારૂ પીએ છે, જેલ ભોગવે છે, વેશ્યાગૃહની મુલાકાતે જાય છે વગેરે બધુ તટસ્થ અને આત્મરત ભાવથી જ પોતાના પિતાની રખાતને ત્યાં એ કાંઈ પણ સંકોચ વિના જઈ શકે છે. એકલતા અને નિરાશાનો સ્વામી બનીને એ જીવે છે. વેદનાને જીરવવાની તેમનામાં ગજબની શક્તિ છે. ધબકતી રાતની દુનિયામાં એકપણ સ્પંદન જગાડયા વિના એ એક આકાર રૂપે નિરૂદેશ ભટકયા કરે છે.એમાં અસ્તિત્વવાદી ફિલ સૂફીનો અંશ જોવા મળશે.

સુરેશ જોશીની નવલકથાઓમાં જે સંવેદનો, કલ્પનો અને પ્રતીકો દ્વારા રજૂઆત પામે છે તે બક્ષીની નવલકથાઓમાં વિચારની ભૂમિકા પર ઘટના અને પાત્રની ક્રિયાઓ દ્વારા રજૂઆત પામે છે.

સુરેશ જોશી પછી ગુજરાતી નવલકથાનાં વિકાસમાં આધુનિક એને પરંપરાગત એમ બંનેનો યુગમય આવિષ્કાર ચંદ્રકાંત બક્ષીમાં જોવા મળે છે. આધુનિકતાની પ્રતીતિ કરાવતી પ્રથમ નવલકથા 'આકાર' ગણાવી શકાય. બક્ષીની આરંભકાળની નવલકથાઓ 'પડઘા ડુબી ગયા', 'રોમા', 'પ્યાર', 'એકલતાના કિનારા' વગેરે પરંપરાગત નવલકથાના ક્ષેત્રમાં રહીને લક્ષ્ય સુધી પહોંચવાની મથામણ કરે છે. તો 'એક અને એક', 'પેરેલિસિસ'

અને 'જાતકકથા'માં આધુનિક મનુષ્યની એકલતા વિવશતા અને પરાયાપણાની અનિવાર્ય દુ:સહ વેદનાનો ચિતાર આકારબદ્ધ થયેલા જોવા મળે છે. અસ્તિત્વવાદી ચિંતન, ભાષા અને આધુનિક નગરજીવનનો પરિવેશ એ ત્રણ બક્ષીની નવલકથાની વિશિષ્ટતાઓ છે.

- **અસ્તિ અને અસ્તિત્વવાદ (જોડણીની વિડંબના)**

સુરેશ જોશી પછી ૧૯૬૬માં શ્રીકાંત શાહે 'અસ્તિ' નામની નવલકથાનું નિર્માણ કરે છે. અહીં ઘટનાવિહીન કથયિતવ્યને લેખક નવલકથાના ઢાંચામાં ઢાળવા પ્રયત્ન કરે છે. વાર્તા નાયક 'તે' ગલીને નાકે ઊભો રહીને પસાર થઈ રહેલી સમગ્ર સૃષ્ટિનું દર્શન કરી રહયો છે. તે ઉપરથી તેને જે લાગણી અને વિચારો જન્મે છે તેને લેખકે શબ્દચિત્ર કલ્પનામાં મઢીને રજૂ કર્યો છે. 'તે'નું અસ્તિત્વ 'તે' ની ચેતનામાંથી ગળાઈને પ્રગટ થતી સમગ્ર સૃષ્ટિ અને તેના તમામ પદાર્થો અહી કેન્દ્રમાં છે.

'અસ્તિ'ની રચના 'છિન્નપત્ર'ની શૈલીના અનુકરણ જેવી છે. પ્રતીકોના ઝાકળ બિંદુમાં લેખકે એકલતા અને વિષાદને પૂરાવાનો પ્રયત્ન કર્યો છે. લેખકે હ્રસ્વ 'ઉ' અને દીર્ઘ 'ઈ' નો સગવડિયો સ્વીકાર કરીને જોડણીની અતંત્રતા વ્યક્ત કરીને નાવિન્યનો ચમત્કાર સર્જવા પ્રયત્ન કર્યો છે. પણ આવા પ્રયત્નો ઉપયોગી ભાગ્યે જ લેખી શકાય.

- **મધુરાયની 'ચહેરા' દ્વારા આગવો આકાર :-**

ગુજરાતી નવલકથામાં અસ્તિત્વવાદી નવલકથા તરીકે આગવી રીતે મધુરાયની 'ચહેરા' નવલકથા રજૂ થાય છે. આ નવલકથામાં આધુનિકતાના ઘણા અંશો લાક્ષણિક રીતે પ્રગટ થાય છે. આ નવલકથાનો નાયક 'હું' પણ નિર્લેપ ભાવે જિંદગીને જોવાનો પ્રયત્ન કરે છે. મધુરાયની 'કામીની', 'સાયબાજી' અને 'કલ્પવૃક્ષ', કિમ્બલ રેવન્સવુડ નવલકથાઓમાં કથાકાર તરીકેની વિશેષતાઓ એ છે કે એમના કથનમાં વિષાદ કે આસ્વાદનો ભાગ હોતો નથી. હસતા-રમતા એ ઘણું બધું કહી દે છે. એમની નવલકથાના સંવાદો ચબરાક અને સ્ફૂર્તિલા હોય છે. આ નવલકથાઓમાં નાટયાત્મકતાની સાથોસાથ ઘટના - પ્રધાનતા તો ખાસ ધ્યાન ખેંચે છે. નાટક અને નવલિકાની જેમ જ મધુરાયે ગુજરાતી આધુનિક નવલકથા ઉપર પણ નિજ સર્જકતાની મુદ્રા અંકિત કરી છે.

## • રઘુવીર ચૌધરી (મનોલોકનું ચિત્ર)

ગુજરાતી આધુનિક નવલકથાના ક્ષેત્રે શ્રી રઘુવીર ચૌધરી પરંપરાના ઢાંચામાં ઢળીને પણ પોતાની સર્જક પ્રતિભાને યોગ્ય રીતે ખીલવવા સતત પ્રવૃત્ત રહયાં છે. 'અમૃતા'માં શ્રી રઘુવીર ચૌધરીએ ઉદયન, અનિકેત અને અમૃતાના મનોલોકનું નમૂનેદાર ચિત્ર ઉપસાવ્યું છે. લેખક અસ્તિત્વવાદને અન્ય મૂલ્યોના સંદર્ભમાં મૂકીને સંઘર્ષ નિપજાવ્યો છે. પાત્રો આંતરજગતના નાદ પ્રમાણે ચાલે છે. અસ્તિત્વવાદી ઉદયન ઈશ્વરમાં માનતો નથી. ઈન્દ્રિયગમ્ય તે જ વાસ્તવિક એમ તે માને છે.

રઘુવીર ચૌધરી સતત નવલકથાના ક્ષેત્રે લેખન કરતા રહયાં છે અને એથી એમની પાસેથી અનેક કથાઓ આપણને મળી છે. 'એકલવ્ય', 'વેણુવત્સલા', 'લાગણી', 'ગોકુળ', 'મથુરા', 'દ્વારકા' અને 'ઉપરવાસ', 'સહવાસ' અને 'અંતરવાસ' એમની ઉલ્લેખનીય કૃતિઓ છે.

• મુકુન્દ પરીખની 'મહાભિનિષ્ક્રમણ', શિવકુમાર જોશીની 'શ્રાવણી' તથા રાધેશ્યામ શર્માની 'ફેરો' ૧૯૬૮ માં પ્રગટ થયેલી મુકુંદ પરીખની 'મહાભિનિષ્ક્રમણ' નવલકથામાં કોઈ ઘટના બનતી જ નથી જે બિંદુ પર વસ્તુનો આરંભ થયો છે. એજ બિંદુ પર એનો અંત છે. આજ સમય દરમ્યાન શ્રી શિવકુમાર જોશીએ 'શ્રાવણી', 'કંચુકી બંધ', 'અનંતરાગ', 'આભ રુવે એની', 'નવલખ ધારે', 'મન મધરાતે ભાગ-૧ અને ૨', 'એક કણ આપો રે' (લઘુ નવલ)વગેરે નવલકથાઓ આપી છે.

• હરીન્દ્ર દવે કૃત પળના પ્રતિબિંબ-૧૯૬૬ માં એક વિલક્ષણ આધુનિક નવલકથા છે. ૧૯૭૦ માં લખાયેલ તેમની 'માધવ કયાંય નથી' નવલકથામાં છે છતાં નથી અને નથી છતાં છે ના તત્વને વ્યક્ત કરે છે અને સંવેદનાનું રૂપ ધારણ કરે છે એ ઉપરાંત 'સુખ નામનો પ્રદેશ', 'ગાંધીની કાવડ' જેવી વિલક્ષણ કહી શકાય તેવી રચનાઓ તેમની છે.

• રાધેશ્યામ શર્માનો 'ફેરો' અને 'સ્વપ્નતીર્થ' માં મુકુંદ પરીખની 'મહાભિનિષ્ક્રમણ' ની જેમ જ રાધેશ્યામ શર્મા પણ 'ફેરો' નવલકથામાં કથાનાયકની ચેતનામાં ચાલતા પ્રવાહોને શબ્દબદ્ધ કરે છે. 'ફેરો' નવલકથા આધુનિકતાના તમામ ઉપકરણોને લાક્ષણિક

રીતે પ્રયોજે છે. એનો કથાનાયક સંવેદનશીલ છે અને ભૂતકાળને વાગોળતા વાગોળતા ચૈતસિક વાસ્તવની સૃષ્ટિનું નિર્માણ કરે છે. કથાનાયક છે સંવેદનશીલ હોવાની સાથેતટસ્થ પણ છે અને તે તટસ્થ હોવાને કારણે નવલકથામાં એક આગવું પરિમાણ પ્રાપ્ત કરે છે. ભાષા વિનિયોગની દષ્ટિએ 'ફેરા' અને 'સ્વપ્નતીર્થ' બે નવલકથા ધ્યાનાર્હ બને છે.

- **સરૂરિયલ નવલકથા 'નિશાચક્ર'**

આઠમા દાયકામાં કિશોર જાદવ સરૂરિયલ શૈલીના અભિનવ પ્રયોગ લક્ષી 'નિશાચક્ર' નામની નવલકથા સર્જે છે. તેથી કથાનાયક 'હું' ના કથનમાંથી સર્જકની વાર્તાસૃષ્ટિ મોન્ટાકોલાજનો અનુભવ કરાવે છે. તદ્‌ઉપરાંત 'રિક્તરાગ', 'વિતર્શ', 'વિતરાગ', નામની નવલકથા પણ આપેલ છે.

• બાબુ સુથારની નવલકથા 'કાંચીડો' અને 'દર્પણ' મેટાફિઝિકલ રીતે ચાલે છે. ચિનુ મોદીની 'ભાવ-અભાવ' મહમ્મદ માંડકની 'કાયર', 'ધુમ્મસ', 'અજાણ્યા બે જણ' વગેરે નવલકથાઓ અદ્યતન નવલ સર્જકોમાં પ્રશસ્ય છે. રાવજી પટેલની કલ્પનમુલક ગદ્ય અને પ્રતીકાત્મક ભાષાનો પરિચય કરાવતી 'અશ્રૃધર' અને 'ઝંઝા' નવલકથાઓ છે. જયોતિષ જાનીની નવલકથા 'ચાખડિયે ચડી ચાલ્યા હસમુખલાલ', ભગવતીકુમાર શર્મા કૃત 'ન કિનારા ન મઝધાર', 'રિકતા', 'છિન્ન ભિન્ન', 'મન નહી માગે', 'રાત રાણી' ' આરતી' અને 'અંગારા', 'પ્રેમયાત્રા', 'સમયદ્વિપ', 'અસૂર્યલોક' અને 'ઊર્ધ્વમૂલ' ખાસ ઉલ્લેખનીય નવલકથાઓ છે. ધીરેન્દ્ર મહેતાની 'ચિહ્‌ન', વિનેશ અંતાણીની 'પલાશવન', 'પ્રિયજન' અને 'કાફલો' જેવી નવલકથા મળે છે.

- **આ સમયની સ્ત્રી લેખિકાઓ :-**

આપણા પુરુષશાસિત સમાજમાં સ્ત્રીઓનું માનસ કે જીવન કેવું હોય છે તેના વિશે નવલકથા દ્વારા લેખિકાઓ સાહજિક નિરૂપણ કરે છે. ધીરુબહેન પટેલ, સરોજ પાઠક, ઈલા આરબ મહેતા, કુન્દનિકા કાપડિયા તથા વર્ષા અડાલજા મુખ્ય ગણી શકાય. ધીરુબહેન પટેલની નવલકથાઓમાં વિષય અને ભાષા કાળજીભરી માવજત વાચકનું ધ્યાન ખેંચે છે. મનોવૈજ્ઞાનિક નવલકથાનો યોગ્ય વિષય પસંદ કરીને 'વડવાનલ', 'આંધળી ગલી', 'સીમડાનાં ફૂલ', 'વાંસનો અંકુર' જેવી નવલકથાઓ આપે છે. સરોજ

પાઠક 'નાઈટમેર' નામની મનોવૈજ્ઞનિક ભૂમિકાએ સંકુલ વાસ્તવિકતાને આલેખતી નવલકથા સર્જે છે. કુન્દનિકા કાપડિયાની નવલકથા 'પરોઢ થતા પહેલા', 'અગન પિપાસા' અને 'સાત પગલા આકશમાં' આધુનિક ગુજરાતી નવલકથાના નવા વિષય અને નવા દષ્ટિકોણ સાથે મળે છે.

ઈલા આરબ મહેતાએ 'અને મૃત્યુ' નામની નવલકથા ૧૯૮૨માં પડકારરૂપ કથા વિષય લઈને લખે છે અને એ દષ્ટિએ તે ઉલ્લેખનીય છે.

- **વર્ષા અડાલજા (આગવી સ્ત્રી લેખિકા)**

વર્ષા અડાલજા સ્ત્રી લેખિકાઓમાં આગવું સ્થાન ધરાવે છે. ગુજરાતી નવલકથામાં તેમણે સામાજિક, પ્રણય અને રહસ્યમય નવલકથા આપી પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરે છે.

વર્ષા અડાલજાની નવલકથાઓમાં 'મૃત્યુદંડ', 'અણસાર', 'માટીનું ઘર', 'એની સુગંધ', 'બંદીવાન', 'ગાંઠ છૂટયાની વેળા', 'ખરી પડેલો ટહુકો', 'પગલા', 'પાછા ફરતા', 'નીલિમા મૃત્યુ પામી છે', 'આનંદધારા', 'આતશ', 'અવાજનો આકાર', 'રેતપંખી', 'છેવટનું છેવટ', 'મારે પણ એક ઘર હોય', 'તિમિરના પડછાયા', 'પાંચને એક પાંચ', 'શ્રાવણ તારા સરવડાં' નામની નવલકથાઓ આપી છે.

વર્ષા અડાલજાએ સામાજિક નવલકથા ક્ષેત્રે પોતાનું સ્થાન આગવી રીતે પ્રસ્થાપિત કરેલ છે. સમાજના નિમ્નવર્ગથી માંડી સમાજના મોટા માણસની વૃત્તિ અને તેની વચ્ચે પિડાતા મધ્યમવર્ગી માણસની વાસ્તવિકતાને તેમની નવલકથામાં તેમણે રજૂ કરી છે. વર્ષા અડાલજાની સામાજિક નવલકથાને એવોર્ડ પણ મળેલા છે. તેમની સામાજિક નવલકથામાં 'આનંદધારા', 'રેતપંખી', 'બંદીવાન', 'મૃત્યુદંડ', 'ગાંઠ ઘૂટયાની વેળા' અને 'અણસાર' જેવી નવલકથા આપી. 'અણસાર' નવલકથામાં તેમના રક્તપિતિયા દર્દીઓની સદીઓથી જે ક્રૂર ઉપેક્ષા કરી છે, એમના જીવનમાં રસ લઈ લેખિકાએ સમાજ આગળ તે દર્દીની વાત મૂકી છે. આ નવલકથાને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ પણ મળેલ છે. તેમની 'ગાંઠ છુટયાની વેળા' પણ મહાદેવ મહારાજના જીવનમાં સમાજ પ્રત્યેની હમદર્દી અને મુંબઈ છોડી કચ્છ અને ગુજરાતના આદીવાસી વિસ્તારમાં સુધારણા કાર્યની ઉર્ધ્વ ભાવના તેમની નવલકથાની આગવી કથાવસ્તુ રજૂ કરે છે.

વર્ષા અડાલજાની પ્રણયકથાઓ પણ સારી રીતે લેખિકાએ આપી છે. તેમાં 'તિમિરના પડછાયા', 'એની સુગંધ', 'શ્રાવણ તારાં સરડવા', 'માટીનું ઘર' અને 'મારે પણ એ ઘર હોય' જેવી નવલ આપી. તેમની 'મારે પણ એક ઘર હોય' નવલકથામાં લેખિકાએ રચનારીતિનો સારો એવો પ્રયોગ કરેલ છે.

તેમની રહસ્યકથામાં 'પાંચ ને એક પાંચ', 'છેવટનું છેવટ','અવાજનો આકાર', 'પાછાં ફરતાં', 'નીલિમા મૃત્યુ પામી' જેવી નવલકથા આપી. લેખિકાએ ગુજરાતી રહસ્યમય નવલકથામાં નવો જ રાહ આપ્યો છે. રહસ્મયમય નવલકથા ગુજરાતી નવલકથાઓમાં બહુ ઓછી જોવા મળે છે અને તેમાં પણ બહુ ઓછી સ્ત્રી લેખિકાએ રહસ્યમય નવલકથા લખેલ છે. લેખિકાની ગદ્યશૈલી પણ સારી છે.

- **આ સમયના અન્ય નવલકથાકારો :-**

ચંદ્રવદન શુકલની 'અપરાધિની', 'રેવા તારા વહેતા વારિ', 'બાંધવ માંડી જાયા', 'પરાજિતા', 'બંધ મોચન', 'ખોલો નયન ભિતરના', 'અંતરનો ત્યાગ', 'પરોઢ પૂવાર્ધ અને ઉત્તરાર્ધ' વગેરે નવલકથાઓ આવકાર ઘટક છે. નવનીત સેવક કૃત 'જળ તરસી માછલી', 'પ્રેમછાયા', 'ભરભર પિયો ઝેર કટોરા ભાગ-૧ અને ૨' જેવી નવલકથાઓ મળે છે. હરિલાલ ઉપાધ્યાય કૃત 'વરસો રે ઊરના અમી', 'મન ડૂબ્યાં મૃગજળમાં', 'તાતી તલવાર', 'રૂધિરનું રાજતિલક', 'લાખો ફૂલાણી', 'રણમેદાન', 'કુંદન ચડયું કાંટે', 'નથી સૂકાયા નીર', 'સુખ સવાયા થાય', લલિતકુમાર શાસ્ત્રી કૃત 'આ ધરા આ માનવી', 'હૃદય પિયાસી', 'અમૃત અને આસવ', 'તૂટયો તંબૂરાનો તાર', હરીશ નાયક કૃત 'હાથમાં મહેંદી દિલમાં રંગ', 'ઈન્દ્ર ઘનુષના ટુકડા', 'બહેકયું યૌવન, બહેકી રાત', 'મધુરજની', આબિદ સુરતી કૃત 'તૂટેલા ફરિસ્તા', નાના નાના રાક્ષસ, 'દીકરા કે દીપડા', હસિત બૂચ કૃત 'ચલ અચલ', સુહાસી કૃત 'તળાવ તીરે તરસ્યા', પ્રાણ પરદેશી કૃત 'દુર ગગન કે તારે', મૂળરાજ રૂપારેલ કૃત 'ચૂપચાપ', 'આંસુના શિલ્પ', 'જીરવ્યું જીરવાતું નથી', દામુ સાંગાણી કૃત 'રેતીમાં વહાણ', 'મારે નથી પરણવું', બરકત વિરાણી કૃત 'રંગ સુગંધ ભાગ-૧-૨', સૈફ પાલનપુરી કૃત 'ઊર્મીના આરસ', 'સથવારો ભાગ-૧, ૨', 'ઝરણું ભાગ-૧, ૨', 'સ્વપ્ન લોક ભાગ-૧, ૨', 'મન એક હજાર રંગ', જયવદન પટેલ કૃત 'હેતના ના હોય

હાટ', દિગીશ મહેતા કૃત 'આપણો ઘડીક સંગ', પિનાકિન ઠાકોર કૃત 'દિલ દઈ બેઠા', લાભશંકર ઠાકર કૃત 'કોણ ?' (લઘુનવલ), જયંત ગાડીત કૃત 'આવૃત'(લઘુનવલ), ચિનુ મોદી કૃત 'શૈલા મજમુદાર'(લઘુનવલ), પિનાકિન દવે કૃત 'અનુબંધ', 'વિવર્ત', ગુણવંત ભટ્ટ કૃત 'જીવતર ઝેર કટોરા', આરસ કૃત 'સંગીતા', (સામાજિક નવલકથા), સુરેશ બારિયા કૃત 'પરાજિત દેવતા', 'થોરના ધાવણ', રમેશ પટેલ કૃત 'ગંજેરી', હસુ યાજ્ઞિક કૃત 'દગ્ધા', જયોતિષ રાવલ કૃત 'ઉર એક આગ જલે' વગેરે નોંધપાત્ર કૃતિઓ છે.

- **સાંપ્રતયુગની નવલકથા :-**

સાંપ્રતયુગની પ્રયોગપ્રધાન નવલકથાના અનુસંધાને રાધેશ્યામ શર્મા નોંધે છે કે,

"ગુજરાતની નવી છેલ્લા દાયકાની પ્રયોગપ્રધાન નવલોની ચર્ચા કરતાં, લેખકે કોઈ 'એક અભિગમ' રાખ્યો નથી. આને 'અનઅભિગમનો અભિગમ' જરૂરી કહી શકાય."[૨૪]

જયંત ગાડીતની 'ચાસપક્ષી', 'કર્ણ', 'કયાં છે ઘર' જેવી નવલકથાઓ છે. આધુનિક માણસ અને આધુનિક સમાજ એ ગાડીતના વિષયો છે. ધીરેન્દ્ર મહેતાની ત્રણ વિભાગમાં વિભાજિત 'ચિહ્ન' મર્મસ્પર્શી સંવેદના કથા છે. તો વિનેશ અંતાણીનું સ્થાન પણ નવલકથા ક્ષેત્રે મહત્ત્વનું છે. આધુનિક હોવા છતાં સામાજિકતાનું દર્શન કરાવતી 'આસોપાલવ', 'પ્રિયજન', 'અનુરવ', 'કાફલો' વગેરે ગણાવી શકાય.

સમકાલીન સર્જકોમાં દલિતસર્જક જોસેફ મેકવાન તિરસ્કૃત જાતિનો જીવનબોધ અને તેનું આલેખન પ્રાદેશિક પરિવેશ કે ભાષા દ્વારા 'આંગળિયાત' નવલકથામાં કરાવે છે. ઈલા આરબ મહેતાની 'અને મૃત્યુ' નામની નવલકથા એક પડકારરૂપ કથાવસ્તુ લઈને આવે છે. 'મીરા યાજ્ઞિકની ડાયરી' માં ભાષા, કલ્પન, મીરાંના મનોભાવો ડાયરીની રીતિ... વગેરેની દષ્ટિએ એક કલાત્મક પ્રયોગ બને છે.

નવમાં દાયકાની નવલકથાને મૂલવતા ડૉ. ધીરેન્દ્ર મહેતાએ 'આંગળિયાત', 'અસૂર્યલોક', 'કાફલો' અને 'લાવણ્ય'એ ચાર નવલકથાઓમાં અનુભવાતી સર્જકતાની

[૨૪] શર્મા રાધેશ્યામ, સાંપ્રત, આવૃત્તિ-૧૯૭૮, પૃ. ૯૦.

તપાસ કરીને આગામી દાયકા માટે આશાનો સૂર વ્યક્ત કર્યો છે. 'હુંહું', નરોતમ પલાણની એક રસાળ ઐતિહાસિક નવલકથા છે. નોખી માટીની નવલકથા 'ખાંભી' તેમજ 'મેઘરવો' ભાવવાહી નવલકથા, નાનાભાઈ હ. જેબલિયા પાસેથી મળી આવે છે. ચિનુ મોદી કૃત 'દહેશત', 'નિદ્રાચર', 'પડછાયાના માણસ' વગેરે લાભશંકર ઠાકર કૃત 'કોણ', 'અકસ્માત', 'ધરા', 'ધ સ્કાય બ્લુ', 'થીવરી', મંજુલા ગાડીત રચિત 'સંગમ બીચ', તરુલતા દવે કૃત 'પ્રતિબિંબ', નસીર ઈસમાઈલી કૃત 'તુટેલો એક દિવસ', નવીન વિભાકર કૃત 'મૃત્યુનું કવચ', 'ભાગ્યવિધાતા', દક્ષા દામોદર કૃત 'શોષ', મીનળ દીક્ષિત કૃત 'અંજની તને યાદ', 'એક પછી એક', માવજી મહેશ્વરી કૃત જીવીની નહી જયોતિની નવલકથા 'મેળો', ઈન્દપુવાર કૃત 'યા દેવી સર્વ ભૂતેષુ', 'ફાંફેશ્વર', મહેશ યાજ્ઞિક કૃત 'પ્રેમ પ્રપંચ', 'છળકપટ ભાગ-૧ અને ૨', 'વેર-શિખર', 'શોધ-પ્રતિશોધ', મહેશ યાજ્ઞિક અને આતિશ કાપડીયા કૃત 'રેશમ ડંખ ભાગ-૧ અને ૨', સુમંત રાવલ કૃત 'તપોવન', 'બંધ આંખોમાં આસું', 'પગલા પાછળ પડછાયા', જય ગજ્જર કૃત 'તિમિરના તેજ', 'કાચી માટીનું ઘર', 'આંધીનો ઉજાશ', નવનીત સેવક કૃત 'આંતક', વેશપલટો', 'મંડલેશ્વર'.

આજ સમય અન્ય નવલકથાકારો યોગશ જોશી કૃત 'વાસ્તુ', કનુ આચાર્ય કૃત 'સખી બદલો સમણા', ધ્રુવ ભટ્ટ કૃત 'કર્ણલોક', 'સમુદ્રાન્તિકે', ઉર્વી પ્રબોધ હરિયાણી કૃત 'જીવતા મહોરા શતરંજના', રશ્મિ શાહ કૃત 'સંચારબંધીનું શહેર', 'અરણ્યે', માહન પરમાર દ્વારા 'કાલગ્રસ્ત', 'આસ્થાફળ', યોસેફ મેકવાન દ્વારા 'સંબંધ વિનાના સેતુ', 'રાઘવજી માધડ કૃત 'વંટોળ', બકુલ દવે કૃત 'મનપાચમના મેળા', બિંદુ ભટ્ટ દ્વારા 'અખેપાતર', ધીરેન્દ્ર મેહતા કૃત 'છાવણી', ગોરધન ભેસાણીયા કૃત 'એક તણખલાની વાત', હરેશ ધોળકિયા કૃત 'અંગદનો પગ', મનીષ મેકવાનની નવલકથા 'જહોદી', ગીરીશ ભટ્ટ કૃત 'હું લજ્જા - એક તરસ એક ચપટી ગુલાલ', 'વેદનાની એક ડાળ', શિશિર રામાવત કૃત 'વિકાન્ત', ડૉ. મોહન પંચાલ કૃત 'મંથન', 'સંન્યાસી', ડૉ. પ્રદિપ પંડયા કૃત 'બારૂદ', 'પાંખો આપો તો અમે આવીએ', ઈન્દુબહેન મહેતા રચિત 'વાહ અમેરિકા', 'આથમતા સુરજના અજવાળા', સુભાષ શાહ કૃત 'પ્રપાત', 'પણછ', 'અનાથ' વગેરે. દિવ્યેશ ત્રિવેદી કૃત 'સદગતિ', રેણુકા પટેલ દ્વારા 'ધોધમાર', સુહાસ ઓઝા દ્વારા 'ઉઘાડા આકાશનો એક ટુકડો' વગેરે,

ગુજરાતી નવલકથા ક્ષેત્રે અસંખ્ય સર્જકોની કલમ આજે કયાન્વિત બની છે. એથી પ્રત્યેક પ્રયોગે નવલકથા નવો ચહેરો ધારણ કરે છે. નિરૂપણ રીતિનું વૈવિધ્ય અને ભાષાનો કાવ્યાત્મક વિનિયોગ આજની નવલકથાઓમાં ખાસ જોવા મળ્યો છે. સ્થૂળ પથરાટની જગ્યાએ નવલકથામાં હવે સૂક્ષ્મતા, સુબદ્ધતા અને ઊંડાણ જોવા મળે છે. નવલકથાને મૂલવતા નરેશ વેદ નોંધે છે કે,

"નવલકથા વર્તમાન સમયની વાસ્તવિકતાને તાકે છે. જીવનમાં જે બની રહયું છે એ બનાવની માનવ પર જે અસર પડી રહી છે, ઈતિહાસનું ઘટનાચક્ર તે રીતે ઘૂમી રહયું છે અને નવલકથા એની વાસ્તવિકતાનું આકલન કરવા ચાહે છે."[૨૫]

- **ઉપસંહાર**

નંદશંકરથી આરંભાયેલી ગુજરાતી નવલકથાનો વિકાસ 'મીરા યાજ્ઞિકની ડાયરી' સુધી જે રીતે થયો છે તે જોતાં એટલું ચોક્કસ કહી શકાય કે હાલના નવલકથાકારો મનોવિશ્લેષણ તરફ વધુને વધુ ઝોક રાખે છે, જાતીય સમસ્યાઓનું આલેખન અગાઉ કરતા આજે વિશેષ થતું રહયું છે. નવલકથાના વિષયો બદલાય છે અને જેમ જેમ બદલાય તેમ તેમ પાત્ર અને પાત્રના ખ્યાલો પણ બદલાતા રહે છે. જેમાં કલ્પન, પ્રતીકાત્મક અભિવ્યક્તિ અને કાવ્યાત્મક શૈલી મુખ્ય છે.

નવલકથાનું સ્વરૂપ ઉપર્યુક્ત દર્શાવેલ વિકાસરેખાની દષ્ટિએ જમાને-જમાને બદલાતું રહેશે કારણ કે નવલકથા વિશે એક એવું અનુમાન કરવામાં આવ્યું છે કે એકાદ દાયકામાં ગદ્ય-પદ્ય અને બંને એક-બીજાની અડોઅડ આવીને ઊભા રહેશે. આ સાહિત્યક્ષેત્રમાં એટલાં બધાં નવલકથાકારો મળ્યા છે કે જેથી કરીને આ સાહિત્ય પ્રકારનું આંતરસૌંદર્ય જાળવનારા ખૂબ જ જૂજ નીકળે તે સ્વાભાવિક છે. નવલકથાનું જે કથાવસ્તુ મળે છે તે કદીએ વિલીન થવાનું નથી. આ પ્રકરણને અંતે **ચુનીલાલ મડિયા** નોંધે છે તે પ્રમાણે "ગુજરાતી ગદ્ય હજી તો ભાંખોડિયા ભરતું હતું. ત્યારે ગોવર્ધનરામ 'સરસ્વતી ચંદ્ર' જેવી ધરખમ નવલકથા આપી ગયેલા. તેથી આજે ગદ્યની ઈમારત અસાધારણ ગુંજાયસ ધરાવે છે. છતાં સત્વશીલ નવલકથાઓ કેમ નથી નીપજતી ?"[૨૬]

---

[૨૫] નરેશ વેદ નવલકથા : શિલ્પ અને સર્જન, આવૃત્તિ-૧૯૮૩, પૃ. ૧૬.

[૨૬] મડિયા ચુનિલાલ, કથાલોક, આવૃત્તિ-૧૯૬૮, પૃ. ૧૫૭

# પ્રકરણ-૨
# શ્રી વર્ષા અડાલજાનું જીવન-કવન

- **ભૂમિકા**

રાહીને રાહ બતાવનાર માર્ગદર્શક જ સક્ષમ હોય, ભોમીયો હોય પછી તે રાહ પર ચાલનારનો રસ્તો રાજમાર્ગ જેવો લાગે છે. વર્ષાબેન માટે એજ બાબત છે. જેમના પિતા ગુજરાતી સાહિત્ય – નવલકથા ક્ષેત્રે બહોળું પ્રદાન હોય, જેમના લોહીમાં ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી પણાની સભાનતા હોય એવા સુપ્રસિદ્ધ સાહિત્યકાર વર્ષા અડાલજાએ તેમના માતબર સર્જન દ્વારા પ્રતિષ્ઠા મેળવી છે. ગુજરાતી સાહિત્યના આધુનિક યુગમાં સ્ત્રી લેખકોનું નોંધપાત્ર પ્રદાન રહયું છે. સરોજ પાઠક, કુંદનિકા કાપડિયા, ધીરુબહેન પટેલ અને ઈલા આરબ મહેતાની સાથે વર્ષા અડાલજાનું નામ પણ સાહિત્ય ક્ષેત્રે આદર પામ્યું છે.

આપણી ગુજરાતી લેખિકાઓની પરંપરામાં આગવી રસ સમૃદ્ધ સર્જકતા અને નવોન્મેષશીલ પ્રતિભા દાખવતા વર્ષા અડાલજા નવલકથાકાર અને નવલિકાકાર, નાટયકાર અને નિબંધકાર, કટાર લેખિકા તથા પત્રકાર એમ બહુમુખી પ્રતિભા ધરાવનારા પ્રતિષ્ઠિત લેખિકા છે.

વર્ષાબહેનનો જન્મ તા. ૧૦-૦૪-૧૯૪૦નાં રોજ મુંબઈમાં માટુંગાના વિન્સન્ટ રોડ પર આવેલા 'ભૂતા' નિવાસમાં થયો હતો. તેમનાં પરિવારમાં માતા-પિતા ઉપરાંત એક ભાઈને ત્રણ બહેનો હતા. બિંદુબહેન તેમાં સૌથી મોટા અને વચેટના ઈલાબહેન અને સૌથી નાના વર્ષાબહેન – આ ત્રણેય બહેનો વચ્ચે એક માત્ર લાડીલો ભાઈ શિરીષ.

લલિતાબહેન અને ગુણવંતરાય આચાર્યની આ સૌથી નાની પુત્રી વર્ષાબહેનને સાહિત્યાદિ કળાઓની ગળથૂથી પિતા ગુણવંતરાય પાસેથી મળેલી તેમના પિતા સ્વ. ગુણવંતરાય આચાર્ય એક વખતના ગુજરાતના પ્રખ્યાત નવલકથાકાર હતા. તેમણે 'ફૂલછાબ' અને 'ગુજરાત સમાચાર' તથા 'મુંબઈ સમાચાર' જેવા લોકપ્રિય પ્રજાપ્રિય વર્તમાન પત્રોમાં તંત્રી તરીકેની યશસ્વી કામગીરી બજાવી હતી. તેમાં પણ 'ફૂલછાબ' સાથે તો તેમનો આત્મીય સંબંધ તો તેમણે જીવનનાં અંતિમ વર્ષો સુધી જાળવી રાખ્યો

હતો. ગુણવંત આચાર્યનું દરિયાઈ નવલકથા ક્ષેત્રે ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન રહયું છે.

આવા વિદ્વાન સાહિત્યના વ્યાસંગી પિતા ગુણવંતરાય પાસેથી મેળવેલો સાહિત્યિક સંસ્કારનો વારસો, માતા લલિતા બહેન પાસેથી મેળવેલી સ્વમાની જીવન જીવવાની પ્રેરણા અને મહદ્ અંશે તેમની સ્વયંની નાટયાદિ કળાઓ પ્રત્યેની રસ લેવાની ઊંડી, જીવંત અભિમુખતા – આ સર્વે પરિબળોએ વર્ષાબહેનની આંતર બાહય રસરૂચિ ઘડવામાં નિર્ણાયક ફાળો આપ્યો.

ઈ.સ. ૧૯૪૭ની આસપાસ ગુણવંતરાયનું કુટુંબ જામનગર સ્થાયી થયું કેમકે જામનગરના મહારાજા સાહેબે ગુણવંતરાયની સાહિત્યિક વિદ્વતાને ધ્યાનમાં લઈને આયુર્વેદીક પ્રેસનું સંચાલન તથા 'ચરક સંહિતા' ગ્રંથના મુદ્રણનું કાર્ય સોંપ્યું હતું. અલબત્ત રાજકીય પરિસ્થિતિના અમુક સંજોગોમાં આ કાર્ય અધૂરું રહયું. એ અરસામાં ગુણવંતરાય રાજકોટ વસ્યા તેમની શારીરિક માંદગી અને આર્થિક સંકડામણને કારણે વર્ષાબહેનના મોટા બહેન અને ભાઈએ આગળનો અભ્યાસ પડતો મૂકીને બેંકની નોકરી સ્વીકારી. ઈલાબહેને એમ.એ. પૂરું કરી અધ્યાપકની નોકરી સ્વીકારી. ફરી પાછા ૧૯૫૪માં આચાર્ય સાહેબનું કુટુંબ મુંબઈના ઘાટકોપર ખાતે સ્થાયી થાય છે. વર્ષાબહેન ઈ.સ. ૧૯૬૦માં 'ગુજરાતી' અને 'સંસ્કૃત' વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાં સ્નાતક થાય છે. આગળ અભ્યાસ ચાલુ રાખી 'સમાજશાસ્ત્ર' વિષય સાથે ૧૯૬૨માં અનુસ્નાતક પદવી મેળવે છે અને તેની સાથે નાટય-અભિનેત્રીની કારકિર્દી વિકસતી જતી હોય છે.

વર્ષાબહેનને નાનપણથી જ નાટકનો શોખ તે સમયે મુંબઈમાં ત્રણ જ નાટયસંસ્થા હતી. આઈ.એન.ટી., ભારતીય વિદ્યાભવનનું કલા કેન્દ્ર અને રંગભૂમિ. તેમણે નાટકોમાં મુખ્ય ભૂમિકા ભજવી 'મૃચ્છકટિક', દ્વિજેન્દ્રનાથ રોયનું ઝવેરચંદ મેઘાણીએ રૂપાંતર કરેલું નાટક 'શાહજહાં', રમણલાલ દેસાઈનું 'પૂર્ણિમા' મેઘાણીનું 'વેવિશાળ', મુનશીનું 'કાકાની શશી', પ્રવીણ જોશી સાથે ટાગોરનું 'ચિરકુમાર સભા', ગુણવંતરાયનું 'અલ્લાબેલી', દર્શકનું 'ઝેર તો પીધાં છે જાણી જાણી', ઈબ્સનનું 'ડોલ્સ હાઉસ' પરથી બનેલું 'ઢીંગલી ઘર' – આ બધાં નાટકોમાં કામ કર્યું. અભિનય કલામાં આગળ જવા માટે 'નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા'માં જવા માટે અરજી કરી પણ બ્રોન્કાઈટીસનો જબરદસ્ત હુમલો આવ્યો અને

ન જવાયું પણ આમાય વિધાતાનો સંકેત હશે કે વર્ષાબહેન સાહિત્ય લેખન તરફ વળ્યા. દર્શકના નાટકની રોહીણીનું પાત્ર ભજવી વર્ષા બહેન દર્શક ના સ્નેહનું ભાજન બન્યાં હતાં. આ ઉપરાંત કોલેજકાળ દરમ્યિાન જ મુંબઈના આકાશવાણી કેન્દ્ર પરથી રેડિયો એનાઉન્સર તરીકે ત્રણ વર્ષની સર્વિસ પણ કરેલી.

નાટક સાથેનો વર્ષાબહેનનો અતિ નિકટનો સહવાસ તેમના લગ્ન જીવનનું પણ સુખદ્ નિમિત્ત બને છે. નાટકના ક્ષેત્રમાં કામ કરતાં-કરતાં મહેન્દ્ર અડાલજા સાથે મુલાકાત થતી અને તે મુલાકાત લગ્ન જીવનમાં ફેરવાઈ ગઈ. પ્રેમની અતિ નિટકતાને લીધે ઈ.સ. ૧૯૬૫ને ૨૮મી જાન્યુઆરીએ મહેન્દ્ર અડાલજાની સાથે તેમના લગ્ન થાય છે. સાંસારિક જીવન આરંભાયું શરૂઆતનો સંઘર્ષશીલ સમયગાળો બને છે. કારણ કે થોડાં જ સમયમાં પિતા ગુણવંતરાયનું અવસાન અને 'રંગભૂમિ' બંધ થાય છે – આ બંને ઘટનાઓથી વર્ષાબેન પડી ભાંગે છે. જીવનમાં શું કરવું તેની સૂઝ ન્હોતી પડતી પણ પિતાનો સાહિત્યિક સંસ્કારો અને મહેન્દ્ર અડાલજાની પ્રેરણાથી તે સંઘર્ષના ગાળામાં વર્ષાબહેન લેખનની શરૂઆત કરે છે. શરૂઆત કટાર લેખનથી કરે છે. અને પત્રકારત્વ રૂપે તેની શરૂઆત થાય છે. 'ગુજરાત સમાચાર'માં 'શ્રી' સામયિકમાં કોલમ લખે છે એ જ અરસામાં 'મુંબઈ સમાચાર' માટે રવિવારની પૂર્તિમાં 'સૌંદર્યનો શણગાર' નામની કોલમ પણ ચલાવતા. ત્યારબાદ વેણીભાઈના કહેવાથી 'સુધા' સામાયિકમાં 'દીદીની ડાયરી' નામની સામાજિક વિષયને ન્યાય આપતી કોલમ લખવાનું શરૂ કરે છે. કોલમ નિમિત્તે ઘણું વાચ્યું અને આ વાચન પછી વર્ષાબેનનું વાચન ભાથું બની ગયું. સમાજની વાસ્તવિક સમસ્યાઓનું જાત નિરીક્ષણ વર્ષાબહેનની એક 'લેખિકા' તરીકેની સંવેદનાને વધારેને વધારે સઘન બનાવતું જાય છે. જીવનના કપરા અનુભવમાંથી ઘણું તે શીખે છે.

વર્તમાન પત્રોમાંની લેખન પ્રવૃતિ વર્ષાબહેન માટે પ્રારંભિક અવસ્થામાં ફળદાયી બની રહી છે. તેઓ સ્વયં કહે છે તેમ "તેમના લખાણમાં નિયમિતતા અને શિસ્તનું ઘડતર થાય છે. એક લેખક તરીકે બીજાની સમસ્યા અને પીડાને સમજવાનીસંવેદના તેઓ કેળવે છે.

વર્તમાન પત્રોનો આ અનુભવ તેમને 'ફેમિના' અને 'સુધા' સામાયિકનાં તંત્રી તરીકેની કામગીરીમાં સહાયભૂત બને છે. 'સુધા' સામયિકમાં તંત્રી તરીકેની કામગીરી

બજાવતા તેઓ અનેક હતભાગિ મહિલાઓના પ્રત્યક્ષ-પરોક્ષ પરિચયમાં આવે છે. તેમનાં દુઃખ દર્દો, તેમની સમસ્યાઓનો જાણે કે પડઘો વર્ષાબહેનની નવલકથામાં અને વાર્તા સૃષ્ટિમાં પડતો જોઈ – અનુભવી શકાય છે.

દામ્પત્યજીવનના ફળ સ્વરૂપ વર્ષાબહેનને બે પુત્રીઓ માધવી અને શિવાનીને જન્મ આપે છે. માત્ર લેખન કાર્ય પર જ તેમણે દષ્ટિ નથી રાખી. પરંતુ એક સફળ અને પ્રેમાળ માતા તરીકેની જવાબદારી પણ નિભાવી છે. પતિ મહેન્દ્રના આકસ્મિક અવસાન પછી બંને પુત્રીઓને સાચવવાની તથા યોગ્ય કેળવણી આપી સ્વાવલંબી જીવન જીવવાની પ્રેરણા વર્ષાબહેનને એક માતા તરીકે પણ આદરણીય સ્થાન અપાવે છે. તેમની મોટી પુત્રી માધવી ફિલ્મ ડ્રેસ ડિઝાઈનર ક્ષેત્રે સફળ કારકિર્દી ઘડી ચૂકી છે, જયારે નાની પુત્રી શિવાની પેથેપેસેફીક એરલાઈન્સમાં એરહોસ્ટેસની મનાર્હ સર્વિસ કરે છે.

વર્ષાબેને સંસારિક જીવનને અને સાહિત્ય જીવનને સરખો ન્યાય આપ્યો છે. કોલેજ કાળમાં પોતાનું અંગ્રેજી સુધારવા વર્ષાબહેન પેરીમેસનની નવલકથાઓ વાંચતા અને પછી પ્રારંભમાં આ વાતો કોલમમાં લખતા. આનું પરિણામ એ આવ્યું કે તેમના ચાહકવર્ગ અને મહેન્દ્રભાઈની પ્રેરણાથી પહેલી રહસ્યમય નવલકથા માત્ર વીસ દિવસમાં જ લખાઈ 'પાંચને એક પાંચ' પછી 'નવભારત સાહિત્ય મંદિર' વાળા ધનજીભાઈના આગ્રહથી કૌટુંબિક કથા લખવાનું સ્વીકારે છે અને આમ વર્ષાબહેનની સાહિત્યિક યાત્રા આરંભાઈ.

'સુધા'સામયિકમાં ધીરુબહેન પટેલના આગ્રહથી લખેલી નવલકથા 'મારે પણ એક ઘર હોય'થી વર્ષાબહેન ગુજરાતી સાહિત્યમાં એક સફળ લેખિકા તરીકે પ્રતિષ્ઠિત થાય છે. આ નવલકથાને ગુજરાતી સાહિત્ય પરિષદનું 'ભગિની નિવેદિતા' પારિતોષિક પણ મળ્યું હતું તો 'ગુજરાત મિત્ર' માટે લખાયેલી વિયેટનામ યુદ્ધની નવલકથા 'આતશ' તેમણે 'સોવિયેત લેન્ડ નહેરું' એવોર્ડ અપાવે છે. સમાજપરક વાસ્તવને પ્રકટ કરતી હેતુલક્ષી નવલકથા 'અણસાર' તેમને 'સાહિત્ય અકાદમી દિલ્હીનો', વાર્તાસંગ્રહ 'એ' 'ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો' અને એકાંકી સંગ્રહ, 'મંદોદરી' દ્વારા નર્મદાશંકર ચંદ્રક તેમને મળે છે. આમ, વિવિધ પારિતોષિક સન્માનો દ્વારા તેમની સર્જક પ્રતિભાને યથોચિત રીતે પુરસ્કારવામાં પણ આવી છે.

ગુજરાતી સાહિત્યમાં લેખિકા તરીકે પ્રતિષ્ઠિત થયેલા વર્ષા અડાલજાની નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, નિબંધ, પ્રવાસ, સંપાદન, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં પોતાનો ઊજળો હિસાબ આપી ચૂકયા છે. વીસ નવલકથા, પાંચ વાર્તા સંગ્રહો, એક પ્રસંગ લેખોનો સંગ્રહ, એક સંપાદન ગ્રંથ તથા નેશનલ બુક ટ્રસ્ટ શ્રેણી માટે કૃષ્ણા સોબતીના હિંદી નાટક 'મિત્રો મરજાન'નું ગુજરાતી નાટય રૂપાંતર અને રવીન્દ્રનાથ ટાગોરની નવલકથા 'ઘરે બાહિરે'નું પરિચાયાત્મક પુસ્તક પણ તેમણે આપ્યું છે.

વર્ષા અડાલજાએ સાહિત્યના અનેક સ્વરૂપો ખેડયાં છે. આ સર્વમાં તેઓ નવલકથા ક્ષેત્રે સૌથી વધુ સફળ રહયાં છે. પત્રકારિત્વ ક્ષેત્રે પણ પોતાનું યોગદાન આપ્યું છે. એમણે બે સામાયિકોનું સફળ સંપાદન કર્યું હતું. આ લેખિકા રંગભૂમિનો અનુભવ પણ ધરાવે છે. સફળ સાહિત્યકારની સાથે તેઓ સફળ અભિનેત્રી પણ છે. તેમની કેટલીક નવલકથાઓનું નાટય રૂપાંતર પણ થયું છે. કારણ કે નવલકથાઓમાં નાટયાત્મક પરિસ્થિતિ પણ વિપુલ પ્રમાણમાં હોય છે. 'મારે પણ એક ઘર હોય' નવલકથાનું સફળ નાટય રૂપાંતર થઈ શકયું છે. 'બંદીવાન' નવલકથાના કથાવસ્તુ પરથી તેમણે લખેલું દ્વિઅંકી નાટક 'આ છે કારાગાર' પણ સફળ રીતે ભજવાયું છે. મરાઠીમાં પણ તે ભજવાયું હતું અને નાટય વિવેચકોએ તેને વખાણ્યું પણ હતું.

બહુમુખી પ્રતિભા ધરાવતા વર્ષા અડાલજાએ 'બીલીપત્રનું ચોથું પાન', 'વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ', 'એંધાણી', 'સાંજને ઉંબરે', 'એ' જેવા કેટલાંક નવલિકા સંગ્રહો, 'પૃથ્વીતીર્થ' નિબંધસંગ્રહ, 'વાંસનો સૂર' પ્રસંગ લેખો તેમજ સામાજિક, રહસ્યમય અને દસ્તાવેજી નવલકથાઓના સર્જન દ્વારા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે અત્યંત પ્રશંસનીય પ્રદાન કર્યું છે. તેમણે 'તિરાડ' અને 'મંદોદરી' જેવા એકાંકી નાટકો લખ્યા છે. 'અવાજનો આકાર', 'પાછાં ફરતાં', 'પાંચને એક પાંચ', 'એની સુગંધ', 'પગલાં' 'નીલિમા મૃત્યુ પામી છે', 'છેવટનું છેવટ' જેવી રહસ્યકથા, 'ગાંઠ છૂટયાની વેળા', 'આતશ', 'અણસાર' જેવી દસ્તાવેજી નવલકથાઓ છે. એમની નવલકથાઓનો મુખ્ય ફાલ સામાજિક નવલકથાઓનો છે. 'શ્રાવણ તારાં સરવડાં', 'તિમિરના પછાયા', 'એક પળની પરખ', 'મારે પણ એક ઘર હોય', 'રેતપંખી', 'આનંદધારા', 'ખરી પડેલો ટહુકો' 'એક કારાગાર', 'બંદીવાન' અને 'માટીનું ઘર' જેવી સામાજિક નવલકથાઓ દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યમાં બહુમૂલ્ય પ્રદાન કર્યું છે.

તેમની વાર્તાઓના વિશ્વમાં એક ડોકિયું કરતાં લેખિકાનું બહોળું વૈવિધ્યપૂર્ણ અનુભવજગત નજરે ચડે છે. તેમની સામાજિક નવલકથાઓમાં સાંપ્રત માનવજીવનની નાનામાં નાની સમસ્યાથી માંડી ચિરંજીવી સમસ્યાનું અત્યંત કુશળતાથી આલેખન થયેલું છે. વર્ષાબહેનનું કલાકૌશલ ઘટનાઓને તાદશ્ય કરે છે. પણ તેથી વિશેષ કલાકસબ તેઓ પાત્રોના વિશિષ્ટ મનોજગત, તેમની પલટાતી, ચકરાવે ચડતી, કવચિત ઊર્ધ્વ ભણી તો કવચિત અધો ભણી ઘસતી લાગણીઓની નાટયાત્મક – દશ્યાત્મક રજૂઆતમાં દાખવે છે. પાત્રો જે રીતે વર્તે છે તેના પ્રતીતિજનક કારણો તેઓ આલેખી શકે છે. અર્જુનના લક્ષ્યવેધની જેમ તેમણે પણ વાચકનો હૃદયવેધ કરવાનું તાકયું હોઈ શૈલી ધારદાર, ઉત્કટ અને વેધક છે અને આથી તેમની સામાજિક નવલકથા વધુ લોકપ્રિય રહી છે. તેમની કેટલીક નવલકથાઓ વિવિધ પારિતોષિકોથી વિભૂષિત થઈ છે. લેખિકાની દષ્ટિ વાર્તાને ‘આધુનિક કે પ્રયોગાત્મક’ બનાવવા કરતાં તેને ‘કલાત્મક’ બનાવવા તરફ વિશેષ રહી છે. તેમણે પોતે જ કહયું છે કે વાર્તાઓ વાચકોના મન સુધી પહોંચે તે જ મારે મન મૂળ વાત છે સાહિત્ય ક્ષેત્રે સતત પ્રવૃતિશીલ રહેતા આ સિદ્ધહસ્ત કલાકાર પાસેથી સાહિત્યને હજુ ઘણાં મૂલ્યવાન પ્રદાનની અપેક્ષા રહે છે અને તેમના અત્યાર સુધીના સત્વશીલ સર્જનને જોતાં એ અપેક્ષા અસ્થાને નથી.

- **વર્ષા અડાલજાનું સમગ્રસાહિત્ય સર્જન :-**

– **નવલકથા**

- ‘શગ રે સંકોરું’
- ‘ત્રીજો કિનારો’
- ‘મૃત્યુદંડ’
- ‘અણસાર’
- ‘માટીનું ઘર’
- ‘એની સુગંધ’
- ‘બંદીવાન’
- ‘ગાંઠ છૂટયાની વેળા’
- ‘ખરી પડેલો ટહુકો’

- 'પગલાં'
- 'પાછાં ફરતાં'
- 'નીલિમા મૃત્યુ પામી છે'
- 'આનંદધારા'
- 'આતશ'
- 'અવાજનો આકાર'
- 'રેતપંખી'
- 'છેવટનું છેવટ'
- 'મારે પણ એક ઘર હોય'
- 'તિમિરના પડછાયા'
- 'પાંચને એક પાંચ'
- 'શ્રાવણ તારાં સરવડાં'

– **નવલિકા સંગ્રહો**

- 'વર્ષા અડાલજા : સદાબહાર વાર્તાઓ'
- 'અનુરાધા'
- 'ગાંઠે બાંધ્યું આકાશ'
- 'બીલીપત્રનું ચોથું પાન'
- 'વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ'
- 'એંધાણી'
- 'સાંજને ઉંબરે'
- 'એ'

– **દ્વિઅંકી નાટક**

- 'આ છે કારાગાર'

– **એકાંકી સંગ્રહ**

- 'મંદોદરી' • 'શહીદ'

– **નિબંધ સંગ્રહ**

• 'પૃથ્વીતીર્થ' • 'ન જાને સંસાર'

– **પ્રવાસ**

• 'ઘૂઘવે છે જળ' • 'નભ ઝૂક્યું'

– **હિન્દીમાં પ્રકાશિત**

• 'આતશ'

– **સિંધીમાં પ્રકાશિત**

• 'મુસાફરી' '(એ)'

– **અંગ્રેજીમાં પ્રકાશ્ય**

• 'મારે પણ એક ઘર હોય'

• 'ખરી પડેલો ટહુકો'

– **મરાઠીમાં પ્રકાશિત**

• 'અણસાર'

• 'રેતપંખી'

• 'ખરી પડેલો ટહુકો'

– **પ્રકીર્ણ**

• 'મિત્રો મરજાની'

• 'વાસનો સૂર'

• 'ઘરે બાહિરે'

• 'અમર પ્રેમકથાઓ'

- **જીવનપ્રસંગો**

  • 'આખું આકાશ એક પિંજરમાં'

- **સંદર્ભ**

- શ્રીમતી વર્ષા અડાલજીની સામાજિક નવલકથા હિનાદેસાઈ
- 'દિવ્ય ભાસ્કર' રવિવાર ૧૨ માર્ચ ૨૦૦૬ પૃ.૩ની મુલાકાત
- બા એટલે સ્નેહ ગંગોત્રીનું અમી ઝરણું – વર્ષા અડાલજાની
- સાક્ષરનો સાક્ષાત્કાર પૃ.૪૧૭ થી ૪૨૮
- નવગુજરાત ટાઈમ્સ પૃ.૨ તા. ૧૨-૩-૯૭ બુધવાર
- દિવ્ય ભાસ્કર 'કળશ' તા. ૨૫-૧-૨૦૦૬ બુધવાર

# પ્રકરણ-૩
# વર્ષા અડાલજાની પ્રણય નવલકથા

- **વર્ષા અડલાજાની પ્રણય નવલકથા :**

વસ્તુસંકલના એ કોઈ પણ નવલકથાકારના અભ્યાસ ક્ષેત્રે મહત્ત્વનો મુદ્દો બની રહે છે. સચોટ વિષયવસ્તુની સાથે વિષયવસ્તુની કુશળતાથી રજૂઆત અને પ્રસંગોની ઉચિત ગૂંથણી પણ નવલકથાને માટે આવશ્યક છે. વિષયવસ્તુમાં વૈવિધ્યની સાથે વિવિધ ટેક્નિક દ્વારા સર્જક, કૃતિને રજૂ કરે છે અને એ રીતે પોતાની કૃતિને રસપ્રદ બનાવવાના પ્રયાસ કરે છે. એકી બેઠકે વાંચી જવાનું મન થાય એવી, ભાવક મનને જકડી રાખતી કૃતિ એ કોઈપણ સર્જકની વાર્તા કહેવાની અદ્દભુત શૈલીનું નિદર્શન છે. આપણે અહીં વર્ષા અડાલજાની અભ્યાસમાં સમાવાયેલી પ્રણય નવલકથાઓ વસ્તુ સંકલનના ક્ષેત્રે કેટલે અંશે સફળ રહે છે એ પ્રત્યે નવલકથાની વસ્તુ સંકલનાની વિસ્તારથી તપાસીને જોવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે.

- **વર્ષા અડાલજાની  પ્રણય નવલકથાનું વિષયવસ્તુ :**

જીવનમાં જેમ રોટી, કપડાં અને મકાન તે માનવી માટે આવશ્યક છે તેમ માનવ જીવનની સૌથી મોટામાં મોટી જરૂરિયાત છે “પ્રેમ”. સાહિત્યમાં પણ પ્રેમને સરસ રીતે વર્ણવાયો છે. કથા સાહિત્ય હોય કે કાવ્ય સાહિત્ય હોય ‘પ્રણય’ એ લેખક – લેખિકાઓ, કવિઓ–કવિયિત્રીનો આકર્ષણનો વિષય રહયો છે. અહીં શ્રી વર્ષા અડાલજા પાસેથી જેમ ઉત્તમ સામાજિક નવલકથા મળે છે તેમ પ્રણય નવલકથા પણ મળે છે. ભલે બહું જ આંગળીના વેઢે ગણી શકાય એટલી જ પ્રણય નવલકથા આપે છે પણ તે ગણના પાત્ર બની છે. અહીં ક્રમશઃ તેની કથાવસ્તુ જોઈએ.

- **મારે પણ એક ઘર હોય :**

‘મારે પણ એક ઘર હોય’ વસ્તુસંકલનાની દષ્ટિએ સરસ રીતે ગૂંથાઈ છે. આ નવલકથા નાયિકાપ્રધાન છે. તમામ ઘટના મુખ્ય નાયિકા લીનાની આસપાસ જ બને છે. વાત બે બહેનોની છે. લોહીના મજબૂત સબંધને અહીં સર્જકે નાજુક મોડ આપ્યો છે અને આ માટે લીનાનું સમજદાર અને સહનશીલ હોવું, સુરેખાનું જીદ્દીપણું – એ જીદને પોષવા માટેનું કારણ તેની માનસિક બિમારી – આ બાબતો મુખ્ય રહે છે.

લીનાના માતા-પિતાનું વલણ – એ બીજો મહત્ત્વનો મુદ્દો બને છે. સ્વાભાવિક છે કે અપંગ બાળક પ્રત્યે માતા-પિતાને વધુ વહાલ હોય અને તે જ રીતે દરેક બાબતમાં સુરેખા માટે પહેલું વિચારતું, ત્યારબાદ જ લીનાનો ખ્યાલ કરાતો. આ પરિસ્થિતિ વધુ ધારદાર બનાવવા માટે જ સર્જકે મધ્યમ વર્ગનું કુટુંબ નિરૂપ્યું છે. જેથી આર્થિક તંગીને કારણે સુરેખાની માગણી સંતોષવા માટે લીનાની માગણી પર કાપ મૂકાતો આમાં ત્રીજી બાબત ઉમેરાય છે. ડૉક્ટરનું સુરેખાને કોઈપણ પરિસ્થિતિમાં ખુશ રાખવાનું સૂચન. સમગ્ર પરિવાર માટે આ સૂચન ગુરૂમંત્ર બની ગયું હતું. આ પરિસ્થિતિમાં સુરેખા માટે પ્રેમ, સહાનુભૂતિ અને ધિક્કાર એવી પરસ્પર વિરોધી લાગણી લીના એક સાથે અનુભવતી અને પોતાની દશા પર અકળાતી.

એમના જીવનમાં એવામાં બે પ્રસંગો મહત્વના બન્યા ઘરની તમામ જવાબદારી લીનાને ખભે નાખીને તેની મા મૃત્યુ પામી અને પિતાને અચાનક જ પક્ષઘાતનો હુમલો થયો. પરિસ્થિતિને વશ થઈ લીનાને ભણતર છોડીને નોકરી સ્વીકારવી પડી હતી. લીના-સુરેખાના જીવનમાં આ નોકરીએ મહત્વનો ભાગ ભજવ્યો. નવલકથાનો આ એક મહત્વનો વળાંક છે. નોકરીને લીધે સ્વાભાવિક છે કે લીનાના સામાજિક સંબંધો વધ્યા હતા. રમીલા જવી એક શ્રીમંત યુવતી સાથે તેને મિત્રતા થઈ હતી. રમીલાને જ લીનાને અનુપમનો પરિચય કરાવ્યો હતો. આ પરિચય લીના-સુરેખા બંનેના જીવનને ખળભળાવી મૂકનારો બન્યો હતો અને એનું મૂળ કારણ રમીલા સાથેની લીનાની મિત્રતા હતી. અનુપમ સાથેનો લીનાનો પરિચય લીનાની ઈચ્છા મુજબ પ્રેમમાં પરિણમે તે પહેલાં જ અનુપમ સુરેખા તરફ વળી ગયો. લીનાની સહનશીલતા અને તેના દુર્ભાગ્યની આ ચરમસીમા હતી. સમગ્ર નવલકથાની આખી દિશા જ તેથી બદલાઈ ગઈ.

આ ત્રિકોણની સંકુલ પરિસ્થિતિ સર્જવા માટે લેખિકાએ રમીલાને ત્યાં પાર્ટીના પ્રસંગનું આયોજન કર્યું. તેમાં પણ અનુપમ મળવાનો હતો. એ વાત વધારે મહત્વની બતાવી અને લેખિકાએ લીના ત્યાં ન જઈ શકે તે માટે સુરેખાની બિમારી અને તેના જીદ્દી સ્વભાવનો ઉપયોગ કર્યો છે. લીનાની સાથે પાર્ટીમાં જવાની સુરેખાએ જીદ કરી, લીનાએ તેને ના કહી, પરિણામે સુરેખાએ માનસિક સંતુલન ગુમાવ્યું હતું, આના લીધે લીના પાર્ટીમાં જઈ શકી નહિ. પરિણામે બીજે દિવસે રમીલાના આગ્રહને વશ થઈ

લીનાએ તેની સાથે ખરીદી કરવા જવું પડયું. આથી તે દિવસે તે ઘરે મોડી પહોંચી હતી. તે દરમ્યાન નોકરીએથી છૂટી અનુપમ, લીના પાર્ટીમાં કેમ આવી ન હતી તે જાણવા માટે લીનાના ઘરે ગયો હતો. લીનાની ગેરહાજરીમાં સુરેખાએ તેને આવકાર્યો હતો. લીનાને મનમાં ધ્રાસકો તો પડયો જ હતો કે સ્વરૂપવાન સુરેખા એના અનુપમને છીનવી તો નહીં લે ! અને બન્યુ એમ જ. નાજુક નમણી સુરેખાએ પ્રથમ નજરે જ અનુપમને જીતી લીધો હતો. અનુપમ વારંવાર લીનાની ગેરહાજરીમાં સુરેખાને મળવા તેને ઘરે જતો. સુરેખા – અનુપમ બહાર ફરવા જતાં બંને એકબીજાને ચાહવા લાગ્યા હતા. અનુપમને કેસરી રંગ ગમતો હતો. કેસરી રંગની સાડી પહેરી અનુપમને ચોંકાવી દેવાના લીનાના અરમાન હતા. પરંતુ આવું બને તે પહેલાં જ લીનાએ ખરીદેલી કેસરી રંગની નવી સાડી સુરેખાએ પહેરીને લીનાને ચોંકાવી દીધી હતી. સુરેખા કેસરી રંગની સાડી પહેરીઅનુપમ સાથે ફરવા ગઈ હતી. લીના જાણી ગઈ હતી કે અનુપમ છીનવાઈ ગયો હતો અને લીનાને કોઈ પણ ભોગે અનુપમ મેળવવો હતો. પોતાના પ્રેમને આ રીતે છીનવાતો જોઈ લીનાએ જીવ પર આવીને સુરેખા સામે પ્રથમવાર જ જબરદસ્ત ઝઘડો કર્યો હતો. સુરેખાની બિમારીનો લાભ લેવા સુદ્ધાં તે તૈયાર થઈ હતી અને છતાં, સજ્જડ હાર તેને મળી હતી, તે પણ સુરેખાના એક જ વાકયે – અનુપમ "મને નહીં પરણે તો ય તમને તો નહીં જ પરણે, કારણ કે... તે મને ચાહે છે. તમને નહીં"[૧] આ એક જ વાકયે તે ચોંકી ગઈ હતી સાથે શાંત પણ થઈ ગઈ હતી. પરિસ્થિતિને વશવર્તી સુરેખાનુંલગ્ન તેણે જાતેજ કરાવી આપ્યુ. લગભગ બધું જ છીનવાઈ ગયા પછી કોઈપણ સુખની અપેક્ષા વગર જીવતી લીનાના જીવનને અને નવલકથાને અંતિમ સુખદ વળાંક આપવા માટે લેખિકાએ બે બાબત મહત્વની બતાવી. સુરેખાએ પોતાની બિમારીની વાત અનુપમથી છુપાવી તે, બીજું, સુરેખાએ પુત્ર અપૂર્વને જન્મ આપયો તે.

લીના અપૂર્વના બાળપણને જોઈને ખુશ થતી હતી જાણે પોતે જ મા હોય તેવો અભૂતપૂર્વ આનંદ તે માણતી હતી અને સાથે અનુપમની હાજરીમાં પોતાની જાતને જેમ તેમ સંભાળતી હતી. ત્યાં જ અપૂર્વના તોફાનને લીધે, તેના રડવાથી સુરેખાની જૂની બિમારીએ ઘણા વખતે ઉથલો માર્યો હતો અને અંતે તે સંપૂર્ણ પાગલ થઈ ગઈ હતી.(આ

[૧] 'મારે પણ એક ઘર હોય' : પુનર્મુદ્રણ, ડિસે. ૧૯૭૬, વર્ષા અડાલજા, પૃ. ૬૨.

પ્રસંગ પહેલા પણ અનેકવાર અપૂર્વ રડયો તો હશે જ ને ?) સુરેખાનું દર્દ જયારે નવ્વાણું ટકા સારું થઈ ગયું હતું ત્યારે આ ઘટના બની. જયારે તે અનુપમને મેળવાવ ઝઝૂમતી હતી ત્યારે કશું ન થયું અને અચાનક અપૂર્વના રડવાથી બે ત્રણ વર્ષે થયેલો હુમલો એને સંપૂર્ણ પાગલ બનાવી દે એ વાત ભાવકને સીધી ગળે ઉતરે એ સ્વાભાવિક છે એટલા માટે સર્જકે હુમલા પછી થોડી ક્ષણો સુરેખાને સ્વસ્થ બતાવી અને પછી અનુપમને પોતે છેતર્યો છે એ અપરાધભાવની પીડાના અનુભવે સંપૂર્ણ પાગલ બનાવી હતી. તેનું પાગલપણું ઘરના તમામ સભ્યોને માટે જોખમરૂપ લાગતાં તેને મેન્ટલ હોસ્પિટલમાં મૂકવાનો નિર્ણય લેવાયો હતો. સુરેખા ઘર છોડી હોસ્પિટલ ગઈ હતી તે જ રાતે લીનાએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. લીના માટે માર્ગ આપો આપ મોકળો બની ગયો હતો. અનુપમે પણ કબૂલ્યું હતું કે સુરેખાને ન મળ્યો હોત તો તે લીનાને ચોક્કસ મળ્યો હતો. અનુપમ અને અપૂર્વની જવાબદારી સંભાળી લીનાએ પોતાનું ઘર હોવાના સ્વપ્નાને સાર્થક થતું અનુભવ્યું હતું. "ઘર્ષણ અને ત્યાગથી શરૂ થયેલી લીનાની યાત્રા ઈશ્વરે નિર્મેલી પરિતૃપ્તિને પામે છે. એમ લીના પોતાને જે મળ્યું તેમાં ઈશ્વરની કરૂણા જુએ છે."[૨]

સર્જકે નવલકથા સુખદ પરિસ્થિતિ સાથે સમાપ્ત કરી, છતાં પરિણામની અનેક સંભવિતતા રાખી છે. અનુપમને હજુ વિશ્વાસ છે કે સુરેખા સારી થઈને આવશે અને આ વિશ્વાસ સાચો પડે તો શું ? લીના માટે આજની સુખદ પરિસ્થિતિ સુખદ છે કે સંકુલ છે ? જો કે લેખિકાએ તો લીના દ્વારા સુખદ જ બતાવી છે છતાં શકયતાઓ તમામ રાખી છે. આથી લીનાનું ભવિષ્ય નિશ્ચિત છે એમ કહી શકાય નહિ.

આખી જિંદગી બીજાની રહેમ પર જીવતી સુરેખાએ પહેલી વખત પોતાની જાતે કંઈ મેળવ્યું હતું. તેના પાગલપણાથી તે તેની પાસેથી આ રીતે છીનવાઈ જાય તેને શું કહી શકાય ? કુદરતની ક્રૂરતા, લીનાને મળેલો ન્યાય કે પછી લેખિકાએ લીનાને આપેલો ન્યાય ?

અવાર નવાર વળાંક આપી અન્યપાત્રો દ્વારા આવનારી પરિસ્થિતિના એંધાણસમા પતાકાસ્થાન જેવાં વાકયો બોલાવી, મુખ્યત્વે મુખ્ય વસ્તુને વધુ ધારદાર બતાવવાનું

---

[૨] 'મારે પણ એક ઘર હોય' : પુનર્મુદ્રણ, ડિસે. ૧૯૭૯, વર્ષા અડાલજા, 'લીનાનો ગૃહપ્રવેશ' કુંદનિકા કાપડિયા, પૃ. ૧૦.

સર્જકનું વલણ અન્ય નવલકથાની જેમ આ નવલકથાને બહુ જોખમરૂપ નથી બન્યું તે તેનું જમા પાસું છે.

- **"રેતપંખી" :**

'રેતપંખી' એ શ્રીમતી વર્ષા અડાલજાની એક પ્રણય નવલકથામાંની એક નવલકથા છે. મુખ્ય વસ્તુને વધુ ચોટદાર બનાવવા માટે તેમજ નવલકથાને તેના નક્કી કરેલા અંત તરફ લઈ જવા માટે અવાર નવાર અવનવા પ્રસંગો યોજીને વસ્તુગૂંથણી કરી છે. જે આપણને નવલકથામાં જોવા મળે છે. સમગ્ર કથાવસ્તુની ગૂંથણી માટે સૌથી મહત્ત્વનો મુદ્દો – તે સુનંદાનું અનાથપણું, બીજો મુદ્દો – બે સંતાનોના પિતા અને વિધુર જગમોહનદાસ સાથે સુનંદાનું લગ્ન, ત્રીજો મુદ્દો તે શ્રીધર તરફનું ખેંચાણ, ચોથો મુદ્દો પૂર્વે ભાગીને લગ્ન કરનાર અને નૈતિક પતનના પંથે ગયેલી બહેન તારાનું અચાનક સુનંદાને મળવું. આ ચાર મુદ્દાને આલેખતા મહત્ત્વના પ્રસંગો અને તેમાં બીજા બે પ્રસંગો ઉમેરાય છે તે તારાનું પાગલપણું અને શ્રીધરનું અમેરિકા ચાલી જવું.

સમગ્ર નવલકથાનું વસ્તુ જોતા નાયિકાનું સહનશીલ હોવું એ સૌથી વધુ જરૂરી છે અને એ માટે લેખિકાએ તેને બાળપણથી જ અનાથ બતાવી અને અનાથપણાની સાથે બે બાબત જોડાયેલી હોય છે. એક સહાનુભૂતિ, પ્રેમ, અનુકંપા અને બીજું હડધૂત થવું, તિરસ્કૃત થવું તે અહીં છે. સુનંદાને કાકાના ઘરમાં બંને પ્રકારનું વર્તન કાકા–કાકી તરફથી અનુક્રમે મળ્યું. જેથી કાકા તરફથી મળેલા સંસ્કાર એ જ સુનંદાને માટે જીવન જીવવાની પૂંજી બની રહયાં હતા. જો સુનંદા અનાથ ન હોત તો કદાચ, જે રીતે એનું ઘડતર થયું હતું તે ન થયું હોત.

સુનંદા લગ્ન વિદાય ટાણેના તેના કાકાએ કહેલા શબ્દો : "સુનંદા બેટા, આ જગતમાં કોઈ કોઈ વિરલ વ્યક્તિના નસીબમાં જ બીજાનો બોજ પોતાને ખભે ઉઠાવીને જીવવાનું નિર્માણ થયું હોય છે. તું તો મારી મીરાં છે. ઝેરના ઘૂંટડા ભરી એને અમૃત બનાવી દે જે, સુનંદા"[3] જેમ સુનંદાના પાત્રને સમજવા માટે મહત્ત્વના છે તેમ નવલકથાના વસ્તુ વિકાસ માટે પણ મહત્ત્વના બની રહે છે. આ એક જ વાક્ય દ્વારા

[3] 'રેતપંખી', પુનર્મુદ્રણ, જૂન, ૧૯૭૮, વર્ષા અડાલજા પૃ. ૧૬.

કદાચ, આખી નવલકથાનું વસ્તુ ઘડાયું છે અને આ વાકયને સાચું પાડવા માટે સુનંદાના જીવનમાં બીજાઓની સમસ્યા મહત્ત્વની બતાવવી જરૂરી હતી અને તેને માટે સુનંદાના બીજવર સાથેના લગ્નનો પ્રસંગ યોજવો નવલકથા માટે જરૂરી બન્યો. બે યુવાન સંતાનોના પિતા અને વિધુર જગમોહનદાસ સાથે તેનું લગ્ન થયું હતું, જેથી પતિ પણ પોતાનો હોય એવું નહીં અને સંતાનો પણ પારકાં. યુવાન સંતાનો તરફથી મળતું અપમાન અને પતિની પ્રથમ પત્નીની ડરામણી પ્રભાવશાળી તસ્વીર – સુનંદા માટે આ તંગ પરિસ્થિતિને સહન કર્યે જ છૂટકો હતો. આ બાબત પણ વધારે ધારદાર બને તેને માટે લેખિકાએ સુનંદાને પતિગૃહે આગમન સુધી પતિના સંતાનો, બાળક નહીં પણ યુવાન છે તે વાતથી તદ્દન અજાણ રાખી હતી આથી સુનંદા ફકત નાનાં બે બાળકોની જવાબદારી સમજીને લગ્ન માટે તૈયાર થઈ હતી. આ ઘરની સમસ્યા હજુ ઉકલે તે પહેલાં જ ઓરમાન પુત્ર વિનયના યુવાન મિત્ર શ્રીઘર તરફનું ખેંચાણ તેને જાત સાથેના સંઘર્ષમાં મૂકી ગયું હતું. પાપપુણ્યની વાતથી ડરતી સુનંદાએ શ્રીઘરને ઘરે આવવાની ના પાડી દીધી હતી એ મુદ્દો સૌથી વધુ અગત્યનો બની રહયો. કારણ કે શ્રીઘરની ગેરહાજરીમાં એને મેળવવાનો તલસાટ વધતો ગયો હતો. આથી ઘરે નહીં બોલાવતાં હોટલમાં શ્રીઘરને મળવાનું આયોજન કરવું પડયું જેને કારણે હોટલમાં સુનંદાને પૂર્વે ભાગી જઈને લગ્ન કરનાર કાકાની દીકરી–તારા સાથે મેળાપ થયો હતો. આમ, શ્રીઘર તરફનું ખેંચાણ ન હોત તો હોટલમાં તારાનું મળવું શકય ન હતું અને જો તારા સુનંદાને ન મળી હોત તો નવલકથાનો વસ્તુવિકાસ શકય જ ન હતો.

એક પછી એક સમસ્યામાં નાયિકા ઘેરાતી ગઈ હતી. કાકીના કજિયામાંથી મુક્તિરૂપ લગ્ન હતું. તો પતિના સંતાનોના અપમાન અને તિરસ્કારમાંથી છૂટવા માટે સુનંદાની સમજદારી અને જગમહોનદાસના પૂર્વેના દામ્પત્યજીવનની વિસંવાદિતા બતાવી, ત્યાં નવી સમસ્યારૂપ આકસ્મિક જ તારાનું મિલન નવલકથાને એક ધક્કો આપે છે.

તારાનું મળવું જ એકલું જરૂરી ન હતું.પરંતુ તે વેશ્યારૂપે કે પતન પામેલી સ્ત્રીરૂપે જ મળે છે એ વધું જરૂરી હતું. એ માટે લેખિકાએ તારાના પતિનું મૃત્યુ પણ બતાવ્યું જેથી તારાનું વેશ્યા જેવું જીવન અને તેની દયનીય દશા જોઈને સુનંદાનું હૃદય દ્રવી જાય

અને તે તારાની સંભાળ લેતી થઈ જાય. સુનંદા વારંવર પતિ અને સંતાનોની જાણ બહાર તારાને મળવા જતી હતી. આ ઘટના નવલકથા માટે જુદું જ પરિણામ લાવનારી બની. સુનંદા બાબતે શંકાશીલ બનેલા જગમોહનદાસનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું અને બીજી તરફ શ્રીધરની બિમાર માનું પણ મૃત્યુ થયું હતું. આ બંને ઘટના કે પ્રસંગો કદાચ સુનંદા માટે આશીર્વાદરૂપ બની શકયા હોત કારણ કે, શ્રીધર તરફ જવાનો માર્ગ સુનંદા માટે મોકળો બન્યો હતો. બીજી તરફ શ્રીધર પણ બિમાર માની જવાબદારીમાંથી મુકત થયો હતો.

પરંતુ લેખિકાએ તો કદાચ સુનંદાને એક સહનશીલ અને સમજદાર ફરજનિષ્ઠ નારી તરીકે જ દર્શાવવી હતી. કદાચ, સમગ્ર નવલકથામાં ભારતીય સંસ્કારની એક છાપ બતાવવી હતી આથી જ સર્જકે એક સાથે બે પ્રસંગો યોજીને નવલકથાને અંતિમ વળાંક આપ્યો. તારાનું સંપૂર્ણ પાગલ થવું અને શ્રીધરનું અમેરિકા ચાલી જવું.

'મારે પણ એક ઘર હોય'માં પણ અંતિમ વળાંક સુરેખાના સંપૂર્ણ પાગલ થવાથી જ આવે છે અને 'રેતપંખી'માં પણ તારાનું પાગલ થવું એ અંતિમ વળાંક છે. પરંતુ બંનેમાં જે તફાવત છે તે પણ નોંધપાત્ર છે. 'મારે પણ એક ઘર હોય'માં સુરેખાના પાગલ થવાથી મુખ્ય નાયિકાનું પોતાનું ઈચ્છિત સ્વપ્ન સાકાર થતું લાગે છે. જયારે 'રેતપંખી'માં તારાનું પાગલપણું એ મુખ્ય નાયિકાના જીવનને માટે અવરોધ રૂપ બને છે. આનાથી જો કંઈ લેખિકાએ સિદ્ધ કર્યું હોય તો સુનંદા કેટલી ફરજનિષ્ઠ છે, કર્તવ્યપરાયણ છે, એનામાં કેટલી કુટુંબ ભાવના છે એટલું જ અને એ બાબત તો અત્યાર સુધીનાં લગભગ તમામ પ્રસંગમાં સિદ્ધ થઈ ચૂકી હતી. પરંતુ સુનંદાના જીવનને વધારે કરુણાસભર બતાવવા, તેના દુઃખની પરાકાષ્ઠા બતાવવા જ આ પ્રસંગ યોજયો છે. આથી સુનંદાને તારાની અને તેની પુત્રીની જવાબદારી આવી પડી બલ્કે તેણે સામે ચાલીને એ જવાબદારી ઉપાડી હતી. વધુ ખટકે છે અંતિમ પ્રસંગ. શ્રીધરનું આશ્ચર્યજનક રીતે કંઈપણ કહયા કે જણાવ્યા વિના અમેરિકા ચાલી જવું તે. જેટલી સહેલાઈથી એ અમેરિકા ચાલી ગયો એ જોતાં એમ કહી શકાય કે એની માનું મૃત્યું કારણરૂપ હતું. જો મા જીવતી હોત તો કદાચ, ભારત છોડી જવું તેને માટે શકય ન હતું. આથી જ માની બિમારી પણ કેન્સરની બતાવી. માની જવાબદારીમાંથી મુક્ત થયેલો શ્રીધર તક

મળતા અચાનક અમેરિકા ચાલી ગયો હતો. રઘુવીર ચૌધરી સુનંદા શ્રીધરના સંબંધ બાબતે લખે છે, ‘‘એ બંનેનો સંબંધ નિશ્ચિત દિશામાં આગળ વધી ન જાય એની તકેદારી પણ રખાઈ છે. છવટે સુનંદા શ્રીધરને પરણે એમ બતાવાયું હોત તો એ સામાજિક ઉકેલ હોત, સાહિત્યિક નહી’’[૪] આ વાત સાથે મત થઈએ તો પણ, શ્રીધર સુનંદા વિશે વિચાર્યા વિના તેને મળ્યા વિના, કશું કહયા વિના અચાનક જ ચાલી જાય એ બાબત સમગ્ર નવલકથામાં સૌથી વધુ ખટકે છે. એ રીતે સુનંદાના જીવનમાં આશાના તમામ દ્વારા સદંતર બંધ કરી દેવાયા હતાં. અહીં જ પેલું કાકાનું વાકય કદાચ સાર્થક થયું હતું. એ એક વાકય જ નવલકથા ઘડતરનો પાયો હતો. જો એમ જ હોય તો પણ મુખ્ય કથાવસ્તુને માટેના કેટલાંક પ્રસંગો ખાસ કરીને તારાને મેન્ટલ હોસ્પિટલમાં, જયાં તેની સારવાર સારી રીતે થઈ શકી હોત. કદાચ, તેની સંપૂર્ણ સારા થવાની શકયતાઓ પણ હતી ત્યાંથી તેને ઘરે લાવવાની વાત અને શ્રીધરનું ભારત છોડી અમેરિકા ચાલી જવું – આ બંને પ્રસંગો કોઈ પણ રીતે તાર્કિક લાગતા નથી. જેને વસ્તુ સંકલનાની ખામી પણ કહી શકાય, અને કદાચ, ભાવક જે વિચારે કે જે અંતની કલ્પના કરે તેના કરતા કંઈક બીજી દિશામાં જ કથાવસ્તુને પૂર્ણ કરવાની તેમની અનોખી રીતે પણ કહી શકાય. આ બધુ છતાં, અત્રે યાદ રાખવું ઘટે કે ‘‘જગમોહનદાસનું મૃત્યુ શ્રીધરનો સાથ પાકો કરવા યોજાયું હોત તો ‘રેતપંખી’ના રૂપકની સંગતિ ઘટત.[૫] એકંદરે આ નવલકથા ‘‘સંસ્કારી અને કાવ્યમય ભાષા અને લાઘવયુક્ત શૈલીને કારણે વાચકને ગમે તેવી’’[૬] રસપ્રદ બની છે.

- **‘‘એની સુગંધ’’ :**

વર્ષા અડાલજાની પ્રણય નવલકથામાં ‘મારે પણ એક ઘર હોય’, ‘રેતપંખી’ અને ‘એની સુગંધ’ રહી છે. ‘મારે પણ એક ઘર હોય‘ અને ‘રેતપંખી’ નવલકથાની જેમ

---

[૪] ‘રેતપંખી’ પુનર્મુદ્રણ, જૂન, ૧૯૭૮, વર્ષા અડાલજા, ‘આવકાર’, રઘુવીર ચૌધરી, પૃ. ૮.

[૫] ‘રેતપંખી’ પુનર્મુદ્રણ, જૂન, ૧૯૭૮, વર્ષા અડાલજા, ‘આવકાર’, રઘુવીર ચૌધરી, પૃ. ૯.

[૬] ‘ગ્રંથ’ વાડીલાલ ડગલી સ્મૃતિ વિશેષાંક, વર્ષ-૨૩, સંયુક્ત અંક ૪-૫-૬, એપ્રિલ-મે-જૂન, ૧૯૮૬, પૃ. ૨૪.

'એની સુગંધ' નવલકથાની કથાવસ્તુ પણ નાયિકા રમીલાની આસપાસ ગૂંથાયેલ જોવા મળે છે. આખી વાર્તામાં વાર્તા નાયિકાની સંઘર્ષની ગાથા સાથે તેના ભૂતકાલીન સ્મરણો અને વર્તમાન પરિસ્થિતિની કથાને લેખિકાએ સાથે ગૂંથી છે. વર્તમાન જીવન જીવતા-જીવતા નાયિકા પોતાના ભૂતકાળમાં સરી પડે છે. કથાની શરૂઆતમાં સંઘર્ષ, પ્રણય, સફળતા અને અંતે બધુ મેળવ્યા છતાં કંઈક ખૂટે તેવો અંત લેખિકાએ આલેખ્યો છે.

નવલકથાની શરૂઆતમાં જ નાયિકા રમીલા તેની ઉંમર ત્રેવીસ વર્ષની છે. માનસશાસ્ત્ર વિષય લઈને બી.એ. થઈ છે. દેખાવડીને, ચબરાક પણ છે. હાલમાં ગિરગામ ધુમાલે ક્રોસલેનની ચાલમાં રૂમ નં. ૫ માં રહે છે. હાલમાં રમીલા 'મહિલા ઉત્કર્ષ મંડળ'ની ફી ઉઘરાવીને ઘરે જઈ રહી છે. પણ રસ્તે જતાં પોતાના પૂર્વ જીવનને વાગોળે છે. પોતાના પૂર્વ જીવનને વાગોડતા રમીલા જાણે ખુલ્લા પગે ચાલતા ચાલતા ધખધમતા અંગારા પર પગ પડી ગયો હોય તેવું મહેસૂસ કરે છે.

રમીલાના ગામનું નામ સુરેન્દ્રનગર, કુંભારવાડાની પાછલી શેરીના છેડે પડું પડું થતું એક ઘર. બાપ-દીકરીનો એકમાત્ર આશરો, દિવસભર શાંતિ રહે અને સાંજના દીવાબત્તી ટાણે નિર્જીવ ઘરમાં પ્રાણ ફૂંકાય, બની ઠની, વાઘા ચડાવી બજરંગદાસ નાયક ભવાઈ કરવા બહાર નીકળે. નાનકડી રમીલા પણ બાપુની આંગળી પડકી જોડે જ જાય. નાની રમીલાને કોના આશરે છોડવી મા તો કયારની નાયક કંપનીના કોઈ તરગાળા સાથે ભાગી ગઈ હતી.

ભાગ્યોદય નાટક કંપની, આમ તો પૌરાણિક કે ઐતિહાસિક નાટકો કરે, પણ મૂળ ભવાયાની કંપની એટલે ભવાઈના વેષ પણ ઘણીવાર ભજવે. બજરંગદાસ નાયકનું પાત્ર ભજવે, નિતનવા વેષ ભજવે ત્યારે દીકરી રમીલા ગર્વથી જોયા કરતી રાત્રે જમ્યા પછી સવારે ઊઠતા મોડું થાય નિશાળેમોડી પહોંચે કપિલા માસ્તરાણી ખીજાય પછી તો રમીલા રાત્રે ઘરે રહેવા લાગી એમ કરતાં કરતાં એક તરગાળાની છોકરીની કિસ્મત ખુલીને તે મેટ્રીક પાસ થઈ બજરંગદાસની કલાના ચાહક શેઠ નવનીત લાલે રમીલાને વધુ અભ્યાસ માટે મુંબઈની કોલેજમાં દાખલ કરાવી આપી રમીલાના માનમાં વિદાય સમારંભ ગોઠવાયો રમીલા મુંબઈ ભણવા આવી વેકેશનમાં પિતા પાસે તેના ગામ આવતી. ધીમે ધીમે બાપુનો ધંધો બંધ થાય છે. રમીલા કોલેજના છેલ્લા વર્ષના

વેકેશનમાં આવે છે અને પિતા મૃત્યુ પામે છે. અંતિમ શ્વાસ લેતા પિતાએ ગ્રામોફોન પર રેકોર્ડ મૂકી હતી તે પૂરી થઈને બજરંગદાસની જીંદગી પણ પૂરી થઈ પોતાના ભૂતકાળને વાગોળતી રમીલા પાછી વર્તમાનમાં પોતાની ચાલમાં પહોંચી જાય છે અને એજ ગંધાતી રૂમમાં પોતાના સંઘર્ષો સામે લડે છે.

'મહિલા ઉત્કર્ષ મંડળ'ની સભ્ય બહેનોની ફી ઊઘરાવતા, દાદરા ચડતા, બસની લાઈનમાં ઊભી રહેતા તે થાકી જાય છે. વળી જૂનો હોસ્ટેલનો સમય, બહેનપણી નવનીત લાલના દીકરા સુમંતને કરેલી કડવી વાત બધુ યાદ આવે છે. સુમંતે બી.એ. પૂરું કરાવ્યું પછી રમીલા સમજી જાય છે કે "પોતાના જ તુંબડે સંસારના આ મહાસાગરમાં એણે તરવાનું હતું"[૭] રમીલા રોજ છાપુ વાંચીને પોતાને લાયક નોકરી ગોતતી. આખરે કર્ણીકર બુઢ્ઢાની ખોબા જેવી ચાલમાં આવીને રહે છે. મહિલા મંડળ ની નોકરી રમીલાની જીવાદોરી હતી.

એકવાર અચાનક દરિયાકિનારે વિચારતી બેઠી રમીલાની ઓળખાણ એક નાના સામાન્ય ડિટેકટીવ મનસુખ સાથે થાય છે. મનસુખ અનુમાન અને અવલોકન શક્તિનો માહિર બંને જણા મળે છે અને રમીલાને પહેલો જ કેશ મહિલા મંડળના પ્રમુખ ભાવનાબેનના પતિ પરમાનંદ દાસના ચરિત્ર ઉપર પત્નિને શંકા છે માટે તેની છાનભીન કરવાનો સોંપાયો. આમ ને આમ એક કેસમાં સફળ જતાં નાના-મોટા કેસ શોલ કરવા મનસુખ રમીલાની મદદ લેવા લાગ્યો ચાલમાં રહેતી રમીલાને કર્ણીકર અને તેના પુત્ર અભ્યંકરનો ત્રાસ હતો તેમાંથી મનસુખ છોડાવીને તેને પોતાના ઘરે લઈ આવે છે. પછી તો મિ. એન્જિનીયર મોટામાં મોટા ડિટેકટીવને રમીલા મળે છે.ધીમે ધીમે તેની સાથે પરિચય ગાઢ બને છે બંને વારંવાર મળવા લાગે છે.

મિ. એન્જિનીયરના જીવન વિશે રમીલા જાણે છે બંને એકબીજાને ચાહે છે. રમીલા પણ પોતાના વ્યવસાયમાં મન લગાવીને કામ કરે છે. ધીમે ધીમે તેઓ એક સામાન્ય ફ્લેટમાં પોતાની ઓફિસ રાખે છે. રમીલા પણ પોતાની સફળતા ઉપર સફળ તા મળ્યા પછી સ્વપ્ના જોવા લાગે છે. મિ. એન્જિનીયર પરણેલા હતા છતાં રમીલા

[૭] 'એની સુગંધ', વર્ષા અડાલજા : પ્ર. આ. જુલાઈ, ૧૯૮૭, પૃ. ૧૯.

તેની સાથે પ્રણયમાં ખૂબ આગળ વધી હતી છતાં દુઃખમાં સાથ આપનાર મનસુખ પણ રમીલાને ચાહતો હોવા છતાં પણ કશુંક કહેતો નથી.

એકવાર રોજની જેમ મિ. એન્જિનીયર એટલે કે અવિનાશ રમીલાને મળવા આવે છે ત્યારે તે કહે છે કે હું કાયમ માટે સ્વિટ્ઝરલેન્ડ જાઉં છું. કારણ કે પોતાની પહેલી પત્ની નિકિતાને બલ્ડ કેન્સર છે. ભલે અમે બંને સાથે નથી રહેતા છતાં તેના અંતિમ સમયમાં ઘરના ઈચ્છે છે કે હું તેની સાથે રહું અને આ સમયમાં તેને ડાયવોર્સ પેપર પણ શી રીતે આપું ત્યારે રમીલા છેલ્લે કહે છે કે “મારી ચિંતા ન કરશો અવિનાશ. આપણા સુખ માટે હું કોઈનું મૃત્યુ શી રીતે વાંછી શકું ? તમે તો મારી પાસે જ છે. મારા શ્વાસમાં, મારા અસ્તિત્વમાં અને આમ કહી રમીલાએ અવિનાશનો હાથ પેટ પર મૂક્યો.”[૮]

અહીં નાયક – નાયિકાના વિચ્છેદ સાથે વાર્તા પૂરી થાય છે. આખીય વાર્તામાં નાનપણથી માંડીને યુવાસ્થાની સરસ ઉમરે જીવવાની એક આશ બંધાય છે ત્યાં જ પાછું નાનપણનું પેલું દુઃખ પાછું આવી પડે છે. વાર્તા નાયિકા રમીલા નથી સહી શકતી કે નથી કોઈને કહી શકતી આવી પરિસ્થિતિમાં અંતે મૂકાય છે. છતાંય વાસ્તવિકતાને સ્વીકારે છે.

નવલકથાના પાત્રોમાં મનસુખનું આવતું પાત્ર ભલે ધીર ગંભીર લાગે પણ તે છતાંય રમીલાના જીવનને સવારવામાં તેને પોતાનો ભૂતકાળ ભૂલી જઈને રમીલા સાથેનો જે સમય વિતાવ્યો તેને આધારે જીવવા મથે છે. આમ ત્રણ પાત્રોના માનસ સંઘર્ષની આ પ્રણયકથા ખીલી ઊઠે છે.

વચ્ચે આવતા જાસૂસીના કેટલાંક પ્રસંગો અને તેને પોતાની બુદ્ધિ શક્તિથી નિર્ણય ઉપર લાવતી રમીલા એ એક જુદી ભાવ પરિસ્થિતિ પર લઈ જાય છે. બાકી મહિલા મંડળના પ્રમુખ ભાવનાબેન, સેક્રેટરી સુનંદા, કુસુમ, પરમાનંદ દાસ, ભાવનાબેનની પુત્રી–પુત્ર, મનસુખ, અવિનાશ, નીકિતા, પિંકી, કર્ણીકર, અભ્યંકર, જેવા પાત્રોથી નવલકથામાં અને કથાવસ્તુમાં અવનવા ભાવો જોવા મળે છે અને આ બધા પાત્રોથી

---

[૮] ‘એની સુગંધ’ : વર્ષા અડાલજા, પ. આ., ૧૯૮૭, પૃ. ૨૯૧.

નવલકથાના વિષયવસ્તુમાં અનેક ઘટનાઓ ઉમેરાય છે. એકંદરે ‘એની સુગંધ’ નવલકથા એની પ્રણયની સુવાસ મૂકી જાય તેવી બની છે.

- **વર્ષા અડાલજાની પ્રણય નવલકથાની પાત્રસૃષ્ટિ :**

નવલકથા જીવનને નિરૂપે છે, તો સ્વાભાવિક છે કે ‘માનવ’ વિના એ નિરૂપણ શકય નથી માનવ જ નવલકથામાં પાત્ર રૂપે આવે છે. ફોર્સ્ટરે તો નવલકથામાં વસ્તુ સંકલના કરતા પણ ચરિત્ર ચિત્રણને વધુ મહત્ત્વ આપ્યું છે. કારણ કે, નવલકથામાં જે કંઈપણ બને છે તે તેમાં નિરૂપિત પાત્રો માટે બને છે, પાત્રો દ્વારા બને છે. આમ, નવલકથામાં પાત્ર એ વિશિષ્ટ અંગ છે. પાત્રો દ્વારા પ્રસંગો બને છે, પ્રસંગો દ્વારા પાત્રો ખીલતા જાય છે અને એમ નવલકથા વિકસે છે. કોઈપણ નવલકથામાં ફકત પાત્રાલેખન જો સબળતાથી થયું હોય તો નવલકથાની અન્ય ખામીઓ ઢંકાઈ જાય છે. આથી જ નવલકથામાં જેમ પાત્રો અનિવાર્ય છે, તે જ રીતે પાત્રા લેખનની સબળતા પણ આવશ્યક છે.

નવલકથાનાં પાત્રો સારા પણ હોઈ શકે, નરસા પણ હોઈ શકે અને સારા નરસા મિશ્રણવાળા પણ હોઈ શકે. જીવન જેટલું વૈવિધ્યપૂર્ણ છે એટલી જ વિવિધતા પાત્રોમાં જોવા મળે છે અને પાત્ર સર્જનની રીતમાં પણ ભિન્નતા જણાય છે. સર્જકે પાત્રા લેખનની પદ્ધતિમાં ભિન્નતા જોવા મળે છે. સર્જક જ નવલકથાના સમગ્ર આયોજનમાં કર્તા હર્તા હોય છે, આથી પાત્રના સમગ્ર આલેખનમાં પણ સર્જક સર્વે સર્વા હોય છે.છતાં પાત્રનું વ્યક્તિત્ત્વ સ્વતંત્ર હોવું જોઈએ. એ સફળ ચરિત્ર ચિત્રણની પ્રથમ શરત છે. સર્જક તેના સર્જનથી દૂર હોવો જોઈએ જેથી પાત્રો સર્જકના વાહક ન બની જાય. સર્જકની આંગળી પકડી ચાલતા પાત્રોનવલકથાને નબળી બનાવે છે. વસ્તુ પ્રધાન નવલકથામાં આ પ્રકારની નબળાઈ જોવા મળે છે. માટે જ વસ્તુ કરતાં પાત્રોનું મહત્ત્વ ફોર્સ્ટર વધુ આંકે છે. ટૂંકમાં નવલકથાઓમાં સચોટ પાત્રાલેખન એ એવું મહત્ત્વનું લક્ષણછે જે સમગ્ર નવલકથાને સફળ થવામાં સમૃદ્ધ ફાળો અર્પી શકે.

અહીં વર્ષા અડાલજાની ત્રણેય પ્રણય નવલકથાઓમાં ‘મારે પણ એક ઘર હોય’, ‘રેતપંખી’ અને ‘એની સુગંધ’માં વિવિધ પાત્રો દ્વારા તેના વ્યક્તિત્ત્વના વિવિધ

પાસાઓનો પરિચય કરાવી લેખિકાએ તેમના સ્વભાવની વિચિત્રતાને પણ છતી કરી છે.

'મારે પણ એક ઘર હોય'ની નાયિકા લીના અને 'રેતપંખી'ની નાયિકા સુનંદા બંને સહનશીલ છે. શરૂઆતથી અંત સુધી બંને પાત્રોનો કોઈ વિકાસ જોવા મળતો નથી. પોતાની બહેન સુરેખાના સુખ ખાતર દરેક પ્રસંગે ત્યાગ કરતી, બહેન પર ધિક્કાર વરસાવતી, છતાં તેની સંભાળ લેતી, માતા-પિતાની વાત નતમસ્તક કે ઝીલી લેતી, બહેન ખાતર પોતાના પ્રેમનું પણ બલિદાન આપતી, બહેનના બાળક પર પોતાના પુત્ર જેવું વહાલ વરસાવતી, પ્રત્યકે પ્રસંગે જાત સાથે સંઘર્ષ કરતી, ભાગ્ય સામે હારતી, પોતાની જાતને 'ફાઈટર' તરીકે ઓળખાવતી, 'મારે પણ એક ઘર હોય'નું મુખ્ય સ્ત્રી પાત્ર લીના જીવનના પ્રત્યેક પ્રસંગમાં ભાવકને અપીલ કરી જાય એવું ઉદાત્ત પાત્ર છે. તો 'રેતપંખી'ની નાયિકા સુનંદા બાબતે પણ આવું જ જોવા મળે છે. કાકા-કાકીના હાથે ઉછરતી, ઘરનું કામ કરતી, બીજવર જગમોહન સાથે લગ્ન કરી એના મોટા સંતાનોનું અપમાન સહન કરતી, તેમની સાથે સમાધાન ઈચ્છતી, પતિની પ્રથમ પત્નીની તસ્વીરથી ડરતી, ઓરમાન પુત્રના યુવાન મિત્ર શ્રીધર તરફ ખેંચાતી, પ્રેમ મેળવવા તરસતી અને અંતે પાગલ બહેન તારાની સંભાળ લેતી, તારાની પુત્રીને ઉછેરતી સુનંદા પણ કરૂણ પાત્ર તરીકે ભાવકના હૃદયને સ્પર્શી જાય છે. આ બંને નવલકથાની આ નાયિકાઓ નવલકથામાં તેમની ક્રિયાઓ દ્વારા ઓળખાય તે પહેલાં તેમની ઓળખ એ જ નવલકથાના અન્ય પાત્ર દ્વારા મળી જાય છે.

'મારે પણ એક ઘર હોય'માં લીના માટે તેની માતા તેના જીવનની અંતિમ પળે કહે છે, "તારામાં મને શ્રદ્ધા છે. તું તો બધો જ બોજો વહન કરી શકે એવી શક્તિશાળી છે. મને ખાતરી છે કે આ તૂટતા ઘરને તારા ખભા પર ઊંચકી લઈશ. હું શાંતિથી જાઉં છું."[૯] આ વાકયમાંથી લીનાના ત્યાર પછીના જીવનનો પરિચય મળી જાય છે. લીનાએ પિતાના ઘરને સંભાળી લીધું હતું, પાછળથી બહેનના ઘરને પણ તે સંભાળી લે છે.

---

[૯] 'મારે પણ એક ઘર હોય', પુનર્મુદ્રણ, ડિસે. ૧૯૭૬, વર્ષા અડાલજા, પૃ. ૨૨.

'રેતપંખી'માં સુનંદા માટે તેના કાકા કહે છે, "સુનંદા બેટા, આ જગતમાં કોઈ કોઈ વિરલ વ્યક્તિના નસીબમાં જ બીજાનો બોજ પોતાને ખભે ઊઠાવીને જીવવાનું નિર્માણ થયું હોય છે. તું તો મારી મીરાં છે. ઝેરનાં ઘૂંટડા ભરી એને અમૃત બનાવી દે જે, સુનંદા."[૧૦] આ વાકયમાં સુનંદાના જીવનનો અણસાર મળી જાય છે. કદાચ, ઉપરોકત વાકયોને સાચા પાડવા જ લીના, સુનંદાના પાત્ર ઘડાયા હતા.

સામાન્ય રીતે પાત્ર દ્વારા નવલકથા ઘડાતી હોય છે અહીં નવલકથાના એક વાકય દ્વારા જાણે કે આખું પાત્ર ઘડાય છે. બીજાની તકલીફ સમજતી, બંને નાયિકાની જિંદગી બીજાની જિંદગીનોભાર ખેંચતી જ પસાર થતી હોય એવું લાગે છે. બંને નાયિકાએ બીજાને ખાતર પોતાના અરમાનોનો ભોગ આપ્યો છે. લીના મા-બાપની ઈચ્છા ઉથાપતી ન હતી, સુનંદા કાકા-કાકીની ઈચ્છા ઉથાપતી ન હતી જેમ લીના પોતે ચાહે છે કે મારે પણ એક ઘર હોય, વર હોય, બાળક હોય તેમ સુનંદા પણ ચાહે છે, બીજવરને પરણી જેમ સુનંદા ગોઠવાઈ હતી તેજ રીતે લીના પણ ગોઠવાઈ હતી. ફરક માત્ર એટલો જ કે અનુપમને લીનાએ ચાહયો હતો, ઝંખ્યો હતો તેમ છતાં એને જે અનુપમ મળ્યો તે એનો ન હતો. તે તો નાની બહેન સુરેખાનો પતિ હતો. જેમ પાગલ બહેનના બાળકની જવાબદારી લીનાએ લીધી હતી તે જ રીતે પાગલ બહેન તારાની દીકરીની જવાબદારી સુનંદાએ લીધી હતી. સુરેખાનું પાગલપણું ઘરના સભ્યો માટે જોખમરૂપ બન્યું ત્યારે જ તેને મેન્ટલ હોસ્પિટલમાં મૂકવા વિચાર્યુ, સુનંદા પાગલ બહેન તારાને ઘરે લઈ આવી હતી.

'મારે પણ એક ઘર હોય'ની નાયિકા લીનાને માટે નવલકથાનો અંત સુખદ હતો. જે ઈચ્છયું તે મોડું મોડું પણ મળ્યું હતું. જયારે 'રેતપંખી'ની નાયિકા સુનંદા માટે તો લીનાના પાત્ર કરતાં પણ સુખદ સ્થિતિની વધારે શકયતા હોવા છતાં પણ તે સુખ મળતું બતાવ્યું નથી. પતિનું અવસાન થયુ હતું. ઓરમાન સંતાન અમલા-વિનય પણ શ્રીધર સાથે સુનંદાના લગ્ન બાબતે સંમત હતા. ત્યારે સુનંદાની બહેન તારા પાગલ થઈ ગઈ હતી. તારા અને તેની દીકરી સીમા બંનેની જવાબદારી સુનંદાએ સ્વીકારી છતાં પણ તેનાં બીજા લગ્નને અવકાશ હતો. પરંતુ શ્રીધરને અમેરિકા મોકલીને લેખિકાએ

[૧૦] 'રેતપંખી', પુનર્મુદ્રણ, જૂન-૧૯૭૮, વર્ષા અડાલજા, પૃ. ૧૬.

જાણી જોઈને સુનંદાના સુખદ ભવિષ્યને રોકયું હતું, આથી અંતે જે સુનંદા જોવા મળે છે તે એક સ્વતંત્ર વ્યક્તિ લાગતી નથી. તે જગમોહનદાસની વિધવા, તારાની બહેન, તારાની પુત્રી સીમાની મા, અમલાની મોટી બહેન અને કાકાની મીરાં – જીવતરનાં ઝેરના ઘૂંટડા ભરી ભરી જીવતી મીરાં લાગે છે. તેનું પોતાનું જીવન ઝેરરૂપ ન હતું. તેને બીજાના સંસારની જવાબાદરી હતી. બીજાનું દુઃખ હતું. અલબત પોતાના સુખનો વિચાર લીના અને સુનંદા બંને પાત્રોએ કર્યો હતો. સુખ મેળવવાના પ્રયત્નો પણ કર્યા હતા. છતાં બંને નિષ્ફળ રહયા હતા. લીના તો અનુપમને મેળવવા માટે સુરેખા સાથે સીધા સંઘર્ષમાં પણ ઉતરી હતી. છતાં તે નિષ્ફળ ગઈ હતી. લીનાના સુરેખા સાથેના અનુપમને મેળવવાના સંઘર્ષમાં અને સુનંદાની ઓરમાન પુત્રી અમલા સાથેના ઘર્ષણમાં બંને પાત્રો સચોટ રીતે નિરૂપાયાં છે. તે તે પાત્રમાં અંત સુધી સહનશીલતાનો ગુણ સર્વોપરી રહયો હતો. આખી જીંદગી દુઃખ અને અન્યાય સહન કર્યા પછી લીનાને અંતે સુખ મળ્યું. અથવા કહો કે તેણે સુખ માટેનું સમાધાન કેળવ્યું. દુઃખ પછી સુખ, સુખ પછી દુઃખનો કુદરતનો નિયમ અહીં જોવા મળ્યો પરંતુ સુનંદા બાબતે પો તે પણ ન થયું. શરૂઆતથી અંત સુધી તે પાત્ર એક પછી એક આઘાત પામતું જ ગયું અને આ માટે નસીબ જેટલી હાથતાળી આપી ગયું તેના કરતા સુનંદાના પાત્ર માટે લેખિકાએ ઘડેલું ભાગ્ય વધારે ભાગ ભજવી ગયું હતું. પોતે નિશ્ચિત કરેલા અંત તરફ કથાવસ્તુને લઈ જવાના આગ્રહે અન્ય પાત્ર સાથે જ નહીં, પરંતુ મુખ્ય પાત્ર સાથે અન્યાય કરતાં પણ લેખિકા અચકાયા નથી એવું લાગે છે.

'મારે પણ એક ઘર હોય' નવલકથાની મુખ્ય નાયિકા લીનાની નાનીબહેન સુરેખા માનસિક બિમારીથી પીડાતી એક દયનીય સ્ત્રી છે, કયારેક તેના પર પાગલપણાનો હુમલો થઈ જાય, કયારેક તે ઉશ્કેરાઈ જાય અને નુકસાન કરી બેસે તે કહી શકાતું નહીં અને જેવું દર્દ શાંત થઈ જાય કે તરત જ જે બની ગયું તે બદલ પસ્તાતી અને સામેની વ્યક્તિની માફી માગતી એક સરળ નાજુક નમણી છોકરી રૂપે આવતું આ પાત્ર લીનાના જીવનમાં અવરોધરૂપ બન્યું હતું તેનું આખું જીવન લીના માટે પ્રત્યેક બાબતમાં ખલનાયિકા જેવો ભાગ ભજવી ગયું હતું. ભણવાની બાબતમાં, મોજ શોખની બાબતમાં અને અંતે પ્રેમની બાબતમાં પણ, લીનાએ જે અનુપમને ચાહયો તે જ અનુપમને

સુરેખાએ પણ ચાહયો અને લીના સાથે રીતસર લડીને મળવ્યો. પણ જે સુરેખા બિચારી કહેવાતી, લાચાર ગણાતી તે જ જીવનનાં મહત્ત્વનાં પ્રસંગે મજબૂત રીતે બહાર આવી હતી. લીના સાથેના ઘર્ષણમાં તેણે તેને હાર આપી હતી અને અનુપમના પોતાના તરફના પ્રેમની અને પોતાની અનુપમ તરફની પ્રેમની પ્રતીતિ પણ કરાવી હતી. એ જ દર્શાવે છે કે પોતાનું ઘર, વર અને સંસારની ઝંખના લીના જેટલી જ સુરેખામાં પણ હતી અને તેને મેળવવાનો તેનો તલસાટ પણ લીના જેટલો પ્રબળ હતો. સુરેખા અનુપમને પરણીને એક બાળકની મા બની હતી. જીવનનું તમામ સુખ, જે એણે ઈચ્છયું હતું, તે સઘળું તેને મળ્યું પરંતુ ત્યાં જ તેના બે-ત્રણ વર્ષથી શમી ગયેલા માનસિક દર્દે ફરીથી ઊથલો મર્યો હતો અને તે હંમેશને માટે પાગલ થઈ ગઈ હતી. મેન્ટલ હોસ્પિટલમાં તેને દાખલ કરવી પડી હતી. નવલકથાની નાયિકા લીનાનું જીવન સુરેખાના પાત્ર વિના શકય નથી. લીનાના જીવનની પ્રત્યેક ઘટના પર સુરેખાના પાત્રની અસર છે અને તેની આ જાતની બિમારી લીનાના જીવનમાંથી બધું ઝૂંટવી લે છે, તો એ જ સુરેખાની બિમારી અંતે તેને બધુંજ આપી દે છે. પોતાનો પતિ, તેનો પ્રેમ, પુત્ર બધું જ. અંતે સુરેખાના પાત્ર પ્રત્યે ભાવકને સાહનુભૂતિ થાય છે. એક પણ પ્રસંગમાં તેને માટે ધિક્કાર થતો નથી એ લેખિકાની પાત્રા લેખન કળાનો વિજય છે.

આવું જ છતાં, થોડું જુદુ પાત્ર ‘રેતપંખી’ નવલકથામાં તારાનું છે. તારા પણ પાગલપણાના હુમલાનો ભોગ બની હતી. સુરેખાનું પાગલપણું જન્મથી હતું. માનસિક બિમારી લઈને તે જન્મી હતી જયારે તારાને સંજોગોએ પાગલ બનાવી હતી.

તારાએ ટ્રક ડ્રાઈવર જોડે ભાગીને લગ્ન કર્યું હતું. પતિનું અકસ્માતમાં મૃત્યુ થતાં પતિના મિત્રે વેશ્યાવાડે તેને વેચી દીધી હતી અને ત્યાંથી તે તારામાંથી લ્યૂસી બની ગઈ હતી. વેશ્યા જીવનથી જેમ તેમ છૂટી અમેરિકાથી આવેલા એક બિઝનેસમેન ચાર્લ્સ જોડે લગ્ન કરી સંસાર માંડવાના સ્વપ્નામાં તે રાચતી હતી. પતિ-પત્નીની જેમ જ બંને રહેતા હતા. પરંતુ ચાર્લ્સનું અચાનક મૃત્યુ થયું, એક પુત્રીની મા બનેલી તારા ફરી પાછી વેશ્યા જેવું જીવન જીવતી થઈ ગઈ હતી. દુઃખને ભૂલવા શરાબનો સહારો લેતી, કયારેક ચીસ પાડતી, અર્ધ પાગલ અવસ્થામાં જીવન ગુજારતી તારા અંતે સંપૂર્ણ પાગલ થઈ ગઈ હતી. ‘રેતપંખી’ નવલકથાની નાયિકા સુનંદાની તે કાકાની દીકરી બહેન હતી. વેશ્યા

જેવું જીવન જીવતી તારાને છૂપી રીતે સુનંદા મળવા જતી હતી, આથી સુનંદાના વર્તન પ્રત્યે તેના પતિને શંકા જતાં, તેને હાર્ટ એટેક આવ્યો હતો, અને તેનું મૃત્યુ થયું હતું. આમ, તારા પરોક્ષ રીતે સુનંદાના વૈધવ્ય માટે નિમિત્ત બની હતી.

'મારે પણ એક ઘર હોય' નવલકથાની સુરેખા અને 'રેતપંખી' નવલકથાની તારા બંનેનાં પાગલપણાંને લીધે તેમને સાચવવાની જવાબદારી બંનેની બહેનો અનુક્રમે લીના અને સુનંદા પર આવી હતી. સુરેખાના પુત્ર અને તારાની પુત્રીને પણ લીના અને સુનંદા ઉછેરતાં હતા. આ ઘટના તેમનાં ભવિષ્ય પર અસર કરનારી બની રહી.

સુનંદાનું ભવિષ્ય આનાથી રૂંધાયું જયારે લીનાનો ભૂતકાળ રૂંધાયો પરંતુ વર્તમાને તેને તેના સ્વપ્નનો પુરુષ અનુપમ અપાવ્યો. ભવિષ્યની ચોક્કસ એંધાણી સમો અપૂર્વ જેવો પુત્ર પણ અપાવ્યો. સુરેખા અને તારા બંને પાત્રમાં ફરક એટલો છે કે તારા બંડખોર પાત્ર તરીકે ઉપસે છે. એક ચુસ્ત બ્રાહ્મણના સંસ્કારી ઘરમાંથી તે ભાગી છૂટી, તે માટે તેની માના વધુ પડતાં લાડકોડ જવાબદાર બન્યાં જયારે સુરેખા હંમેશા બિચારી, લાચાર બનીને આપણી સામે આવી. જો કે તારાના પાત્રને સુરેખા સાથે સરખાવી શકાય.

'મારે પણ એક ઘર હોય' નવલકથામાં ગૌણ પાત્રોમાં રમીલાનું પાત્ર મહત્ત્વનું રહયું છે. રમીલા પ્રેમને ઝંખતી હતી એને ભરપૂર પ્રેમ કરનાર કોઈ મળ્યું નહીં અઢળક સંપતિ હોવા છતાં કોઈ યુવક એની નજીક નથી આવી શકતો, તે એની કમનસીબી હતી. તેના પિતાની મિલ્કત અને તેનું રૂપ જોઈને, જોનાર માણસ અંજાઈ જતો, મિત્રતા કેળવી શકતો નહિ. સુખ સાહયબીમાં પણ અભાવનો અનુભવ કરતી રમીલા લીનાની મિત્ર હતી. લીનાના ઉદ્દેશ્યપૂર્ણ જીવનની તેને ઈર્ષા આવતી તેનું પોતાનું જીવન ઉદ્દેશવિહીન હતું તે નોકરી પણ શોખ ખાતર જ કરતી. આમ 'મારે પણ એક ઘર હોય'ની ભાવના આ નવલકથામાં લીના, સુરેખા અને રમીલા ત્રણેમાં દેખાય છે. લીનાના જીવનમાં રમીલાનાં પાત્રે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. રમીલાએ જ લીનાને અનુપમનો પ્રથમ પરિચય કરાવ્યો હતો. એ પરિચય પ્રેમમાં પરિણમે તે પહલાં જ લીનાએ અનુપમને ગુમાવ્યો અને એમાં પણ પરોક્ષ રીતે રમીલા નિમિત્ત બની હતી. સુરેખાની જીદને કારણે લીના રમીલાની પાર્ટીમાં જઈ શકી ન હતી. રમીલા બીજે દિવસે લીનાને ખરીદી માટે લઈ ગઈ. પરિણામે રમીલાને ઘરે પાર્ટીમાં લીના કેમ ન આવી તેની

તપાસ કરવા પ્રથમવાર ઘરે આવેલા અનુપમને સુરેખાનો પરિચય થયો હતો. એ પરિચય પ્રેમમાં પરિણમતાં લીનાએ અનુપમને ગુમાવ્યો હતો. એ રીતે રમીલા નાયિકાના જીવનમાં અગત્યનો ભાગ ભજવનારું પાત્ર બની રહયું દરેક વ્યક્તિ અભાવ વચ્ચે જીવે છે. પછી તે પૈસાદાર હોય કે ન હોય, સ્વરૂપવાન હોય કે ન હોય એ દર્શાવવા માટે તેમજ લીનાનું પણ કોઈ મિત્ર છે એ દર્શાવવા માટે જ જાણે આ પાત્ર સર્જાયું હોય એમ લાગે છે.

આ ઉપરાંત 'રેતપંખી' નવલકથાના ગૌણ પાત્રો પણ વધુ જીવંત રહયા છે. થોડાં સમયની હાજરીથી પણ તેઓ પોતાનો પ્રભાવ પાથરી જાય છે. સુનંદાની કાકીથી માંડીને તારાની આયા તરીકે રહેલી મેરી સુદ્ધાં અપીલ કરી જાય તેવાં પાત્રો છે. સુનંદાનું બાળપણ તેની કાકીની વર્તણૂકથી પ્રભાવિત રહયું હતું. કર્કશાને ચાલાક કાકીએ અનાથ સુનંદાને કામગીરી, સંસ્કારી અને ઘર કૂકડી બનાવી પોતાની સાધુતા અને સુનંદાની સમજશક્તિનો પૂરો લાભ તેણે લીધો. પુત્રી અને ભત્રીજીમાં ભેદ રાખી સુનંદાનું બૂરું કરવામાં અને તારાનું સારું કરવામાં તે સદા તત્પર રહી. વિધિની વક્રતા એવી રહી કે વિશેષ લાડકોડને પરિણામેપુત્રી તારાની હાલત સુનંદા કરતાંય વધુ ખરાબ બની સુનંદાના પાત્રને વધુ ખીલવવા માટે પક્ષાઘાતનો હુમલાનો ભોગ બનતાં કાકીનું સર્જકે પાછળથી મૃત્યુ બતાવ્યું. આ પાત્ર નવકલથામાં ખૂબ જ પ્રભાવશાળી રહયું છે. ભાવક પર તેની છાપ લાંબો સમય રહી જાય છે.

સુનંદા કાકીથી ગભરાતી હતી તેજ રીતે જગમોહન સાથેના લગ્ન પછી, પતિગૃહે આવ્યા પછી જગમોહનદાસની પ્રથમ પત્નીની તસ્વીરથી પણ તે ડરતી હતી. સજીવ પાત્રની શેહમાં કોઈ દબાઈ જાય તો માની શકાય. અહીં તો તસ્વીરમાં સ્થિત પાત્ર સુનંદા પર પ્રભાવ પાડે છે. તસ્વીરમાંના સુમનબહેનના ચહેરાની રેખા અને ચશ્મામાંથી આરપાર વીંધતી તેમની બોલકી આંખો સુનંદાના પાત્ર પર જ નહીં ભાવક પર પણ એક સરખો પ્રભાવ પાથરે છે.

મૃત સુમન બહેનની તસ્વીર દિવાનખંડમાં હતી. એનો પરિચય એનાં બાળકોનાં મુખેથી કે પતિના મુખેથી સાંભળવા મળતો, છતાં આખા વાતાવરણમાં તે છવાયેલી રહેતી. સુમન બહેનની તસ્વીર જાણે સુનંદાને હસતી હોય એવું સુનંદાને સતત લાગતું.

ક્યારેક એ તસ્વીર અહીં તારો કોઈ અધિકાર નથી ચાલી જા – એવું કહેતી હોય એવો સુનંદાને ભાસ થતો. સતત પોતાની પાછળ કોઈ ચાલતું હોય એવું તે અનુભવતી, એ તસ્વીરને જોતાં જ તે ડરી જતી, અકળાતી, અહીં તેનું પોતાનું કંઈ જ નથી, જે છે તે બધું જ આ તસ્વીરમાં સ્થિર સુમનબેહનનું છે. એવું તેને લાગતું સુનંદા જેમ જેમ વધુ અકળાતી તેમ તેમ પેલી તસ્વીર જાણે ખડખડાટ હસતી હોય તેવો ભાસ થતો, તે પરસેવે રેબઝેબ થઈ જતી. ચીસ પાડી ઊઠતી. જેની તસ્વીરનો જ આટલો પ્રભાવ હતો તે સ્ત્રી જીવંત હતી ત્યારે પણ એટલી જ જાજરમાન હતી તેણે પોતાની મરજી વિરૂદ્ધ મા-બાપના દબાણથી લગ્ન કર્યું હતું. પતિને તે ચાહતી ન હતી, પહેલી જ રાતે તેણે પતિને નકાર્યો હતો. જે સ્ત્રીમાં પ્રથમ રાત્રે પતિને નકારવાની હિંમત હતી તે સ્ત્રી પોતાનાં વડિલો સામે વિદ્રોહ કેમ ન કરી શકી તે પણ એક પ્રશ્ન છે. તે ઘર અને સમાજમાં એવું વર્તન રાખતી કે બધાંજ એનાં વખાણ કરતા અને જગમોહનદાસની આવી સુંદર પત્ની મેળવવા બદલ ઈર્ષા કરતા, બે બાળકો હતાં છતાં તેનું દામ્પત્યજીવન એ ફકત વ્યવસ્થા હતી. બંને વચ્ચે પ્રેમ ન હતો. પુત્ર-પુત્રીને પણ તેણે સિફતથી તેમના પિતાથી દૂર કરી દીધા હતાં. એક મા તરીકે તે બાળકોને પિતાના પ્રેમથી, હૂંફથી દૂર કેમ રાખી શકી તે આશ્ચર્યજનક લાગે છે. કદાચ, આ એની માનસિક વિકૃતિનું પરિણામ હોઈ શકે. એની જીવન દષ્ટિ જ ખોટી હતી. એક વિચિત્ર અને ચાલાક સ્ત્રી રૂપે આવતું આ નારી પાત્ર જગમોહનદાસના જીવનનો એક દુ:ખદ હિસ્સો હતું. બાળકોની દષ્ટિએ તે સૌથી પ્રેમાળ મા હતી. સુનંદાને માટે ડરનો પર્યાય હતી. સુનંદાના મનોમંથનને ખૂબ સરસ રીતે આ તસ્વીરની મદદથી લેખિકાએ રજૂ કર્યું છે.

પિતાની સાલસતા મને માતાના પ્રભાવશાળી વ્યક્તિત્ત્વનો સમન્વય એટલે જગમોહનદાસ અને સુમનબહેનની પુત્રી અમલા. મા જેવી સ્વરૂપવાન અને ચાલાક પણ ખરી જ. નવલકથાના આરંભમાં તે ખૂબ અલ્લડ અને હઠીલી છોકરી રૂપે દેખા દે છે. સુનંદાને માટે ટકવું ભારે પાડી દે એવી અમલા તક મળતા સાવકી મા સુનંદાનું અપમાન કરવાનું ચૂકતી ન હતી. નવલકથાના ઉત્તરાર્ધમાં એક સરસ ભોળી છોકરી રૂપે તેનું સુંદર આલેખન વાચકને ગમી જાય તેવું થયું છે. તે પોતાની મૃત માને ચાહતી, આંસુ સારતી, પિતાના બીજા લગ્નને ગેરવ્યાજબી ઠેરવતી, પિતાને પણ રોકડું પરખાવી દેતી હતી. મા કેવી હતી, માનું પોતાના પિતા પ્રત્યેનું વર્તન કેવું હતું તે પિતા પાસેથી જાણ્યા પછી

અને સુનંદાના મનને સમજયા પછી તે સુનંદા સાથે ખૂબ સરસ રીતે વર્તવા લાગી હતી. પિતાના મૃત્યુપછી સુનંદાને પુનલગ્ન માટે સમજાવતી તે એક પરિપકવ સ્ત્રી રૂપે, સુનંદાની સખી રૂપે અંતે જોવા મળે છે. પાત્રોના સંવાદમાંથી અમલાનું પાત્ર સરસ રીતે ઉપસી આવે છે. લ્યૂસી એટલે કે તારાની સતત ચિંતા કરવી, તેની કાળજી રાખતી, તેને માટે સુનંદાને ભલામણ કરતી, તેની માંદગી વખતે પ્રાર્થના કરતી અને આંસુ સારતી સરળ હૃદયની મેરી ખૂબ જ નાનકડું છતાં નોંધ લેવી પડે તેવું સહૃદય પાત્ર છે.

'મારે પણ એક ઘર હોય' નવલકથાની નાયિકા લીના અને 'રેતપંખી' નવલકથાની નાયિકા સુનંદા, બંનેના જીવનની ગતિવિધિમાં કુટુંબ કેન્દ્ર સ્થાને છે. બંને નાયિકાઓ કૌટુંબિક સંઘર્ષમાંથી મુક્તિ મેળવવા, મનગમતા પુરૂષના સ્વપ્ન સેવતી હતી. 'મારે પણ એક ઘર હોય', નવલકથામાં લીનાનો સ્વપ્ન પુરૂષ અનુપમ, હસમુખો, મળતાવડો, આકર્ષક અને સ્વમાની છે. સામાન્ય નોકરી કરીને જીવન ગુજારતા અનુપમે ધાર્યું હોત તો કાકાની અઢળક સંપતિનો વારસ થઈ શકયો હોત. કાકાની શરત તેને મંજૂર ન હતી. અનુપમના માતા-પિતાના મૃત્યુ બાદ, તેના કાકા, તેને અઢળક સંપત્તિનો વારસદાર બનાવવા ઈચ્છતા હતા, પરંતુ કાકાની શરત એ હતી કે, અનુપમને પોતે દત્તક લે અને પછી અનુપમે પોતાના નામ પાછળ પિતાના નામને સ્થાને કાકાનું નામ લખવું અનુપમને એ વાત મંજુર ન હતી. અનુપમે કાકાના પ્રસ્તાવને સ્વમાનભેર ઠુકરાવ્યો હતો. લીના તરફ આકર્ષાયા પછી લીનાની બહેન સુરેખાના પ્રેમમાં પડતો, તેની સાથે લગ્ન કરતો અનુપમ, સુરેખાની માનસિક બીમારીની વાતથી તદ્દન અજાણ હતો. લગ્ન બાદ જયારે તેણે સુરેખાની માનસિક બિમારીની વાત જાણી ત્યારથી છેતરાયાનો ડંખ તે અનુભવતો હતો, છતાં સુરેખાને પ્રેમ કરતો અને પહેલાંથી તેની વધુ ચિંતા કરતો અનુપમ સાલસ અને સમજદાર લાગે છે. સુરેખા તેના જીવનમાંથી લગભગ દૂર થઈ ગઈ હતી છતાં તેને વિશ્વાસ હતો કે એક દિવસ સુરેખા સ્વસ્થ થઈ પાછી ફરશે, પરંતુ તત્કાળ તો તેણે પોતાની જાતને અને પોતાના પુત્રને, લીનાને હસ્તક કરી દીધા હતા અને લીના પાસે તેણે પ્રારંભમાં લીના માટે પોતાને થયેલાં આકર્ષણની વાત કબૂલી પણ હતી. લીના સાથેની વાતચીત કે વર્તનમાં પણ તેની સાલસતા અને નિખાલસતા વર્તાતી હતી. લીનાની સુખદ-દુઃખદ બંને પરિસ્થિતિ માટે અનુપમના નિર્ણયો મહત્ત્વના બની રહયા હતા. અનુપમના સુરેખા સાથે લગ્ન કરવાના નિર્ણયે, લીનાની જિંદગીની તમામ

સુખદ સ્થિતિની શકયતાઓને જાણે હરી લીધી હતી. અનુપમના લીનાને અપનાવવાના અંતિમ નિર્ણય, લીના જે ઝંખતી હતી તે બધું જ આપી દીધું.

'રેતપંખી' નવલકથામાં બીજવરને પરણેલી સુનંદાના પ્રેમી તરીકે આવતું પાત્ર શ્રીધરનું છે. સુનાંદાના પતિ જગમોહન કરતાં પણ શ્રીધરનું પાત્ર વધારે મહત્ત્વનું લાગે છે. પ્રૌઢ પુરૂષ સાથેનું લગ્ન સુનંદા માટે સમાધાન હતું. જયારે શ્રીધર એ એક જ એવું પાત્ર આ નવલકથામાં છે જે સુનંદાને તમામ દુઃખમાંથી, સંઘર્ષપૂર્ણ સ્થિતિમાંથી છુટકારો આપી શકે કે સુનંદાના દુઃખને હળવું બનાવી શકે. અનુપમની જેમ શ્રીધર પણ હસમુખો અને મળતાવડો હતો. ગરીબીને, દુઃખને હસતે મુખે ઝીલવાની શ્રીમંતાઈ લઈને જાણે જન્મ્યો હતો. એની હાજરીમાં આસપાસનું આખુ વાતાવરણ હસું હસું થઈ ઊઠતું. અનુપમની જેમ જ સામાન્ય નોકરી કરીને ઈમાનદારીથી પેટિયું રળતા શ્રીધરને તેની માની અસહય બિમારી અપ્રમાણિકતાની હદ સુધી લઈ ગઈ હતી. નિખાલસતાથી તેણે આ વાત સુનંદાને જણાવી પણ હતી. સુનંદાને તે ચાહતો હતો, ઝંખતો હતો, પરંતુ માના મૃત્યુ પછી અચાનક અમેરિકા જવાની તક મળતાં તે અમેરિકા ચાલી ગયો હતો. સુનંદાને જણાવ્યા વિના, તેનો વિચાર કર્યા વિના. સુનંદા વિધવા છે તે જાણવા છતાં, તેને મળ્યા વિના તે અમેરિકા ચાલી ગયો હતો. શ્રીધરના આવા વર્તન પાછળ શું કારણ હતું તે કળાતું નથી. સ્વાર્થ હતો, બેપરવાઈ હતી કે પછી સુનંદા માટે જે પ્રેમ હતો તે ઉપર છલ્લો હતો ? જો શ્રીધરને સુનંદા પ્રત્યે સાચો પ્રેમ હોય તો લેખિકાએ આ પાત્રને અન્યાય કર્યો છે એમ કહી શકાય. સુનંદાને દુઃખદ પરિસ્થિતિમાંથી જો કોઈ ઉગારી શકે એવું પાત્ર હોય તો તે શ્રીધરનું જ છે, પરંતુ શ્રીધરને અચાનક અમેરિકા મોકલીને સર્જકે સુનંદાના પુનઃલગ્નની શકયતાનો અને તેના સુખી જીવનની સંભાવનાનો અંત આણ્યો છે. સુનંદાના પાત્રને વધુ કરુણ સ્થિતિએ પહોંચાડવા જ શ્રીધરના અમેરિકા ચાલી જવાનો પ્રસંગ રચાયો હોય એવું લાગે છે.

'મારે પણ એક ઘર હોય' અને 'રેતપંખી' નવલકથાનોઅંત સાવ ભિન્ન છે છતાં બંને નવકલથાના અંતમાં પુરુષ પાત્રોએ ભરેલું પગલું નાયિકાના જીવન માટે અગત્યનું બની રહે છે. બંને નવલકથાનો અંત આશ્ચર્યજનક છે. 'રેતપંખી' નવલકથાનો અંત આશ્ચચર્ય સાથે આંચકો આપે તેવો છે. જયારે 'મારે પણ એક ઘર હોય' નવલકથામાં આવી પડેલી પરિસ્થિતિ સાથે સુખદ સમાધાન જોવા મળે છે.

'એની સુગંધ' નવલકથાની નાયિકા રમીલાનું પાત્ર 'મારે પણ એક ઘર હોય' અને 'રેતપંખી'ની નાયિકાઓ કરતા થોડું જુદું છે. સુરેન્દ્રનગરના 'ભાગ્યોદય' નાટક કંપનીના બજરંગદાસ નાયકની પુત્રી રમીલા નાનપણથી જ ઘણા બધા સંઘર્ષો પાર કરે છે. ઘણું બધું સહન કરે છે. નાનપણથી મા કોઈક તરગાળા સાથે ભાગી જાય છે અને પિતા તેને ખૂબજ વ્હાલથી ઉછેરે છે. નાની હતી એટલે રાત્રે એકલી ઘરે ન રખાય ત્યારે પિતા તેને તેની સાથે ભવાઈમાં લઈ જતાં રમીલા પિતાને ઐતિહાસિક રાજા-મહારાજાના પાત્રમાં જોવે એટલે ગર્વ અનુભવે. રાત્રે મોડે સુધી જાગે એટલે સવારે નિશાળનું મોડુ થાય. બાપુ ચોટલા ગૂંથીને શાળાએ મૂકવા જતાં ત્યારે કપિલા માસ્તરણીનું મોઢું બિલાડી જેવું થાય તેના ત્રાસથી છૂટવા રમીલા રાત્રે બીક લાગે તો પણ ઘરે એકલી રહેવા લાગી. ધીમે ધીમે રમીલા મેટ્રકી સુધી અભ્યાસ કરે છે. મેટ્રીકમાં પાસ થાય છે. ગામના શેઠ નવનીતલાલે રમીલાને વધુ અભ્યાસ માટે મુંબઈ કોલેજમાં દાખલ કરાવી આપી અને હોસ્ટેલ સુધી મૂકી જવાની વ્યવસ્થા કરી દીધી. રમીલાના માનમાં સ્કૂલમાં પ્રોગ્રામ પણ રખાયો ત્યારે પણ ગામના વિજયાકાકીએ રમીલાને સંભળાવ્યું હતું કે આખા ગામ દેખતા શેઠને હાર પહેરાવી મુંબઈ શેઠ મોકલે છે તો કાંઈક લાજ શરમ નથી પોતાની મા સાથે સરખાવીને તેને ખૂબ સંભળાવે છે.

ત્યારબાદ વેકેશન દરમિયાન ગામ આવી પિતા સાથે રહેતી. હોસ્ટેલમાં પ્રિયા નામની બહેનપણીનો સથવારો હતો. છેલ્લા વર્ષમાં આવી પિતાનું અવસાન થાય છે. શેઠના દિકરા સુમંતે હવે ઝાઝુ ભણાવવા પાછળ પૈસા આપવાની ના પાડી. માનસશાસ્ત્ર વિષય રાખી બી.એ. થયા પછી મુંબઈમાં 'મહિલા ઉત્કર્ષ મંડળમાં' સભ્ય ફી લેવાની નાની નોકરી કરી અને મહેતા મહેલમાં ત્રીજે માળે રૂમ નં. ૫ માં ગિરગામમાં રહેતી ત્યાં ખોલીનો માલિક કર્ણાકર અને તેના પુત્ર અભ્યંકરના ત્રાસથી રમીલા ત્રસ્ત છે પણ મજબૂરીમાં રહેવું પડે છે.

ત્યાં અચાનક એક વખત દરિયા કિનારે તેની મનસુખ વાઘેલા સાથે મુલાકાત થાય છે. મનસુખ વાઘેલા પાંત્રીસ - છત્રીસ વર્ષનો નાના-મોટા કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. મનસુખ ડિટેકટીવછે. તે નાના-મોટા કેસ સોલ કરે છે. તેને કોઈ ઓફીસ નથી તે રહે છે ત્યાંજ તેને રૂમમાં જ ઓફીસ કરી છે. તે રમીલાને ત્યાં લઈ

જઈને બંને સાથે કામ કરે છે. ધીમે ધીમે રમીલા પોતાના મહિલા મંડળના ભાવનાબેનના પતિ અને તેની સેક્રેટરી રોઝીના અફેરના કેસને રમીલા સફળતા મેળવીને પૂર્ણ કરે છે. ત્યારબાદ સુનિતાનો કેસ, મિ. વેલરનો કેસ, મહારાજના તેલના ડબા ચોરવાનો કેસ આ બધા કેસમાં સફળતા મળતી ગઈ. રમીલા ઓરને ઓર લગનથી કામ કરે છે. ત્યાં એક મશહૂર ડિટેકટીવ કંપનીના માલિક મિસ્ટ એન્જિનીયર ઉર્ફે અવિનાશ ડિટેકટીવ સાથે ઓળખ થાય છે. ત્યાંથી બંનેનો વારંવાર મેળાપ થતો રહે છે.

એવામાં એક વખત રમીલાને ભાવનાબેનની દિકરીની દિકરી જૂઈ જે ચાર વર્ષથી ખોવાઈ છે તેનો કેસ મળે છે. તે પણ સફળતા સાથે પૂર્ણ કરે છે. એક તરફ અવિનાશ સાથે રમીલાનો સંબંધ આગળ વધતો જાય છે તો મનસુખ પણ રમીલાને મનોમન ચાહતો હોય છે. પૂના શાંતાબાઈના કેસની સફળતા પછી અવિનાશ – રમીલા ખૂબજ નજીક આવ્યા હવે રમીલાને જીવન જીવવું ગમે છે. કારણ કે આજે કોઈના લીધે જીવવાનું મન થાય છે. ઘણા વર્ષોના સંઘર્ષ પછી માંડ જીવવાનુ ંએક બ્હાનું જીંદગીમાં રમીલાને મળે છે. ત્યાં જ અવિનાશની પ્રથમ પત્ની નિકિતાને કેન્સર હોય` અને તે જીંદગીના છેલ્લા દિવસોમાં તે તેના પતિ સાથે રહેવા માગે છે. આમ તો બંને ઘણા વર્ષોથી છૂટા રહેતા હતા અને છૂટાછેડા પણ લેવાના હતાં ત્યાંજ ખબર પડે છે તેને કેન્સર છે. આથી રમીલા પાસે રજા માગવા આવે છે કે હું નિકિતા પાસે જાઉં છું. રમીલા પણ કોઈના મૃત્યુ ઉપર પોતાનો સુખના શ્વાસ લેવા ન્હોતી ઈચ્છતી આથી તે રાજી-ખુશીથી અવિનાશને જવાની પરવાનગી આપે છે.

રમીલાનું પાત્ર આખી નવલકથામાં સહનશીલ પાત્ર છે. નાની હતી ત્યારથી ખૂબજ સહન કરતી આવી છે. ઘણાં અભાવો વચ્ચે તે જીવી હતી જયાં જીવવાનું મન થાય તેવું અવિનાશ સાથેનું જીવન શરૂ થયું ત્યાં જ વિધિની વક્રતાને કારણે રમીલાનું જીવન એકલવાયું બની ગયું. વાર્તાના અંતે રમીલા સંકેતથી કહી દે છે કે અવિનાશનો અંશ તેની સાથે જ હોય તેવું રમીલા કહે છે. આમ, જોઈએ તો આખા પાત્રની કરૂણા આખી વાર્તામાં જોવા મળે છે અને છેલ્લે એક સ્ત્રી સહજ ભાવથી તે અવિનાશને જવા દે છે. ત્યારે રમીલાના પાત્ર પર માન થાય અને દયા પણ આવે ઘણીવાર એવું લાગે કે રમીલાના નસીબમાં ખુશી માત્ર અલ્પ સમયની હોય તેવું લાગે છે.

નવલકથામાં નાયિકાની સાથે સતત બે પાત્રો ચાલે છે. એક મનસુખ અને બીજું પાત્ર અવિનાશ. આ બંને નાયક અને નાયિકા વચ્ચે પ્રણય ત્રિકોણ રચાય છે. મનસુખ વાઘેલા ૩૬-૩૭ વર્ષનો આ પુરુષ દેખાવે સાવ સામાન્ય પણ બુદ્ધિથી સમજથી ખૂબ જ હોંશિયાર અનુમાન કરીને માણસના મનની ગુફા સુધી પહોંચી જાય રમીલાને તે દરિયા કિનારે પ્રથમ વાર મળે છે અને રમીલાના બાહય દેખાવ પરથી તેની બધી વાત તેને કરે છે ત્યારે રમીલાને આશ્ચર્ય થાય છે કે મારા વિશે આ માણસ આટલું બધું કેમ જાણે છે પણ પછીથી ખબર પડે છે કે તે નાનકડી ડીટેકટીવ કંપની ચલાવે છે અને નાના-મોટા કેસ આવે તો તેને સોલ કરીને સફળતા પ્રાપ્ત કરે છે. રમીલાને પ્રથમ વખત મળ્યો ત્યારે તેને કામ આપવાની વાત કરી અને ખરેખર રમીલાની મદદથી તે 'મહિલા ઉત્કર્ષ મંડળના' પ્રમુખ ભાવનાબેનના પતિ પરમાનંદદાસ અને તેની સેક્રેટરી રોઝીના અફેર વિશેનો ભાંડો ભાવનાબેન પાસે ફોડે છે. રમીલાની પ્રથમ સફળતા પછી ઘણાં નાનાં-મોટાં કેસમાં તેઓ સફળતા પ્રાપ્ત કરે છે. બુદ્ધિ શક્તિથી પાવરફુલ માણસ બહારથી કઠોર દેખાતો મનસુખ અંદરથી સાવ કોમળ છે. પોતાના મનમાં કે હૃદયમાં શું ચાલી રહયું છે તે જલ્દીથી કોઈને ખબર પડવા ન દે.

રમીલાના સાથ-સહકારથી ધીમે ધીમે કામ સરસ ચાલે છે. રમીલાની ચાલના કર્ણીકર અને અભ્યંકરના ત્રાસને કારણે રમીલાને ત્યાંથી મુકત કરે છે અને પોતાના ઘરે રહેવા લઈ આવે છે અને પોતાનાં ઘરમાં રમીલાને રાખી પોતે બહાર રહે છે. કયારેય એકલતાનો ફાયદો ઊઠાવીને રમીલાનો લાભ નથી લીધો.

મનસુખનો ભૂતકાળ ખૂબ જ કરુણ હતો એકવાર રમીલાના હાથમાં જૂના છાપાનો કાગળ આવે છે તે વાંચે છે નવ પરણિત યુવતિનું અગ્નિસ્નાન. પછી આંખો ફકરો વાંચે છે તેમાં લખ્યું હતું તે ટૂંકા સમાચાર વાંચે છે. .... મૃદુલા અને મનસુખના લગ્ન થયા હતા, મનસુખ વડોદરાથી મુંબઈ નોકરી માટે આવ્યો હતો, જગ્યાની સગવડ થતાં તે નવોઢાંને તેડાવવાનો હતો. પાછળથી સાસરીયા સાથે થતાં ઝઘડાથી ત્રાસી મૃદુલા બળી મરી હતી...આ મનસુખના જીવનમાં બનેલી કરુણ ઘટના પછી સાવ એકલો અટૂલો રહેતો.

તેલ-ઘીના ડબ્બા ચોરવાના થોડા ઘણા નાના મોટા કેસ લડતા જે પૈસા બચ્યા તેમાંથી પોતાની પ્રાઈવેટ 'સમથિંગ ડીટેક્ટિવ એજન્સી' ખોલે છે. મરીન ડ્રાઈવ પર, સી વ્યૂ એક મોટા બિલ્ડીંગમાં તે પોતાની ઓફિસ બનાવે છે. અંદર અંદર રમીલાને ચાહે છે પણ કયારેય કહી નથી શકતો. રમીલાના માટે તે સરસ ફ્લેટ પણ ખરીદે છે રમીલાને અવિનાશના સંબંધની ખબર પડતાં મનમાં સહેજ દુઃખ પણ થાય છે. મનસુખ જયારે પહેલીવાર રમીલાના ઘરે જાય છે ત્યારે રમીલા વિચારે છે કે મનસુખની દષ્ટિથી પોતાની સાથેનાં સંબંધનો એણે કદી વિચાર જ નહોતો કર્યો ! "જે વેલીને કદી ફૂલ આવવાના નહોતા છતાં કેટલી લગન અને કાળજીથી એની માવજત એ કરતો હતો !"[૧૧] આમ, આ મનસુખનું પાત્ર અંદરના વિશ્વમાં જ જીવતું ધીર ગંભીર પાત્ર બની રહયું છે.

તો પાત્ર ચરિત્રમાં અવિનાશનું પાત્ર નાયક તરીકે આવે છે. મોટી ડિટેકટીવ કંપની ચલાવતો આ ડિટેકટીવ મિ. એન્જિનીયરના નામથી ઓળખાતો પ્રથમ વખત રમીલા તેની કંપનીમાં પત્રકાર બની તેની મુલાકાતના બહાને તેના કામ વિશે જાણવા જાય છે ત્યારે તેનો પરિચય થાય છે. પછી ધીમે ધીમે પરિચય વધે છે. બંને એકબીજાની નજીક આવે છે અને એક કેસ માટે તે રમીલા સાથે પૂના જાય છે. ત્યાં હોટલમાં સુંદર યુવતી મળે છે અને રમીલા અને અવિનાશના સંબંધ વિશે કહે છે ત્યારે રમીલાને જાણ થાય છે કે અવિનાશ પરણેલો છે અને આ સ્વરૂપવાન યુવતી નિકિતા તેની પત્ની છે. ત્યારે અવિનાશ તેના ભૂતકાળની વાત કરતાં રમીલાને કહે છે. "આ દુનિયામાં લાખો દંપતી એવી રીતે જીવે છે. રમીલા જેને પ્રેમ માન્યો હોય એ હકીકતમાં ક્ષણિક મોહ સિવાય કશું ન નીકળે પણ જયારે ખબર પડે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય !"[૧૨] અવિનાશ નિકિતા વિશે વાત કરતાં કહે છે તેના સાથે કલબમાં બેડમિંટન રમતાં રમતાં શારીરિક આકર્ષણના કારણે અમે નજીક આવ્યા મારા પિતા પોલીસ ઈન્સ્પેકટર અને હું એક જ સંતાન અને સાહસિકતાને સચ્ચાઈ એ બે ગુણ મારા જીવનનાં મહત્ત્વના બન્યા મા-બાપ પાસે જીદ કરી ને અમે પરણ્યાં નિકીતાના પિતા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટના પિતા તેના બિઝનેસમાં અવિનાશ જોડાય તેવું ઈચ્છતી હતી. ધીમે ધીમે લગ્ન પછી પ્રણયનો રંગ

[૧૧] 'એની સુગંધ' વર્ષા અડાલજા, પ્ર. આ., ૧૯૮૭, પૃ. ૨૮૯.

[૧૨] એજન, પૃ. ૨૬૯.

ઊડવા લાગે છે. જેને ચળકતું મોતી માન્યું તે ઝાકળનું એક ટીપું નીકળ્યું. આમારા વિચાર, જીવન, સંસ્કાર, જીવનદષ્ટિ ઘણું જુદુ પડયું. આથી અમે છૂટા રહેવા લાગ્યા અને હવે ડિવોર્સ માટે પેપર પણ તૈયાર કરાવ્યા છે. આથી કાયમ માટે હું અને નિકિતા છૂટા પડી જશું. આવી ભૂતકાલિન વાત અવિનાશ રમીલાને કરે છે. ત્યાં પૂનામાં જ બંને પાત્રો ખૂબ જ ગાઢ રીતે નજીક આવે છે અને સાથે રહેવાના સ્વપ્ના પણ જુએ છે.

અવિનાશ થોડાં દિવસ પછી રમીલાને ડિવોર્સની ખુશખબર આપવા આવવાનો હોય છે તેના બદલે આવે છે એ સમાચાર લઈને કે કાયમને માટે તે મૃત્યુ સમીપ પહોંચેલી નિકિતા પાસે જાય છે. એટલે રમીલાની રજા લેવા આવે છે. રમીલા પણ મનમાં દુઃખ અનુભવે છે પણ પછી કહે છે કે બીજાના મૃત્યુ પર આપણા સુખનો મહેલ ન રચાય માટે તમે જાવ અંતે અવિનાશ જાય છે. જીંદગીમાં જેવું વિચાર્યુ તેવું જ થાય તે શકય નથી. આમ અહીં અવિનાશ – મનસુખ – રમીલા આ ત્રણેય વચ્ચે પ્રણય ત્રિકોણ રચાય છે.

એક તરફ મનસુખ રમીલાને મનમાં જ ચાહે છે અને તેના માટે બધું જ કરી છૂટે છે. જયારે અવિનાશ પણ રમીલાને ચાહે છે પણ તેની ચાહત નિકિતા પાસે મજબૂર બની જાય છે અને તેને રમીલાને મૂકીને જવું પડે છે.

આ ઉપરાંત નવલકથામાં આવતા ગૌણ પાત્રોમાં બજરંગદાસ નાયક રમીલાનાપિતા મોટા ભવૈયા નાટકોમાં મોટા મોટા પાત્રો ભજવનારા. નાટક કંપનીની સામે સિનેમા શરૂ થયાં ત્યારે તેનો ધંધો ભાંગી પડે છે અને જીંદગીના કરુણરસના પાઠ ભજવતા ભજવતાં તેની જિંદગી સાચે કરુણાંત બની રહે છે.

ત્યારબાદ મહિલા મંડળના પ્રમુખ ભાવનાબેન ભભકાથી જીવનરી એશો અરામવાળી જીંદગીનો ડોળ કરનારી આ મહિલા બહારથી જાજરમાન છે પરંતુ તેના જીવનની પણ કરુણાં છે તેનાં આટલાં વર્ષોના લગ્ન જીવનમાં તિરાડ પડે છે. મહિલાઓના ઉત્કર્ષ કરનારી આ મહિલા તેના જીવનનો ઉતકર્ષ જ નથી કરી શકતી. પરમાનંદદાસ અને રોઝીના અફેરથી તે સાવ ઢીલી પડી જાય છે.

તો કુસુમ સાવ સામાન્ય ઘરની છોકરી છે પણ સ્વમાની છે પોતાના બોસના

છોકરાની સાથે અફેર થાય છે. કુસુમ સાચો પ્રેમ કરે છે પણ પૈસાદાર બાપનો આ દિકરો માત્ર કુસુમનો ઉપયોગ કરીને છોડી દે છે, રમીલાને ખબર પડતાં તેને નોકરી અપાવીને પોતાની કંપનીમાં રાખે છે.

આમ, અહીં આવતા નાના મોટા બધાં જ પાત્રો નવલકથાની કથા વસ્તુને વેગ આપવામાં ખૂબજ મહત્ત્વના બન્યાં છે. 'મારે પણ એક ઘર હોય', 'રેતપંખી' નવલકથાના પાત્રો કરતાં 'એની સુગંધના' નવલકથાના પાત્રો થોડા વિભિન્નતા વાળા છે. આમ પાત્રાલેખન કળામાં લેખિકાએ વિભિન્નતા દ્વારા પણ પાત્રના માનસના ભાવોને તેના જીવનને સરસ રીતે આલેખ્યા છે. એકંદરે પાત્રો જીવંત – સહજ અને સરળ લાગે તેવા બન્યા છે.

- **પ્રણય નવલકથામાં પ્રગટ થતું જીવનદર્શન :**

નવલકથામાં નિરૂપિત વિષય દ્વારા, પાત્રોનાં માનસ દ્વારા, વર્તન દ્વારા, તેમનાં સંઘર્ષ દ્વારા તેમજ નવલકથામાં આવતાં લેખકનાં ટીકા–ટિપ્પણ કે ચિંતન દ્વારા લેખકનો જીવન પ્રત્યેનો અભિગમ રજૂ થતો હોય છે. કાર્યનું જીવન પ્રત્યેનું હકારાત્મક કે નકારાત્મક દષ્ટિબિંદુ એમાં રજૂ થાય છે. નવલકથા લખવા પાછળનો કોઈ ચોક્કસ હેતું સર્જક પાસે હોય છે. જયારે નવલકથાને સંપૂર્ણ રીતે વિકસાવે છે ત્યારે, એના સમગ્ર આલેખનમાં એના મનમાં ઊંડે ઊંડે રહેલું રહસ્ય જીવનદર્શન રૂપે પ્રગટ થાય છે. ખરેખર તો આ જીવનદર્શન જ નવલકથાના આ બધાં અંગો દ્વારા ધ્વનિત થાય છે. પણ કલાકારે આ જીવનદર્શન તેના સંપૂર્ણ તાટસ્થ્ય દ્વારા વ્યક્ત કરેલું હોય તો જ તે અસરકારક નિવડે છે. નવલકથામાં આધાર જીવનનો છે આથી જીવનને વેગળું મૂકીને એમાં કંઈ રચી શકાતું નથી અને જયાં જીવન આવે છે ત્યાં જીવનનો કોઈ નિચોડ પ્રગટ થવો જોઈએ. નવલકથા રચવાનો મુખ્ય હેતુ જ જીવનદર્શન છે.

અહીં પણ 'મારે પણ એક ઘર હોય', 'રેતપંખી' અને 'એની સુગંધ' નવલકથામાં મોટે ભાગે જીવન વિશેનું લેખિકાનું વલણ આશાસ્પદ જણાય છે. તેમની કૃતિમાં આલેખાયેલા જીવનનાં વિવિધ સ્વરૂપમાં એ દષ્ટિનો સરસ રીતે પરિચય મળે છે.

ભારતીય સમાજમાં કુટુંબનું મહત્ત્વ વિશેષ છે. કુટુંબ, એ કુટુંબના સભ્યોનાં

સમર્પણ, બલિદાન, તેની ફરજનિષ્ઠા, કર્તવ્ય પરાયણતા પર જ ટકે છે. એક આખા કુટુંબને શકય તેટલું સુવ્યવસ્થિત અને સુમેળ ભર્યું રાખવા માટે કયાંક કોઈના અરમાનો, ઈચ્છાઓ, મહત્ત્વાકાંક્ષાનો ભોગ લેવાતો હોય છે અને એવી એકાદ વ્યક્તિનાં સમર્પણ, ત્યાગ જ કુટુંબના અન્ય સભ્યોનાં જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવી જતાં હોય છે. એક તરફ પોતાની ઈચ્છા, અરમાનો, બીજી તરફ ફરજ કે કર્તવ્ય, તે બે વચ્ચેનો સંઘર્ષ, અંતે સમૂહના હિતને ધ્યાનમાં રાખીને લેવાતો નિર્ણય અને તે દ્વારા કુટુંબનું ટકવું – આ જ વાત 'રેતપંખી'માં સર્વસ્વનો ત્યાગ કરતી સુનંદા દ્વારા 'મારે પણ એક ઘર હોય'માં પોતાના ભણતર અને પ્રેમનો ત્યાગ કરતી લીના દ્વારા, અને 'એની સુગંધ'માં રમીલાના ત્યાગ દ્વારા સ્પષ્ટ થાય છે.

ગોઠવાયેલા લગ્નની નિષ્ફળતા જ નહીં પરંતુ પ્રેમલગ્નની નિષ્ફળતા પણ ખૂબ અસરકારક રીતે લેખિકાએ બતાવી છે અને આવેશમાં ભરાયેલું વ્યક્તિનું પગલું કુટુંબ અને સમાજને તૂટેલા ઘરના ભંગાર જેવું જીવન આપવા સિવાય કશું જ આપી નથી શકતું તેનું દર્શન આ ત્રણ નવલકથામાં કરાવ્યું છે.

'મારે પણ એક ઘર હોય'માં સુરેખાના પાત્ર દ્વારા સરસ રીતે બતાવ્યું છે. પ્રિય પાત્રને ગુમાવાના ડરે જ સુરેખા પોતાની માનસિક બિમારીની વાત અનુપમથી છુપાવે છે. તે સમયે અનુપમને પોતે છેતરે છે તે વાત સુરેખા ભૂલી જાય છે. અનુપમને જાણ થશે ત્યારે શું ? આનું પરિણામ કેવું આવશે ? તે વિચારવા પણ તે થોભતી નથી. પોતાના અંગત સ્વાર્થમાં તે પોતાની જાતને પણ હોડમાં મૂકતા અચકાતી નથી. આ જાતનું આલેખન સર્જકે ખૂબ જ તટસ્થતાથી અને વાસ્તવિક રીતે નવલકથામાં કર્યું છે. આવું જ આલેખન થોડી જુદી રીતે 'રેતપંખી'માં શ્રીધરના પાત્ર દ્વારા જોવા મળે છે. તે સુનંદાને ચાહતો હોવા છતાં પણ, અર્થપ્રધાન સંસ્કૃતિને તેણે વિશેષ મહત્ત્વ આપ્યું આથી સુનંદાનું શું થશે ? તે વિચાર્યા વિના, તેને જાણ પણ કર્યા વિના તે વાર્તાને અંતે અમેરિકા ચાલી જાય છે. સર્જકે તે દ્વારા માનવ મનની સંકુલ પરિસ્થિતિનું દર્શન કરાવ્યું છે. તો વળી 'એની સુગંધ'માં નાયિકા રમીલા પોતાનું સર્વસ્વ અનિવાશને સોંપી દે છે અને અંતે અવિનાશ પોતાની પત્ની નિકતાના અંતિમ દિવસો હોવાને કારણે રમીલાને છોડીને સ્વિટ્ઝરઝલેન્ડ ચાલ્યો જાય છે. સ્વાર્થ પરાયણ જીવવું એ સામાન્ય વાત છે. સર્વસ્વીકૃત વાત છે એ બાબત પણ લેખિકાની ધ્યાન બહાર રહી નથી તે નોંધવું ઘટે.

સંજોગો સાથે સમાધાન કરીને જીવનને તેના સ્વરૂપમાં સ્વીકારી પ્રેમની ઉદાત્તતા બતાવતાં પાત્રોની આ વાત થઈ પરંતુ જયાં એમ નથી થતું, પ્રેમની નિફ્ષ્ળતા વ્યક્તિ પચાવી નથી જાણતી, ત્યાં પ્રેમનું વિકૃત સ્વરૂપ પણ જોવા મળે છે. આ વિકૃતિ વ્યક્તિને પોતાને અને અન્ય વ્યક્તિને પણ નુકસાન પહોંચાડી શકે છે. પ્રેમની ઉદાત્તતા જો જીવનને ઉચ્ચ માર્ગે લઈ જઈ શકે, સ્વસ્થ બનાવી શકે, તો પ્રેમનું વિકૃત સ્વરૂપ આખે આખા સંસારને ઝેર જેવો બનાવી શકે છે. 'રેતપંખી'માં સુમનબેનના પાત્ર દ્વારા તે સુંદરરીતે ફલિત થાય છે. સુમનબેનના પ્રેમની આ વિકૃતિનો ભોગ તેનો સીધો સાદો પતિ જગમોહનદાસ બને છે અને આખા કુટુંબની સુખ-શાંતિ ડોહળાઈ છે. તેની અસર સુમનબહેનના મૃત્યુ પછી પણ રહે છે. આમ પ્રેમનાં બંને સ્વરૂપ વ્યક્તિના જીવનને કેવી અસર કરે છે તે સર્જકે ખૂબજ વાસ્તવિક રીતે આલેખ્યું છે. અહીં 'એની સુગંધ' નવલકથામાં નાયિકા રમીલાને છોડીને અવિનાશ પોતાની પેલી પત્ની પાસે જતો રહે છે છતાંય રમીલાને કોઈ ફરિયાદ નથી અને મનસુખ તે મનોમન રમીલાને ચાહે છે પોતાની ઈચ્છાને કોઈ દિવસ રમીલા સામે પ્રગટ કરતો નથી અને અવિનાશ – રમીલાના સંબંધને તે સહજ સ્વીકારે છે. આ ઉપરાંત માતૃત્ત્વ અને સ્ત્રીત્ત્વનો સંઘર્ષ 'રેતપંખી'માં સુમનબહેનના પાત્ર દ્વારા કલામયતાથી બતાવ્યું છે.

પ્રેમમાં કોઈપણ કારણસર મળતી નિષ્ફળતા એ કંઈ બહુ મોટી સમસ્યા તો ન જ કહેવાય. છતાં તેને કમનસીબી માનીને જે તે પરિસ્થિતિનો સ્વીકાર ન કરતાં, જો સ્ત્રી એમાંપોતાનું અપમાન જોતી થઈ જાય, તો કેવું ભયંકર પરિણામ આવી શકે તે 'રેતપંખી'માં સુમનબહેન દ્વારા બતાવ્યું છે. વડિલોની ઈચ્છાને માન આપી પોતાની ઈચ્છા વિરૂદ્ધ સુમનબેનને જગમોહનદાસ સાથે લગ્ન કરવું પડયું. સ્ત્રી કદાચ, ઈચ્છા વિરૂદ્ધ બધું જ કરી શકે, પરંતુ કોઈને ઈચ્છા વિરુદ્ધ ચાહી નથી શકતી એ બાબત અહીં અસરકારક રીતે લેખિકાએ બતાવી છે. જો કે સુમનબેને પતિને ચાહવાનો એવો કોઈ પ્રયત્ન કર્યો જ નહીં પોતાના પ્રેમની નિષ્ફળતાનો ડંખ એ ભૂલી નથી શકતી. એનો બદલો તે પતિને અપમાનીત કરીને, પોતાના સંતાનોને પતિથી વિમુખ કરીને લે છે. એક મા તરીકે પણ તે, સંતાનોને પિતાના પ્રેમની, હૂંફથી અને માર્ગદર્શનની કેટલી જરૂરિયાત હોય છે તે વેરભાવનાની આડે સમજી શકતી નથી. પિતાના સંતાનો માટેના તલસારને જોઈને જાણે તેને વૈર તૃપ્તિનો આનંદ મળતો હતો. સંતોષ થતો હતો. જાણી જોઈને પિતા અને

સંતાનો વચ્ચે ગેરસમજની એક દિવાલ તે ઊભી કરે છે. જે ગેરસમજ સુમનબેનના મૃત્યુ પછી પણ ચાલુ જ રહે છે. સુમનબેનના વિકૃત વ્યક્તિત્ત્વનો પ્રભાવ તેના મૃત્યુ પછી પણ ઘણા સમય સુધી તેના કુટુંબમાંથી ઓસર્યો ન હતો.

આ ઉપરાંત પરિણામની ચિંતા કર્યા વિના કર્મ કરતાં રહેવું એ ફિલસૂફી પણ સમજાવી છે. 'રેતપંખી'માં સુનંદાના કાકા ગરીબી, પત્નીની સતત ચાલતી કચકચ, દીકરીનું ટ્રક ડ્રાઈવર જોડે ભાગી જવું, ભત્રીજીની જવાબદારી, પત્નીની બિમારી – આ બધી ગંભીર સમસ્યા છતાં આ અકળાવનારી પરિસ્થિતિમાં પણ કાકાની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અડીખમ હતી. તેમનાં તમામ સુખ-દુઃખ ઈશ્વરને સમર્પિત હતાં. ઈશ્વરે આપેલી કોઈ પણ પરિસ્થિતિમાં આનંદ અને ધીરજથી જીવવાના કાકા તરફથી સુનંદાને મળેલા આજ સંસ્કાર સુનંદાને તેની દુઃખદ પરિસ્થિતિમાં જીવન જીવવાનું બળ આપે છે. આથી જ તેના ઘરની તમામ તંગ પરિસ્થિતિનો સામનો કરીને પરિસ્થિતિને સુધારવાના પ્રયત્નમાં તે સફળ રહી.

તો વળી 'એની સુગંધ'માં રમીલા નાયિકાની પરિસ્થિતિ નાનપણથી લઈને છેલ્લે સુધી સંઘર્ષમય રહી છે. માતાનું ભવૈયા જોડે ભાગી જવું. પિતાના પ્રેમથી ટકીને તે દશ ધોરણ સુધી અભ્યાસ કરે છે. દશમાં ધોરણમાં પાસ થતાં ગામના નવનીતલાલ શેઠ ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ ભણવા – રહેવાની સગવડ કરે છે. શાળાના સમારંભમાં રમીલા શેઠને હાર પહેરાવે છે ત્યારે બાજુમાં રહેતા વિજયા કાકી શેરી સાંભળે તેમ બોલે છે. "અરર.., આખા ગામ દેખતા જવાન છોડીએ શેઠને હાર પહેરાવ્યો, ભેગા ભેગા ચાર ફેરા ફરી લેવા'તા આવા વેણ સંભળાવે છે. તો વળી મનસુખના ઘરે ચાલ છોડી રેહવા જતા બાજુવાળા રંગનાથનની પત્નીનું રમીલાને શકથી જોવું. ત્યારબાદ અવિનાશ સાથે જયારે જયારે રમીલાનું આવવું ત્યારે પણ મિસીસ રંગનાથ તેના સામે ઘૂરકયા કરીને જોતી. તો વળી નવલકથામાં આવતું મહિલા મંડળના પ્રમુખ ભાવનાબેનનું પાત્ર પણ કરુણતાવાળું બન્યું છે. તેનો પતિ પરમાનંદદાસ પણ તેમની સેક્રેટરી રોઝી સાથે સંબંધ ધરાવે છે. તેથી બાહય રીતે ભાવનાબેન ખુશ છે બાકી તેનું અંતરંગ લગ્નજીવન તો દુઃખી જ છે. તો વળી તેનો પુત્ર પણ ઓફિસમાં કામ કરતી કુસુમ જોડે સંબંધ બાંધીને સ્વપ્ના દેખાડી તેને છોડી દે છે. આથી સામાન્ય ઘરની છોકરી કુસુમ પણ સમાજના આવા નામના ધરાવતા લોકોથી દુઃખી હતી.

નાનપણથી ઘણા બધા સંઘર્ષો વેઠીને પોતાની જાત મહેનતથી અને મનસુખના સહકારથી રમીલા કર્ણીકર અને અભ્યંકરના ત્રાસમાંથી છૂટીને નાની ડિટેકટીવ ઓફિસ બનાવી અને અવિનાશના સંબંધ પછી ખુશ છે પણ અંતે થોડા સમય પછીની આ ખુશી પાછી દુઃખમાં ફેરવાય જાય છે અને અવિનાશ પોતાની પહેલી પત્ની પાસે વિદેશ જાય છે. ત્યારે રમીલા તેને રાજી-ખુશીથી વિદાય આપે છે અહીં નાયિકાનાં ઉદાર દિલનો પરિચય થાય છે. તો વળી મનસુખ પહેલા દિવસે જયારે દરિયા કિનારે રમીલાને મળ્યો ત્યારથી જ તેને મનો મન ચાહે છે પણ તે કયારેય રમીલા પાસે પોતાના પ્રેમનો ઈકરાર નથી કરતો અને અવિનાશ સાથેના રમીલાના સંબંધની જાણ થતાં તે અંદર જ દુઃખી થાય છે પોતાનું દુઃખ પણ તે બહાર પ્રગટ કરતો નથી.

આમ, અહીં લેખિકાએ ત્રણેય નવલકથા દ્વારા નવલકથામાં પ્રગટતા જીવનના દર્શન કરાવ્યા છે અને તેના દ્વારા તે સમાજ અને સમાજના લોકો તેના માનસને પ્રગટ કર્યા છે.

- **પ્રણય નવલકથાની ભાષા-સંવાદ શૈલી :**

નવલકથામાં વસ્તુના વિકાસ માટે નવલકથાકાર પાસે એક મહત્ત્વનું સાધન છે અને તે સંવાદ. પાત્રો પાત્રો વચ્ચે થતો વાર્તાલાપ વસ્તુપ્રસંગ, વાતાવરણ અને જીવનદર્શન સર્વ અંગોને એક ઓપ આપીને પ્રગટાવે છે. સંવાદો જેટલા વાસ્તવિક અને જેટલ ાસચોટ એટલી નવલકથામાં આકર્ષક પ્રવાહિતા રહે. સંવાદો વિશેષમાં પાત્રોનાં વ્યક્તિત્ત્વને ઉપસાવવામાં પણ મહત્ત્વનો ફાળો આપે છે. સંવાદની સચોટતામાં કહીએ તો સંવાદો તેના સમગ્ર આયોજનને અનુરૂપ હોવા જોઈએ. આ સંવાદોની ભાષા જે પ્રકારની એ નવલકથા છે અને જે સ્થળકાળને વ્યકત કરે છે. તેને અનુરૂપ હોવી જોઈએ. સંવાદ અંગેનું ભાષાનું પાસું બહુજ મહત્ત્વનું છે. સર્જક જો કુશળ હોય તો ભાષા દ્વારા અદ્દભુત સાહિત્ય સર્જી શકે છે. આથી પ્રત્યેક લેખકની લેખનકલાની કદાચ સૌથી મહત્ત્વની બાબત છે તેનું ભાષા પ્રભુત્વ - ભાષાકૌશલ.

અહીં 'મારે પણ એક ઘર હોય', 'રેતપંખી' અને 'એની સુગંધ' નવલકથામાં લેખિકાની ભાષાશૈલી ખૂબજ સહજ અને સરળ રહી છે. અહીં લેખિકાએ સંવાદો દ્વારા

નાયક–નાયિકાના મનની સ્થિતિ વર્ણવી છે તો કયારેક કોઈ સંવાદ દ્વારા આવનાર પરિસ્થિતિનું સૂચન પણ કર્યું છે. તો વળી કોઈક સંવાદ કે વિધાન દ્વારા હવે પછી નાયિકા કે નાયકના જીવનને નવો વણાંક મળવાનો છે તેના વિશેનો સંકેત થયેલો જોવા મળે છે. તો વળી કયાંક ચિંતનશીલતા પૂર્વકના વિધાનો મૂકીને જીવનના મર્મને સમજાવ્યો છે.

'મારે પણ એક ઘર હોય'માં લીના અને સુરેખા વચ્ચેના સંવાદમાં લીનાને સુરેખા કહી દે છે કે અનુપમ તેનો છે લીના જાણી ગઈ હતી કે અનુપમ છીનવાઈ ગયો હતો અને લીનાને કોઈપણ ભોગે અનુપમ મેળવવો હતો. લીના જીવ પર આવીને સુરેખા સાથે પ્રથમવાર જ જબરદસ્ત ઝઘડો કર્યો હતો. સુરેખાની બિમારીનો લાભ લેવા તૈયાર થઈ હતી. છતાં સજ્જડ હાર તેને મળી હતી, તે પણ સુરેખાના એક જ વાકયે અનુપમ "મને નહીં પરણે તોય તમને તો નહીં જ પરણે, કારણ કે... તે મને ચાહે છે તમને નહીં."[૧૩]

તો વળી અંતે અનુપમે પણ કબુલ્યુ હતુ કે સુરેખાને ન મળ્યો હોત તો તે લીનાને ચોક્કસ મળ્યો હતો. તો વળી લીનાના માતા અને લીના વચ્ચેના સંવાદમાં ખ્યાલ આવે છેકે હવે આવનાર સમયમાં લીનાને બધી જ જવાબદારી વહન કરવાની આવશે. આથી તેની માતા અંતિમ પળે લીનાને કહે છે : "તારામાં મને શ્રદ્ધા છે. તું બધો જ બોજો વહન કરી શકે તેવી શક્તિશાળી છે. મને ખાતરી છેકે આ તૂટતા ઘરને તારા ખભા પર ઊંચકી લઈશ. હું શાંતિથી જાઉ છું."[૧૪] નવલકથાની નાયિકા લીનાનો સંઘર્ષ પણ સચોટ છે. બહુ સચોટ રીતે આલેખાયેલું લીના અને સુરેખા વચ્ચેનું દ્વંદ્વ તે કેવળ બે બહેનો વચ્ચેનું દ્વંદ્વ નથી, તે લીનાના પોતાના જ હૃદયમાં ચાલતા બે પરિબળો વચ્ચેની લડાઈનું પ્રતિબિંબ છે અને આ વાત બહુ વેધક રીતે ત્યારે પ્રગટ થાય છે, જયારે લીના કહે છે : "આઈ એમ એ ફાઈટર. આઈ વીલ ફાઈટ થ્રુ એન્ડ થ્રુ, હું છેક સુધી લડી લઈશ. નમતું નહી આપુ, હાર નહી માનું."[૧૫]

---

[૧૩] 'મારે પણ એક ઘર હોય', પુનર્મુદ્રણ, ડિસે., ૧૯૭૬, વર્ષા અડાલજા, પૃ. ૬૨.

[૧૪] 'મારે પણ એક ઘર હોય', પુનર્મુદ્રણ, ડિસે., ૧૯૭૬, વર્ષા અડાલજા, પૃ. ૨૨.

[૧૫] 'મારે પણ એક ઘર હોય', પુનર્મુદ્રણ, ડિસે., ૧૯૭૬, વર્ષા અડાલજા, 'લીનાનો ગૃહપ્રવેશ', પૃ. ૮–૯. કુંદનિકા કાપડીયા

આ ઉપરાંત અંતમાં લેખિકાએ મનોવિશ્લેષણાત્મક અભિગમ અપનાવીી પાત્રને જીવંતતા બક્ષે છે. લીના માટે કહે છે 'એ યુદ્ધમાં જીતે છે. પોતાને માટે સુખ પામવાની ઈચ્છાનો છેલ્લે તંતુ એ છોડી દે, તે પળે જ તેણે ઈચ્છેલું સઘળું તેને મળે છે. હા, એ પ્રાપ્તિનું રૂપ જુદું છે, પરિવેશ જુદો છે. આ ઘર તેનું છે તે તેનું નથી, અપૂર્વને અનુપમ એના છે અને એના નથી, પણ હવે એના હૃદયમાં ધિક્કાર નથી. પોતાની અંદર ચાલતા યુદ્ધમાં, તેણે એ ધિક્કારને સંપૂર્ણપણે પરાજિત કર્યો છે અને એટલે જ પ્રાપ્તિનું આ બદલાયેલું રૂપ તેને ઈશ્વરની અનુકંપા સમાન લાગે છે."[૧૬]

તો વળી આ ઉપરાંત ચિંતન દ્વારા પણ લાગણી, ભાવને વ્યક્ત કર્યો છે. નવલકથામાં આવતું ચિંતન, વર્ણન ભારેખમ કે અકળાવનારું બનતું નથી તે નોંધવું ઘટે. આ નવલકથામાં લીના કહે છે "જીંદગી દ્રૌપદીના અક્ષયપાત્ર જેવી હોય છે. એમ જલદી ખુટાડી નથી ખૂટતી."[૧૭]

'રેતપંખી' નવલકથામાં પણ સર્જકના કલમે અવતરેલા કેટલાંક સંવાદો – અવતરણો દ્વારા નવલકથાકારની સર્જકતાનો પરિચય થાય છે. આવા જ કેટલાંક અવતરણો જોઈએ તો "નિર્જીવ શરીરમાં, ઊંડા ગોખમાં બે દિવા મૂકયા હોય એવી બે ચમકતી આંખોની પકડમાંથી એ હવે મુક્ત થઈ ગઈ હતી."[૧૮]

"દૂર દૂર ક્ષિતિજ સુધી દરિયો મેદવાળા આળસુ માણસની જેમ ફેલાઈને પડયો છે."[૧૯]

"જે હિંમતથી, હઠથી પરણીને અહીં આવી હતી એ તો વરાળ થઈને ઊડી ગઈ હતી.. પગની નીચે ઉની દઝાડતી રેતી હતી અને માથે હતો સૂરજનો ઉગ્ર તાપ."[૨૦]

---

[૧૬] એજન, પૃ. ૧૦.
[૧૭] 'મારે પણ એક ઘર હોય', પુનર્મુદ્રણ, ડિસે., ૧૯૭૬, વર્ષા અડાલજા, પૃ. ૬૭.
[૧૮] 'રેતપંખી', વર્ષા અડાલજા, પુનર્મુદ્રણ, ડિસે., ૧૯૮૫, પૃ. ૬.
[૧૯] એજન, પૃ. ૬.
[૨૦] એજન, પૃ. ૬.

"ફરી એક અસૂઝ ભયનું મોજું સુનંદાને ઘેરી વળ્યું. ઠંડીનું લખલખું આવી ગયું હોય એમ એ ધ્રુજી ગઈ. એ આંખો શારડીની જેમ ધીમે ધીમે ગોળ ફરીને એને વીંધવા લાગી."[૨૧]

આ અવતરણો વાર્તાની સૃષ્ટિ અને નવલકથાકારની શક્તિનો એક સાથે ખ્યાલ આપે છે. આવા સાર્થક અને રોચક વાકયો વર્ણન રૂપે આવે છે ત્યાં અભિવ્યક્તિને ઊંચકે છે, જયાં પાત્રોના ઉદ્દગારો રૂપે આવે છે ત્યાં લેખિકાનો બૌદ્ધિક અભિનિવેશ પણ જોવા મળે છે. શબ્દચાતુર્ય અને કાવ્યાત્મક પદાવલીના ઉપયોગ પરત્વે લેખિકા ખૂબજ સભાન છે. આ ઉપરાંત નવલકથાની શરૂઆતમાં મૂકેલું નલિન રાવળનું કાવ્ય 'રેતપંખી' પણ ખૂબ પ્રતીકાત્મક બની રહયું છે.

કાવ્ય જુઓ :

સુક્કાં તીક્ષ્ણ સળગતાં રેતરેતનાં સ્વપ્નો.
નીચે
રેતરેતનાં રડતાં નગરો
ઉપર
રેત રેતને રેત રેતનું રણ
                    રેતીની આંધી
                    વચ્ચે ઊભું
                    રેતીનું એ ખરતું પંખી
એ
રેતપંખીની રેતીની બે – દિવસ રાતની – ખરતી પાંખો
એ
રેતપંખીની રેતીની બે સૂર્યચંદ્રની – ખરતી આંખો
એ
રેત પંખીના ખરખર કરતાં પીછાંમાંથી
                    ખરખર ખરતી રેત રેતની વર્ષા
નીચે

---

[૨૧] એજન, પૃ. ૬.
[૨૨] 'રેતપંખી', વર્ષા અડાલજા, પુનર્મુદ્રણ, ડિસે., ૧૯૮૫, પૃ. ૧૧.

સુક્કાં તીક્ષ્ણ સળગતાં રેતરેતનાં સ્વપ્નો

નીચે

રેતરેતનાં રડતાં નગરો.[૨૨]

શરૂઆતમાં મૂકાયેલું આ કાવ્ય નવલકથાના નાયિકાના જીવનને અનુરૂપ આ કાવ્ય બન્યું છે. તો વળી નાયિકા સુનંદાને લગ્નવિદાય ટાણેના તેના કાકાએ કહેલા શબ્દો : "સુનંદા બેટા, આ જગતમાં કોઈ કોઈ વિરલ વ્યક્તિના નસીબમાં જ બીજાનો બોજ પોતાને ખભે ઊઠાવીને જીવવાનું નિર્માણ થયું હોય છે. તું તો મારી મીરાં છે. ઝેરના ઘૂંટડા ભરી એને અમૃત બનાવી દે જે, સુનંદા."[૨૩] આ વિધાન જેમ સુનંદાના પાત્રને સમજવામાં મહત્ત્વનું બન્યું છે તેમ નવલકથાના વસ્તુવિકાસ માટે પણ મહત્ત્વનું બની રહે છે. આ એક જ વાકય દ્વારા આખીય નવલકથાનું વસ્તું ઘડાયું છે.

તો વળી જીવનનું મૂલ્યાંકન કરતાં તારાં સુનંદાને કહે છે. એ સંવાદ જીવન સાથેના સમાધાનકારીવલણને પ્રગટ કરે છે. "યાદ છે સુનુ ! કાકા કહેતા કે મારી દિકરીઓ રાજકુમારી બનશે, સુખમાં મહાલશે, એમની વાત ખરી પડી. તું સુખી છે હું સુખી છું. કોઈની પણ કદમબોસી કર્યા વિના જીવી શકું એટલું ધન મારી પાસે છે, પણ દરેક વસ્તુની કિંમત ચૂકવવી પડે છે. મે પણ કિંમત ચૂકવી અને તું પણ કોઈના ઉછીના સંસારમાં ગોઠવાઈ ગઈ."[૨૪] કદાચ આ લેખિકાની નવલકથાનું આ નારી પાત્રનું સમાધાન ગણો કે મન સાથેનું સમાધાન. જેમની પાસે પૈસા નથી તેમને પૈસા પાછળ દોડતાં બતાવ્યાં. જેમની પાસે જીવનમાં પૂરતું ધન છે તેમને પ્રેમ, આનંદ, સુખને માટે વલવતાં બતાવ્યા અને અંતે માણસ પરિસ્થિતિ સાથે સમાધાન કરે છે તેમ પણ બતાવ્યું છે.

આ ઉપરાંત સુનંદાનો સ્વગત સંવાદ પણ મહત્ત્વનો છે. દિવાનખંડમાં સુમનની તસ્વીર સુનંદાને અકળાવે છે. ઘરનીવસ્તુ, ઘરના સભ્યો, બધું જ આ સુમનનું હોય અને પોતે એકલી છે એવું સુનંદા અનુભવે છે. તે વિચારે છે કે આ તસ્વીર કયારેક એને કહેતી હોય કે ... ".. અહીં તારો કોઈ અધિકાર નથી.. ચાલી જા..."[૨૫] ચાલી જા આ ઉપરાંત

---

[૨૩] 'રેતપંખી', પુનર્મુદ્રણ, જૂન-૧૯૭૮, વર્ષા અડાલજના, પૃ. ૧૬.
[૨૪] 'રેતપંખી', પુનર્મુદ્રણ, જૂન-૧૯૭૮, વર્ષા અડાલજા, પૃ. ૧૫૧.
[૨૫] એજન, પૃ. ૩૯

સુનંદાના ચરિત્ર વિશે કહયું છે કે શ્રીધરના સાનિધ્યમાં પોતાને ઓગાળી દેવાની તેને અદમ્ય ઝંખના હતી. "સુનંદા પતિના બાહુમાં પુરાઈનેય શ્રીધરને ભોગવવાની કલ્પના કરે છે, સૌમ્ય રીતે એ સુમનબહેનનો જ પાઠ ભજવી બેસે છે એ કારણે એ પોતાની ટ્રેજડી માટે જવાબદાર કરે છે."[૨૬]

'રેતપંખી' નવલકથામાં કેટલીક ચિંતનાત્મક ઉક્તિઓ લેખિકાએ મૂકી છે. જેના થકી પાત્રના માનસને તેના જીવનને પ્રગટ કરે છે. 'રેતપંખી' નવલકથામાં સુનંદા કહે છે : "જીંદગી ગણિત નથી કે ફાવે ત્યારે પાટી પરથી રકમ ભૂંસીને એકનો એક દાખલો અનેક વાર ગણી શકો. જીંદગીનું ગણિત એક જ વાર ગણી શકાય. ચાહે તો સરવાળા કરો. ચાહે તો બાદબાકી કરો"[૨૭] આ જ નવલકથામાં તારા કહે છે : "જીંદગી કેલિડોસ્કોપ જેવી છે એને જરાક જ વળાંક આપો અને ડિઝાઈન બદલાઈ જાય છે. દરેક વળાંકે અવનવી ડિઝાઈનો સર્જાતી જ જાય છે. એકવાર ગયેલી ડિઝાઈન ફરી કયારેય નથી આવતી. એના રંગીન કાચના ટુકડા કેલિડોસ્કોપમાં છે ત્યાં સુધી મોહક લાગે છે પણ કેલિડોસ્કોપ તૂટયું કે બેચાર કાચના ટુકડા સિવાય કશું ન બચે."[૨૮]

'એની સુગંધ' નવલકથામાં પણ નાયિકા રમીલા જીંદગીને પણ નક્કામી થઈ ગયેલી વસ્તુ સાથે સરખાવે છે : "એમ તો નકામી થઈ ગયેલી જિંદગી પણ ફેંકી દેવા જેવી ચીજ થઈ ગઈ હતી. ગિલેટ ઉખડીગયેલા નકલી ઘરેણા જેવી – કશા જ ચળકાટ વિનાની, મામૂલી અને સસ્તી."[૨૯] રમીલાના પિતા બજરંગદાસ પણ પોતાના ભવ્ય ભૂતકાળને વાગોળતા કહે છે, "ફૂલ તમન્નાઓ કે જિસ મેં કદમ કદમ પર ખિલતે થે, અબ વહી રસ્તા ઉજડા બના હૈ જિસસે હૈ આના જાના.. આ કઠોર વર્તમાનનો ધગધગતો રેતાળ સમયખંડ અનેક છલાંગે કુદાવી અતિતના લીલાછમ જંગલોમાં ચાલ્યા જતાં તે તન્મય થઈ કહે છે. "બાબુલ મોરા.. નૈહર.. છૂટો જાય..."[૩૦] આ ઉપરાંત

---

[૨૬] 'રેતપંખી', પુનર્મુદ્રણ, જૂન-૧૯૭૮, વર્ષા અડાલજા, 'આવકાર', રઘુવીર ચૌધરી, પૃ. ૯.

[૨૭] 'રેતપંખી', પુનર્મુદ્રણ, જૂન-૧૯૭૮, વર્ષા અડાલજા, પૃ. ૯૬.

[૨૮] એજન, પૃ. ૧૬૩.

[૨૯] 'એની સુગંધ', પ્ર. આ., ૧૯૮૭, વર્ષા અડાલજા, પૃ. ૧.

[૩૦] એજન, પૃ. ૧૫.

સગપગલના અને હેમંતકુમારના જૂના ગીતની પંક્તિઓ પણ કયારેક પરિસ્થિતિનું સૂચન કરતાં વર્ણવ્યા છે. તો વળી કયારેક નાયિકા રમીલાના મનના અંતરંગ સંવાદોમાં કેટલીક ઉક્તિઓ ચિંતનાત્મક પણ બની જાય છે. જેમકે 'આ દુનિયામાં હંમેશા પૈસા કમાવવા માટે પૈસાની જરૂર હોતી નથી." તો સ્મરણ વિશે વિચારતા કહે છે સ્મરણો પણ કયારેક દઝાડનારા બને છે.

આ ઉપરાંત નાયક અવિનાશ અને રમીલાના સંવાદોમાં પ્રણયની ઊર્જા જોવા મળે છે. અવિનાશ પ્રેમવિશે રમીલાને કહે છે. "આ દુનિયામાં લાખો દંપતી એવી રીતે જીવે છે, રમીલા, જેને પ્રેમ માન્યો હોય એ હકીકતમાં ક્ષણિક મોહ સિવાય કશું જ ન નીકળે. પણ જયારે ખબર પડે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય !"[૩૧] તો વળી રમીલા અને અવિનાશના મિલનને પ્રકૃતિના માધ્યમ દ્વારા મૂક્યું છે જેમાં પણ પ્રણય રસ દેખાય છે. "રમીલાએ હળવેથી એને મોંએ હાથ મૂકી દીધો અને માથું ઢાળી દીધું. વાદળોના ઘેરામાંથી સૂર્ય બહાર નીકળી રહયો હતો અને એના ઝગમગતા કિરણો વડે ધુમ્મસનો પડદો ઊંચકી રહયો હતો. હવે બધું જ સ્પષ્ટ અને સુરેખ જોઈ શકાતું હતું. આવરણો દૂર થતાં ગયાં અને સાનિધ્યની ગરમીમાં બન્ને શરીરો ધાતુની જેમ પિગળતાં રહયાં. કિનારાઓ તોડીને નદીનાં ચડતાં પૂર ચોતરફ ઘૂઘવતાં ફરી વળે એમ પોતપણાની દિવાલો આજે તૂટી ગઈ છે, અને ચડતાં પૂરનાં પાણીમાં એ ધસમસતી વહેવા લાગી છે. બે શરીરનું એકજ અસ્તિત્વ, એકજ શ્વાસ. રાતભર એ જલભરી શ્યામવાદળીની જેમ મન મૂકીને વરસતી રહી. વાદળોની કિલ્લેબંધી છતાં સૂરજ સવારે નીકળ્યો હતો, અને તૃપ્ત થયેલી ધરતી પરનાં જળ બિંદુઓમાં હજારો સૂર્યો ઝગમગી ઊઠયા."[૩૨]

આ ઉપરાંત રમીલા મનસુખ વિશે વિચારે છેત્યારે એક તરફ અવિનાશનો પ્રેમ અને બીજી તરફ મનસુખના પ્રાણ વિશે વિચારે છે તે મનસુખની ઋણી છે. તેના અને મનસુખના સંબંધ વિશે વિચારતા રમીલા કહે છે : "જે વેલીને કદી ફૂલ આવવાના ન્હોતા છતાં કેટલી લગન અને કાળજીથી એની માવજત એ કરતો હતો !"[૩૩] તો

[૩૧] એજન, પૃ. ૨૬૮.

[૩૨] એજન, પૃ. ૨૬૯.

[૩૩] એજન, પૃ. ૨૮૯.

વળી નવલકથાના અંતમાં આવતો રમીલાનો સંવાદ તેના સમર્પણ ત્યાગને પ્રગટ કરે છે. કાયમ માટે નીકીતા પાસે વિદેશ જતાં અવિનાશને રમીલા કહે છે." રમીલા આંખ ઊઠાવી આકાશ તરફ માંડી. સૂરજ ઢળી ગયો હતો. ઓટનો દરિયો પોતાનામાં સમાયેલો હતો. ભરતી ચડવાનો સમય હતો. ઢબતા સૂરજનું છેલ્લું કિરણ એણે મુઠ્ઠીમાં કેદ કરી લીધું હતું – એમાં હતાં તેજ અને તિમિર. પ્રસન્નતા અને વિષાદ. સૂર્ય કિરણને મુકત કરતી હોય એમ એણે મુઠ્ઠી ખોલી નાખી અને કહયું "મારી ચિંતા ન કરશો અવિનાશ. આપણા ુખ માટે હું કોઈનું મૃત્યુ શી રીતે વાંછી શકું ? તમે તો મારી પાસે જ છો, મારા શ્વાસમાં, મારા અસ્તિત્વમાં"[૩૪] આ સંવાદ દ્વારા મીલાનો ત્યાગ સમર્પણ પ્રગટ થાય છે સાથે સાથે એક વિરહ વેદનાને પણ રજૂ કરાય છે.

આમ અહીં ત્રણેય નવલકથા દ્વારા ત્રણેય કથાવસ્તુને અનુરૂપ એવી શૈલીનું સામર્થ્ય પ્રગટતું જોવા મળે છે. વિષયને અનુરૂપ એવી શૈલી વર્ષા અડાલજાના વ્યક્તિત્વને બરાબર આપણી સમક્ષ રજૂ કરતી હોય એમ લાગે છ. પ્રેમની, સંસ્કૃતિની કે વ્યવહાર જગતની બાબતોનું નિરૂપણ કરતી એમની શૈલી પ્રત્યેક સ્થળે રસરસ સ્પષ્ટ અને લક્ષ્યગામી બની છ. કયાંક કાવ્યામતા, ચિત્રાત્મક શૈલીના પણ દર્શન થાય છે એકંદરે તેમની નવલકથામાં સંવાદ શૈલી દ્વારા રસ જળવાય છે.

---

[૩૪] એજન, પૃ. ૨૯૧.

# પ્રકરણ-૪
# વર્ષા અડાલજાની સામાજિક નવલકથાઓ

## • વર્ષા અડાલજાની સામાજિક નવલકથાઓનું વિષયવસ્તુ :

કોઈપણ સાહિત્યકાર પોતાની રચનામાં સંસારમાંથી સામગ્રી લઈને કલ્પના દ્વારા આકૃતિ ઘડે છે. સંસારમાં રહેલા માણસોના વ્યવહારને નિરૂપતા તેની કલ્પનાથી રસાયેલી વાસ્તવિકતા પ્રગટ થાય છે. સંસારના સર્જનહાર અને કલાકારમાં તફાવત એટલો જ માત્ર છે કે સર્જનહાર પોતાની સૃષ્ટિ સ્વયં ઘડે છે તેને ઉપાદાન બનાવીને કલાકાર પોતાની કૃતિ રચે છે. જે સાહિત્યમાં હોય તે કદાચ સંસારમાં ન પણ બને એવું હોય છતા, સંભવિતતા નિવારી શકાય નહીં. વિવિધ સ્વાદથી ભરપૂર સંસારરસ જયારે સાહિત્યકારની કલમે કલાઘાટ પામીને ભાવકની સામે આવે ત્યારે કદાચ પ્રત્યેક માણસ એમાં પોતાનું પ્રતિબિંબ જોઈ લે છે, કે પછી પોતાની જાતને શોધી લે છે. સાહિત્યનો મૂળભૂત વિષય એ માણસનું જીવન છે. દરેક માણસની જીવનકથા અલગ હોય છે. મનુષ્યની વ્યથાની, તૃપ્તિની, આનંદની, શાંતિની ઝંખનાને વાચા આપવાનો પ્રયત્ન ઘણાં સાહિત્યકારોએ પોતાની નવલકથામાં કર્યો છે. વર્ષા અડાલજા પણ એમની નવલકથામાં મનુષ્યજીવનના અનેક પાસાને આવરી લે છે.

શ્રી વર્ષા અડાલજાએ દસ સામાજિક નવલકથાઓમાં આધુનિકતાના વલણો અને નવીન પ્રયોગોનાં પ્રભાવમાં આવ્યા વગર જ પોતાની સ્વતંત્રવિચારશકિત, દષ્ટિ દ્વારા ગુજરાતી સાહિત્યને સ્વચ્છ સામાજિક નવલકથાઓની ભેટ ધરી અને ગુજરાતી નવલકથાક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કર્યું છે.

વર્ષા અડાલજાની સામાજિક નવલકથા મુખ્યત્વે નારીપ્રધાન છે. આપણે ત્યાંના સાહિત્યકારોનું વલણ નારીપ્રધાન નવલકથામાં મુખ્યત્વે નારીના ઉદાત્ત ગુણોને રજૂ કરી ભારતીય સંસ્કૃતિનો માહિમા કરવાનું અથવા તો નારીની સમસ્યાઓને રજૂ કરી સમસ્યાપ્રધાન નવલકથા રચવાનું રહ્યું છે, પણ વર્ષા અડાલજાની નવલકથા નારીપ્રધાન હોવા છતાં નારીની વિવિધ સમસ્યાઓને રજૂ કરતી સમસ્યાપ્રધાન નવલકથા બનતી નથી તે જ રીતે સ્ત્રીના ઉદાત્ત ગુણોને રજૂ કરી ભારતીય નારી વિશેના ખ્યાલોની જ રજૂઆત પણ નથી પરંતુ એક વ્યકિત તરીકે તેના અસ્તિત્વને ટકાવવાની મથામણ કરતી

નારીના મનની ચિરંતર ઝંખનાને વાચા આપવાનો પ્રયત્ન તેમની ઘણી ખરી નવલકથામાં છે. આ પરિસ્થિતિ લેખિકાના જીવનઘડતરને આભારી છે એવું લાગે છે.

અહીં લેખિકાએ કુટુંબજીવન,દામ્પત્યજીવન, તેનું માધુર્ય, વિસંવાદ, પ્રણયત્રિકોણ વગેરે વિષયવસ્તુ દ્વારા સ્ત્રી સ્વભાવના વિવિધ ભાવો પ્રેમ, ઈર્ષા, ધિક્કાર, વાત્સલ્ય દ્વારા સ્ત્રી મનની ઉદારતા સાથે તેની વિચિત્રતાને અને સંકુલતાને પણ ખૂબ જ કુશળતાથી પ્રગટ કરી છે. ક્રમશઃ તેમની નવલકથાની કથાવસ્તુ જોઈએ તોઃ

- **શ્રાવણ તારા સરવડા (૧૯૬૭) :**

આ નવલકથામાં એક જ કુટુંબના સભ્યોના અહમ્‌ને અને તેમની માન્યતાને સામસામે મૂકીને પૂર્વ-પશ્ચિમની ભિન્ન સંસ્કૃતિના સંઘર્ષને નિરૂપ્યો છે.

‘શ્રાવણ તારા સરવડા’ એ કૌટુંબિક અને નારીપ્રધાન નવલકથા છે. સમજદાર સુશીલ, સંસ્કારી નારી કુટુંબની આધારશીલા છે. જો તે સ્વચ્છંદી અને અસંસ્કારી હોય તો સ્વસ્થ કુટુંબને પણ વેરવિખેર કરી શકે છે. એ અહીં લેખિકાએ સરસ રીતે આલેખ્યુ છે. સ્વાર્થી અને ભૌતિક સુખને જ સર્વસ્વ માનનાર સ્ત્રી દ્વારા આખું કુટુંબ અવળા માર્ગે ગતિ કરે છે. તે કુટુંબને જીવનનો સાચો રાહ ચીંધે છે. વડીલ જયા બા અને અલ્પશિક્ષિત છતાં સમજદાર, સુશીલ યુવતી તૃપ્તિ કુટુંબની આધારશીલા બિંદુ પાશ્ચાત્ય, સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરે છે. પૂર્વની સંસ્કૃતિ-સભ્યતા મુજબ વર્તવામાં શરમ અનુભવે છે. આમ આધુનિક યુગમાં ભારતની પલટાયેલી સામાજિક સ્થિતિને આ નવલકથામાં લેખિકાએ રજૂ કરી છે. સમગ્ર નવલકથામાં કેન્દ્ર સ્થાને કુટુંબ અને કૌટુંબિક સંઘર્ષ છે. આ સંઘર્ષ દ્વારા જ લેખિકાએ ભારતીય સંસ્કૃતિને અને કુટુંબભાવનાના જીવનના ઉચ્ચ મૂલ્યોને સ્થાપી આપ્યા છે. તેમણે કૌટુંબિક સંઘર્ષની સાથે સાથે નાયક-નાયિકાના પ્રણયને પણ ખૂબ જ સરસ રીતે આ કથામાં આલેખ્યા છે.

- **તિમિરના પડછાયા- (૧૯૬૯) :**

પ્રણય સનાતન રસનો વિષય છે, તો પ્રણયમાં એથીય વધુ રસપ્રદ બનીને આવે છે. ‘તિમિરના પડછાયા’ એ પ્રણયસંઘર્ષને આલેખતી નવલકથા છે. આમ તો, વર્ષા અડાલજાની અન્ય નવલકથા ‘મારે પણ એક ઘર હોય’, ‘રેતપંખી’, ‘એક પળની પરખ’

માં પણ પરોક્ષ રીતે પ્રણયત્રિકોણની સ્થિતિ જોવા મળે છે. પરંતુ 'તિમિરના પડછાયા'માં તે વધુ સ્પષ્ટ રીતે કહો કે મુખ્ય વિષય તરીકે જ આવે છે.

સુખસાહ્યબી વચ્ચે જીવનના અંધકારના ખોળામાં ખોવાઈ ગયેલી ત્રણ વ્યકિતના જીવનને રજૂ કરતી કથા છે. સ્ત્રી-પુરૂષ કે પતિ-પત્નિના પ્રેમને ઘેલછામાં ખપાવનાર સિદ્ધાંતપ્રિય પ્રતિષ્ઠિત ચીફ જસ્ટિસ દિનકરરાય પણ યૌવનના આવશેથી મુકત નથીરહી શકયા. ભૂતકાળની એ જ ભૂલ વર્તમાનમાં તેના વરવા સ્વરૂપે આવે છે ત્યારે સમગ્ર પરિવારને છિન્ન-ભિન્ન કરી નાખે છે. માનબાઈ સાથેના પૂર્વરાગના સંબંધના રહસ્ય સ્ફોટ પછી દિનકરરાયનો દંભ ખુલ્લો પડે છે. પોતાની જાતને, કુટુંબને અને ખાસ કરીને આબરૂને બચાવવા માંગતા દિનકરરાય પોતાના સિદ્ધાંતને નેવે મૂકીને પણ ભૂતકાલીન ભૂલના પરિણામરૂપ પુત્રને છોડાવવાની તજવીજ આરંભી દે છે. સફળતા હાથવેંતમાં જ હતી ત્યાં જ, બધું જ - જે ટકાવવા માંગતા હતા તે બધું જ - છીનવાઈ જાય છે અને રહે છે માત્ર વેદના, પતિ-પત્નિનો સંઘર્ષ, પ્રણય ત્રિકોણનો સંઘર્ષ, માતા-પુત્રનો સંઘર્ષ, આમ, આ કથા સંઘર્ષથી ભરપૂર છે. ભારત જેવા લગ્નને સંસ્કાર માનતા દેશમાં પણ લગ્નસંસ્થા, કુટંબ વ્યવસ્થા કેવી પોકળ છે તેનું ચિત્ર બહુ સ્પષ્ટ રીતે અહીં જોઈ શકાય છે.

- **એક પળની પરખઃ- (૧૯૬૯) :**

આ નવલકથા કુટુંબના ગૌરવ અને તેના પતનની કથા છે. માં-દીકરાના સંબંધમાં સંઘર્ષ છે. પળને પારખવામાં નિષ્ફળ નીવડેલા માનવીની કથા છે અને તેના થકી સર્જકે એક ઉચ્ચ કુટુંબના ગૌરવ અને તેના પતનનું કરુણ દર્શન કરાવ્યું છે. સાસુનું વહુ પ્રત્યેનું વલણ, વહુને બદનામ કરી ઘરમાંથી કાઢી મૂકવાનું ષડયંત્ર વર્ષો પછી તે વહુ અને તેના દીકરા વચ્ચેની ગેરસમજનું કારણ બને છે. માતૃત્વનો અન્ય સાહિત્યકારોએ મહિમા કર્યો છે. અહી લેખિકાએ એને જ સંઘર્ષનું કેન્દ્ર બનાવ્યું છે.

નવલકથામાં કયાંય મા-દીકરા વચ્ચે સ્પષ્ટ સંઘર્ષ દેખાતો નથી આ પરિસ્થિતિમાં દીકરો મર્યાદા ઓળંગતો નથી ત્યાં સુધી ચાલુ રહે છે, જયારે એ સંઘર્ષ ખુલ્લે આમ પ્રગટ થયો ત્યારે આપો આપ ગેરસમજ પણ દૂર થઈ અને ભૂતકાલીન ઘટનાનો રહસ્ય સ્ફોટ થયો. ગેરસમજ દૂર થતા માં-દીકરા એકબીજાની નજીક આવવા જોઈતા હતા પરંતુ ત્યાં

બંને એવી રીતે ફંટાયા કે નજીક આવવાનો અવકાશ જ રહયો નથી. એક આખું કુટુંબ ધીરે-ધીરે વિનાશને પંથ વળી ગયું. માં-દીકરાના આ બાહય સંઘર્ષની સાથે એક સ્ત્રીના સ્ત્રીત્વ અને માતત્વ વચ્ચેનો મૂક આંતરિક સંઘર્ષ પણ કથામાં ખૂબીથી નિરૂપાયો છે. આ બંને સંઘર્ષ દ્વારા માનવમનના અતલ ઊંડાણને લેખિકાએ સચોટ રીતે રજૂ કર્યું છે.

- **મારે પણ એક ઘર હોય (૧૯૭૧) :**

આ નવલકથામાં સ્ત્રીની સનાતન ઝંખના અને તેને સાકાર કરવાના તેના તલસાટની કથા છે. બે બહેનો વચ્ચેના પ્રેમ અને ધિક્કારની સ્વાર્થ અને ત્યાગની પરસ્પર વિરોધી ભાવનાઓને લઈને સ્ત્રીની સનાતન ઝંખનાને વાચા આપવાનો ખૂબ સરસ પ્રયાસ સર્જકે આ નવલકથામાં કર્યો છે. માનસિક બિમારીથી પીડાતી નાની બહેનને રાજી રાખવા, તેની ઈચ્છા પૂરી કરવા, મુખ્ય નાયિકા લીનાને નાનપણથી દરેક બાબતમાં પોતાની ઈચ્છા, અરમાનોનું બલિદાન આપવું પડે છે અને તે એટલે સુધી કે તેને પોતાના પ્રેમીપાત્રનો પણ ત્યાગ કરવો પડે છે. પરિસ્થિતિ સાથે અને જાત સાથે સતત સંઘર્ષ કરતી આ નારીનું ' મારે પણ એક ઘર હોય' નું સ્વપ્ન અંતે નાની બહેનના પાગલ થઈ જવાથી પૂર્ણ થાય છે. જેને એ કુદરતી કરુણા માનીને સ્વીકારી લે છે. આ કૃતિ વિશે લેખિકાએ લખ્યું છે "મને પોતાને આ વાર્તા ઘણી ગમી છે લખતી વખતે લીનાના પાત્રમાં એકાકાર થઈ ગઈ હતી. જાણે રંગમંચ પર ભજવતી હોય તેવું જ દ્રશ્ય નજર સામે ખડું થાય અને એટલે જ કદાચ દસ-બાર દિવસમાં જ લખાઈ ગઈ."[૧]

- **રેતપંખી (૧૯૭૪) :**

એક નારીના દુર્ભાગ્યને લઈને આવે છે. જીવતા ઝંઝવાતમાં હારતી નારીની તેમાં વાત છે. કર્તવ્યપરાયણતા, ફરજનિષ્ઠા, સહનશીલતા જેવા મૂલ્યો જ ભારતીય કુટુંબજીવનનો પાયો છે. એ વાતનું નિરૂપણ 'રેતપંખી' માં જોવા મળે છે. પરિસ્થિતિને વશ વર્તીને સુનંદાને મોટી ઉંમરના વિધુર સાથે લગ્ન કરવું પડેલું. સાવકા સંતાનો સાથેનો સંઘર્ષ, નાની ઉંમરે મળેલું વૈધવ્ય અને પ્રેમીની બેવફાઈ એવા જીંદગીના ઝંઝાવાતમાં અટવાતી નારીની આ કથા છે. આખી જિંદગી બીજાનો બોજ પોતાને ખભે ઊઠાવીને જીવતી આ સ્ત્રી સુનંદાની કરુણ સ્થિતિનું હૃદયદ્રાવક આલેખન અહીં થયું છે.

---

[૧] 'મારેપણ એક ઘર હોય' : પુનમુદ્રણ, ડિસેમ્બર, ૧૯૭૬, બીજી આવૃત્તિ વેળાએ : વર્ષા અડાલજા.

- **આનંદધારા (૧૯૭૬) :**

આ નવલકથાનું વિષયવસ્તુ પણ ઉપરોકત નવલકથાની જેમ નારીપ્રધાન જ છે. પરંતુ આ નવલકથા નારીની સહનશીલતા, બીજા માટે કંઈક કરવાની બલિદાન આપવાની તેની ત્યાગવૃતિને લઈને આવે છે. ત્યારે 'આનંદધારા' એ સ્ત્રીની મહત્વાંકાંક્ષાની વાત લઈને આવે છે. સ્ત્રીની સ્વાર્થવૃતિ, તેની આકાંક્ષા અને તેમાંથી ઊભી થતી દુઃખદ પરિસ્થિતિનું અહીં લેખિકાએ નિરૂપણ કર્યું છે. ભૌતિક સમૃદ્ધિ અને કીર્તિને જ સાચું સુખ, સાચો આનંદ માનતા લોકો કઈ રીતે પતન પામે છે અને જિંદગી વેડફે છે તે ખૂબ સરસ રીતે આ નવલકથામાં બતાવ્યું છે.

ઝૂંપડપટ્ટીમાં ઉછરેલી આ વાર્તાની નાયિકા રાણી પોતાનું નાનપણમાં સેવેલું સ્વપ્ન સિદ્ધ કરી એક સફળ અભિનેત્રી તો બને છે પરંતુ ભૌતિક સુખસંપતિ અને પ્રસિદ્ધિ મેળવી લીધા પછી તે સુખ અને કીર્તિ તેને અકળાવે છે. પોતે પતિથી છૂટી થઈ, તેના પ્રેમીનું મૃત્યુ થયું અને અન્યોએ તેની સાથે છેતરપીડીં કરી તે બધાથી ત્રાસેલી, હારેલી તે અચાનક અભાનાવસ્થામાં મુસાફરી કરી હરદ્વાર પહોંચી જાય છે. જયાં તેને જિંદગીનું પરમ સત્ય લાધે છે. નૈતિક પતનની ગંદકીમાં પડેલી રાણી નવલકથાને અંતે પુનઃ જીવનની ઉચ્ચતાને પ્રાપ્ત કરીને પતિ માનસને પુનઃ મળે છે. પશ્ચિમી અભિનેત્રી ' મેરીલીન મનરો ' ના જીવન પર આધારિત કથાવસ્તુને લેખિકાએ ભારતીય પરિવેશમાં આલેખીને આ નવલકથામાં ભારતીય સંસ્કૃતિની ઉચ્ચતા અને તેના સમર્થ્યનો મહિમા નિરૂપ્યો છે.

- **ખરી પડેલો ટહુકો (૧૯૮૩) :**

દામ્પત્ય વિસંવાદ અને આધુનિક માનવની અર્થપ્રિયતાને લઈને આવતી એક વિશિષ્ટ નવલકથા ગરીબીમાંથી સ્વમહેનતે ઉપર આવેલા, ભૌતિક સમૃદ્ધિ અને કીર્તિને જ સર્વસ્વ ગણનાર પતિ અનંત તેમજ અનંતના જ બીબામાં ઢળાયેલા મહત્વાકાંક્ષી તેજસ્વી પુત્ર, સચીન અને બંને કરતા અલગ જ જીવનશૈલી જીવવા માંગતી વૃંદાની વ્યથાની આ કથા છે. વૃંદાને મન સાચુ સુખ, સાચો આનંદ, પ્રેમ અને સંતોષભર્યા જીવનમાં છે. પતિ-પત્નિ વચ્ચેનું આ માનસિક વૈમનસ્ય દામ્પત્યના વિસંવાદનો પાયો છે. વિશેષમાં પુત્રી શ્યામાની માનસિક વિકલાંગ પરિસ્થિતિને કારણે વધી જતી વ્યથા,

દામ્પત્ય સંઘર્ષને ઘેરો બનાવે છે. અંતે પુત્રીની સારવાર અને તેની તાલીમમાં જ પોતાના કરુણ જીવનનું સમાધાન કેળવતી નારીના વાત્સલ્યને લેખિકાએ ગરિમાએ પહોંચાડી વિષયનું સમાપન કર્યુ છે. આધુનિક સમાજની એક મોટી સમસ્યાનું લેખિકાએ વાસ્તવિક રીતે આલેખન કર્યું છે.

- **એક એકરાર (૧૯૮૩) :**

બધી જ નવલકથા કરતા, ચીલાચાલુ વિષય કરતા જુદા જ વિષયને સ્પર્શતી આ નવલકથા છે. માતા-પિતાનું મૃત્યુ થતાં અસલામતીનો ભાવ અનુભવતા, લઘુતાગ્રંથિથી પીડાતાં દંપતીની આ કથા છે. વધુ પડતી કાળજી અને સુરક્ષાને લીધે પતિ રણજિતનો વિકાસ રૂંધાયો હતો તો પત્ની વિશાખા પણ અશિક્ષિત અને અણઆવડતવાળી સ્ત્રી હતી. પિતાના ટ્રસ્ટમાંથી મળતી નજીવી રકમે નભવું અશકય હતું. પૈસાની ખેંચે રણજીતને ખોટો રસ્તો સુઝાડયો જેણે દામ્પત્યના સંઘર્ષને નોતર્યો કોઈ અજાણ્યા ભયે, લોકના ડરે આસપાસની દુનિયાથી પોતાની જાતને સીમિત કરી દેનાર દંપતિના જીવનમાં આશા નામના પાત્રનો પ્રવેશ કરાવીને લઘુતાગ્રંથિથી સ્થગિત દંપતિના જીવનને નવી ગતિ આપે છે. પોતે જ રચેલા કારાગારમાં કેદ થયેલા દંપતિને જીવની મુકત શૈલીનો પરિચય કરાવે છે. પોતાની જ શકિતથી અજાણ એવા આધુનિક માણસના સંકુલ વ્યકિતત્વની ઓળખ આ નવલકથામાં એક નવા જ વિષયરૂપે મળે છે. સાંપ્રત સમાજજીવનની બે સમસ્યાઓ પર લેખિકાએ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

- **બંદીવાન (૧૯૮૬) :**

વર્ષા અડાલજાની તમામ નવલકથાઓમાં કેન્દ્રસ્થાને કુટુંબ, કૌટુંબિક સંબંધ અને સંઘર્ષ રહયા છે. જયારે આ 'બંદીવાન' નવલકથામાં કુટુંબથી માંડીને સમાજ અને રાષ્ટ્ર સુધીનો વ્યાપ છે. સામાજિક મૂલ્ય ધરાવતી આ નવલકથામાં એક તરફ સમાજની બદીરૂપ ગુંડાઓ છે. બીજી તરફ વર્તમાન રાજકારણનો અંધેર જેલ વહીવટ છે. ત્રીજી તરફ ખંધા રાજકારણીઓ, ખાઉધરા જમીનદારો અને ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ થકી આ સમગ્ર રાષ્ટ્રનો આ ભ્રષ્ટ વહીવટ છે અને તો ચોથી તરફ પોતાનું કુટુંબ તેની જરૂરીયાત અને તેની ખુશી માટેની મથામણ છે. આ ચોતરફ અસહ્ય પરિસ્થિતિ વચ્ચે ટટ્ટાર ઊભા રહેવા મથવા પ્રામાણિક પોલીસ ઓફિસર દેવપ્રકાશ ગાર્ગના સંઘર્ષની આ કથા છે. નવલકથાના

નાયક દેવપ્રકાશની પ્રામાણિકતાને અસામાજિક તત્વો સાથે ટકરાવીને લેખિકાએ ભારતીય જેલોમાં ચાલતી ગેરરીતિઓ, ગુના અને ભ્રષ્ટાચારની સચોટ રજૂઆત કરી છે. સત્યઘટના પર આધારિત આ નવલકથામાં વ્યકિતના વ્યાવસાયિક સિદ્ધાંતો અને કુટુંબની જરૂરીયાતો વચ્ચેના ઘર્ષણની તેના જીવન પર કેવી અસર પડે છે અને તેનું પરિણામ કેવું આવે તે બહુ ખૂબીથી હ્રદયને સ્પર્શે એ રીતે નવલકથાકારે દર્શાવ્યુ છે.

- **માટીનું ઘર (૧૯૯૧) :**

કુટુંબથી રાષ્ટ્ર સુધીના જુદા-જુદા વિષયો પર કલમ ચલાવતા ફરી પાછા લેખિકાની કલમ કુટુંબ પર કેન્દ્રિત થાય છે. 'માટીનું ઘર' નવલકથા કુટુંબના સંઘર્ષને રજૂ કરતી કથા છે. દામ્પત્યનો વિસંવાદ એ કુટુંબ જીવનના સંઘર્ષનું કેન્દ્ર છે. દામ્પત્યના વિસંવાદથી ઊભા થતા પતિ-પત્નિ વચ્ચેના સંઘર્ષની પુત્રી લત્તા પર થતી અસરને કેન્દ્રમાં રાખી નવલકથા સર્જાઈ છે. પોતાના સુખી દામ્પત્યજીવનમાં પણ લત્તા ભૂતકાળ ની સંઘર્ષભરી સ્થિતિ ભૂલી શકતી નથી. પિતાને જોતા જ, પિતાએ માતાને આપેલો શારીરિક, માનસિક ત્રાસ, પિતા દ્વારા થતી મારપીટ, પિતાના કારણે થયેલું માતા અને બહેનનું મૃત્યુ. આ બધું જ યાદ આવી જાય છે. ભૂતકાળ અને વર્તમાન વચ્ચે ઝોલા ખાતી, સતત મથામણ અનુભવતી નાયિકા અંતે માનસિક સંતુલન ગુમાવી પતિની હત્યા કરી બેસે છે. 'માટીનું ઘર' એક મનોવૈજ્ઞાનિક અભિગમયુકત નવલકથા હોવા છે છતાં તે અન્ય નવલકથાની જેમ હ્રદયસ્પર્શી બની રહે છે.

શ્રીમતી વર્ષા અડાલજાની કલમ વિવિધ પ્રકારના સામાજિક પ્રશ્નોમાં વાચકને આકર્ષ્યા વિના રહેતી નથી. વ્યકિતની સમસ્યાથી શરૂ કરી સમષ્ટિની સમસ્યા સુધી તેમની કલમ વિસ્તરી છે. જે તેમના સર્જનનો વિકાસ દર્શાવે છે. પ્રેમ-પ્રણય જેવા સનાતન વિષયના નિરૂપણમાં પણ વિવિધતા જોવા મળે છે. તેમની પ્રત્યેક નવલકથા પ્રેમ જેવી સનાતન ભાવના, કુટુંબભાવના, દામ્પત્યસંબંધ જેવા વિષયને લઈને આવે છે અને પ્રત્યેક નવલકથામાં તેનું નિરૂપણ સામર્થ્યપૂર્વક થયું છે અને તેમ કરતાં તેમણે જીવનના સારા-માઠા તમામ પાસાઓને આવરી લીધા છે. માનવીય પ્રેમ સાથે કયારેક પ્રભુપ્રેમની વાત કરીને આધ્યાત્મજીવનની ઉચ્ચતા પણ બતાવી છે.

ભારતીય સંસ્કૃતિનું દર્શન પણ તેમની નવલકથામાં જોવા મળ્યું છે. ક્યારેક કૃત્રિમતા પણ જોવા મળે છે. નવલકથાની અંદર સાંપ્રત ભારતનું કથળેલું રાજયતંત્ર કાનૂનક્ષેત્રની સમસ્યા દર્શાવી સમગ્ર વિશ્વની સમસ્યાને તેમણે વાચા આપી છે. જે તેમના સજાગ સર્જકત્વનો પરિચય કરાવે છે. તેમની નવલકથામાં વિષયવસ્તુને ધારદાર બનાવવા કયારેક તેમણે જે વળાંકો આપ્યા છે, તેમાં ખાસ કરીને પાત્રો પર થતો પક્ષઘાતનો હુમલો, માનસિક બિમારી, પાગલપણું, હૃદયરોગ મુખ્ય રહયા છે. છતાં એક સજાગ સર્જકને છાજે તે રીતે તેમણે શકય ત્યાં સુધી વાસ્તવિકતાની ધરા પર રહીને જ લખ્યું છે અને આથી જ તેમની સામાજિકનવલકથાઓમાં આલેખાયેલી સમસ્યા આપણા સાંપ્રત સમાજની સમસ્યા છે, રાષ્ટ્રની સમસ્યા છે. સમાજ કે રાષ્ટ્ર જેના પર ટકે છે કે તૂટે છે તેની જ વાત વિવિધ પ્રશ્નો દ્વારા ખૂબ જ કુશળતાથી તેમણે તેમની નવલકથામાં દર્શાવી છે.

- **વર્ષા અડાલજાની સામાજિક નવલકથાની પાત્રસૃષ્ટિઃ-**

આ જગત સારા-નરસા માણસોનો શંભુમેળો છે. સારી-નરસી એમ બંને પ્રકારની વ્યકિતઓ સમાજમાં જોવા મળે છે. એક જ મનુષ્યમાં સારી અને ખરાબ એમ બંને વૃત્તિ, એકસાથે સંભવી શકે અને આ સારા અને ખરાબ એમ બંને પ્રકારના માણસોથી સાહિત્યકારની પાત્રસૃષ્ટિ સર્જાય છે. ઘણીવાર કૃતિમાં આલેખાયેલ પાત્ર એટલું ઉદાત્ત હોય કે તે ભાવકને દેવ જ ભાસે તો ઘણીવાર એ એટલું નિમ્ન હોય કે દાનવ લાગે. દેવ અને દાનવની વચ્ચેના માનવ સામાન્ય માનવ, જયારે આપણી સામે આવે ત્યારે કલાકૃતિનો એ માનવ આપણને વિશેષ અસર કરી શકે. પાત્રસર્જનમાં તાટસ્થ્ય જાળવવું એ કોઈપણ સાહિત્યકાર માટે મુશ્કેલ છે. મુખ્યપાત્ર પ્રત્યેનો સાહિત્યકારોનો વધારે પડતો પક્ષપાત કદાચ બીજા પાત્રને અન્યાય કરી જાય, અથવા ખુદ મુખ્યપાત્ર માટે પણ અન્યાયરૂપ બની શકે તો કયારેક કથાવસ્તુનું ધારી લીધેલું ધ્યેય પણ પાત્રોને અન્યાયકારક બને.

વર્ષા અડાલજાની નવલકથાના અભ્યાસમાં પાત્રસૃષ્ટિ અગત્યનું અંગ છે. એમની નવલકથાના પાત્રમાં વિવિધતા તો છે જ, સાથે પ્રભાવકતા પણ છે. ભાવક પર નવલકથાનું વસ્તુ જે છાપ છોડી જાય છે તેવી કે તેના કરતા વધારે જડબેસલાક છાપ

પાત્રો છોડી જાય એવું બહું ઓછું બન્યું છે. છતાં પણ એમની નવલકથાના અમુક પાત્રો આકર્ષક અને જીવંત લાગે છે ખરા.

સૌ પ્રથમ એમનાં પાત્રોની વિવિધતા બાબતે જોઈએ. નવલકથાનું વિષયવસ્તું બધા જ સ્તરનું છે. આથી પાત્રો પણ અનેક સ્તરના હોય એ સ્વાભાવિક છે. આબાલ વૃદ્ધ પાત્રો છે, સાથે શિક્ષિત, અશિક્ષિત અને અલ્પશિક્ષિત પાત્રો પણ છે. સામાજિક પાત્રોના સર્જનમાં લેખિકાએ તેના સ્તર કરતાં પાત્રોની નૈતિકતા-અનૈતિકના પર વિશેષ ભાર મૂકયો છે. પાત્રના વર્તનને જ્ઞાતિ કે વર્ગભેદ નડતા નથી. એક તરફ ખૂની, શરાબી, વેશ્યા, લાંચખાઉ જેવા નિમ્નવૃત્તિના તો બીજી તરફ ઉદાત્ત, ચારિત્ર્યવાન પાત્રો પણ છે. શારીરિક, માનસિક બીમારીથી પીડાતા, અકસ્માતનો ભોગ બનતા, સતત કૌટુંબિક, આર્થિક સમસ્યાથી પીડાતા, પોતાની જાત સાથે પરિસ્થિતિ સાથે સંઘર્ષ કરતાં ગુનાખોરીમાં અટવાયેલા પાત્રો નવલકથામાં કેન્દ્રસ્થાને છે.

નવલકથાની આ વિવિધ પાત્રસૃષ્ટિને સમજવા માટે પાત્રોને ત્રણ ભાગમાં વહેચ્યા છે. સ્ત્રીપાત્રો, પુરુષપાત્રો અને અન્ય સ્ત્રી-પુરુષ પાત્રો.

સામાજિક નવલકથાની પાત્રસૃષ્ટિમાં સ્ત્રીપાત્રો વિશે વાત કરીએ તો 'મારે પણ એક ઘર હોય'ની નાયિકા લીના અને 'રેતપંખી'ની નાયિકા સુનંદા બંને સહનશીલ છે. શરૂઆતથી અંત સુધી બંને પાત્રોનો કોઈ વિકાસ જોવા મળતો નથી પોતાની બહેન સુરેખાના સુખ ખાતર દરેક પ્રસંગે ત્યાગ કરતી, બહેન પર ધિક્કાર વરસાવતી છતાં તેની સંભાળ લેતી. માતા-પિતાની વાત નતમસ્તકે ઝીલી લેતી, બહેન ખાતર પોતાના પ્રેમનું પણ બલિદાન આપતી, બહેનના બાળક પર પોતાના પુત્ર જેવું વહાલ વરસાવતી - પ્રત્યેક પ્રસંગે જાત સાથે સંઘર્ષ કરતી, ભાગ્ય સામે હારતી, પોતાની જાતને 'ફાઈટર'તરીકે ઓળખાવતી.

'મારે પણ એક ઘર હોય'નું મુખ્ય સ્ત્રીપાત્ર લીના તેના જીવનના પ્રત્યેક પ્રસંગમાં, ભાવકને અપીલ કરી જાય એવું ઉદાત્ત પાત્ર છે. તો 'રેતપંખી'ની નાયિકા સુનંદા-બાબતે પણ આવું જ જોવા મળે છે. કાકા-કાકીના હાથે ઉછરતી, ઘરનું કામ કરતી, બીજવર જગમોહન સાથે લગ્ન કરી એના મોટા સંતાનોનું અપમાન સહન કરતી, તેમની સાથે સમાધાન ઈચ્છતી, પતિની પ્રથમ પત્નીની તસ્વીરથી ડરતી, ઓરમાન પુત્રના યુવાનમિત્ર

શ્રીધર તરફ ખેંચાતી, પ્રેમ મેળવવા તરસતી અને અંતે પાગલ બહેન તારાની સંભાળ લેતી, તારાની પુત્રીને ઉછેરતી. સુનંદા પણ કરુણપાત્ર તરીકે ભાવકના હૃદયને સ્પર્શી જાય છે. આ બંને નવલકથાની આ નાયિકાઓ નવલકથામાં તેમની ક્રિયાઓ દ્વારા ઓળખાય તે પહેલા તેમની ઓળખ એ જ નવલકથાના અન્ય પાત્ર દ્વારા મળી જાય છે.

સામાન્ય રીતે પાત્ર દ્વારા નવલકથા ઘડાતી હોય છે. અહીં નવલકથાના એક વાકય દ્વારા જાણે કે આખું પાત્ર ઘડાય છે. બીજાની તકલીફ સમજતી, બંને નાયિકાને જિંદગી બીજાની જિંદગીનો ભાર ખેંચતી જ પસાર થતી હોય એવું લાગે છે. બંને નાયિકાએ બીજાને ખાતર પોતાના અરમાનોનો ભોગ આપ્યો છે. લીના મા-બાપની ઈચ્છા ઉથાપતી ન હતી. સુનંદા કાકા-કાકીની ઈચ્છા ઉથાપતી ન હતી. જેમ લીના પોતે ચાહે છે કે મારે પણ એક ઘર હોય, વર હોય, બાળક હોય એમ એમ સુનંદા પણ ચાહે છે બીજવરને પરણી જેમ સુનંદા ગોઠવાઈ હતી તે જ રીતે લીના પણ ગોઠવાઈ હતી. ફરક માત્ર એટલો જ કે અનુપમને લીનાએ ચાહયો હતો, ઝંખ્યો હતો, તેમ છતાં એને જે અનુપમ મળ્યો તે એનો ન હતો. તે તો નાની બહેન સુરેખાનો પતિ હતો. જેમ પાગલ બહેનના બાળકની જવાબદારી લીનાએ લીધી હતી. તે જ રીતે પાગલ બહેન તારાની દીકરીની જવાબદારી સુનંદાએ લીધી હતી. સુરેખાનું પાગલપણું ઘરના સભ્યો માટે જોખમરૂપ બન્યું ત્યારે જ તેને મેન્ટલ હોસ્પિટલમાં મૂકવા વિચાર્યું. સુનંદા પાગલ બહેન તારાને ઘરે લઈ આવી હતી. લીનાના સુરેખા સાથેના અનુપમને મેળવવાના સંઘર્ષમાં અને સુનંદાની ઓરમાન પુત્રી અમલા સાથેના ઘર્ષણમાં બંને પાત્રો સચોટ રીતે નિરૂપાયા છે. તે તે પાત્રમાં અંત સુધી સહનશીલતાનો ગુણ સર્વોપરી રહ્યો હતો. આખી જિંદગી દુઃખ અને અન્યાય સહન કર્યા પછી લીનાને અંતે સુખ મળ્યું અથવા કહો કે તેણે સુખ માટેનું સમાધાન કેળવ્યું. દુઃખ પછી સુખ, સુખ પછી દુઃખનો કુદરતનો નિયમ અહીં જોવા મળ્યો પરંતુ સુનંદા બાબતે તો તે પણ ન થયું. શરૂઆતથી અંત સુધી તે પાત્ર એક પછી એક આઘાત પામતું જ ગયું અને આ માટે નસીબ જેટલી હાથતાળી આપી ગયું. તેનાં કરતાં સુનંદાના પાત્ર માટે લેખિકાએ ઘડેલું ભાગ્ય વધારે ભાગ ભજવી ગયું હતું. પોતે નિશ્ચિત કરેલા અંત તરફ કથાવસ્તુને લઈ જવાના આગ્રહે અન્ય પાત્ર સાથે જ નહીં પરંતુ મુખ્ય પાત્ર સાથે અન્યાય કરતાં પણ લેખિકા અચકાતા નથી તેવું લાગે છે.

આ જ રીતે 'આનંદધારા' નવલકથાની નાયિકા રાણીના પાત્રમાં પણ વિશેષતા જોવા મળે છે. 'આનંદધારા' ની રાણી બાળપણથી યુવાની સુધી તબક્કાવાર વિકસતુ પાત્ર છે. ઝૂંપડપટ્ટીની ગંદકીમાં રાણીનું બાળપણ વિત્યું હતું. પાડોશીના દીકરા રતન સાથેની નિર્દોષ મૈત્રી તેને મન મૂલ્યવાન હતી. તેની સાથે રખડતા ફિલ્મી પોસ્ટરો જોઈને હિરોઈન જેવું ફ્રોક પહેરવાની અને સરકસમાં કામ કરતી છોકરીની જેમ લોકોની તાલીઓના ગડગડાટ વચ્ચે સ્મિત ફરકાવવાની કલ્પના કરતી રાણીની આકાશ આંબતી મહત્વાકાંક્ષા સાકાર કરવા કુદરતે ધીરે ધીરે તેને એક પછી એક તક આપી હતી. તક ઝડપવામાં ચબરાક રાણી ફોટોગ્રાફર માનસે મૂકેલા લગ્નના પ્રસ્તાવને સ્વીકારીને પળ માત્રમાં ઝૂંપડપટ્ટી છોડીને ચાલી ગઈ હતી. ત્યારબાદ અચાનક જ મોડલિંગ ક્ષેત્રે તેણે ઝંપલાવ્યું. તેમાંથી ફિલ્મી દુનિયામાં જવાની તક મળતા તે સ્વીકારીને સિદ્ધિના શિખરો તેણે પાર કર્યા. આ બધી દોડમાં તેનો પતિ માનસ તો કયાંય પાછળ રહી ગયો હતો અને તેની રાણીને પરવા પણ ન હતી. ઝૂંપડપટ્ટીની લઘરવઘર ફરતી એક ગંદી, અભણ છોકરીને લેખિકાએ ટોચની અભિનેત્રી બતાવી, પરંતુ તેમાં કયાંય અવાસ્તવિકતા લાગતી નથી જે કુશળતાથી રાણીને મળતી તક બતાવીને લેખિકાએ આ પાત્રનો અત્યાર સુધીનો વિકાસ બતાવ્યો, તે દાદ માંગી લે છે. ઝૂંપડપટ્ટીની ગંદકીની જેમ ફિલ્મી દુનીયાની ગંદકીનો પરિચય પણ મિ. મહેતા અને સેક્રેટરી મનોજ જેવાઓ દ્વારા કરાવ્યો. ફિલ્મ દ્વારા મળતાં તમામ ભૌતિક સુખો રાણીએ ભોગવ્યા. કુમારસેન જેવી સાલસ વ્યકિત સાથે લગ્ન કરી સ્થિર થવાના રાણીના સ્વપ્ના, કુમારસેનના અચાનક મૃત્યુથી રોળાયા. જે સંસાર છોડી રાણી ભૌતિક સિદ્ધિ પ્રાપ્ત કરવા નીકળી હતી તે સંસારને તે હવે ઝંખતી હતી. માનસ પાસે તે ફરીવાર ગઈ હતી પરંતુ માનસ ન મળતા બેધ્યાન પણે તે સ્ટેશને પહોંચી ગઈ હતી અને ત્યાંથી ટ્રેનમાં બેસીને તે સીધી હરદ્વાર પહોંચી ગઈ હતી. ત્યાંથી આ પાત્રનો સ્વતંત્ર વિકાસ રુંધાય છે. આ બધું કૃત્રિમ લાગે છે. વેશ્યા જેવું જીવન જીવતી, શરાબ પીતી, અર્ધપાગલ અવસ્થાનો શિકાર બનતી. રાણીનો અંત નિશ્ચિત રીતે આત્મહત્યા કે પાગલપણું જ હોઈ શકે. અહીં સર્જકે તેને અચાનક હરદ્વાર જતી બતાવી. રાણીને નિર્મલ બચાવે છે. સાચું સુખ, સાચો આનંદ એ વ્યકિતના હૃદયમાં છે, તે બહાર શોધ્યો જડે તેમ નથી. જીવનનું એ પરમ સત્ય તેને નિર્મલે સમજાવ્યું. કિલ્લોલ અને તરુણના બાલસહજ તોફાનોમાં રાણી પોતાના જીવનના ઝંઝાવાતને ભૂલી ગઈ. આ બધી

અકસ્માતોની ભરમાર સર્જીને લેખિકાએ અંતને સુખદ બનાવ્યો. પરંતુ તે અસ્વાભાવિક લાગે છે. હોલીવુડની પ્રખ્યાત અભિનેત્રી મેરીલિન મનરો પરથી રાણીનું પાત્ર ઘડાયું છે. જયાં મેરીલિન મનરો હતાશ થઈ આત્મહત્યા કરે છે ત્યાં ભારતીય અભિનેત્રિ જીવી જાય છે. કોઈપણ નિશ્ચિત રીતે કહી શકે કે બેફામ જિંદગીનો અંત મોત અથવા પાગલપણું જ હોઈ શકે, ત્યાં સ્થિરતા, શાંતિ કે સ્વસ્થતાની તો અપેક્ષા જ ન હોય, પરંતુ હરદ્વાર જેવું પવિત્ર સ્થળ. તેવી જ નિર્મલ વ્યકિતનું સાનિધ્ય ને સમજાવટ એક પતિતાનું અદભુત અને ભવ્ય પરિવર્તન લાવે છે. પાત્રના નૈતિક પતન પછી ફરી પાછી તેની જિંદગીને ઊંચાઈએ સ્થાપી આપવાનું તો કદાચ, ભારતીય સંસ્કૃતિમાં જ બને. ભારતીય સંસ્કૃતિની મંગલમયતાની ભાવનાથી, હિન્દુધર્મમાં લેખિકાની અચળ શ્રદ્ધાથી જ કદાચ અહીં આવું પરિવર્તન શકય બન્યું, આથી જ રાણીના પાત્ર નિરૂપણ માટે કહી શકાય કે કલાકારની કૃતિ કરતાં કારીગરની કામગીરી તેમાં વધારે જોવા મળે છે.

"તિમિરના પડછાયા" નવલકથાની નાયિકાની માલતી પણ રાણીની જેમ ભૌતિક સમૃદ્ધિ વચ્ચે એકલતાથી પીડાતી સ્ત્રી છે. આ સુખ મેળવવા રાણીને સંઘર્ષ કરવો પડયો હતો. જયારે માલતીને એ ગર્ભશ્રીમંત કુટુંબની વહુ હોવાને કારણે આપોઆપ સુખ મળી ગયુ હતું. માલતીએ પણ રાણી, સુનંદા, લીનાની જેમ પોતાના ઘરની, પ્રેમભર્યા સંસારની કલ્પના કરી હતી પરંતુ પતિ હોવા છતાં તે પતિપ્રેમથી વંચિત સંતાનવિહોણી સ્ત્રી હતી કારણ કે તેનો પતિ ચીફ જસ્ટિસ દિનકરરાય યશ પ્રતિષ્ઠાની પાછળ દોડતો, પ્રેમને ઘેલછામાં ખપાવતો નીરસ પુરુષ હતો. તેની સાથેના કશા પણ ઉત્કટતા વગરના અઢાર વર્ષના દામ્પત્યજીવનમાં તેને ડર અને એકલતા સિવાય કશું મળ્યું ન હતું. દિનકરરાયે લગ્ન પૂર્વે ઘરની નોકરાણીનું શિયળ લૂટયું હતું. તેનાથી પુત્ર પણ હતો. આ હકિકત જાણ્યા પછી માલતી પતિ પર ફિટકાર વરસાવતી થઈ હતી. અત્યાર સુધી તેણે જે સહન કર્યું તેનો પળેપળ હિસાબ લઈને પતિને રંજાડતી થઈ હતી. તેનામાં સ્ત્રી સહજ ઈર્ષા હતી તે સાથે સ્ત્રીને સમજવાની સહયતા પણ હતી. માનબાઈને તેણે માનવપૂર્વક અપનાવી હતી. પતિના ગુનેગાર પુત્રને પણ અપનાવવાની તેની તૈયારી હતી છતાં તેનાં પ્રયત્નમાં માલતી નિષ્ફળ ગઈ હતી. કારણ કે જે સુખ માલતી પોતાના કુટુંબમાં શોધતી હતી, તે સુખ તેનો પતિ સામાજિક માનમોભામાં શોધતો હતો. પતિ પ્રત્યે તિરસ્કાર તો હતો છતાં આખરે તે ભારતીય સ્ત્રી હતી. આથી પતિને તેની ભૂલના પરિણામ સાથે

સ્વીકારવા તૈયાર થઈ હતી. પણ તેમ થઈ શક્યું ન હતું. જે સ્ત્રી પૂર્વે પતિથી દબાયેલી હતી પતિના પ્રેમ માટે ઝૂરતી હતી તે જ સ્ત્રી વખત આવ્યે પતિને છોડાવામાં વિલંબ નથી કરતી. કથાના અંતે પતિ દિનકરરાય માલતીને ઈચ્છે છે, ઝંખે છે, પણ આવો હારેલો, થાકેલો, હતાશ અને ડરી ગયેલો પતિ માલતીને નથી ખપતો તેને તો સમાજ સામે છાતી કાઢીને પોતાની ભૂલની કબૂલાત કરતો વાસ્તવિકતાથી ભાગવાને બદલે તેને હિંમતભેર અપનાવતો પતિ જોઈતો હતો. પોતાની, માનબાઈની અને રામુની એમ ત્રણ જીંદગીને બગાડવાને દિનકરરાય પર આરોપ મૂકીને દિનકરરાયને રડતા, કકળતા મૂકીને માલતી સડસડાટ ચાલી ગઈ હતી. જે સ્થિતિમાં બીજી કોઈપણ સ્ત્રી કદાચ દિનકરાયની દશા જોઈને પીગળી જાય. ત્યાં માલતીએ પૂરી મક્કમતાથી દિનકરરાયને નકાર્યા હતાં અને આમાં માલતીના પાત્રનો વિજય છે. કૌટુંબિક સંઘર્ષમાં ટકી જવા મથતા સ્ત્રીપાત્રો તો લીના અને સુનંદા બંને છે. માલતી પણ છે. છતાં માલતીનો, આ 'પોતીકો' સંઘર્ષ છે શરૂઆતમાં માલતીનું જે પાત્ર જોઈએ છીએ તે નવલકથાને અંતે તેનાથી જુદું જ ઊપસે છે. પરિસ્થિતિ અહીં પાત્રને ઘડે છે. જીવનના અંધકારના ઓછાયામાં કશા પણ વાંકગુના વિના અટવાતું આ પાત્ર છે. તેથી તે ભાવકની સહાનુભૂતિ મેળવી જાય છે.

'ખરી પડેલો ટહુકો' નવલકથાની નાયિકા વૃંદાની સમસ્યા માલતીની જ છે, દિનકરરાય સ્ટેટસને, પૈસાને, ભૌતિક સુખસગવડને સર્વસ્વ માને છે અને એ મેળવવાની આંધળી દોડમાં પત્નિ માલતી પ્રત્યે બેદરકાર બની જાય છે. તે જ રીતે 'ખરી પડેલો ટહુકો' નવલકથામાં પૈસા પાછળની, સ્ટેટસ પાછળની દોડમાં પતિ અનંત વૃંદા પ્રત્યે બેદરકાર બની જાય છે. વૃંદાને મન સંતોષ અને પ્રેમથી મોટું કોઈ ધન નથી. પતિ-પત્નિ વચ્ચેનાં આ વિચારભેદ મનભેદ સુધી વિસ્તરે છે તે એટલે સુધી કે, માલતી દિનકરરાયની જેમ જ વૃંદા અનંતનું જીવન પણ એકબીજાથી ફંટાઈ જાય છે. માલતીનાં પાત્ર કરતાં વૃંદાનું પાત્ર થોડું અલગ લાગે છે. વૃંદાના પત્નિ અને માતા એમ બંને પાસાને લેખિકાએ વર્ણવ્યા છે. વૃંદાના સ્ત્રીત્વને અને માતૃત્વને લેખિકા બહુ સરળ રીતે રજૂ કરી શકયાં છે. અનંતના જીવનમાં દૂર થતી પત્નિ વૃંદા અને પુત્રી શ્યામાની સારવારમાં ઓતપ્રોત થતી માતા વૃંદા એમ બંને પાસા અલગ છે. બંને રીતે તે પાત્ર કરુણ છે. હૃદયસ્પર્શી છે.

બધી જ નવલકથામાં કુટુંબ કેન્દ્રસ્થાને છે અને કુટુંબના કેન્દ્રમાં છે કૌટુંબિક સંઘર્ષ, તેની થતી નાયિકા પર અસર અને તેમાંથી નીપજતો પોતાની જાત સાથેનો સંઘર્ષ. દરેક નારીપાત્રના જીવનમાં સંઘર્ષ છે કોઈને સંઘર્ષને અંતે શાંતિ મળે છે તો કોઈ પાત્ર બધું જ ગુમાવે છે રાણી અને લીના એક સંઘર્ષભરી સ્થિતિમાંથી સુખશાંતિ પૂર્ણ સ્થિતિએ પહોંચે છે અને આ સ્થિતિ માટે તેઓને પુરુષપાત્રોનો સહારો મળે છે જયારે સુનંદા, માલતી તથા વૃંદા સંઘર્ષભરી સ્થિતિમાંથી છૂટકારો મેળવી નથી શકતી. માલતી, વૃંદાના પાત્રને સર્જકે આપેલો અંતિમ વળાંક વ્યાજબી છે. દંભી, બેદરકાર પુરુષ સાથે રહેવાં કરતાં તેઓ એકલતાથી પીડાવાનું વધુ પસંદ કરે છે. પરંતુ સુનંદાના પાત્રને ન્યાય મળતો નથી ઉપર્યુક્ત નાયિકાએ પોતાના પ્રેમને મેળવવા, પોતાના હર્યાભર્યા સંસારને મેળવવા તલસતી હતી.

તો 'બંદીવાન' નવલકથા ચંદન નામે એક એવી નારીને લઈને આવે છે જેની પાસે બધું જ પ્રેમાળ પતિ, નાનકડી દીકરી રીન્કુના કિલ્લોલથી ભર્યુ ઘર, હર્યોભર્યો સંસાર, પરંતુ તે સંસારની સલામતી નથી. જેના પર ગૌરવ થઈ શકાય એવો સિદ્ધાંતવાદી, હિંમતવાન, નિષ્ઠાવાન, આસ્ટિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડન્ટ દેવપ્રકાશ ગાર્ગની તે પત્નિ છે. તેના સિદ્ધાંતપ્રિય વ્યકિતને લીધે જ ચંદન તેને પરણી હતી, પરંતુ દિલ્હી જેવા મોટા શહેરની મોટપ અને શહેરી ચમકદમક દેવપ્રકાશની બદલી થતાં છોડવી પડી અને બિહારના એક નાનકડા કુંદનપુર નામના અવિકસિત ગામડામાં આવવું પડયું હતું. જર્જરિત ઘરમાં રહેવું પડયુ હતું. શાળા બજાર, સિનેમા, કલબ કશું જ અહીં હતું નહીં. આ વાતાવરણ તેને બંધિયાર લાગતું, પુત્રીનો વિકાસ અહીં રૂંધાતો લાગતો, તે અકળાતી. આ બદલી પતિના સિધ્ધાંતોને કારણે થઈ હતી. ચંદન વારંવાર પતિને સિદ્ધાંત છોડી દેવા સમજાવતી. દેવપ્રકાશ જેલમાં કેદી પર થતાં અત્યાચાર અને શેઠિયાઓની મહેમાનગીરીને ઉઘાડા પાડવા માંગતો હતો. જેલમાંથી છૂટેલા ગુનેગારને, સમાજ તેને અપનાવે તે માટેનાં પ્રયત્નો દેવપ્રકાશ પોતાના ઘરથી કરવા ઈચ્છતો હતો પરંતુ ચંદનનો સાથ તેને મળતો ન હતો. ચંદનને હતું કે પતિના આ સ્વભાવને લીધે કયારેક પતિને અને પુત્રીને ગુમાવવા પડશે. પરસ્પરને અનુકૂળ થવાના તમામ પ્રયત્નો દેવપ્રકાશનાં અને ચંદનના પણ વ્યર્થ ગયા હતા. ચંદનનું પાત્ર દેવપ્રકાશ સાથેની દલીલબાજીમાં વધુ આકર્ષક લાગે છે. અંતે ચંદન રિન્કુને લઈને દેવપ્રકાશને છોડી પિતાને ઘરે દિલ્હી ચાલી ગઈ હતી.

સત્ય, સિદ્ધાંત, આદર્શ હંમેશા બલિદાન માંગે છે. તે ચંદન જાણતી હતી. એ બલિદાન આપવા દેવપ્રકાશ તૈયાર હતો પરંતુ ચંદન તૈયાર ન હતી. ચંદન પોતાના સંસારની સલામતી ઝંખતી હતી અને કોઈ પણ સ્ત્રી તે ઝંખે જ. દેવપ્રકાશ પરમાર્થમાં માનનારો હતો. કુટુંબને ન્યાય આપવાના પ્રયત્નો કરતો હતો પરંતુ પોતાની જોખમી જિંદગીમાં પત્નિના સાથની અપેક્ષા પણ હતી. જે ચંદન દ્વારા ફળવાની શકયતા ઓછી હતી. અસામાજિક તત્વો દ્વારા દેવપ્રકાશ હેરાન થઈ રહ્યો હતો ત્યારે ચંદન સાથ આપવાને બદલે તેને છોડી ગઈ હતી.

**'શ્રાવણ તારાં સરવડાં' નવલકથાની મુખ્ય નાયિકા** તૃપ્તિની સારપને તેના સદગુણને વધારે પ્રભાવક રીતે દર્શાવવા લેખિકાને બિન્દુના પાત્રની મદદ મળી છે. એમ કહી શકાય અથવા આ બંને પાત્રને સાથે સાથે અને સામ સામે મૂકીને પૂર્વ પશ્ચિમની સંસ્કૃતિ વચ્ચેના વિરોધને દર્શાવીને અને બિંદુના પાત્રનું નવલકથાને અંતે પરિવર્તન કરાવીને લેખિકાએ પૂર્વની સંસ્કૃતિનો મહિમા કર્યો છે એમ કહી શકાય.

બિંદુએ 'શ્રાવણ તારાં સરવડાં' નવલકથાનું પશ્ચિમી રંગે રંગાયેલું ગૌણ પાત્ર છે તો આ જ નવલકથાની મુખ્ય નાયિકા તૃપ્તિ પ્રથમ નજરે ગાંધીયુગના સર્જકની નાયિકા હોય એવી સંપૂર્ણ ભારતીયતાના રંગે રંગાયેલી સહનશીલ નારી લાગે છે. પરંતુ તે ચૂપચાપ સહન કરનારી નથી. ખોટુ હોય તો સામે જવાબ આપનારી અલ્પશિક્ષિત છતાં વાચનપ્રિય, સમજદાર, સુશીલ, તૃપ્તિનો ઉછેર સાચા અર્થમાં પ્રભુના દાસ એવા પિતા પ્રભુદાસના હાથે થયો હતો. મા વિનાની હોવા છતાં તે સંસ્કારી હતી. આ સંસ્કારને લીધે બિન્દુ તથા કાન્તા શેઠાણીની દાંભિકતા પર તેને ચીડ હતી. જયાબા સાથેના તેઓના ઉદ્ધત વર્તન પ્રત્યે અને વૃંદાના આછકલાઈ ભર્યા વર્તન પ્રત્યે તેને સૂગ હતી. તેઓના આવા વર્તનથી તે ઉશ્કેરાઈ જતી તક મળે તેઓના વર્તન બાબતે ટકોર પણ કરતી અને સામે જવાબ પણ આપી દેતી તો બીજી તરફ સરળ લક્ષ્મીનંદન શેઠની સતત સ્નેહવર્ષા, જયાબાનું વાત્સલ્ય, મયંકનો સમભાવ, મયંકના નાનકડા પુત્ર રાજુનો નિર્દોષ સ્નેહ અને સુબંધુના પ્રેમને કારણે શેઠના પરિવારનું તે હિત ચાહતી અને એને માટે પ્રયત્નશીલ પણ રહેતી. કોઈ પ્રત્યે તેને અંગત દ્વેષ ન હતો. આથી ઘર છોડી ગયેલી બિંદુ ઘરે પાછી ફરે તેનું અને પરિવારનું જીવન સ્થિર થાય તેવું તે ઈચ્છતી હતી. વૃંદાને પણ ચંદ્રકુમાર

સાથેના પ્રેમસંબંધનો અંત લાવવાનું તે સમજાવતી અને આમ કરવામાં તેને તેઓનું અપમાન પણ સહન કરવું પડયું હતું.

**'એક કારાગાર'** નવલકથાની નાયિકા વિશાખા ઉપર્યુકત તમામ પાત્રો કરતાં જુદી છે. સાધારણ સમજ કે સૂઝ પણ વિશાખામાં નથી. ઘરમાં કેમ રહેવાય બહાર કેવાં વ્યવહાર થાય કોઈ પણ સમસ્યાને કઈ રીતે હલ કરી શકાય એ વિચારવાની શકિત પણ વિશાખામાં ન હતી. આશ્ચર્ય ઉપજાવે તેવું આ પાત્ર છે. આથી ભાવકને પ્રશ્ન થાય પણ ખરો કે આધુનિક જમાનામાં આવી કોઈ વ્યકિત હોઈ શકે ? કદાચ આધુનિક માનવનો આ પણ એક પરિચય હોઈ શકે.

વિશાખાનો પતિ બેકાર હતો, સસરાએ કરેલા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જે પૈસા મોકલતા તેમાં ઘર ચલાવી શકાય એમ ન હતું. જો સંતાન થાય તો ટ્રસ્ટ દ્વારા વધુ પૈસા મેળવી શકાય એમ હતું. આશ્ચર્યની વાત એ હતી કે આ દંપતિએ કયારેય બાળક વિશે વિચાર્યું ન હતું. વિશાખાને શું કયારેય માતૃત્વનો, બાળકનો વિચાર આવ્યો જ નહિ હોય એમ માની શકાય ખરું ? આ પ્રશ્નો ભાવકના મનમાં સ્વાભાવિક રીતે જ ઉદ્દભવે. આમ, વિશાખા અણસમજુ પાત્ર છે, મર્યાદાવાળુ પાત્ર છે. પતિ રણજિતનું માનવું હતું કે, વિશાખામાં બાળકનો ઉછેર કરવાની આવડત જ ન હતી. પૈસાની ખેંચે અને ખરાબ મિત્રની સોબતે રણજિત જુગાર અને શરાબનો વ્યસની બન્યો. ધીરે-ધીરે દામ્પત્યજીવન કલેશમય બન્યું હતું. આ પરિસ્થિતિમાં શું કરવું, કેમ રહેવું તે વિશાખાને સમજાતું ન હતું. એક અજાણ્યા ભયે, કોઈ ઘરમાં જોઈ જશે તો મજાક કરશે એ ડરે ઘરના બારી બારણા પણ બંધ રાખતી. નોકરાણીને રજા આપી દેતી. વિશાખાને ઘરની રોજીંદી ચીજવસ્તુ કેમ મૂકવી તેનું પણ ભાન ન હતું. વધારાની ચીજવસ્તુ એક રૂમમાં મુકીને રૂમ પણ હંમેશા બંધ રાખતી. વિશાખામાં એક ભારતીય ગૃહિણીમાં હોય એવી સીધી સાદી સમજનો અભાવ હતો. તેનું કારણ એ હતું કે, માતા-પિતાના વધુ પડતા લાડે રણજિતનું જીવન તો રૂંધાયું જ હતું પરંતુ વિશાખાના માથે પણ કયારેય ઘરની જવાબદારી આવી ન હતી. અચાનક સાસુ-સસરાનું મૃત્યુ થતાં તમામ જવાબદારી વિશાખા-રણજિતના માથે આવી પડી હતી અને એ જવાબદારી નિભાવવી તેઓ માટે મુશ્કેલ હતી. ઘરના કે બહારના કોઈ વ્યવહારની કે વહીવટની ગતાગમ તેઓમાં ન હતી. એવું નિરર્થક જીવન દર્શાવીને

સહેતુક જીવન જીવવાની સાચી રીત શું છે અને તેનું મહત્વ શું છે તે જ સર્જકને બતાવવું હતું. આથી જ અહીં વિશાખાના ઉજવલ જીવનની કોઈ શકયતા ન હતી છતા વિશાખાના ભાવિની આશાસ્પદ સ્થિતિનું નિર્માણ આશાના પાત્ર દ્વારા થયું છે.

વિશાખાના દાદા સસરાના મિત્રની પૌત્રી આશા આફ્રિકાથી ભારત વિશાખાને ત્યાં રહેવા આવી હતી. વિશાખાએ ઘરની અને સાથે સાથે મનની પણ વાત આશાને કરી હતી. જીવન કેવી રીતે જીવાય, જીવનની નાની-નાની વાતમાં પણ રસ લેતા કેવી રીતે થવાય, રોજિંદી ક્રિયાઓ પણ જો પ્રેમપૂર્વક કરાય તો પ્રત્યેક પળે જીવન કેવું માણી શકાય એ વાત આશાએ વિશાખાને શીખવી હતી. ઘરની બિન ઉપયોગી ચીજોનું વેચાણ કરીને પૈસા મેળવી શકાય જેવા પ્રામાણિકતાથી પૈસા પ્રાપ્ત કરવાનાં અનેક રસ્તા આશાએ વિશાખાને બતાવ્યા હતા. આશાના આગમન પછી રણજિતમાં પણ સુધારો વર્તાતો હતો. શરાબ-જુગારના વ્યયસનને છોડવાની આશાએ તેને સલાહ આપી હતી. આશાના આગમન પછી ધીરે-ધીરે વિશાખાાનું દામ્પત્યજીવન સંવાદી બન્યું હતું. વિશાખાના જીવનની ઉજજવલતાના એંધાણ સર્જક આશાના પાત્ર દ્વારા કરાવ્યાં છે. આશાએ વિશાખાના રેઢિયાળ જીવનને એક દિશા આપી છે. વિશાખાનું પાત્ર ભાવકને બહુ આકર્ષી શકે એમ તો નથી પરંતુ નિરર્થક જીવન જીવતા, જીંદગીને બોજ માનીને વેડફી દેતા માનવના અબુધ મનની સંકુલ સ્થિતિનું દર્શન સર્જકે કમઅક્કલ વિશાખાના પાત્ર દ્વારા જે રીતે કરાવ્યું છે એ પ્રસંશાને યોગ્ય છે.

વર્ષા અડાલજાની નવલકથાઓમાં 'માટીનું ઘર' નવલકથાની નાયિકા લતા સૌથી વધુ કરુણપાત્ર રૂપે આવે છે. તેના જીવનની કરુણ પરિસ્થિતિ માટે તે કયાંય પણ કોઈ રીતે જવાબદાર હોય એવું લાગતું નથી અને છતા સર્જકે નવલકથાના અન્ય પાત્રોને મૃત્યુ પામતાં બતાવીને દુઃખદ પરિસ્થિતિમાંથી તેઓને મુકિત અપાવી છે જયારે લતાને સુખદ પરિસ્થિતિમાય દુઃખની ચરમસીમાએ પહોંચાડીને. પાગલ થતી દર્શાવી છે. લતાનો મનોસંઘર્ષ જ તેના જીવનની કરુણ દશાનું કારણ બને છે. ઘરના કલેશમય વાતાવરણની અસર બાળપણથી જ તે અનુભવતી હતી. પિતાનો ધાક, પિતા તરફથી થતી માતા, બહેન અને પોતાની મારપીટ અને ઘરમાં પૈસાને કારણે સતત થતા ઝઘડાએ સર્વથી તે ત્રાસી ગઈ હતી આ બધું મૂક પ્રેક્ષક રૂપે તે જોયા કરતી હતી પિતાની રજા વિના તે ગરબા

ગાવા ગયેલી અને તેની જાણ થતાં રાતે પિતાએ તેના હાથ પર ડામ મૂકયો હતો તે દિવસ તે પિતાને નફરત કરતી થઈ ગઈ હતી. અને તે નફરતે અંતે માઝા મૂકી અને લત્તાનું જીવન બરબાદ થઈ ગયું. પિતાની મરજી વિરુદ્ધ મુસ્લિમ યુવક સાથે લગ્ન કરવાના હેતુથી ઘર છોડી ગયેલી નીડર નીરૂફોઈના વ્યકિતત્વની છાપ પણ લતાના બાળ મને ઝીલી હતી. જે આગળ જતા લત્તાને ઘર છોડવામાં અને આનંદ સાથે લગ્ન કરવામાં જાણ્યે અજાણ્યે સહાયભૂત થઈ હતી. પૈસાની ચમકદમકથી અંજાઈને ધનવાન યુવક સાથે પિતાએ કરાવેલું બહેન નીનાનું લગ્ન, સાસરામાં દાઝી જવાથી થયેલું નીનાનું શંકાસ્પદ મૃત્યું, માતા-પિતાના ઝઘડામાં થયેલું માતાનું મૃત્યુ વગેરે આઘાતોથી લતા ભીતરથી હચમચી ઊઠી હતી. આ બધા આઘાતો માટે પિતા મંગળદાસ જ જવાબદાર હતા. બધું ગુમાવી ચૂકેલા રડતા પિતા માટે લત્તાને સહાનુભૂતિ પણ થતી નથી. નજીવી બાબતમાં પિતા સાથે ઝઘડો થતાં તે પ્રેમી આનંદ સાથે લગ્ન કરી પિતાના ઘરમાંથી નીકળી ગઈ હતી. લત્તાના જીવનનું આ પરિવર્તનબિંદુ હતું. ભૂતકાળ ભયાનક હતો છતા લત્તા માટે વર્તમાન અને ભવિષ્યની સ્થિતિ આશાસ્પદ જણાતી હતી. લતા-આનંદનું દામ્પત્યજીવન સુખ, સમૃદ્ધિ, પ્રેમથી ભર્યુ હશે એમ લાગતું હતું અને એ માટેની તમામ શકયતાઓ પણ હતી, પરંતુ એમ થઈ શકયું ન હતું. લત્તા કોઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ, તેનું બાળપણ કેવું વીત્યુ તે દર્શાવી, તેના આનંદ સાથેનું લગ્ન બતાવી નવલકથાને સુખદ અંત આપવાનું સર્જકનું ધ્યેય ન હતું. કુટુંબના તંગ વાતાવરણની અસર, પિતાના ત્રાસદાયક વર્તનની અસર સંતાનો પર કેવી પડે છે અને તેની છાપ કયાં સુધી રહે છે અને તેનું પરિણામ શું આવી શકે, તે સર્જકને દર્શાવવું હતું એમ લાગે છે. માણસના દિલમાં રહેલી નફરત સામી વ્યકિતને તો ખતમ કરતા કરે પણ પોતાની જાતને પણ ખતમ કરી નાખે છે એ દર્શાવવા માટે જ લતાના પાત્રનું જાણે આલેખન કર્યુ હોય એમ લાગે છે. પિતાનું ઘર છોડયુ છતાય એ ઘર, ઘરમાં વિતેલો ભયંકર કપરો કાળ લતાના જીવન સાથે એવી રીતે જડાયેલો હતો કે તે ભૂલવા ધારે તોય કદાચ ભૂલી શકે એમ ન હતી તેની આ મોનદશા જ તેના દુ:ખનું કારણ બની. આ મનોદશાએજ તેને પાગલ બનાવી દીધી. આજ આ પાત્રની કરુણતા છે.

જીવનમાં એક પછી એક આઘાતો જીરવતી 'એકપળની પરખ' નવલકથામાનું 'મા" પાત્ર અંતે હાર્ટએટેકથી મૃત્યુ પામે છે. આ 'માં' પાત્રને કોઈ નામ લેખિકાએ આપ્યું

નથી. બધી નવલકથામાં કદાચ આ જ પાત્ર એવું છે કે જેને વિશેષ નામ લેખિકાએ નથી આપ્યું તેમ છતાં તે કઠતું નથી લેખિકાની આ એક લાક્ષણિકતા છે. ''માં'' ને માં સિવાઈ કોઈ વધુ સુંદર સંબોધન કેવી રીતે હોઈ શકે. આખી નવલકથા દીકરીના મુખે કહેવાઈ છે. નવલકથાનું કથાવસ્તુ દીકરી અને માના સંબંધ પર આધરિત છે. આથી 'માં' નવલકથામાં માતા તરીકે જ આવે છે, બાળકો મા ને મા રૂપે જુએ છે પોતાની માં સંસારમાં બીજી કોઈ પણ મા કરતાં શ્રેષ્ઠ જ હોય તેવું સમજીને બાળક ચાલતું હોય પરંતુ મા ને એક સ્ત્રી તરીકે બાળકો કયારેય જોતા નથી. પરિણામે એક સ્ત્રી તરીકે માના સુખ–દુઃખની બાળક સ્વાભાવિક રીતે કલ્પના ન કરી શકે અને આ બાળકનું આલેખન નવલકથામાં 'મા'ના પાત્રને ખૂબ ચોટદાર બનાવે છે. બધી જ નવલકથાઓમાં કદાચ સૌથી વધુ જાજરમાન નારીપાત્ર 'મા'નું છે અને બધા નારીપાત્રો કરતા વિશિષ્ટ છે.

'મા' મોટા ખાનદાનના પુત્રી અને તેવા જ જાજરમાન માન મરતબાવાળા ખાનદાનના પુત્રવધૂ હતાં. તેમનું ગૌરવ તેમનાં પત્યેક વર્તનમાં જણાતું હતું. રાજમાતા જેવો તેમનો માન મરતબો હતો તે જળવાતો પણ ખરો. તેમની પુત્રી પણ તેમનાથી ડરતી, ઘોડેસવારી કરતાં, શિકાર કરતાં પ્રત્યેક કામ કુશળતાથી ઊઠાવી લેતા મા સોહામણી યુવતી હતા તેવા જ જાજરમાન પ્રૌઢા પણ હતાં. અંતર્મુખ હોવાને કારણે તેઓ બહુ ભળી શકતા નહીં. પોતાની લાગણી પ્રદર્શીત કરી શકતા નહીં. આથી જ તો તે સરેરાશ સ્ત્રી કરતાં જુદા જ લાગતા હતાં. આ જ બાબત તેમના પાત્રને ગરિમા આપે છે. આથી જ તેઓ અસહય દુઃખો હૃદયમાં ભંડારી શકતા હતા. સાસુએ તેમની સાથે કરેલું ત્રાસદાયક વર્તન, પતિની બેવફાઈ, તેમનાં ચરિત્ર પર લગાડેલું કલંક અને પ્રાણથી પણ પ્યારા પુત્રે કરેલી ઠંડી અવહેલના એક એક આઘાત તેઓ પચાવી શકયા પરંતુ પુત્રે મૂકેલો ચારિત્ર્યભ્રષ્ટતાનો આક્ષેપ પચાવવો તેમને માટે કઠિન બની ગયો. પુત્રનું મૃત્યુ અને ગર્ભવતી પુત્રવધૂનો ગૃહત્યાગ આ બે બાબત તેઓ જીરવી શકયા ન હતા. દુઃખથી તેમનું હૃદય વલોવાઈ ગયું. પુત્રને માફ ન કરવા બદલ પસ્તાયા અંતે ખુમારીપૂર્વક પુત્રવધૂની માફી માગવાનું અને તેના સંતાનને મિલ્કત આપવાનું સૂચન કરી તેઓ મૃત્યુ પામ્યા. તેમના વ્યકિત્તવના બધાં જ પાસાં કરતાં એક વત્સલ માતા તરીકે ભાવકના મન પર 'મા' પ્રબળ છાપ મૂકી જાય છે. આખા જીવનની વેદનાને તેમણે જીરવી હતી. અંતે એકલા રૂમમાંપુરાઈ રહેતા. છતને તાકી રહેતાં કોઈ સાથે કશું જ બોલતાં નહિ, મન થાય

તો જ ભોજન લેતા, નહિ તો ભોજન પણ એમજ રહેતું બધી જ વેદના હૃદયમાં ઘૂંટતાં અને એ ઘૂંટાતી વેદનામાં એક દિવસ તેમનો જીવ ઘૂંટાઈ ગયો. કોઈ મનોમંથન નહીં. કદાચ વિચારવાનું તેમણે છોડી દીધું હતું. જીરવાય ત્યાં સુધી તેમણે વેદનાને જીરવ્યા કરી હતી.

વર્ષા અડાલજાનાં તમામ દુઃખી સ્ત્રીપાત્રો જેવું જ આ એક વધુ દુઃખી સ્ત્રીપાત્ર છે. પરંતુ તે બધી સ્ત્રીઓમાં અને આ સ્ત્રીમાં બહુ મોટો તફાવત છે. રાણી, લીના, સુરેખા, સુનંદા, માલતી, ચંદન એ બધા સરેરાશ સ્ત્રીઓ જેવા છે. જયારે આ પાત્ર એ બધાની પણ ઉપર ઊઠતું હોય એવું લાગે છે. મોટા ઘરની મોટપમાં રહેતી સ્ત્રીની વેદના મોટી હોય તેમ તેમની વેદના બધી નારીપાત્ર કરતાં જુદી અને અસહ્ય હતી. 'મા'ના પાત્રની ખુમારી, 'મા'ના પાત્રની હાજરી તેમનાં વ્યકિતત્વની ગરિમાની શેહમાં ભાવક પણ આવે તેટલી હદે એ પાત્રને સર્જકે જીવંતતા બક્ષી છે. જે ખરેખર દાદ માંગી લે છે.

મુખ્ય કથાવસ્તુમાં કોઈ ઘટના નિમિત્તે પ્રવેશ પામતાં મુખ્ય પાત્રનો વિકાસ કરવા અથવા તો એના જીવનને રૂંધવા, કયારેક મુખ્ય પાત્રની સખી, બહેન, દીકરી કે દુશ્મન બનીને ભાગ ભજવી જતાં અન્ય નારીપાત્રોને પણ અહીં સંક્ષેપમાં આલેખવાનો પ્રયાસ કર્યો છે. એમાં કેટલાંક પાત્રો જીવંત બન્યાં છે.

'આનંદધારા' અને 'મારે પણ એક ઘર હોય' નવલકથામાં ગૌણ પાત્ર કરતાં 'રેતીપંખી' નવલકથાના ગૌણપાત્ર વધુ જીવંત લાગે છે. થોડાં સમયની હાજરીથી પણ તેઓ પોતાનો પ્રભાવ પાથરી જાય છે. સુનંદાની કાકીથી માંડીને તારાની આયા સુધીના બધા પાત્રો અપીલ કરી જાય તેવા છે. તો 'તિમિરના પડછાયા' નવલકથા મુખ્યત્વે ત્રણ પાત્રોને લઈને વહે છે. એમાં ગૌણ પાત્રો અલ્પ સંખ્યામાં છે. 'રેતીપંખી' નવલકથામાં ગૌણ નારી પાત્રોમાં બે મુખ્ય છે ગીતાંજલી અને જેઈન. બંનેના જીવનમાં થોડીક સમાનતા અને વધુ અસમાનતા છે.

'માટીનું ઘર' નવલકથામાં ગૌણ નારીપાત્રમાં સૌથી વધુ જીવંત અને હૃદયસ્પર્શી પાત્ર નીનાનું છે. નાયિકા લત્તાની મોટી બહેન નીના અલ્પશિક્ષિત છતાં સમજું તો વળી 'શ્રાવણ તારા સરવડા' નવલકથામાં કાન્તાશેઠાણી, માયા બહેન, વૃંદા આ ત્રણ પાત્રોનું આલેખન થયું છે.

'ખરી પડેલ ટહુકો' નવલકથાના ગૌણપાત્રોએ નાયિકા વૃંદાના જીવનમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. વૃંદાના બા, રમા, સાવિત્રીબહેન, સંતુબાઈ વગેરે પાત્રોએ વૃંદાના જીવનની સુખ-દુઃખની પરિસ્થિતિમાં તેની પડખે રહી તેને માર્ગદર્શન પૂરું પાડયું હતું.

ઉપર્યુકત તમામ નવલકથાના પાત્રોને જોઈએ તો 'શ્રાવણ તારા સરવડા' અને 'તિમિરના પડછાયા' નવલકથાના પાત્રોમાં જીવંતતા ઓછી દેખાય છે. 'એક પળની પરખ' નવલકથાના પાત્રો જીવંત છે. 'શ્રાવણ તારા સરવડા' માં નાયિકા તૃપ્તિ વગેરે પાત્રોના સંવાદથી અને 'તિમિરના પડછાયા' નવલકથામાં પણ માનબાઈ માલતીના સંવાદથી લેખિકા વાતાવરણને જીવંત રાખી શકયા છે. માનબાઈનું પાત્ર વિકાસશીલ છે. 'એક પળની પરખ' નવલકથામાં વિશેષ છે. સંવાદકલા દ્વારા એ નવલકથાના પાત્રો જીવંત લાગે છે. 'મારે પણ એક ઘર હોય' નવલકથામાં મુખ્ય પાત્ર સરસ રીતે ખીલે છે. લીના-સુરેખા વચ્ચે લેખિકા તાટસ્થ્ય જાળવી શકયા છે.

'રેતપંખી' નવલકથામાં પાત્રની તટસ્થતા જોવા મળતી નથી. મુખ્યપાત્ર કૃત્રિમતાનો ભોગ બન્યું છે. આવું જ 'આનંદધારા' નવલકથામાં પાત્રની ગતિ અત્યંત સ્વાભાવિક લાગતી નથી. કલાને અનુરૂપ તાટસ્થ્ય અહીં જળવાયુ નથી. 'ખરી પડેલો ટહુકો' નવલકથાના નાયિકા વૃંદાનું પાત્ર વિકાસશીલ છે. અન્ય પાત્રો પણ ઠીક ઠીક અસરકારક રહ્યા છે. 'એક કારાગાર'ના પાત્રો ભાવકપર જોઈએ તેવો પ્રભાવ પાડી શકતા નથી. જયારે 'બંદીવાન' નવલકથાના પાત્રો ચિરંજીવ છાપ છોડી જાય છે. 'માટીનું ઘર' નવલકથામાં પાત્ર વિકસે છે. છતાં તેનો કોઈ જબરદસ્ત પ્રભાવ અહીં વર્તાતો નથી. આમ, જુદી જુદી નવલકથામાં જુદા-જુદા પાત્રો જુદી જુદી પરિસ્થિતિ પામે છે. એ રીતે કોઈ સુખદ, કોઈ કરૂણ, કોઈ આશાસ્પદ જીવનને ભોગવે છે. એમ કહી શકાય કે સુખ અને દુઃખને એકસાથે મૂકી સર્જકે જીવનની વાસ્તવિક પરિસ્થિતિ આલેખી છે. ઘણાં પાત્રો એક સરખા પણ લાગે છે. લીના, સુનંદા, રાણી, તારા, માલતી, માનબાઈ, વૃંદા આ બધાં પાત્રો એકસરખા લાગે છે. વળી, મુખ્યત્વે સ્ત્રીપાત્રોનું આલેખન ભારતીય પરંપરા મુજબનું રહયું છે. ત્યાગ-બલિદાનની મૂર્તિરૂપે કે કર્તવ્યપરાયણ સહનશીલ નારી રૂપે જ મુખ્યત્વે પાત્રો આલેખાયા છે. જે પાત્રો એવી પરંપરા જાળવતાં નથી તે પાત્રોને સર્જકે સંઘર્ષમાં તરફડતાં દર્શાવ્યાં છે.

પાત્રો ભલે અમુક એક સરખાં હોય છતાં બધાનાં સામાજિક સ્તર અલગ છે. કોઈ બ્રાહ્મણ છે, કોઈ ઝૂપડપટ્ટીમાંથી આવતું પાત્ર છે, તો વળી કોઈ રાજા રજવાડાં જેવા ક્ષત્રિયનાં ટોચના ખાનદાનમાંથી આવે છે. તદ્દન ગરીબવર્ગ, મધ્યમવર્ગ અને ગર્ભશ્રીમંત આમ આર્થિક રીતે પણ તમામ પાત્રો જુદા-જુદા સ્થાન પામ્યા છે. શિક્ષિત, અશિક્ષિત, અલ્પશિક્ષિત પાત્રો પણ છે. અહીં પાત્રો સામાજિક સ્તરથી નહી પરંતુ પાત્રોની નૈતિકતાથી ઓળખાય છે. નારી જીવનના સુખદુ:ખને આલેખવાનું સર્જક કયાંય ચૂકયાં નથી.

વર્ષા અડાલજાની નવલકથામાં ઊડીને આંખે વળગે એવો મુદ્દો એ છે કે સ્ત્રીપાત્રોના વિકાસમાં પુરુષપાત્રોનો ફાળો અનિવાર્ય બતાવ્યો છે. કોઈપણ સ્ત્રીપાત્રોને પોતાની રીતે ઊંચે ઊઠવા નથી દીધા, પુરુષ પાત્રનો સહારો કોઈને કોઈ રીતે લેવડાવ્યો છે. એ રીતે લેખિકાએ પુરુષપ્રધાન સમાજનું વાસ્તવિક દર્શન કરાવ્યું છે. પુરુષ ધારે તો નારીને ઊંચે લઈ જઈ શકે છે અને ધારે તો નરક જેવું જીવન પણ બનાવી શકે છે. વિવિધ કથાવસ્તુ ધરાવતી નવલકથાના વિભિન્ન નારીપાત્રોની ઝંખના એકસરખી જોવા મળે છે.

વર્ષા અડાલજાની નવલકથામાં સમગ્ર નારીપાત્રોને જોતાં ભલે કેટલાંક નારીપાત્રો એકસરખા લાગે, ભલે કયાંક કૃત્રિમતા દેખાય છતાં એટલું જરૂર કહી શકાય કે તેમના નારીપાત્રો, ભાવક પર પ્રભાવ પાથરે છે. સુનંદા રાણી, લીના, ઈન્દ્રની મા, જેઈન માલતી, વૃંદા, ચંદન વગેરે પાત્રો ભાવકને અપીલ કરી જાય છે. અસરકારક પાત્રા લેખન એ કોઈપણ સર્જકની બીજી બધી નબળાઈને ઢાંકી દેતું એક સબળ લક્ષણ છે. પાત્રોની જીવંતતા, કથાવસ્તુનો વિકાસ, સંવાદોની સચોટતા અને પ્રસંગોની અભિનેયતાને કારણે 'મારે પણ એક ઘર હોય' નવલકથાનું નાટકમાં રૂપાંતર પણ થઈ શકયુ છે. 'તેમની ઘણી નવલકથાઓ પરથી નાટકો અને ફિલ્મ અને ટીવી સિરિયલ બન્યા છે.'[૨]

- **પુરુષ પાત્રો**

સમાજનું કેન્દ્ર કુંટુંબના કેન્દ્રમાં સ્ત્રી છે. પરંતુ ભારતીય પરંપરા પ્રમાણે. સ્ત્રીનાં તમામ સુખ-સંતોષ મુખ્યત્વે પુરુષ પર આધારિત હોય છે. સ્ત્રી-પુરુષ એકબીજાના પૂરક

[૨] 'વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ', સંપા. ઈલા આરબ મહેતા, 'એક ક્ષણની - ક્ષણાર્ધની જ રમત - ઈલા આરબ મહેતા, પૃ. ૧૬.

છે. વર્ષા અડાલજાની નવલકથાઓ મુખ્યત્વે નારી પ્રધાન છે. પણ નારીના જીવનમાં પુરુષ પાત્રો કેવા ભાગ ભજવે છે તે પુરૂષ પાત્રો દ્વારા જોઈએ.

"મારે પણ એક ઘર હોય" નવલકથામાં લીનાનો સ્વપ્નપુરુષ અનુપમ, હસમુખો, મળતાવડો આકર્ષક અને સ્વમાની છે. સામાન્ય નોકરી કરીને જીવન ગુજારતા અનુપમે ધાર્યું હોત તો કાકાની સંપતિનો વારસો લઈ શકયો હોત પણ કાકાની શરત તેને મંજૂર ન હતી. અનુપમ કાકાની શરતને સ્વમાનભેર ઠુકરાવે છે. લીના તરફ આકર્ષાય છે પણ લીનાની બહેન સુરેખાના પ્રેમમાં પડે છે. સુરેખાની માનસિક બીમારીથી અજાણ તે જાણે છે, ત્યારે સાલસ અનુપમ સમજદારીથી નિર્ણયો લે છે અને અંતે અનુપમ લીનાને અપનાવે છે.

**"રેતપંખી"** નવલકથામાં બીજવરને પરણેલી સુનંદાના પ્રેમી તરીકે આવતું શ્રીધરનું પાત્ર છે. સુનંદાને સાથ આપે છે દરેક પરિસ્થિતિમાં અને સંઘર્ષમાંથી છૂટકારો અપાવે છે. હસમુખો, મળતાવડો, ગરીબીને હસતે મોઢે સ્વીકારે છે. શ્રીધર ઈમાનદાર છે પણ તેની બિમારી તેને અપ્રમાણિકતાની હદ સુધી લઈ ગઈ હતી. માના મૃત્યુ પછી તે અમેરિકા ચાલ્યો જાય છે.

"શ્રાવણ તારા સરવડા" નવલકથામાં નાયિકા તૃપ્તિનો પ્રેમી સુબંધુ, હસમુખો, મળતાવડો શ્રીધર અને અનુપમ બંને સામાન્ય નોકરીયાત છે જયારે સુબંધુ ઉચ્ચ ખાનદાન કુટુંબનો નબીરો છે. ધનવાન લક્ષ્મીનંદનો આ પુત્ર પરદેશ એન્જિનિયરની પદ્વી લઈને ભારત આવે છે. પરદેશ ગયો હોવા છતાંય તે સંપૂર્ણ ભારતીય છે. સ્વમાનભેર જીવવા ઈચ્છતો સુબંધુ ભાવકને આકર્ષી જાય તેવું સાલસ, સમજદાર, પરિપકવતા ધરાવતું પાત્ર છે.

"માટીનું ઘર" નવલકથામાં આનંદ તે સામાન્ય કામકાજ કરી સ્કૂલમાં પુસ્તક પહોંચાડી પેટિયું રળતો, નામ પ્રમાણે ગુણ ધરાવતો હોય છે. પિતાએ તેની માતાને તરછોડી દીધેલી આથી ખૂબ જ નાની ઉંમરે પૈસા કમાવવાના પ્રયત્નો તેને કરવાં પડેલાં અને ધીરે ધીરે મહેનત કરી પૈસા કમાઈને માંડ દુકાન ખીરીદી, લત્તા સાથે લગ્ન કરે છે. વ્યવસ્થિત જિંદગીની શરૂઆત થાય ન થાય ત્યાંજ લત્તા માનસિક સંતુલન ગુમાવી દે છે અને લતાના હાથે જ આનંદ મૃત્યુ પામે છે. આમ, આ નિર્દોષ પાત્રનો અંત કરુણ આવે છે.

"આનંદધારા" નવલકથામાં સ્ત્રીના જીવનમાં કોઈ એક પુરુષ કેન્દ્રસ્થાને નથી પરિસ્થિતિ મુજબ એક પછી એક પુરુષના સંપર્કમાં નાયિકા આવતી જાય છે છતાં નાયિકાના જીવનમાં પલટો આણનારો અને તેને તેની કારકીર્દીને ટોચ પર પહોંચાડવામાં મદદ કરનારા ચાર પુરુષો છે. ચારેય પાત્રો અહીં એકસરખું પ્રાધાન્ય ભગોવે છે છતાં નાયિકા રાણીના બાળપણના મિત્ર રતન અને પ્રેમી કુમારસેન ઉપરાંત માનસ અને નિર્મલ રાણીના પાત્રને મહત્વનો વળાંક આપનારાં પાત્રો છે. માનસ ઝૂપડપટ્ટીની જીંદગીમાંથી રાણીને સુખ સમૃદ્ધિની જિંદગીનો પરિચય કરાવનારું પાત્ર છે તો સુખસમૃદ્ધિની જિંદગીમાંથી પરમ આનંદ પરમસંતોષ અને પરમાશાંતિની ઉજજવલ જિંદગીએ પહોંચાડનારો પુરુષ નિર્મલ છે.

⇒ "તિમિરના પડછાયા" નવલકથામાં આલેખાયેલો પુરુષ ઉપર્યુકત તમામ પાત્રો કરતાં તદ્દન અલગ છે. બધાં પાત્રો સામાન્ય છે પણ આ નવલકથાનો નાયક દિનકરાય ચીફ જસ્ટિસ હતો. પ્રતિષ્ઠા-કીર્તિ તેના ચરણે આળોટતા તેના જીવનમાં ઉલ્લાસ ન હતો અને અફસોસ પણ ન હતો. તેનું જીવન કોઈ પણ પ્રકારના રોમાંચ વગરનું હતું. સામેની વ્યકિતને આંજી નાંખવાની અદ્‌ભૂત શકિત તેનામાં હતી તેની પત્ની તેનાથી ડરતી. યૌવનના સમયમાં તેનાથી થયેલી ભૂલ સામે આવે છે ત્યારે તેના જીવનમાં સંઘર્ષ ઊભો થાય છે. બંને સ્ત્રી તેને છોડી ચાલી જાય છે. અંતે આ પાત્ર માટે ભાવકને સહાનુભૂતિ થાય છે.

"એક કારાગાર" નવલકથાનો રણજિત બેકાર, ડરપોક અને તદ્દન અણઆવડત ધરાવતું એક વિચિત્ર પાત્ર છે. માતાપિતાના વધુ પડતા લાડે અને વધુ પડતી સુરક્ષાએ રણજિતનો માનસિક વિકાસ રૂંધાયો હતો. વિશાખા તેની પત્ની પણ અણઆવડત વાળી હતી. માતાપિતાના મૃત્યુ પછી બધી જવાબદારી રણજિત પર આવે છે. તે ઘરમાં કે બહાર કેમ રહેવું તે સૂઝ પડતી નથી. આમ કમઅક્કલ અને સામાન્ય સૂઝનો પણ અભાવ ધરાવતું આ પાત્ર સ્વાભાવિક રીતે જ ભાવકને આકર્ષી શકે તેવું નથી.

⇒ 'એક પળની પરખ' નવલકથામાં મહત્વનું પાત્ર ઈન્દ્રનીલનું છે. ઉપર્યુકત તમામ પુરુષપાત્રો કરતાં તે વિશેષ આકર્ષક થનગનતો યુવાન જણાય છે તેની હાજરી માત્રથી વાતાવરણ જીવંત બની જતું. પોતાની મસ્તીમાં મસ્ત, અલ્લડ, જિદ્દી, ચાલાક, હોશિયાર

અને હસમુખા ઈન્દ્રનું વ્યકિતત્વ પ્રભાવશાળી આલેખાયું છે. જરૂર જણાય ત્યાં ચાલાકીથી કામ લેતો ઈન્દ્ર, સામેની વ્યકિતને મહાત કરનાર કુશળ યોધ્ધો લાગે છે. 'મા'ની વિરુધ્ધમાં જઈ ભણે છે, વિદેશી છોકરી સાથે લગ્ન કરે છે અને લોકોના કહેવાથી 'મા' ઉપર ચારિત્ર્ય ભ્રષ્ટનો આરોપ પણ મૂકે છે અને અંતે ભ્રમમાં રાચતા આ પાત્રના વર્તનનું પરિણામ ભ્રમ નિરસન પછી ખૂબ ભયંકર આવે છે. આખા પરિવારને તેની સજા ભોગવવી પડે છે.

• વર્ષા અડાલજાની નવલકથા 'બંદીવાન'નું આદરણીય પાત્ર નિષ્ઠાવાન પ્રામાણિક, સિદ્ધાંતવાદી આસ્ટિસ્ટંટ સુપ્રિન્ટેડન્ટ દેવપ્રકાશ ગાર્ગનું છે. દિલ્હીની તિહાર જેલમાં ચાલતા રેઢિયાળ તંત્રને ખુલ્લું પાડવાં જતાં દિલ્હીથી રાતોરાત તેની બદલી થઈ ગઈ હતી. દિલ્હી જેવા મહાનગરમાંથી બિહારના તદન અવિકસીત કુંદનપુર નામના ગામડામાં તેને આવવું પડયું હતું. ફરજ પ્રત્યેની તેની નિષ્ઠા ગુનેગારમાં પણ 'માણસ'ને જોવાની તેની માનવતા અને સંજોગો એ બનાવેલા ગુનેગારને સુધારવાની આતુરતા તેની આ સદ્‌ગુણ ત્રિપુટીએ તેના જીવનમાં વ્યાવસાયિક ક્ષેત્રે અને કૌટુંબિક ક્ષેત્રે સંઘર્ષ ભરી સ્થિતિ સર્જી હતી. અન્ય નવલકથાના નાયકોના જીવનમાં કૌટુંબિક સંઘર્ષ કેન્દ્રસ્થાને રહે છે જયારે અહીં વ્યકિતની પોતાના કેન્દ્ર સ્થાને છે વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા તથા તજજન્ય સંઘર્ષ કેન્દ્ર સ્થાને છે, ત્યારબાદ કુટુંબને મહત્ત્વ અપાયું છે. આથી જ દેવપ્રકાશનું પાત્ર અન્ય પુરુષપાત્રો કરતાં વિશેષ આકર્ષક રહે છે.

* આ ઉપરાંત કેટલાંક ગૌણ પુરુષોપાત્રો પણ છે. જેણે નવલકથાના વિકાસમાં પોતાની ખાસ ભૂમિકા ભજવી હોય જેમ કે, 'આનંદધારામાં' રાણીનો મિત્ર રતન. નાનું પણ મહત્વનું પાત્ર છે. 'એક પળની પરખ' નવલકથામાં નાયિકાને આશ્વાસન આપતો સુબોધ, કુમારસેન, ચાર્લ્સ તો 'રેતપંખી' નવલકથામાં આવતું જગમોહનનું પાત્ર પણ નાનું છતા મહત્ત્વનું છે. તો "શ્રાવણ તારાં સરવડાં" માં મયંકનું પાત્ર મહત્વનું છે 'તિમિરના પડછાયા' માં આવતું માનબાઈના પતિ કાળુનું પાત્ર નાનું છતાં મહત્વનું બન્યું છે. તો 'માટીનું ઘર' નવલકથામાં આવતું મંગળદાસનું પાત્ર પણ મહત્વનું છે. તો 'બંદીવાન' નવલકથામાં ઈન્દ્રજીત ઠાકુર દંભી છે.

આમ, સમાજના સત્-અસત્, શિષ્ટ-અશિષ્ટ, ભદ્ર-અભદ્ર તત્વોને એકીસાથે મૂકી વાસ્તવિકતાનું દર્શને સર્જકે કરાવ્યું છે.

- **પાત્રોનો મનોસંઘર્ષ :**

સાહિત્ય એ જીવનનું ઉપાધાન છે અને સર્જકોએ વિવિધ સ્વરૂપે તેને પોતાની કૃતિમાં અપનાવ્યું છે. નવલકથામાં જીવનનો પટ નિરૂપાયેલો હોય છે. જીવનએ સંવાદ-વિસંવાદથી ભરેલું છે અને તેમાંથી પસાર થતા માનવો તે પરિસ્થિતને ભોગવતાં ઘડાયા છે. જીવનના પ્રતિબિંબને ઝીલતી નવલકથામાં પાત્રો પણ જીવનની સંઘર્ષમય પરિસ્થિત અનુભવે છે. આ સંઘર્ષ બાહ્ય અને આંતરિક બંને સ્તરે વર્ષા અડાલજાની નવકલથામાં નિરૂપાયેલો વર્તાય છે. લેખિકાએ ખાસ કરીને પાત્રોનાં વ્યકિતત્વને સબળ બનાવવા મનોસંઘર્ષનું કુશળતાપૂર્વક નિરૂપણ પોતાની વિવિધ સામાજિક નવલકથામાં કર્યું છે.

Human nature is same every where અનુસાર વિવિધપાત્રો જીવનની સામે વિવિધરીતે ઝઝૂમે છે અને દરેક પાત્રને પોતાના કુરુક્ષેત્રમાં ખેલવાનું હોય છે. વિવિધ આયુધોથી ખેલાતા આ યુદ્ધમાં મનોભૂમિ મહત્વનું રણમેદાન છે અને એમાં સંઘર્ષને અંતે પાત્ર કયાં તો વિજયી નીવડે છે કયાં તો પરાજય પામે છે. લેખિકાએ પોતાની જુદી જુદી નવલકથામાં વિવિધ સ્ત્રીપાત્રોના મનોસંઘર્ષ ખૂબ જ સફળ રીતે આલેખ્યા છે. એમની નવલકથાઓમાં પુરુષપાત્રો કરતાં સ્ત્રીપાત્રોનો સંઘર્ષ વિશેષ દર્શાવ્યો છે. કયારેક સ્ત્રીપાત્રો તરફ લેખિકાને પક્ષપાત હોય તેવું લાગે છે. 'આનંદધારા' નવલકથામાં રાણી, 'રેતપંખી' નવલકથામાં સુનંદા અને 'મારે પણ એક ઘર હોય' માં લીનાનો મનોસંઘર્ષ તેના ઉત્તમ ઉદાહરણ છે. ત્રણે પાત્રો શરૂથી અંત સુધી સંઘર્ષમાંથી પસાર થાય છે. રાણીના સંઘર્ષનું કારણ ગરીબી છે, સુનંદ સંઘર્ષના મૂળમાં કાકીનો પક્ષપાતી સ્વભાવ કારણરૂપ છે, તો લીનાના સંઘર્ષનું મૂળ તેની નાની બહેનની માનસિક બિમારી છે. ત્રણેયનો આ સંઘર્ષ પરિસ્થિતિજન્ય છે.

ઝૂંપડપટ્ટીમાંથી સીધી જ ફોટોગ્રાફર માનસની પત્ની અને માનસને છોડયાં બાદ ફિલ્મની ટોચની હિરોઈન બનતી રાણીએ જે કંઈ ઈચ્છયુ એબધું જ મેળવ્યું હતું. સુખ, સમૃદ્ધિ, વૈભવ વચ્ચે આળોટતી હતી જે સ્વપ્ના હતા તે સાકાર થયાં હતાં છતાં પોતાનું કોઈ સ્વજન નથી. પોતાના સુખ-દુઃખમાં સરખીભાગીદાર થઈ શકે એવી કોઈ વ્યકિત નથી. આ વાત રાણીને પીડતી હતી. બહારથી રાણી ખૂબ સુખી લાગતી હતી, પરંતુ

અંતર તદ્દન ખાલી હતું. દુનિયાદારીના કડવા મીઠા અનુભવો વખતે સારી ખરાબ પરિસ્થિતિ વખતે કોઈક એવી વ્યકિતની તેને જરૂર હતી જે રાણીને આવકારે–સ્વીકારે અને એ દ્રષ્ટિએ રાણી કદાચ સૌથી ગરીબ સ્ત્રી હતી. આ સ્થિતિ ભૂલવા માટે જ તે શરાબનો સહારો લેતી હતી. માની અર્ધપાગલ અવસ્થા યાદ કરીને તે સતત ડરતી હતી. માની જેમ તે જિંદગી વેડફી દેવા માંગતી ન હતી. જાણ્યે–અજાણ્યે શરાબ અને પુરુષની સોબતે તે માને રસ્તે જ વળી ગઈ હતી. ગમે ત્યારે તેને પાગલપણું સવાર થઈ જતું, તે ચીસ પાડતી, ઊંઘની ગોળી અને શરાબને સહારે રાતો વિતાવી દેતી. આ હતો રાણીનો પોતાની જાત સાથેનો સંઘર્ષ, પરિસ્થિતિથી ભાગવા માટે શરાબ જેવી ક્ષુલ્લક ચીજનો સહારો શોધવો પડે એટલી હદે તે હારી ચૂકી હતી. આત્મહત્યા કરવા તરફ પણ તે વળી, પરંતુ સદ્દભાગ્યે ત ઉગરી ગઈ હતી. નવી જિંદગી શરૂ થઈ હતી. રાણીના ઉત્થાન અને પતનમાં સમગ્ર સંઘર્ષ નિરૂપણ દાદ માંગી લે એવી કુશળતાથી થયુ છે. નૈતિક પતન પામી ચૂકેલી રાણીનો એ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો તરફડાટ કે તલસાટ સર્જકે દર્શાવ્યો ખરો પરંતુ કહેવુ પડશે કે ઝૂંપડપટ્ટીની ગંદકી માંથી છૂટવાનો રાણીનો સંઘર્ષ જેટલો પ્રબળ હતો તેનાથી ખૂબ જ કમજોર સંઘર્ષ તેને પોતાના ચારિત્ર્યની ગંદકીમાંથી બચાવવાનો સર્જકે બતાવ્યો. પરિણામે નવલકથા અંતે કથળી જાય છે.

રાણી જેવું જ પાત્ર 'રેતપંખી' નવલકથામાં તારા ઉર્ફે લ્યૂસીનું આવે છે પ્રેમી સાથે ભાગીને લગ્ન કર્યા બાદ થોડાં જ વખતમાં પતિ મૃત્યુ પામતા તે વેશ્યાવાડે ધકેલાઈ ગઈ હતી. ત્યારબાદ તેના જીવનમાં આવેલી ચાર્લ્સ નામની વ્યકિત સાથે લગ્ન કરી સ્થિર થવાનાં સ્વપ્ના તે જોતી હતી, પણ ચર્લ્સનું મૃત્યુ થયું. ફરી પાછી તારા વેશ્યાજીવન જીવતી થઈ ગઈ હતી. જીંદગીએ આપેલા આધાતના પ્રત્યાઘાતરૂપે ગમે તેમ જીવન નાવને હંકારતી શરાબ પીતી, ચીસો પાડતી, સિગારેટના ધૂમાડામાં જિંદગી વિતાવતી તારા ધીરે ધીરે અર્ધપાગલ અને ત્યારબાદ સંપૂર્ણ પાગલ સ્થિતિએ પહોંચી હતી. રાણી અને તારા બંને પાત્રોમાં ખૂબ જ સામ્ય છે. બંને નાયિકાનું મનોમંથન શરૂ થાય છે તેવું જ શરાબની બોટલ દ્વારા પૂરું થઈ જાય છે. જયારે એવું સુનંદા સંદર્ભે જોવાં નથી મળતું. 'રેતપંખી' નવલકથાની નાયિકા સુનંદા પણ અનેક આઘાતોની ભોગ બની હતી. પરંતુ તે સહનશીલ છે મને–કમને પણ કોઈના સંસારમાં ગોઠવાઈ શકી હતી. કાકા–કાકીના હાથે ઉછરતી સુનંદાને અનાથ પણાનો અહેસાસ રહેતો લગ્ન બાદ સાવકા સંતાનો સાથે

તેને સંઘર્ષમાં ઉતરવું પડયું હતું. આ બાહ્ય સંઘર્ષ હતો તો બીજી તરફ પતિનો પ્રેમ અકળાવી નાખે એવો ઠંડો હતો. પ્રણયની તીવ્રતા કે ઉત્કટતા તેમાં ન હતી. આમ, નવા સંસારને કોઈ પણ જાતના ઉમળકા વિના સ્વીકારતી સુનંદા પોતાના પર કંટાળીને રોષ ઠાલવતી, પોતાની મૃત્યુ પામેલી શોકય સુમન બહેનની તસ્વીર જોઈને જ તે ડરી જતી હતી તેની પ્રભાવશાળી તસ્વીર જ તે જાણે તેને પકડમાં લેતી હોય તેવું તેને લાગતું. પતિની પ્રથમ પત્ની સુમનની તસ્વીર સાથેનો તેનો સંઘર્ષ અદભૂત રીતે લેખિકાએ બતાવ્યો છે. જે નાયિકા સુનંદાની માનસિક અસ્વસ્થતાને બતાવી આપે છે, પોતાના મન સાથે નવી પરિસ્થિતિમાં ગોઠવાઈ જવા તે જે રીતે મથે છે, મનને મનાવવાનો પ્રયત્ન કરે છે તે ખૂબ સરસ રીતે સર્જકે બતાવ્યું છે. દીવાનખંડમાં ગોઠવેલી સુમનની તસ્વીર સુંનેદાને સૌથી વધુ અકળાવતી હતી જાણે તસ્વીર તેના પર હસતી હોય, ટીખળ કરતી હોય તેવું તેને લાગતું. આ ઘર, ઘરના સભ્યો તેમજ જાણે અહીંનું સર્વસ્વએ તસ્વીરનું હતું. પોતાનું કંઈ જ નથી, કોઈ વ્યકિત પોતાની નથી. પતિ-સંતાનો બધા જ એ તસ્વીરના છે, એવું જ સુનંદા અનુભવતી કયારેક તસ્વીર જ તેને કહેતી હોય કે ''.......... અહીં તારો કોઈ અધિકાર નથી....... ચાલીજા....... ચાલીજા...''[3] એવું સુનંદાને લાગતું તેનાથી ચીસ પડાઈ જતી તે પરસેવે રેબઝેબ થઈ જતી તેની દશા પર તસ્વીરમાની સ્ત્રી ખડખડાટ હસે છે. એવો તેને ભાસ થતો. પોતાના જ મનોમંથને સુનંદા ડરી જતી આમ તસ્વીરમાની સ્ત્રી એને માટે જીવતી જાગતી સ્ત્રી બની ગઈ હતી. જાણે તેની પાછળ સતત કોઈ ચાલતું હોય એવું તેને લાગતું આમ ગભરાટમાં અને નિરાશામાં જેમ તેમ તેનાં દિવસો વીતતા હતા પરંતુ ધીરેધીરે તમામ પરિસ્થિતિ થાળે પડતી ગઈ હતી.

તસ્વીર સાથેનો સુનંદાનો સંઘર્ષ તો એકમાત્ર આભાસ હતો. તે વ્યકિત સાથેના સંઘર્ષમાં અમલા-વિનય સાથેના સંઘર્ષમાં તેની જીત થઈ હતી. સમાધાન થઈ ચૂકયુ હતું પરંતુ પોતાની જાત સાથેના આંતરસંઘર્ષની શરૂઆત ત્યાંથી જ થઈ હતી. એકબાજુ પતિનો પ્રેમ હતો બીજી બાજુ અમલા-વિનયનો આદર હતો, તો ત્રીજી બાજુ શ્રીધર તરફ ગજબનું ખેંચાણ હતું. પાપ-પુણ્યની વાતથી સુનંદા ડરી જાતી. પોતે ખોટું કરે છે એવું તેને સતત લગતુ હતું. જેથી તેણે શ્રીધરને પોતાને ત્યાં આવવાની ના પાડી દીધી હતી.

[3] 'રેત પંખી' : પુનઃ મુદ્રણ, એપ્રિલ-૧૯૭૮, વર્ષા અડાલજા, પૃ. ૩૯.

પરંતુ પ્રત્યેક પળે શ્રીધરને તે ઝંખતી હતી, જે રીતે કુમુદનું ખેંચાણ સરસ્વતીચંદ્ર તરફનું હતું. છતાં તે પમાદધનને જ પોતાનું સર્વસ્વ છે એવું પોતાના મનને મનાવતી હતી. તે જ રીતે સુનંદા પણ શ્રીધર ન આવે એવું વિચારતી પરંતુ ઈચ્છા સતત શ્રીધરના સહવાસની સેવતી. શ્રીધરના સાનિધ્યમાં પોતાને ઓગાળી દેવાની તેને અદમ્ય ઝંખના હતી. સુનંદા "પતિના બાહુમાં પુરાઈનેય શ્રીધરને ભોગવવાની કલ્પના કરે છે, સૌમ્ય રીતે એ સુમન બહેનનો જ પાઠ ભજવી બેસે છે એ કારણે એ પોતાની ટ્રેજડી માટે જવાબદાર છે. "[૪]

શ્રીધરે સુનંદાના સ્ત્રીત્વને જાગૃત કર્યું હતું છતાં સુનંદા શ્રીધરને નકારવાનો વ્યર્થ પ્રયત્ન કરતી રહે છે. પરંતુ અંતે તે હારી જાય છે. કારણ કે, અમલા-વિનય શ્રીધર ઘરે કેમ આવતો નથી તેની ચર્ચા કરતા ત્યારે સુનંદાને પોતે અપરાધી હોય તેવું લાગતું. તે અસ્વસ્થ થઈ જતી. એક દિવસ ખૂબ મનોમંથનને અંતે તેણે શ્રીધરને ફોન કરીને મળવાનું નક્કી કર્યું. આ મુલાકાત ફકત શ્રીધર અને સુનંદાની બની રહેવી જોઈતી હતી. સુનંદાની ઈચ્છા-અનિચ્છા, શ્રેય-પ્રેય વચ્ચેની તેની અને શ્રીધરની પસંદગી વિશેની વાતચીત થવી જોતી હતી. પરંતુ ત્યાં કોઈ ત્રીજી વ્યકિત તારાના મળવાથી આખી નવલકથામાં અને મુખ્યપાત્રના જીવનમાં પણ વળાંક આવે છે. સુનંદાની મથામણ લગભગ પૂરી થઈ જાય છે. વર્ષા અડાલજાની બીજી તમામ નવલકથાના પાત્ર કરતાં ખૂબ જ સરસ રીતે જો કોઈ પાત્રનું મનોમંથન નિરૂપાયું હોય તો તે સુનંદાનું છે. પાત્ર વિચારે છે વિચાર્યા પછી મન-હૃદય વચ્ચેનું યુદ્ધ શરૂ થઈ જાય છે અને છતાં નિર્ણય એ જ લેવાય છે કે "સર્વજન હિતાય" બની રહે. તસ્વીર જોઈને ડરતી સુનંદા, અંધારામાં ચીસ પાડી ઊઠતી સુનંદા, પોતાના હૃદયને શ્રીધર તરફ ઢળેલું જોઈને પોતાની ઈચ્છા દાબી દેવા માંગતી સુનંદાનું મનોમંથન ખૂબ સચોટ અને પ્રભાવક રહ્યું છે.

'મારે પણ એક ઘર હોય' નવલકથાની નાયિકા લીનાનો સંઘર્ષ પણ સચોટ છે. આંતરબાહ્ય પરિસ્થિતિના સંઘર્ષ વચ્ચે તે અટવાતી રહી હતી. ગમે ત્યારે માનસિક હુમલાનો ભોગ બનતી નાની બહેન સુરેખા ખાતર પોતાના મોજશોખ પર, ભણતર પર તેમજ તમામ ઈચ્છા પર તેણે અંકુશ મૂકવો પડયો હતો. સુરેખા ઉશ્કેરાઈ જાય અને

[૪] 'રેત પંખી' : પુનઃ મુદ્રણ, એપ્રિલ-૧૯૭૮, વર્ષા અડાલજા : 'આવકાર' :, રઘુવીર ચૌધરી, પૃ. ૯.

તોફાન મચાવી કે તેવું કોઈ વર્તન ન કરવાના ડૉકટરના સૂચને લીનાને પોતાની ઈચ્છાનુસાર વર્તન કરતા રોકી હતી. બહેનની કમજોરી જાણે લીનાની કમજોરીની ગઈ હતી. ઘણીવાર તો લીનાને સમજાતું ન હતું કે, તે સુરેખાને ચાહતી હતી કે ધિક્કારતી હતી ? એના પ્રત્યે માત્ર સહાનુભૂતિ હતી કે પછી પ્રેમ હતો ? શું કામ તે સુરખા માટે બધુ જતુ કરતી હતી? માત્ર ફરજ હતી? આ બધા સવાલોના જવાબમાં તે અટવાતી હતી. "બહુ સચોટ રીતે આલેખાયેલું લીના અને સુરેખા વચ્ચેનું દ્વંદ્વ તે કેવળ બે બહેનો વચ્ચેનું દ્વંદ્વ નથી, તે લીનાના પોતાનાજ હૃદયમાં ચાલતા બે પરિબળો વચ્ચેની લડાઈનું પ્રતિબિંબ છે અને વાત બહુ વેધક રીતે ત્યારે પ્રકટ થાય છે જયારે લીના કહે છે આઈ એમ એ ફાઈટર આઈ વિલ થ્રૂ એન્ડ થ્રૂ. હું છેક સુધી લડીશ હું નમતું નહીં આપુ, હાર નહી માનું"[૫] લીનાની આ લડાઈ સુરેખા સામે ન હતી. પરિસ્થિતિથી તે છૂટવા માંગતી હતી. પરંતુ ત્યાં તો માના મૃત્યુ અને પિતાની અપંગતાને લીધે ભણતર અધૂરું મૂકી તેને નોકરી સ્વીકારવી પડી હતી. પક્ષઘાતને લીધે આવેલી પિતાની પંગુતા, માનસિક બીમારીને કારણે બહેનની પંગુતા, પૈસાની ખેંચ, ઘરના કારભારનો બોજ આ બધાથી તંગ આવી તે ઘરની બહાર વધુ સમય ગાળતી થઈ ગઈ હતી. બંધિયાર વાતાવરણ તેને અકળાવી મૂકતું હતું. પોતે જેને ચાહતી હતી તે અનુપમ સાથે લગ્ક કરી સ્થિર થવાના સ્વપ્નમાં ઘરની તમામ તકલીફો તે ભૂલી જવા મથતી હતી. પરંતુ ત્યાં જ સુરેખા અને અનુપમ બંને આકસ્મિક જ એકબીજાની નજીક આવતા ગાય હતાં અને બંને એકબીજાના જીવનમાં ઓતપ્રોત બની ગયા હતા. લીના માટે આ સખત આઘાત હતો. સુરેખા પાસેથી અનુપમને લઈ જવાની, આંચકી લેવાની પ્રબળ ઈચ્છા તેને થઈ આવી હતી. પરંતુ તે કશું જ કરી શકી ન હતી. અનુપમ ફકત તેનો હતો, એમાં સુરેખાનો ભાગ ન હતો છતાં સુરેખા અનુપમને લઈ જતી હતી. સુરેખા–અનુપમના પ્રેમની કલ્પના કરતાં જ તે છળી ઊઠતી, અકળાઈ જતી, પરસેવે રેબઝેબ થઈ જતી જે તબક્કે તે અસ્વસ્થ થઈ ગઈ હતી ઊતેજ સમયે જીવનના મહામૂલા પ્રસંગે સુરેખા સ્વસ્થ રીતે લીના સાથે સંઘર્ષમાં ઉતરી હતી. લીનાની કોઈ ધાક–ધમકીની અસર તેને થઈ ન હતી. અત્યાર સુધી મૂક રૂપે રહેલો બહેનો વચ્ચેનો સંઘર્ષ–સીધા સંઘર્ષરૂપે આવી ગયો હતો. જેમાં લીના હારી ગઈ હતી. સુરેખાએ ભાન કરાવ્યું હતું કે અનુપમ સુરેખાને અને માત્ર સુરેખાને જ ચાહતો

[૫] 'મારે પણ એક ઘર હોય' : પુનર્મુદ્રણ ડિસે. ૧૯૭૬, વર્ષા અડાલજા 'લીનાનો ગૃહપ્રવેશ' : કુદનિકા કાપડિયા, પૃ. ૮, ૯.

હતો. બંને વચ્ચે લીનાનું કોઈ સ્થાન ન હતું. હારી થાકીને લીનાએ સુરેખા-અનુપમનું લગ્ન કરાવ્યું હતું. તો પછી લીનાની લડાઈ કોની સામે છે? કોણ એ અદીઠ શત્રુ છે જેની સામે તે ઝૂકી પડવાની વારંવારના પાડે છે? એ છે તેની પોતાની જ જાતનો એક ભાગ, પોતાની જ અંદર તે પોતાના અંશને ચાહે છે, તે બીજાને ધિક્કારે છે આ બે વચ્ચે સતત ચાલતો સંઘર્ષ તે જ તેનાં જીવવનું યુદ્ધ છે.[૬]

લીનાના આંતરસંઘર્ષની શરૂઆત હવે થાય છે. અનુપમની હાજરીમાં લીના સાવધાનીથી વર્તતી હતી. બંને એટલુ દૂર રહેવા સભાન પ્રયત્ન કરતી હતી. સુરેખાના અનુપમ સાથેના લગ્નથી પોતાને કોઈ દુઃખ થતું ન હતું તે રીતે તે વર્તવા મથતી હતી, પરંતુ તે પ્રયત્નો બાલિશ હતા. અંતર કહેતું કે તે ફકત દેખાડો જ કરતી હતી. પેલી અતૃપ્ત ઝંખના હૃદયના એકાદ ખૂણે સળવળી ઊઠતી. સુરેખા જે સંતાનની માં બનવાની હતી તે સંતાન પોતાની કૂખે જન્મ્યાનું કયારેક સ્વપ્ન જોતી હતી. આ બધા વિચારથી તે છળી ઊઠતી. જેમ જેમ મન સાથે સમાધાન કરી બીજે દિવસે બમણા વેગથી, જોરથી તે સુરેખાના આવનાર બાળકની વાત કરતી. ખુશ થતી, આ બધું એની માનસિક સ્થિતિને બતાવી આપે છે. આ બતાવે છે કે તે પોતાની જાતથી ભાગતી હતી. સુરેખાએ જયારે પુત્રને જનમ આપ્યો ત્યારે તે જાતે જ માં બની હોય તેવો આનંદ તેણે વ્યકત કર્યો હતો. એ આનંદ પાછળના દુઃખને છુપાવવા તેને રીતસરનો પ્રયત્ન કરવો પડયો હતો. અપૂર્વને રમાડવામાં તેની કાળજી રાખવામાં એટલી બધી મશગૂલ થઈ જવા પ્રયત્ન કરતી કે જાણે સુરેખાના સુખની એને પડી જ ન હતી. પોતે કોઈ અભાવમાં જીવતી જ ન હતી, પરંતુ અપૂર્વને કદાચ એટલા માટે વધુ ચાહતી હતી કે તે અનુપમનો પુત્ર હતો, પોતના પ્રેમીનો પુત્ર હતો, જે કદાચ સંજોગો સીધા હોત તો પોતાની કૂખે જન્મ્યો હોત. જયારે માણસ અભાવમાં જીવતો હોય છે કે દુઃખ વહોરીને ફરતો હોય છે ત્યારે તે અભાવને દૂર કરવાં, દુઃખને ઝીલવા કોઈને કોઈ સહારો તો શોધી જ લેતો હોય, તે જ રીતે લીના પણ અપૂર્વને મેળવી લે છે. આમ આ પાત્રના આલેખનમાં લેખિકાએ મનોવિશ્લેષણાત્મક અભિગમ અપનાવ્યો છે જે પાત્રને જીવંતતા બક્ષે છે. જીવનનાં "એ યુદ્ધમાં તે જીતે છે, પોતાને માટે સુખ પામવાની ઈચ્છાનો છેલ્લો તંતુ એ છોડી દે છે, તે પળે જ તેણે ઈચ્છેલુ

[૬] 'માર પણ એક ઘર હોય', પુનઃમુદ્રણ, ડિસે. ૧૯૭૬, વર્ષા અડાલજા, 'લીનાનો ગૃહત્યાગ', કુંદનિકા કાપડિયા, પૃ. ૧૦

સઘળું તેને મળે છે. હા, એ પ્રાપ્તિનું રૂપ જુદું છે. પરિવેશ જુદો છે આ ઘર તેનું છે ને તેનુ નથી, અપૂર્વને અનુપમ એના છે ને તેના નથી, પણ હવે એના હૃદયમાં ધિક્કાર નથી પોતાની અંદર ચાલતા યુદ્ધમાં તેણે એ ધિક્કારને સંપૂર્ણપણે પરાજિત કર્યો છે અને એટલે જ પ્રાપ્તિનું આ બદલાયેલું રૂપ તેને ઈશ્વરની અનુકંપા સમાન લાગે છે."[૭]

લેખિકા વિશે જો થોડી ફરિયાદ હોય તો તે એટલી જ કે માનસિક શારીરિક તંદુરસ્ત જો લીના આટલી પરિસ્થિતિ સામે લાચાર હોય, પોતાના જીવનના મહત્વના નિર્ણય લેવામાં જો નિષ્ફળ ગઈ હોય, એ નિષ્ફળતા પર દુઃખી થતી હોય, પોતાની જાત પર રોષઠાલવતી હોય તો સુરેખા કે જેને કુદરતે અન્યાય કર્યો છે, બીજાની દયા-સહાનુભૂતિ વિના તે જીવી શકે તેમ નથી, તેના મનોમંથનને કેમ  ન બતાવ્યુ ?  શું તેણે કયારેય પોતાની દશા વિશે વિચાર્યુ ન હતું ?  કયારેય પણ પોતે લીનાની ગુનેગાર હોય એવી રીતે વિચારતા મથામણ અનુભવી જ ન હતી ? અપંગ વ્યકિત સામાન્ય રીતે લઘુતાગ્રંથિથી પીડાતો હોય છે અને કોઈ તેમની પ્રત્યે દયા કે સહાનુભૂતિ બતાવે તે તેઓને પસંદ પણ નથી હોતુ તો આ બાબતે લેખિકાએ કેમ કશુ બતાવ્યુ નહી તે પ્રશ્ન છે. નવલકથાના અંતિમ તબક્કામાં પોતે અનુપમને છેતર્યો હતો.  તેનું દુઃખ સુરેખાને થાય છે ખરું પરંતુ ત્યારબાદ તરત જ તે પાગલ થઈ જાય છે. જો સુરેખાનાં મનોમંથનને પણ બતાવ્યું હોત તો બંને પાત્રનું તટસ્થતાથી આલેખન કરી શકાયું હોત પરંતુ મુખ્ય પાત્રની આસપાસ જ ઘટના ઘટે છે.  લીનાના પાત્રને સર્વોપરી રાખવા માટે શું સુરેખાના મનની સ્થિતિનો પરિચય લેખિકાએ ભાવકને કરાવ્યો નથી ?

'માટીનું ઘર' નવકલથામાં લત્તાનો મનોસંઘર્ષ સારી રીતે નિરૂપાયો છે.  શરાબી જુગારી પિતાના ઘરમાં આર્થિક ખેંચને કારણે પરિસ્થિતિ સાથે સતત સંઘર્ષ તો હતો જ પરંતુ આ બાહય સંઘર્ષજ, તેના આંતરિક સંઘર્ષનું કારણ બન્યો. પિતાએ પૈસા ખાતર બહેન નીનાને શ્રીમંત ઘરે પરણાવી હતી.  લગ્નના થોડા સમય બાદ સાસરામાં દાઝી જવાથી નીનાનું શંકાસ્પદ રીતે મૃત્યુ થયું અને માતા-પિતાના ઉગ્ર ઝઘડામાં વરંડાની પાળ પર ગોઠવેલું  તુલસીનું કૂંડુ પડી જતાં, માનુ પણ મૃત્યુ થયુ હતું.  ઉપરા ઉપરી થયેલા

[૭] 'મારે પણ એક ઘર હોય' : પુનર્મુદ્રણ ડિસે. ૧૯૭૯, વર્ષા અડાલજા 'લીનાનો ગૃહપ્રવેશ' : કુદનિકા કાપડિયા, પૃ. ૧૦.

બે સ્વજનોના મૃત્યુને જીરવી જવાનું લત્તા માટે કઠિન હતું. બાળપણથી પિતાના અત્યાચારો જોતી સહન કરતી લત્તાને માટે ઉપર્યુક્ત પ્રસંગો અસહય હતા. ઘરમાં મા–બહેન ફરતા હોય એવો તેને ભાસ થતો, તે ડરતી, તેનાથી ચીસ પડાઈ જતી, માની જેમજ તે માતાજીની છબી સામે માળા કરવા બેસી જતી. કયારેક એ માળા કરવાની શરૂ કર્યાને કેટલો સમય થતો તેનું તેને ભાન રહેતું નહીં. તેમાય, તેનાં આનંદ સાથેના લગ્ન પછી તે વધુ અકળાતી હતી. એક તરફ મા બહેનનો દુઃખી સંસાર, તેઓનું અકાળ મૃત્યુ અને બીજી તરફ આનંદ સાથેનો પોતાનો સુખી સંસાર, આ વિરોધાભાસની પીડાની પરાકાષ્ઠાએ તે મનોસંઘર્ષ અનુભવતી. પોતાને પ્રેમ–હૂંફ સભર ઘર મળ્યું પણ મા–બહેનને કંઈ સુખ ન મળ્યું તેનું તેને દુઃખ થતું. ભૂતકાળની યાદમાં ખોવાઈ જતી લતાને લાગતું કે તે દરિયામાં ડૂબી રહી છે, કોઈ બચાવતું નથી અને અચાનક જોરમાં તેનાથી 'બચાવો'ની બૂમ પડાઈ જતી. આમ, લતા માનસિક રીતે ભાંગી પડી હતી. ભૂતકાળની યાદ તેનો કેડો મૂકતી ન હતી. લતાના દુઃખને સમજતો આનંદ તેને ખુશ રાખવા તેનું મન બીજે પરોવાય એ માટે લતાને ગમતા ગુલાબના રોપા અને તુલસીના છોડ લાવ્યો હતો. લતા જે ભૂલવા માંગતી હતી તે જ બધું તેની સામે અજાણ પણે આવતું હતું. તુલસીના છોડ જોતા જ કૂદું પડવાથી નીચે ફેંકાયેલી મા, માની મરણચીસ બધું જ તેને યાદ આવવા લાગ્યું જાણે હમણાં જ માએ ચીસ પાડી હોય એવું તે અનુભવતી. લતાની આ માનસિક દશા, તીવ્ર સંઘર્ષ દ્વારા તેને પાગલ કરી નાંખતી પરિસ્થિતિની પૂર્વભૂમિકા સમાન છે. આ ઉપરાંત મનોસંઘર્ષને પ્રગટાવવા માટે અનુરૂપ વાતાવરણની જમાવટ કરીને પૂર્વભૂમિકા પૈયાર કરી છે. છેલ્લે લતાના હાથે તેના પિતાનું મૃત્યુ થાય છે.

આમ, લતાનું પાત્ર વધુ પડતું વિચારે છે, અકળાય છે અને તઊજત્ય મનોમંથન અનુભવે છે અને મનોસંઘર્ષની પરાકાષ્ઠાએ કંઈક કરી બેસે છે. આમ, તબક્કાવાર લતાની માનસિક અકળામણને વધારીને તેનું કરુણ પરિણામ સર્જકે દર્શાવ્યું છે.

નવલકથાની શરૂઆતમાં પાગલ હાલતમાં બધું યાદ કરવા મથતી લતાને તબીબી સારવાર દરમ્યાન આખો ભૂતકળા યાદ આવી જાય છે અને પૂર્વકથાના આત્મકથન દરમ્યાન પોતાને હાથે પતિનું ખૂન થઈ જવાનો અપરાધભાવ અનુભવતી, ચીસ પડતી લતા પાગલ થઈ જાય છે.

આ રીતે 'આનંદધારા', 'મારે પણ એક ઘર હોય', 'રેતપંખી' અને 'માટીનું ઘર' એ ચાર નવલકથાનાં સ્ત્રીપાત્રનાં મનનો સંઘર્ષ લેખિકાએ કુશળ કલાકારની હેસિયતથી દર્શાવ્યો છે. વિવિધ પાત્રોના નાના સંઘર્ષ પાત્રાલેખન દરમિયાન ચર્ચામાં સ્થાન પામ્યા છે. તેનું પુનરાવર્તન ટાળવું ઉચિત માન્યું છે.

- **સામાજિક અભિગમ :**

નવલકથામાં વર્ણવાયેલો જીવનનો પટ નાનો પણ હોય અને મોટો પણ હોય, વિવિધ કલાકારોના જીવનવિશેના અભિગમમાં વિભિન્નતા હોય છે. કલાકાર જીવનને કઈ દષ્ટિથી જુએ છે, એ નવલકથામાં ઘણું મહત્વનું છે. નવલકથાકાર પોતાના સમયના જીવનને સ્વાભાવિ કરી તેજ નજર સમક્ષ રાખે છે અને એ રીતે કૃતિમાં જીવન વિશેની પોતાની છાપ, માન્યતા, આદર્શ, આદિનું નિદર્શન કરાવે છે એટલે સમકાલીન જીવન અને નવલકથાકારની પ્રકૃતિ એ બેના સામંજસ્યથી નવલકથા સમગ્ર પટનું આલેખન થાય છે. પ્રસ્તુત કલાકાર આધુનિક યુગની નોંધપાત્ર નવલકથાકાર છે અને એમનું આ સમગ્ર નવલકથા સાહિત્ય જોતાં એક વિશિષ્ટ પ્રકારનો જીવન વિશેનો અભિગમ તેમાં પ્રગટ થતો દેખાય છે.

આપણે ત્યાં ઈ.સ. ૧૯૫૦ પછી થોડે અંશે અને ઈ.સ. ૧૯૬૦ પછી તો સંપૂર્ણપણે હતાશા-નિરાશાના સૂરો ગાજી ઊઠયા હતાં. સાહિત્યમાં હતાશા-નિરાશા એક વિષય બનીને પ્રસ્તુત થતો. પણ વર્ષાબેનની કલમે એક જુદો જ અવાજ સંભળાવવા ઉત્સુક હોવાથી તેમની નવલકથાઓમાં પાત્રોની માનસિક અકળામણ આલેખતી નવલકથાઓ આપવા કરતાં શુદ્ધ સામાજિક નવલકથા આપવાનું તેમને વિશેષ સૂઝયું છે. નવલકથામાં મોટે ભાગે જીવન વિશેનું તેમનું વલણ આશાસ્પદ જણાય છે. તેમની કૃતિમાં આલેખાયેલા જીવનનાં વિવિધ સ્વરૂપમાનએ દષ્ટિનો સરસ રીતે પરિચય થાય છે.

જિંદગીના કેદખાનામાં પોતાની જાતને 'બંદીવાન' માનતો મનુષ્ય જાણે 'તિમિરના પડછાયા' સમગ્ર જીવન પર પથરાયા હોય એવું અનુભવે છે. ' એક પળની પરખ' કરવામાં ભૂલ થાપ ખાઈ ગયેલી વ્યકિત, જિંદગીમાં કયારેય પણ સુખરૂપી 'શ્રાવણના સરવડાં' વરસવાના જ નથી એમ માનીને આખી જિંદગી ભૂલ ભુલામણીમાં વેડફે એના કરતા અંતરમાં જ પ્રેમ રાખીને પ્રત્યેક પરિસ્થિતિમાં સમાધાન કેળવતી થઈ

જાય તો આકરી લાગતી જીવનધારા પણ 'આનંદધારા'માં પલટાઈ શકે છે. આ જ વાત તેમની નવલકથામાં મુત્યત્વે જોવા મળે છે. એનો અર્થએ પણ નથી કે તેમણે આશાવાદ જ બતાવ્યો છે. કદાચ જીવનને આશા-નિરાશા એમ બંને દષ્ટિએ જોયું છે. આથી જ જીવનની બંને બાજુ સારી અને ખરાબને તટસ્થ રીતે બતાવવાનો તેમણે પ્રયત્ન પણ કર્યો છે. પ્રત્યેક નવલકથામાં જીવન પ્રત્યેનો અભિગમ હકારાત્મક જ નહીં પરંતુ જયાં નકારાત્મક વલણનું નિરૂપણ છે ત્યાં પણ તેમણે, એ જ બતાવ્યું છે કે સમજી-વિચારીને સર્વનું હિત ધ્યાનમાં લઈને પ્રત્યેક પાસાને ધ્યાનમાં લઈને જો નવલકથાનાં પાત્રો દ્વારા નિર્ણયો લેવાયા હોત તો નવલકથાના પાત્રોનાં જીવનમાં આવતી કરુણ પરિસ્થિતિ ટાળી શકાઈ હોત. જયાં પ્રેય અને શ્રેય બંને બતાવ્યા છે, બંને વચ્ચેનો સંઘર્ષ બતાવ્યો છે ત્યાં તેમણે શ્રેયને કલ્યાણને વધુ મહત્વ આપ્યું છે. વ્યકિતના સુખ કરતાં સમૂહના સુખને પ્રાધાન્ય આપ્યું છે. તેમના પાત્રો માને છે કે જીવન એક કર્તવ્ય છે. માણસની ફરજ છે કે કુદરતે આપેલું જીવન પોતાનામાં જ મસ્ત રહી જીવવા કરતાં, કુટુંબભાવનાથી કે સમાજ ભાવનાથી, રાષ્ટ્ર ભાવનાથી જીવીને મરવું વધુ સારું અને આથી જ તેમની નવલકથા કુટુંબને ખાતર, સમૂહના હિતને ખાતર ફના થઈ જતાં, બલિદાન કરતાં, ત્યાગ સમર્પણની ભાવના બતાવતા વિષયને લઈને વહે છે.

ભારતીય સમાજમાં કુટુંબનું મહત્વ વિશેષ છે. સામાજિક નવલકથા લખાનાર કોઈ પણ સર્જક સમાજના કોઈ પણ પાસાઓને આલેખતો હોય, તો પણ કુટુંબ, કુટુંબભાવનાને ઉવેખીને તે અન્ય પાસાની વાત કરી શકે નહીં. કુટુંબ એ કુટુંબનાં સભ્યોનાં સમર્પણ બલિદાન તેની ફરજનિષ્ઠા, કર્તવ્યપરાયણતા, પર જ ટકે છે. એક આખા કુટુંબને શકય તેટલું સુવ્યવસ્થિત અને સુમેળ ભર્યું રાખવા માટે કયાંક કોઈનાં અરમાનો, ઈચ્છાઓ, મહત્વકાંક્ષાનો ભોગ લેવાતો હોય છે અને એવી એકાદ વ્યકિતનાં સમર્પણ, ત્યાગ જ કુટુંબના અન્ય સભ્યોનાં જીવનમાં મહત્વનો ભાગ ભજવી જતાં હોય છે. એક તરફ પોતાની ઈચ્છા, અરમાનો, બીજી તરફ ફરજ કે કર્તવ્ય તે બે વચ્ચે સંઘર્ષ અંતે સમૂહના હિતને ધ્યાનમાં રાખીને લેવાતો નિર્ણય અને તે દ્વારા કુટુંબનું ટકવું – આજ વાત આ સર્જકે 'રેત પંખી'માં સર્વસ્વનો ત્યાગ કરતી સુનંદા દ્વારા 'મારે પણ એક ઘર હોય'માં પોતાના ભણતર અને પ્રેમનો ત્યાગ કરતી લીના દ્વારા 'તિમિરના પડછાયા' માં શુષ્ક જીવનને શકય ત્યાં સુધી નિભાવી લેવા મથતી માલતી, માનબાઈમાં કે સ્વમાનના

ભોગે પણ કુટુંબને ટકાવવા મથતી 'એક પળની પરખ' નવલકથાના 'મા' ના પાત્ર દ્વારા બતાવ્યું છે. 'બંદીવાન' માં દેવપ્રકાશ ગાર્ગ તેમજ 'આનંદધારા' માં કાન્તા અને માનસના પાત્રો દ્વારા પણ આ જ અભિગમ જોવા મળે છે. 'શ્રાવણ તારાં સરવડાં' માં શેઠ, જયાબા, તૃપ્તિ વગેરે પાત્રો દ્વારા તો 'માટીનું ઘર'માં આનંદ દ્વારા પણ આ જ વસ્તુ લેખિકાએ બતાવી છે.

કુટુંબનું અસ્તિત્વ જ સ્ત્રી-પુરૂષના દામ્પત્ય પર નિર્ભર છે. ભારતીય પરંપરામાં લગ્ન એ બે આત્માનું મિલન માનવામાં આવે છે. લગ્ન એ પવિત્ર બંધન કે સંસ્કાર મનાય છે અને એવું પવિત્ર દામ્પત્યજીવન અહીં મુખ્યત્વે આલેખાયું નથી પણ વાસ્તવિક જીવનમાં બને છે તે રીતે દામ્પત્યની વિસંવાદીતા, તેનો સંઘર્ષ, અસંતોષ આલેખાયા છે કદાચ, આ જ સમાજની વાસ્તવિકતા છે, હકીકત છે. 'તિમિરના પડછાયા'માં માનબાઈ, માલતી દ્વારા 'બંદીવાન'માં દેવપ્રકાશ દ્વારા 'રેતપંખી'માં જગમોહન દ્વારા અને સુનંદાના કાકા દ્વારા બતાવ્યો છે. તો કંઈક અંશે આજ ભાવના 'ખરી પડેલો ટહુકો'માં છેલ્લે સુધી વૃંદાના પાત્રમાં જોવા મળે છે. કયાંક એકાદ ઝંઝાવાત પછી ફરી પાછી પરિસ્થિતિ થાળે પડતી પણ જોવા મળે છે. 'સંસાર છે ચાલ્યા કરે' – એ રીતે ફરી પાછાં પાત્રો રાબેતા મુજબ જીવન જીવતાં પણ થઈ જાય, એવુંય બતાવ્યું છે જે 'આનંદધારા'માં રાણી-માનસના જીવનમાં 'એક પળની પરખ'માં ઈન્દ્રનીલના માતા-પિતાના દામ્પત્યમાં જોવા મળે છે. 'શ્રાવણ તારાં સરવડાં'માં બિન્દુ-મયંકના દામ્પત્યમાં સર્જકે એ દર્શાવયું છે. લગ્નજીવનનાં આવા સંઘર્ષમાં સ્ત્રી-પુરૂષના અનૈતિક સંબંધો પણ જવાબદાર બને છે, તે તેમણે 'તિમિરના પડછાયા'માં દિનકરરાયના યૌવનના આવેશ દ્વારા, 'એક પળની પરખ' માં ઈન્દ્રનીલના પિતા દ્વારા બતાવ્યું છે. આવી બધી પરિસ્થિતિમાં કયાંક બૌદ્ધિક કજોડું, ઉંમરનો મોટો તફાવત વગેરે તત્વો ભાગ ભજવી જાય અથવા તો એકબીજા કરતાં તદ્દન જ ભિન્ન સમાજમાં થયેલા ઉછેર જવાબદાર હોય તેવુંય બન્યું છે. જે 'રેતપંખી' માં સુનંદા-જગમોહનદાસ (વયનો તફાવત), ચંદન-દેવપ્રકાશમાં (સિદ્ધાંતનો તફાવત) અને રાણી-માનસના (ઉછેરનો તફાવત) દામ્પત્ય જીવનમાં જોવા મળે છે. 'માટીનું ઘર'માં કુંજબાબા-મંગળદાસના દામ્પત્યના સંઘર્ષમાં પણ આ જ જોવા મળે છે.

દામ્પત્યજીવનના વિસંવાદની સાથે સાથે પ્રેમની ઉદાત્તતા પણ લેખિકાએ આલેખી છે. સાચો પ્રેમ હંમેશા ત્યાગ કરે છે અને ત્યાગ બલિદાન દ્વારા પ્રિયજનના જીવનને સુખી, સ્વસ્થ બનાવવાની ઈચ્છા સેવી પ્રેમની ઉચ્ચતા સિદ્ધ કરે છે. પોતાના સર્વસ્વના ભોગે પણ પ્રિયપાત્ર માટે કંઈ પણ કરવાની તત્પરતા 'આનંદધારા'માં માનસ દ્વારા જોવા મળે છે. રાણીની મહત્વકાંક્ષાની વચ્ચે જોપોતે અને પોતાનો પ્રેમ આવતો હોય તો માનસ પોતાની જાતને પણ રાણીના જીવનમાંથી ખસેડી દેછ` અને અંતે પતન પામેલી રાખીને ફરીથી એટલી જ તત્પરતાથી સ્વીકારી છે. આવી જ પ્રેમની ઉજ્જવલતા કુમારસેનમાં પણ જોવા મળે છે. 'એક પળની પરખ'માં પોતાનો સમાજ અને દેશ છોડીને ઈન્દ્રનીલના પ્રેમને ખાતર ભારતીયતાને સંપૂર્ણ પ્રેમપૂર્વક અપનાવવા મથતી અને અંતે ઈન્દ્રનું ઘર છોડી જતી જેઈનમાં પણ પ્રેમના ઉજ્જવલ સ્વરૂપનું જ દર્શન થાય છે. એકપક્ષીય પ્રેમ પણ જો સાચો હોય તો તે કેવો અદ્દભુત ત્યાગ કરાવે છે તે 'મારે પણ એક ઘર હોય'માં લીના તેમજ 'એક પળની પરખ'માં ગીતાના પાત્રમાં જોવા મળે છે. 'માટીનું ઘર' નવલકથામાં પણ લતાની તરફ વહેતો આનંદનો એકધારો પ્રેમ જ લતાના જીવનની દુઃખદ ઘટનામાં લતાને સંભાળી લેતો હતો. અહીં પ્રેમના બંને સ્વરૂપ વ્યક્તિના જીવનને કેવી અસર કરે છે તે સર્જકે ખૂબજ વાસ્તવિક રીતે આલેખ્યું છે.

સમાજજીવનને આલેખતી નવલકથાઓમાં લગ્નજીવનની, પ્રણય સહિત કુટુંબની વાત હોય, તો સ્વાભાવિક છે કે માતૃત્વની વાત પણ હોય જ અને આમ પણ માતૃત્વ, તેનું ગૌરવ, તેની મહાનતા એ લેખકનો પ્રિય વિષય રહયો છે. પરંતુ માતૃત્વની સામે સ્ત્રીત્વને મૂકી તેના ગૌરવ, તેની મહાનતાની વાત બંને વચ્ચેના સંઘર્ષનું તટસ્થતાથી સાહિત્યમાં આલેખન થયું હોય. એવું બહું ઓછું જોવા મળે છે. અહીં લેખિકાએ મા-સંતાનના મજબૂત નિર્વ્યાજ સંબંધમાં સ્ત્રીત્વના સંઘર્ષને દાદ માંગી લે એટલી તટસ્થતાથી મૂકીને માતૃત્વ કરતાં સ્ત્રીત્વની સર્વોપરીતા સિદ્ધ કરી છે.

માતૃત્વ અને સ્ત્રીત્વ સંઘર્ષ એ રીતે સર્જકના જીવનદર્શનનો એક મહતવનો મુદ્દો બની રહે છે. મા તરીકે કોઈ પણ સ્ત્રી ઉદાત્ત હોઈ શકે. સંતાનને માટે તે કોઈપણ પ્રકારનો ત્યાગ કરતા અચકાય નહીં આથી જ સ્ત્રીના વ્યક્તિત્વના તમામ પાસામાં માતૃત્વ સર્વોપરી છે જ પરંતુ માતૃત્વની સામે સ્ત્રીત્વ આવે ત્યારે "સ્ત્રી એક માતા છે"

– એ વાત ગૌણ બની રહે છે, અને એક સ્ત્રી અને તેનું સ્ત્રીત્વ સર્વોપરી રહે છે. સ્ત્રીત્વને મુખ્યત્વે પત્નીત્વ કે માતૃત્વ દબાવી દે છે. પરંતુ જયારે તે જાગૃત થાય છે ત્યારે સ્ત્રી કોઈને પણ મચક આપતી નથી. તે જ વાત સર્જકે 'એક પળની પરખ'માં 'મા' ના પાત્ર દ્વારા ખૂબ જ સચોટતાથી અને 'તિમિરના પડછાયા'માં માનબાઈ દ્વારા અને 'રેતીપંખી'માં સુમનબેન દ્વારા કલામયતાથી બતાવ્યું છે.

ચારિત્ર્યહીનતાનો આક્ષેપ એ સ્ત્રીના સ્ત્રીત્વ પર થયેલો એક કારમો ઘા છે. પતિ કે કુટુંબના અન્ય સભ્યો અથવા સમાજ દ્વારા મુકાયેલો એ આક્ષેપ તો કદાચ સ્ત્રી સહન કરી લે, પરંતુ જયારે એ જ આક્ષેપ પુત્ર દ્વારા મા પર મુકાતો હોય ત્યારે કોઈપણ સ્ત્રીએ સહન ન જ કરી શકે એ બહુ સ્વાભાવિક છે. 'એક પળની પરખ' નવલકથામાં પુત્ર ઈન્દ્રની અત્યાર સુધીની અવહેલનાને માફ કરનાર મા, ઈન્દ્ર દ્વારા મુકાયેલા ચારિત્ર્યહીનતાના એક આક્ષેપ સાથે જ માતૃત્વનો આદર્શ છોડી દે છે તેનું સ્ત્રીત્વ જાગૃત થાય છે, બલ્કે ઉશ્કેરાય છે. એક સજ્જડ તમાચા દ્વારા જ પુત્રને તેની મર્યાદાનું ભાન કરાવીને પુત્રથી તે આજીવન વિમુખ થઈ જાય છે. માતૃત્વ અને સ્ત્રીત્વનો કસોટીરૂપ સંઘર્ષ ત્યારબાદ આવે છે. કોઈપણ મા, દીકરાને વિનાશ તરફ જતો જોઈ ન શકે પરંતુ અહીં સ્ત્રીત્વ સામે માતૃત્વ દબાઈ ગયું છે. આથી જ પોતાની ભૂલ બદલ અંદર-અંદર ગૂંગળાતા-પસ્તાતા, દિશાવિહીન બરબાદીને પંથે ઘસડાતા પુત્ર ઈન્દ્રને જોવા છતાં મા તેને માફ કરી શકતી નથી. મા પોતાના વર્તન દ્વારા પોતાની અને ઈન્દ્રની વચ્ચે એક એવી મજબૂત દિવાલ ઉભી કરી દે છે કે નથી ઈન્દ્ર મા પાસે જઈ શકતો કે નથી મા તેની પાસે આવી શકતી, નથી ઈન્દ્રમાં 'મા' પાસે માફી માંગવાની હિંમત કે નાથી માફી આપવાી માની તૈયારી. પુત્રી અપર્ણાની સમજાવટ છતાં પણ મા મચક ન જ આપી. પુત્રના મૃત્યુ પછી તે ડંખ ઓછો થાય છે ખરો, પરંતુ સમૂળગો જતો નથી. આથી જ તો પુત્રવધુ જેઈનને તે સંપૂર્ણ પણે અપનાવી નથી શકતી હા, તેને પસ્તાવો થાય છે. કારણ કે, તે મા છે, આમ માતૃત્વ કરતાં સ્ત્રીત્વ અનેકગણું ચઢિયાતું છે તે અહીં માના પાત્ર દ્વારા લેખિકાએ સચોટતાથી પુરવાર કર્યું છે. આ જ બાબત તો માના પાત્રને જાજરમાન દર્શાવે છે.

'તિમિરના પડછાયા' નવલકથામાં પણ ઘટના આવી જ બને છે, પરંતુ પરિણામ

જુદું આવે છે. માનબાઈનો પુત્ર રામુ પણ ચારિત્ર્યહીનતાનો જ આક્ષેપ માનબાઈ પર મૂકે છે. વિધવા માનબાઈનો તો આધાર જ પુત્ર હતો. માનબાઈ દ્વારા જે કામ થતું તે પુત્રના હિત માટે જ થતું અત્યાર સુધી પતિ તરફથી અને સમાજ તરફથી અનેક પ્રકારના અત્યાચારને સહન કરનારી માનબાઈ પોતાનો પુત્રનો આક્ષેપ સહન કરી શકતી નથી અને અંતે આત્મહત્યા કરે છે. 'એક પળની પરખ'ની મા તો ઉચ્ચવર્ગની જાજરમાન ગર્વિષ્ઠ સ્ત્રી હતી. માતૃત્વ સામે સ્ત્રીત્વના પડકારને ઉપાડીને તે નિભાવી જાણે છે. બરાબર ટક્કર ઝીલે છે. જયારે માનબાઈમાં પુત્રને ટક્કર આપવાની શક્તિ જ ન હતી. કારણ કે, પુત્ર જ માની શક્તિ હતો. એ શક્તિ જ હણાઈ ગઈ હતી, એટલે આક્ષેપ સાથે જીવવા કરતાં તેમણે મોતને પસંદ કર્યું. એ જ બતાવે છે કે તેનું સ્ત્રીત્વ પણ જાગ્રત હતું. નહી તો તે, પુત્ર દ્વારા મૂકાયેલા ચારિત્ર્ય હીનતાના આક્ષેપને અવગણીને પણ જીવી ગઈ હોત. આમ, ઉપર્યુકત બંને નારીઓનું સ્ત્રીત્વ જુદાં-જુદાં પરિણામ લાવે છે.

પ્રેમમાં કોઈપણ કારણસર મળતી નિષ્ફળતા એ કંઈ બહુ મોટી સમસ્યાતો ન જ કહેવાય છતાં તેને કમનસીબી માનીને જે તે પરિસ્થિતિનો સ્વીકાર ન કરતાં જો સ્ત્રી એમાં પોતાનું અપમાન જોતી થઈ જાય, તો કેવું ભયંકર પરિણામ આવી શકે, તે 'રેતપંખી'માં સુમનબેન દ્વારા બતાવ્યું છે. વડીલોની ઈચ્છાને માન આપી પોતાની ઈચ્છા વિરૂદ્ધ સુમનબેનને જગમોહનદાસ સાથે લગ્ન કરવું પડયું. સ્ત્રી કદાચ ઈચ્છા વિરૂદ્ધ બધું જ કરી શકે, પરંતુ કોઈને ઈચ્છા વિરૂદ્ધ ચાહી નથી શકતી. એ બાબત અહીં અસરકારક રીતે લેખિકાએ બતાવી છે, જો કે સુમનબેને પતિને ચાહવાનો એવો કોઈ પ્રયત્ન કર્યો જ નહીં. પોતાના પ્રેમની નિષ્ફળતાનો ડંખ એ ભૂલી નથી શકતી, તેનો બદલો તે પતિને અપમાનિત કરીને પોતાના સંતાનોને પતિથી વિમુખ કરીને લે છે, એક મા તરીકે પણ તે, સંતાનોને પિતાના પ્રેમની, હૂંફની અને માર્ગદર્શનની કેટલી જરૂરિયાત હોય છે તે વેરભાવનાની આડે સમજી શકતી નથી. પિતાના સંતાનો માટેના તલસાટને જોઈને જાણે તેને વૈર તૃપ્તિનો આનંદ મળતો હતો. સંતોષ થતો હતો. જાણી જોઈને પિતા અને સંતાનો વચ્ચે ગેરસમજની એક દિવાલ તે ઉભી કરે છે જે ગેરસમજ સુમનબેનના મૃત્યુ પછી પણ ચાલુ રહે છે. સુમનબેનના વિકૃત વ્યક્તિત્વનો પ્રભાવ તેનાં મૃત્યુ પછી પણ ઘણાં સમય સુધી તેના કુટુંબમાંથી ઓસર્યો ન હતો.

અહીં લેખિકાએ વિવિધ નવલકથામાં સ્ત્રીનું સ્ત્રીત્વ, માતૃત્વ, સ્ત્રીના સ્વમાન પર થયેલો ઘા અને તેનું પરિણામ સચોટ રીતે દર્શાવ્યા છે. આવી સમસ્યાઓ આખા કુટુંબને વિનાશના માર્ગે લઈ જઈ શકે છે તે ખૂબ જ વાસ્તવિક રીતે અને તાટસ્થ્યથી તેમણે બતાવ્યું છે.

સામાજિક નવલકથા ક્ષેત્રે કુટુંબના વિવિધ પાસાંની છણાવટ કરીને જે સર્જક, વ્યકિત જીવનનાં તમામ મુદાને આવરી લેતા હોય તે સર્જક કુટુબંની આગળ વધી સમાજના વિવિધ પાત્રો દ્વારા સારા-ખરાબ બંને તત્વોનું દર્શન પોતાની નવલકથામાં ન કરાવે તો જ આશ્ચર્ય જયાં ખરાબ તત્વો હોય છે ત્યાં સારાં તત્વો પણ જરૂર પણ હોય છે. એ બંને તત્વોને સાથે રાખી લેખિકાએ તે બે વચ્ચેના સંઘર્ષમાં સારી વ્યક્તિઓને કેટલું શોષાવું પડે છે તે બતાવ્યું છે. અંતે 'સત્યનો જય' બતાવીને જીવનમાં ઉચ્ચ મૂલ્યોનું મહતવ સમજાવ્યું છે અને એ વાત તેમણે કુટુંબ કે ઘરથી શરૂ કરી સમાજ અને રાષ્ટ્ર સુધી વિસ્તારી છે. જયાં કુટુંબ, સમાજ કે રાષ્ટ્રને છિન્ન-ભિન્ન કરના અનિષ્ટ તત્વો છે, ત્યાં જ તેના રક્ષણ માટે સારા તત્વોને સદ્‌ગુણી પાત્રોને ઝઝૂમતા કર્યા છે. તેઓને કેટલી સફળતા મળે છે તેના પર ભાર મૂકવા કરતાં ઝઝૂમતાં રહેવું, સામનો કરવો એ જ બાબત પર તેમણે વધુ ભાર મૂકયો છે. આમ, પરિણામની ચિંતા કર્યા વિના કર્મ કરતાં રહેવું, કર્તવ્ય બજાવતાં રહેવું - એ 'ગીતા'ની ફિલસૂફી અહીં જોવા મળે છે. જે 'રેતપંખી', 'આનંદધારા', 'એકપળની પરખ' અને વધારે સ્પષ્ટ રીતે 'બંદીવાન' માં જોવા મળે છે. 'રેતપંખી'માં એક ઘરમાં કાકા-કાકીના જુદા જુદા દષ્ટિકોણ દ્વારા 'આનંદધારા'માં ખંધા શેઠની સામે મહારાજ દ્વારા અને રાણીના પાડોશી રતનની સામે કુમારસેન દ્વારા તેમજ રાણીના સેક્રેટરી મનોજની સામે માનસ અને નિર્મલ દ્વારા 'એક પળની પરખ'માં ઈન્દ્રની દાદી અને રઘુનાથની સામે ઈન્દ્રના દાદા દ્વારા તો 'શ્રાવણ તારાં સરવડાં'માં ચંદ્રકુમારની સામે વિપુલ દ્વારા, ઘર અને સમાજ સ્થિર કરવાના ક્ષેત્રે ખરાબ વૃત્તિવાળા પાત્રોની સામે સદ્‌વૃતિ ધરાવતા પાત્રોને મૂકીને જીવનના ઉચ્ચ મૂલ્યોને સર્જકે સ્થાપી આપ્યાં છે તો 'બંદીવાન'માં વ્યાવસાયિક ક્ષેત્રે સત્-અસત્ તત્વો વચ્ચેનો સંઘર્ષ મૂકીને સમાજ અને રાષ્ટ્રને સારાં-નરસાં બંને તત્વો કેવી અસર કરે છે તે કલાન્વિત રીતે ગૂંથીને તેનું પરિણામ કેવું ભયંકર હોઈ શકે તે દર્શાવ્યું છે. સમાજના અનિષ્ઠો તરીકે લાલદાસ, સુંદર, ઠાકુરસિંહ દ્વારા કાયદાકીય ક્ષેત્રે તેમજ રાજકીય ક્ષેત્રે ચાલતા ભ્રષ્ટાચાર સામે દેવપ્રકાશની

પ્રામાણિકતા તેની ફરજનિષ્ઠાને ટકરાવીને બંને વચ્ચેના સંઘર્ષને તટસ્થતાથી અહીં મૂકી આપ્યો છે. કયાંક અનિષ્ટો તત્વોનો વિજય બતાવ્યો છે, કયાંય અનિષ્ટ તત્વોને એટલી હદ ચઢિયાતા બતાવ્યા છે કે, જીવનમાં ઉચ્ચ મૂલ્યોનો હ્રાસ થતો જોવા મળે છે એ સમાજની વાસ્તવિકતા પણ છે જ છતાં અંતે તો તેમણે 'સત્યમેવ જયતે'ની આશાસ્પદ સ્થિતિનું નિર્માણ પણ કર્યું છે. આમ, તેમણે નવલકથાના આલેખનમાં ખૂબ જ સમતોલ દષ્ટિથી જીવનના સારા માઠાં બંને તત્વોનું દર્શન કરાવ્યું છે. સમાજમાં શ્રેય-પ્રેય બંનેને અનુસરનારાં પાત્રો જોવા મળે છે. શ્રેયને ખાતર પ્રેયને છોડનારા દેવપ્રકાશ-સુનંદા, માનસ, સુનંદાના કાકા વગેરેને બતાવીને જીવનના ઊંચા મૂલ્યોને સર્જકે સ્થાપી આપ્યાં છે.

આ તો થઈ સંસારમાં રહેતી, સમાજમાં ફરતી વ્યકિતઓનાં સુખ, દુઃખ અને તેમનાં વ્યકિતત્વનાં સારાં ખરાબ પાસાં દ્વારા સમાજની બંને બાજુના દર્શનની વાત, પરંતુ સંસારમાં રહેવા છતા સંસારી નહી એવી નિર્લેપ વ્યકિતઓ દ્વારા જીવનની ઉચ્ચતાને પણ સર્જકે ખૂબ જ સરસ રીતે દર્શાવી આપી છે. માણસ માત્રને બુદ્ધિની મર્યાદા છે, જયાં બુદ્ધિનું ક્ષેત્ર સમાપ્ત થાય છે, ત્યાં શ્રદ્ધાનું ક્ષેત્ર શરૂ થાય છે. આધ્યાત્મજીવનની મહત્તા આલેખવા માટે શ્રદ્ધાના ક્ષેત્રનો પ્રવેશ ''રેતીપંખી''માં સુનંદાના કાકા અને 'આનંદધારા'માં નિર્મલના પાત્ર દ્વારા સફળતા પૂર્વક નિરૂપ્યો છે. ''રેત પંખી''માં ગરીબી, પત્નીની સતત ચાલતી કચકચ, દીકરીનું ટ્રક ડ્રાઈવર જોડે ભાગી જવું, ભત્રીજીની જવાબદારી, પત્નીની બિમારી - આ બધી ગંભીર સમસ્યા છતાં આ અકળાવનારી પરિસ્થિતિમાં પણ કાકાની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અડીખમ હતી. તેમનાં તમામ સુખદુઃખ ઈશ્વરને સમર્પિત હતા. ઈશ્વરે આપેલી કોઈપણ પરિસ્થિતિમાં આનંદ અને ધીરજથી જીવવાના, કાકા તરફથી સુનંદાને મળેલા આ જ સંસ્કાર સુનંદાને તેની દુઃખદ પરિસ્થિતિમાં જીવન જીવવાનું બળ આપે છે. આથી જ તેના ઘરની તમામ તંગ પરિસ્થિતિનો સામનો કરીને પરિસ્થિતિને સુધારવાના પ્રયત્નમાં તે સફળ રહી આ જ વાત થોડી જુદી રીતે 'આનંદધારા'માં નિર્મલ દ્વારા સ્પષ્ટ રીતે કરી છે. પોતે એકલો છતાં આખું વિશ્વ પોતાનું જ છે એમ માનીને પારકાના દુઃખદર્દ પોતાના સમજીને અન્યને મદદ કરવાની, અનાથ બાળકોનો નાથ બનવાની તેની વૃત્તિ, તેને સામાન્ય માણસથી

અનેકગણુ ચઢિયાતું સ્થાન આપે છે, જીવનને પ્રત્યેક પરિસ્થિતિમાં હકારાત્મક દષ્ટિથી જોવાની તેની સમજ એ ભારતીય સંસ્કૃતિ અને તત્વજ્ઞાનની દેન છે. આથી જ તે રાણી જેવી પતિતાને આત્મહત્યા કરતી અટકાવીને, જીવનનું મૂલ્ય સમજાવી, તેની આખી જીવનધારાને પલટાવી દેવામાં કામયાબ નીવડે છે. 'શ્રાવણ તારાં સરવડાં'માં પણ પ્રભુદાસ અને જયાબાનાં પાત્રમાં ઈશ્વર પ્રત્યેની અડગશ્રદ્ધા અને ભારતીય સંસ્કૃતિની ઝલક દેખા દે છે. આથી જ પ્રભુદાસની પુત્રી તૃપ્તિના કુટુંબ અને સમાજ પ્રત્યેના વલણમાં, ભારતીયતાના અંશો જોવા મળે છે. પ્રભુદાસ અને જયાબાના સતત સંપર્કને કારણે જ ધનવાન લક્ષ્મીદાસ પણ ધીરે ધીરે પ્રભુભકિતથી રંગાતા જાય છે, એવું આલેખન છે.

સમાજની ઉચ્ચતા, તેની નિમ્નતા તેમજ બંનેની વચ્ચેની સ્થિતિ પણ લેખિકાએ શકય તેટલી કોઈ જાતના પક્ષપાત વિના બતાવી છે. જીવન વિશેનો હકારાત્મક અને નકારાત્મક દષ્ટિકોણ જીવનને વેડફે છે. એ વાત લ્યૂસી, રાણી, ચંદન જેવા પાત્રો દ્વારા દર્શાવી છે. જીવનને સુધારી શકાય નવેસરથી જીવનને શરૂ કરી શકાય જો માનવની વૃત્તિ હોય તો ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા હતાશ માણસને પણ નવું જોમ આપી શકે છે, એ વાત તેમણે રાણીના પાત્ર દ્વારા સિદ્ધ કરી છે. આ બધા પરથી એટલું સ્પષ્ટ કહી શકાય કે, લેખિકાએ બંને દષ્ટિકોણથી જીવનને આલેખ્યું છે પરંતુ તેમનો પોતાનો જીવન પ્રત્યેનો અભિગમ હકારાત્મક હોય તેવું તેમની નવલકથાઓ પરથી ફલિત થાય છે.

'શ્રાવણ તારા સરવડા' નો અંત સુખદ છે. 'તિમિરના પડછાયા'માં કરુણતા જોવા મળે છે તો 'મારે પણ એક ઘરક હોય' માં મુખ્ય પાત્ર માટે અંત મંગલમય છે. 'આનંદધારા' સંપૂર્ણ સુખાંત છે તો વળી 'એક પળની પરખ'માં કરુણતા અને મંગલમયતા બંને છે. અંતમાં કુટુંબનો વિનાશ પણ દર્શાવ્યો છે અને એક નવા કુટુંબની શરૂઆતના મંગલ એંધાણ પણ તેમાં જોવા મળે છે. 'એક કારાગાર'નો અંત આશાસ્પદ છે તો 'ખરી પડેલ ટહુકો' નો અંત કરુણ છે. 'બંદીવાન'નો અંત ધ્રુજાવનારો છે છતાં 'સત્યમેવ જયતે'નાં મંગલ અંધંણ જોવા મળે છે. ખરાં, મંગલમયતાની શકયતા છતાં 'માટીનું ઘર'નો અંત કરુણ છે. આમ, કરુણતા અને મંગલમયતા ઉભયનું આલેખન તેમણે પ્રથમ સામાજિક નવલકથા 'શ્રવણ તારાં સરવડાં' થી માંડીને 'માટીનું ઘર' સુધી જાળવી છે અને

એ રીતે કરુણ, મંગલ બંને વ્યકિત જીવનના પાસાં છે એ કુદરતી નિયમને પણ જાળવ્યો છે. સમાજમાં રહીને તેમણે જે દ્વિવિધ પ્રકારનું દર્શન કર્યું છે, તેને તે જ રીતે આલેખવાનો નવલકથાની લેખિકાએ પ્રયત્ન કર્યો છે આદર્શપ્રિય હોવા છતાં વાસ્તવિકતાના ભોગે આદર્શની ખેવના તેમણે કરી નથી. સમાજજીવનની વાસ્તવિકતાને કોઈપણ જાતના પક્ષપાત વિના તેમણે નિરૂપી છે. આ બધા પરથી ફલિત થાય છે કે, લેખિકા જીવન પ્રત્યે ખૂબ જ ગંભીર રહયાં છે. જિંદગી એ કુદરત તરફથી મળેલી અણમોલ ભેટ છે તેને થોડું દુ:ખ પડયું તેથી વેડફી દેવી એ જીવન પ્રત્યે બેવફાઈ છે. પોતાની સામે આવેલા કર્તવ્યનું પાલન કરી ગૌરવભેર જીવવું એ જ સાચું જીવન એવો સંદેશો તેમની નવલકથાઓના વિવિધ પ્રકારના પાત્રો દ્વારા મળે છે. જીવન એ વિશાળ સમુદ્ર જેવું છે. એમાં ખારાશ તો છે જ સાથે અણમોલ રત્ન પણ છે જ. આથી જ અનિષ્ટોનો સામનો કેવી રીતે કરવો, સુખી કેમ થવું – તેનું માર્ગદર્શન એ તેમની નવલકથાની ફલશ્રુતિ છે. સામાજિક અનિષ્ટોથી પ્રગટતી વિષમતાની સામે માનવી જીવનની આશાવાદી વાસ્તવિક દષ્ટિએ આ લેખિકાના સમગ્ર જીવનદર્શનને વિભૂષિત કર્યું છે. ગુજરાતી સાહિત્ય ઈ.સ. ૧૯૫૦ પછીનો આ આશાવાદએ ગુજરાતી સાહિતયમાં સામાજિક નવલકથા ક્ષેત્રે તો બહું મોટું સુખદ આશ્ચર્ય જ કહેવાય. આથી જ પ્રસાદ બ્રહ્મભટ્ટે પણ નવલકથાકાર વર્ષા અડાલજાનું મૂલ્યાંકન કરતાં તેમને ''પરંપરિત ભારતીય માનસ ધરાવતા આશાવાદી લેખિકા'' તરીકે બિરદાવ્યા છે.[૮]

- **ભાષાશૈલી :**

કલાની અભિવ્યકિત કરવા માટે કલાકારને વાહનની–માધ્યમની જરૂર પડે છે. દરેક કલાએ અભિવ્યકિતનું માધ્યમ જુદું–જુદું હોય છે. સાહિત્યકારને સર્જન માટે ભાષા એક અદ્દભુત સાધન છે. સર્જક જો કુશળ હોય તો ભાષા દ્વારા અદ્દભુત સાહિત્ય સર્જી શકે છે. આથી પત્યેક લેખકની લેખન કલાની કદાચ સૌથી મહત્વની બાબત છે તેનું ભાષાપ્રભુત્વ, ભાષાકૌશલ. જે તે સ્થળે ભાષાનો ઉપયોગ અત્યંત સ્વાભાવિકતાથી અકૃત્રિમ લાગે છે. એ રીતે કરવામાં ભાષાનું પ્રભુત્વ રહેલું છે કૃત્રિમતાને કારણે આડંબરયુકત શૈલી કે આલંકારિક વિધાનો વાચક પર પ્રભાવ પાડી શકતા નથી. ભાષાને

[૮] 'ગ્રંથ' જુલાઈ–૧૯૮૪, 'શાપિત જિંદગીની કથા', પ્રસાદ બ્રહ્મભટ્ટ, પૂ. ૧૮

સરળ રીતે યોજીને પણ કોઈ સુંદર કૃતિ સર્જી શકાય.

નવલકથા ક્ષેત્રે જયાં ફકત ગદ્યથી જ કામ પાર પાડવાનું હોય ત્યાં આ બાબતમાં વધારે ચોકસાઈની જરૂર છે. સામાજિક નવલકથા સર્જાતી હોય ત્યાં સમાજ આવે, આથી સામાજિક સ્તર પ્રમાણે ભાષાનું સ્તર આવવું જોઈએ નાયક કે નાયિકા જીવન ઘડતર મુજબ જ તેમની ભાષા હોવી જઈએ અને આ પ્રમાણભાન જાળળવું થોડું દુષ્કર છે. કારણ કે પાત્રો અભણ હોય તો પણ લેખકની સર્જકપ્રતિભા કયારેક પાત્રોની ભાષામાં બાધા રૂપ બની જાય છે. સદ્દભાગ્યે વર્ષા અડાલજામાં આવું જવલ્લે જ દેખાય છે.

સામાજિક નવકલથા વાંચતા ભાષા ક્ષેત્રે જે અપેક્ષા હોય છે તે અહીં સંતોષાય છે. જેમ સમાજનું સ્તર બદલાતું જાય છે તેમ ભાષા પણ બદલાય છે. ભાષાનો આધાર પાત્રોના ઘડતર પર પણ રહે છે. ‘આનંદધારા’ અને ‘તિમિરના પડછાયા’ નવલકથામાં સમાજનો ઉચ્ચવર્ગ અને નિમ્નવર્ગ બંને એક સાથે આવે છે અને ત્યાં આ બંને પ્રકારની ભાષા જોવા મળે છે. બંને નવલકથામાં સામાન્ય રીતે તો રોજબરોજની નિકટની ભાષાનો પરિચય લેખિકાએ કરાવ્યો છે બંને નવલકથામાં ઝૂંપડપટ્ટીનાં લોકો જેવું જીવે છે તેવું જ જીવન આપણી સમક્ષ રજૂ થયુ છે. તેઓની તળપદી ભાષા તેમજ તેઓના મુખેથી નીકળતી ગંદી ભાષા, અસંસ્કારી, અભણ લોકોને છતા કરે છે. ‘આનંદધારા’ નવલકથામાં કાશી–કાન્તાના ઝઘડામાં ભદ્દુ, રતન જેવા પાત્રોની ઉકિતઓમાં તો ‘તિમિરના પડછાયા’ નવલકથામાં માનબાઈ, દિનકરરાયના ઘરના નોકરોની ઉકિતમાં, માળીની તળપદા શબ્દોવાળી ભાષા જોવા મળે છે. તેઓના મુખેથી બોલાતી ભાષાની સરળતા ભાવકના હૃદયને સ્પર્શી જાય છે.

‘આનંદધારા’ નવલકથામાં તો ફિલ્મલાઈન જેવી હાઈ સોસાયટીને આબેહૂબ રજૂ કરવા માટે હિન્દી તેમજ અંગ્રેજી વાકયોનો ભરપૂર વિનિયોગ કર્યો છે. પરંતુ મુંબઈનગરીના બંને પાસા દર્શાવતી આ ભાષા હરદ્વારના પવિત્ર સ્થળે પાત્રની સાથે તે પણ પવિત્રતા ધારણ કરે છે. કિલ્લોલ અને તરુણના બાળસહજ નિર્દોષતાને છતાં કરતાં વ્હાલભર્યા, કાલા, વાલા શબ્દોની સામે નિર્મલના પાંડિતયપૂર્ણ વાકયો પણ પ્રભાવશાળી રહે છે અને ભારતીય સંસ્કૃતિના એક ધર્મસ્થળ તરીકે મનાતા હરદ્વારને વધારે ઉઠાવ આપતી સંસ્કૃત ભાષા અને સંસ્કૃત શ્લોકો આખા વાતાવરણની ભવ્યતા પ્રગટ કરે છે. દા.ત.

"આશાયા બધ્યતે લોકઃ
કર્મણામ્ પરિબધ્યતે
આયુ ક્ષીણં ન જાનાતિ તસ્માદ જાગૃહિ જાગૃહિ ॥
કામ ક્રોધાઃ મોહ લોભાઃ.... તસ્માદ જાગૃહિ જાગૃહિ ॥ "[૯]

નિર્મલના પ્રત્યેક શબ્દે શબ્દે રાણીના હૃદયનો અંધકાર દૂર થતો હતો. પ્રગાઢ અંધકારને ચીરતો નિર્મલના હૃદયનો મધુર રણકાર આખા વાતાવરણને આહ્લાદક બનાવે છે અને રાણીનાં હૃદય પરિવર્તનમાં સૌથી વધુ ઉપયોગી બને છે. આ જ શ્લોકો અને નિર્મલહૃદયી નિર્મલના મુખે બોલાયેલા વાકયો રાણી જે અનુભવે પણ ન હતી સમજી શકી તે નિર્મલે બહુ થોડાં વાકયો દ્વારા સમજાવ્યું.

"અગર તમે સુખને આનંદ માની
લીધો હોય તો હર ભૌતિક સુખને
અંતે વિષાદ હોય છે પરંતુ આનંદ
શોધતા હો તો એ નરી મુર્ખામી છે"[૧૦]

આનંદની ધારા માણસના હૃદયમાં વહેતી હોય છે.[૧૧]

આ શબ્દોની રાણીના મન પર ગજબની અસર થઈ હતી અને ધીરે ધીરે તેણે તેના વિતેલા જીવન વિશે નવેસરથી વિચારવાનું શરૂ કર્યું હતું. દેવભાષાથી માંડીને ઝૂંપડપટ્ટીની ગંદકી વાળી ભાષાને અહીં પરિચય થાય છે.

તો 'તિમિરના પડછાયા' નવલથકામાં પણ ઝૂંપડપટ્ટીના લોકોની ભાષામાં વાસ્તવિકતાનું દર્શન થાય છે, પરંતુ જેલમાં માનબાઈ પુત્ર રામુને મળવા જાય છે અને રામુ તેની સાથે ખરાબ વર્તન કરે છે તેમાં માનબાઈની ભાષા કરતા તેના પુત્ર રામુની ભાષા ઉચ્ચસ્તરીયી બતાવી છે. બંનેની ભાષામાં ફેર લાગે છે. માનબાઈની ભાષા કરતા રામુ જે વિચારે તે આશ્ચર્ય લાગે છે તેના મુખે બોલાયેલા કેટલાંક વાકયો જોઈએ તો

[૯] 'આનંદ ધારા' : પ્ર. આ. ઓગષ્ટ-૧૯૭૬, વર્ષા અડાલજા, પૃ. ૨૩૮, ૨૩૯.
[૧૦] એજન, પૃ. ૨૪૧.
[૧૧] એજન, પૃ. ૨૪૧.

"મને આ અહીં જેલની દુનિયામાં ખૂબ ગમે છે... સૌ જેવા છે તેવા જ ને તેવી જ રીતે દેખાય છે જે નથી તે હોવાનો કોઈ દંભ કરતું નથી. કરવા ધારે તોય કરી શકતું નથી"[૧૨]

માનબાઈને તે ટોણો મારતા કહે છે કે, "ઘણા વર્ષોની તપશ્ચર્યા અને મુશ્કેલીને અંતે તેને સુખ મળ્યુ છે તે તું ભોગવ."[૧૩]

ઉપર્યુક્ત વાકયોથી પ્રતીતી થાય છે કે આ ભાષા રામુ જે સ્તરમાંથી આવે છ તે કોટીની નથી તેના વિચારની અભિવ્યકિત જે રીતે નિરૂપવામાં આવી છે તે એના પાત્ર સાથે સુસંગત લાગતી નથી. અલબત ભાષાને બાદ કરીએ તો, એમાં વ્યકત થયેલી વિચારની ઉદાતતા પણ આ નિમ્ન કોટીના પાત્ર સાથે મેળ ધરાવતી નથી.

વર્ષા અડાલજાની ભિન્ન-ભિન્ન વસ્તુ ધરાવતી નવલકથામાં તેને અનુરૂપ એવી શૈલીનું સામર્થ્ય પ્રગટ થતું રહયું છે. વિષયને અનુરૂપ એવી શૈલી વર્ષા અડાલજાના વ્યકિતત્વને બરાબર આપણી સમક્ષ રજૂ કરતી હોય એમ લાગે છે. પ્રેમની, સંસ્કૃતિની કે વ્યવહાર જગતની બાબતોનું નિરૂપણ કરતી એમની શૈલી પ્રત્યેક સ્થળે સરસ સ્પષ્ટ અને લક્ષ્યગામી બની છે. કયાંક "કાવ્યમય, ચિત્રાત્મક શૈલીના"[૧૪]ના પણ દર્શન થાય છે. આ શૈલીની પાછળ એમના સ્ત્રીત્વની પણ ઝાંખી થયા વગર રહેતી નથી અને ઘણે સ્થળે સ્ત્રી તરફની અનુકંપા પુરુષ તરફ દ્વેષદષ્ટિ વગર આપણને દેખાય છે. વર્ષા અડાલજાની બધી નલકથાઓની આ પ્રધાન લાક્ષણિકતા છે અને વિશેષમાં સમસ્ત નવલકથામાં વળી આ શૈલી પક્ષની પ્રશંસા કરીએ એટલી ખમી શકે એવું નિરૂપણ નવલકથાના સમગ્ર આલેખન પાછળ દેખાય છે અને "Wriyters style is the index of his/her personality"એ વિધાનનું સમર્થન કરે છે. એમની શૈલીનો જાદુ એક વાકયમાં ઘણું બધું સમાવી શકવાની શકિત તેમનામાં છે.

વર્ષા અડાલજાની ભાષાની જેમ જ પાત્રને ઊઠાવ આપતા સંવાદો પણ પ્રભાવક રહયાં છે. સંવાદને કારણે કૃતિમાં નાટયાત્મકતા આવતા કૃતિ વધુ રસપ્રદ બની છે. સચોટ, ધારદાર સંવાદ, કથાવસ્તુને અને પાત્રને અસરકારક બનાવવામાં ખૂબ જ

---

[૧૨] 'તિમિરના પડછાયા', પુનઃમુદ્રણ, ડિસે. ૧૯૭૬, વર્ષા અડાલજા, પૃ. ૧૬૫.

[૧૩] એજન, પૃ. ૧૬૫.

[૧૪] 'ગ્રંથ', વર્ષ-૧૮, અંક-૬, જૂન-૧૯૮૧, ગુલાબદાસ બ્રોકર, પૃ. ૨૨.

ઉપયોગી રહયાં છે. રહસ્યને સ્પષ્ટ કરનારા સંવાદ, બની ગયેલા બનાવની જાણ કરનારા સંવાદ, પાત્રના વ્યકિતત્વને ઉપસાનારા સંવાદ એમ વિવિધ પ્રકારે પ્રયોજાયેલા સંવાદ એમની નવલકથામાં ધાર્યુ પરિણામ લાવે છે.

'તિમિરના પડછાયા' નવલકથામાં દિનકરાયના દંભી ચારિત્ર્યના લીરેલીરા ઊડાવતા માનબાઈના મોંએ બોલાયેલ સંવાદ સમગ્ર નવલકથાનો મુખ્ય વળાંક બની રહે છે અને પાત્રોના જીવનને ખળભળાવી નાખનારો આ સંવાદ છે. પુત્રના જીવનની ભીખ માંગતી લાચાર માનબાઈ જયારે પોતાની સાચી ઓળખ રજૂ કરે છે ત્યારે, તેનું ગરીબડું લાચાર વ્યકિતત્વ પણ રુઆબ ધારણ કરે છે તે સાથે જ પરિસ્થિતિમાં પણ નાટયાત્મકતા પ્રવેશે છે. જેથી કથાવસ્તુ રસપ્રદ બની રહે છે. ભાવકની કુતૂહલવૃતિને ઉશ્કેરે એવા આ સચોટ સંવાદ રહયાં છે. દા.ત. "જજસાહેબ, ઓલી માનબાઈને બહુ જલદી વીસરી ગયા?"[૧૫]

"......વીસ વરસ પેલાની ઈ રાત તમે વિસરી ગયા હશો પણ મારી જિંદગીમાં તો ઈ અંધારી રાતના કાળા ઓછાયા એવા ઘેરા ઊતર્યા કે પછી કોઈ દી' વહાણું વાયુ જ નહી...."[૧૬] તો વળી માનબાઈ જજ સાહેબને કહે છેઃ "શા સારું નથી સાંભળવું જજ સાહેબ ? જે વાતું બળબળતા અંગારા પેઠે મારા હૈયામાં રાતદિન ચંપાયા કરે છે એની કાળી બળતરા અંગેઅંગ બાળે છે, ઈ વાતુ ખાલી યાદ કરતાંમાં જ તમે ઢીલાપોચા થઈ ગયા?"[૧૭]

અહીં પ્રસ્તુત સંવાદમાં માનબાઈનો રોષ કટાક્ષની સામે સ્ત્રી હૃદયની વેદનાને વાચા મળી છે. 'એક પળની પરખ' નવલકથામાં મા-દિકરા વચ્ચેના સંઘર્ષને રજૂ કરતાં એક જ પ્રસંગમાં ખૂબ જ ઓછાં સંવાદ દ્વારા રહસ્યસ્ફોટ કરાવીને ભાવકને પલટાવી દે છે. પિતાના મિત્રસાથે માને આડો સંબંધ હતો એવી સાંભળેલી વાતને સાચી માનીને માની શાંતિચિત્તે અવહેલના કરતાં પુત્ર અને મા વચ્ચેના સંવાદ નવકલથાને અને પ્રસંગને પ્રભાવક બનાવે છે. અમેરિકન છોકરી સાથે લગ્ન કરતા મા પુત્રને ઠપકો આપે

---

[૧૫] 'તિમિરના પડછાયા', પુનઃમુદ્રણ, ડિસે. ૧૯૭૬, વર્ષા અડાલજા, પૃ. ૪૦.
[૧૬] એજન, પૃ. ૪૨.
[૧૭] એજન, પૃ. ૪૩.

છે તૈયાર પુત્ર સામો જવાબ આપતા કહે છે કે, "રઘુવીરસિંહ સાથે ગુલછટા ઉડાવતાં મારા બાપુના માન અને આબરૂનો તમે પોતે કયારેય વિચાર કર્યો હતો ખરો "[૧૮] તો 'બંદીવાન' નવલકથામાં દેવપ્રકાશને વાસ્તવિકતાનું ભાન કરાવતા ચંદનના મુખે બોલાયેલા સંવાદ અસરકાર રહયાં છે.

".....યાદ રાખજો દેવપ્રકાશ, તમે આદર્શો ખાતર મારું જીવન ધૂળભેગું કરી રહયાં છો એ જ આદર્શો એકવાર તમારું જીવનપણ ધૂળભેગું કરી દેશે દેવપ્રકાશ, સત્ય હંમેશા બલિદાન માંગે છે અને એ પહેલું બલિદાન તમારૂં લેશે"[૧૯]

ચંદનના આ વાકયો અંતે સાચા પડે છે. ભાવિના એંધાણ આપનારા આવા સંવાદો ભાવકની કૂતુહલવૃત્તિને જાળવી રાખે છે. આ સિવાય પણ દેવપ્રકાશ અને ચંદનના દામ્પત્ય જીવનના સંઘર્ષને રજૂ કરતાં બંને વચ્ચેના સંવાદો ખૂબ જ આકર્ષક રહયાં છે. આવા સચોટ સંવાદ લેખનને લીધે જ વ્યાપક ફલકવાળી આ નવકલથામાં જરા પણ રસભંગ થતો નથી.

એ જ રીતે 'મારે પણ એક ઘર હોય' નવલકથામાં લીના–સુરેખાના સંઘર્ષને વ્યકત કરતા સંવાદો, 'શ્રાવણ તારાં સરવડાં'માં પશ્ચિમી સંસ્કૃતિ અને પૂર્વની સંસ્કૃતિના ભેદને સ્પષ્ટ કરતા અને ભારતીયતાનો મહિમા કરતાં તૃપ્તિ અને બિંદુના સંવાદો, 'રેતપંખી' નવલકથામાં સુનંદા અને અમલા વચ્ચેના ઘર્ષણને રજૂ કરતાં તેમજ સુનંદા અને તારા વચ્ચેના બંનેની જીવનદષ્ટિને રજૂ કરતા શાંત સંવાદો ભાવકના હૃદયને સ્પર્શી જાય એવા ચોટદાર રહ્યા છે.

આમ, સંવાદ દ્વારા સર્જકે કૃતિમાં ધાર્યુ કામ, સિદ્ધ કર્યુ છે. વર્ષા અડાલજાની નવલકથામાં કથાત્મકતા અને સંવાદ બંને બળો વચ્ચેનું સપ્રમાણ સમતોલપણું એકસરખું પ્રતીત થાય છે. એકંદરે વર્ષા અડાલજા સંવાદો પૂરતા સામર્થ્યવાળા, વકતવ્યને સંપૂર્ણપણે સ્પષ્ટ કરનારા, સ્થળે સ્થળે ભાવવાહી અને અસરકારક રહયાં છે જે વાર્તાના વહેતા પ્રવાહમાં વાચકને તરબોળ કરવાની શકિત ધરાવે છે.

---

[૧૮] 'એક પળની પરખ', પુનઃમુદ્રણ, ડિસે. ૧૯૮૬, વર્ષા અડાલજા.

[૧૯] 'એક પળની પરખ', પુનઃમુદ્રણ, ડિસે. ૧૯૮૬, વર્ષા અડાલજા, પૃ. ૨૭૦.

- **વિશેષ લાક્ષણિકતાઓ :**

વિષયવસ્તુ, પાત્રાલેખન, ભાષાશૈલીનો અભ્યાસ કરતાં નવલકથાની અન્ય લાક્ષણિકતાઓ પણ ધ્યાન ખેંચે છે. સામાન્ય રીતે તેમની નવલકથાઓના આરંભ અને અંત બંને આકર્ષક હોય છે. 'શ્રાવણ તારાં સરવડાં' અને 'આનંદધારા' જેવી નવલકથામાં વિષયવસ્તુને તબક્કાવાર વિકસાવ્યુ છે. સીધીસાદી રીતથી નવલકથાની રજૂઆત કરી છે. જયારે કેટલીક નવલકથાઓનો આરંભ નાટયાત્મકતાવાળો અને રહસ્યમય રહ્યો છે જે ભાવકની કૂતુલહની વૃત્તિને ઉતેજે છે. જયારે નવલકથાના અંત બાબતે જોઈએ તો કૃતિ વાંચતા ભાવક જે અંતની કલ્પના કરે તેના કરતાં કંઈક જુદો જ અંત સર્જક આપે છે. કયારેક એમ કરતાં નવલકથાના અંતમાં કૃત્રિમતા પ્રવેશી ગઈ હોય એવુંય બન્યું છે અને ત્યાં તે પ્રતીતિકર નથી લાગતું, જેની વીગતવાર ચર્ચા આપણે સંબંધિત પ્રકરણોમાં કરી છે. કયારેક નવલકથામાં એકદમ કશુંક બને, આકસ્મિક જ પરિસ્થિતિ બદલાઈ જાય છે. આવી રીતની પદ્ધતિ હંમેશા પ્રતીતિજનક લાગતી નથી. નવલકથામાં કોઈ પાત્રનો અચાનક અન્ય પાત્રના જીવનમાં પ્રવેશ કરાવીને સર્જકે વિશિષ્ટ પરિસ્થિતિનું નિર્માણ કર્યુ છે. 'શ્રાવણ તારાં સરવડાં' નવલકથામાં જયાબા દ્વારા, 'તિમિરના પડછાયા' નવલકથામાં માનબાઈના પાત્ર દ્વારા, 'એકપળની પરખ' નવલકથામાં જેઈનના પાત્ર દ્વારા, 'મારે પણ એક ઘર હોય'માં અનુપમના પાત્ર દ્વારા, 'એક કારગાર' નવલકથામાં આશાના પાત્ર દ્વારા એમ વિવિધ નવલકથાઓમાં વિવિધ રીતે અચાનક ઉપર્યુકત પાત્રનો પ્રવશે કરાવીને સર્જક વિષયવસ્તુને ગતિ આપે છે અને પાત્રોના જીવનપ્રવાહને પણ બદલી નાખે છે તો અન્ય લાક્ષણિકતા એ જોવા મળે છે કે મુખ્યત્વે તેમના નારીપાત્રો અનાથ હોય છે અથવા તો માતા કે પિતાના પ્રેમથી વંચિત હોય છે. તૃપ્તિ, સુનંદા, લીના, વૃંદા વગેરે પાત્રોના જીવનમાં માતા કે પિતાના અથવા બંનેના પ્રેમનો અભાવ જોવા મળે છે વળી એમના નારીપાત્રો મુખ્યત્વે સંસ્કારી, સહનશીલ પણ હોય છે. તૃપ્તિ, સુનંદા, લીના વગેરેમાં આ ગુણ જોવા મળે છે.

વર્ષા અડાલજાની નવલકથામાં વૈવિધ્ય તરફ નજર નાખીએ છીએ ત્યારે એક બાબત ધ્યાનમાં આવે છે, તે એ કે, એમની નવલકથાઓના માળખામાં સૂક્ષ્મ પ્રગટ કે સ્પષ્ટ આધાર અંતનિહિત હોય છે જેમ કે, 'આનંદધારા' નવલકથનામાં મેરીલિન

મનરોની કથાનો સ્પષ્ટ આધાર છે. 'બંદીવાન' નવલકથામાં વેદપ્રકાશના જીવનનો પ્રગટ આધાર છે. 'માટીનું ઘર', 'ખરી પડેલો ટહુકો' નવલકથામાં સમાજનો સૂક્ષ્મ આધાર વર્તાય છે.

સ્મૃતિને વાગોળવાની પદ્ધતિ, ફ્લેશબેકની ટેકનિક, 'માટીનું ઘર' અને 'એક પળ ની પરખ' નવલકથામાં જોવા મળે છે. એ જ રીતે આ ટેકનિકનો ઉપયોગ અમુક અંશે અન્ય નવલકથાઓમાં પણ જોવા મળે છે. સ્ત્રી-હૃદયની વેદનાને, લાગણીને સમજવાની વાત વાસ્તવિકતાની ધરા પર રહીને એમણે કરી છે આથી એમની નવલકથાના પાત્રોની વેદના ભાવક-હૃદયને સ્પર્શે છે. એમની નવલકથાઓમાં આવતું ચિંતન, વર્ણન, ભારેખમ કે અકળાવનારું બનતું નથી તે નોંધવું ઘટે તેમની નવલકથાઓમાં જીવન વિશેની કેટલીક સુંદર ચિંતનકણિકાઓ મળે છે. ઉદાહરણરૂપે 'મારે પણ એક ઘર હોય' નવલકથામાં લીના કહે છે કે :- 'જિંદગી દ્રોપદીના અક્ષયપાત્ર જેવી હોય છે એમ જલદી ખુટાડી નથી ખૂટતી'[૨૦]

'રેતપંખી' નવલકથામાં સુનંદા કહે છે કે : "જિંદગી ગણિત નથી કે ફાવે ત્યારે પાટી પરથી રકમ ભૂંસીને એકનો એક દાખલો અનેકવાર ગણી શકો જિંદગીનું ગણિત એક જ વાર ગણી શકાય ચાહે તો સરવાળો કરો, ચાહે તો બાદબાકી કરો"[૨૧] આ જ નવલકથામાં તારા કહે છે કે "જિંદગી કેલિડોસ્કોપ જેવી છે એને જરાક જ વળાંક આપો અને ડિઝાઈન બદલાઈ જાય છે, દરેક વળાંકે અવનવી ડિઝાઈનો સજાꣳતી જ જાય છે. એકવાર ગયેલી ડિઝાઈન ફરી ક્યારેય નથી આવતી એના રંગીન કાચના ટુકડા કેલિડોસ્કોપમાં છે ત્યાં સુધી મોહક લાગે છે પણ કેલિડોસ્કોપ તૂટયું કે બે-ચાર કાચના ટૂકડા સિવાય કશું ન બચે"[૨૨]

એકંદરે તેની તમામ નવલકથામાં રસ જળવાય છે. વર્ષા અડાલજાની નવલકથામાં સામાજિક જીવનના અનેક સ્તરનું દર્શન કરાવાયું છે એ એની અનુપમ સિદ્ધિ છે.

---

[૨૦] 'મારે પણ એક ઘર હોય', પુનઃમુદ્રણ, ડિસે. ૧૯૭૬, વર્ષા અડાલજા, પૃ. ૬૭.
[૨૧] 'રેત પંખી', પુનઃમુદ્રણ, જૂન-૧૯૭૮, વર્ષા અડાલજા, પૃ. ૯૬.
[૨૨] એજન, પૃ. ૧૬૩.

# પ્રકરણ-૫
# વર્ષા અડાલજાની રહસ્યમય નવલકથાઓ

- **રહસ્યમય નવલકથાની કથાવસ્તુ :-**

- **'નીલિમા મૃત્યુ પામી છે' :-**

શ્રી વર્ષા અડાલજાની સામાજિક નવલકથા, પ્રણય નવલકથા તેમ રહસ્યમય નવલકથાઓ એ એમનું જમા પાસું છે. લગભગ દરેક નવલકથાઓમાં એ જુદા-જુદા દષ્ટિકોણથી રહસ્યને નવલકથાના કથાનકમાં ગૂંથી લેવાનો એમનો ખાસ પ્રયત્ન જોવા મળે છે. 'ફૂલછાબ' દૈનિકમાં હપ્તાવાર પ્રકાશિત થયેલ પ્રસ્તુત નવલકથા 'નીલિમા મૃત્યુ પામી છે'ને ભાવકોનો પણ ભવ્ય પ્રતિસાદ સાંપડેલ છે. આવી મિસ્ટરી નવલકથાઓ લખવી એ લેખિકાનો મનપસંદ વિષય અને શોખ છે.

પ્રસ્તુત નવલકથા 'નીલિમા મૃત્યુ પામી છે' તે અશ્વિની ભટ્ટની 'શૈલજા સાગર' સાથે સામ્ય ધરાવે છે. આ નવલકથાને લેખિકાએ વીસ પ્રકરણમાં વિભક્ત કરી છે. નવલકથાના ઘટક તત્વોને આધારે આ નવલકથાની વાત કરીએ.

- **કથાવસ્તુ**

વીસ પ્રકરણમાં વિભક્ત થયેલી આ નવલકથાના આરંભે નાયિકા નીલિમાનું અચાનક કોઈ કારણોસર ગૂમ થઈ જવું અને અંત ભાગમાં નીલિમાનું શબ મળવું – એ કથા ઘટનામાં નવલકથા આરંભથી અંત સુધી ગતિ કરે છે. નાયિકા નીલિમા શા કારણે ગૂમ થઈ ગઈ છે ? કે પછી કોઈએ એનું અપહરણ કર્યું છે ? કોઈએ એને ફસાવી છે આવા અનેક પ્રશ્નાર્થો નવલકથાના આરંભે પ્રથમ પ્રકરણમાંથી જ શરૂ થઈ જાય છે. આરંભમાં નાયક સુધાકર પોતાના લગ્નની પ્રથમ તિથીએ ઓફિસેથી ઝડપથી નીકળી ઘેર આવે છે. ઘરમાં પ્રવેશતા જુએ છે તો હીંચકો ધીમે-ધીમે ચાલી રહયો છે. નાયકના મનઃવ્યાપારમાં અનેક સંચલનો જાગે છે. પોતાની પત્ની કયાં ગઈ હશે ? બહેનપણી પાસે ? પિકચરમાં ? પોતાના લગ્ન જીવનના એક વર્ષમાં આવું પ્રથમ વખત બન્યું છે કે સુધાકર ઘેર આવે અને એ સમયે નીલિમા ગેરહાજર હોય.

સુધાકર નીલિમાને શોધવા નીકળે છે. એ નીલિમાની સહેલી રાજેશ્વરીને મળે છે. જે પોતાના જ ઓફિસના બોસની જ પુત્રી છે. રાજેશ્વરી પણ નીલિમા કયાં ગઈ હશે એ વિશે ચિંતિત છે. બંને નીલિમાની શોધમાં નીકળી પડે છે. સુધાકર પોતાના મિત્ર કિરણને મળે છે. જે અભ્યાસ દરમિયાન નીલિમા સાથે હોઈ. એની પાસેથી કોઈ સમાચાર કે વિગતો પ્રાપ્ત થાય એ આશયથી સુધાકર તપાસ કરે છે. કિરણ નીલિમા વિશે એના વ્યક્તિત્વ વિશે, ચરિત્ર વિશે, જીવન વિશે વિગતે માહિતિ આપે છે. એ જણાવે છે કે અભ્યાસ દરમિયાન નીલિમાને આલોક નામના કોઈ શખ્સ સાથે ગાઢ પરિચય હતો. આલોક એ રાજેશ્વરીનો પણ ખાસ મિત્રહતો. એ પણ જાણવા મળે છે. રાજેશ્વરી પાસેથી પણ નીલિમાના જીવન વિશેની દિલચસ્પ વિગતો મળે છે. જેમાં સુધાકર એ જાણે છે કે પોતાની પ્રિય પત્ની નીલિમા પોતાના જ બોસ અને રાજેશ્વરીના પિતાની રખાતની પુત્રી છે અને એ સંબંધે નીલિમા એ રાજેશ્વરીની બહેન છે. એવી બહેન કે જેનો પિતા એક છે. પરંતુ માતા જુદી–જુદી છે. નીલિમાએ પોતાના બોસનું અનૌરસ સંતાન હતું એ જાણી સુધાકર ચોંકી જાય છે.

સુધાકર એ પણ જાણે છે કે નિલિમા એક ઐયાશી અને પુરૂષશોખીન સ્ત્રી હતી. એ ઉડાઉ, મનોમૌજી અને રંગીન મિજાજ ધરાવતી હતી. એને અસંખ્ય પુરુષો સાથે અનૈતિક સંબંધો હતા. પોતાની પ્રિય પત્ની વિશે ખરડાયેલા ભયંકર ભૂતકાળને પ્રથમ વખત જાણતો સુધાકર ભાંગી પડે છે. રાજેશ્વરી પોતાના ભાઈ ભવાનીશંકર વિશેપણ કહે છે કે એ કાળો, પડછંદ અને રંગીન સ્વભાવનો પોતાનો ભાઈ પણ ખોટા માર્ગે ગયો છે.

આટલી વિગતો જાણ્યા પછી સુધાકર અને રાજેશ્વરી હોટેલ “બીચ રિઝોર્ટ”માં પહોંચે છે. કારણ કે રાજેશ્વરીને ખબર છે કે નીલિમા લગ્નપૂર્વે આ હોટેલમાં અવાર–નવાર જતી હતી. ત્યાંથી કંઈક ભાળ મળશે એવી ધારણ સાથે સુધાકર અને નીલિમા બન્ને તપાસાર્થે અહીં આવ્યા છે. આ હોટેલ એવી છે કે જયાં આવનાર વર્ગ પણ અનૈતિક સંબંધો ધરાવનાર અને અંધારી આલમના આદમીઓ છે અહીં સુધાકર અને નીલિમા ઓગણીસ નંબરની રૂમ બુક કરાવે છે. ત્યાં વેઈટર અને મેનેજરને પૂછપરછ કરે છે કે નીલિમા અહીં છેલ્લે કયારે આવી હતી. મેનેજર પાસેથી જાણવા

મળે છે કે નીલિમા આલોક સાથે અહીં આવી હતી એ બન્ને આજ સવારે જ અહીંથી રવાના થઈ ગયા છે. એ લોકો પણ ઓગણીસ નંબરની રૂમમાં જ રોકાયા હતા. સુધારક અને રાજેશ્વરી બન્ને રાત્રે દરિયાકાંઠે ફરવા નીકળે છે. બન્ને ફરીને પાછા વળે છે ત્યારે એની રૂમમાં એક પાણી ભરેલ જગ મૂકવામાં આવ્યો છે. જેમાં કોઈ માદક પ્રવાહી ભેળવવામાં આવ્યું છે. સુધાકર અને રાજેશ્વરીને એ બાબતની કોઈ ખબર નથી બન્ને જયારે એ જગમાં ભરેલું પાણી પી જાય છે ત્યારે બેહોશ થઈને ત્યાં જ ઢળી જાય છે. પાછળથી એ સમય દરમિયાન એવી એક રહસ્યમય ઘટના આકાર ધારણ કરે છે. એ ષડયંત્રની ખબર વાચક-ભાવકને નવલકથાના અંતિમ પ્રકરણમાં ખબર પડે છે.

રાજેશ્વરી અને સુધાકર ભાનમાં આવે છે ત્યારે એ રૂમમાં જ નીલિમાનું શબ જુએ છે જેની હત્યા કરીને એ રૂમમાં કોઈ નાખી ગયું છે. સુધાકર મેનેજર પાસે આવીને ઘટિત થયેલ ઘટનાથી વાકેફ કરે છે અને પોલીસને ફોન કરવા પ્રયત્ન કરે છે. પરંતુ મેનેજર પોતાની હોટલની પ્રતિષ્ઠા ખરડાય એ કારણે સુધાકરને ફોન કરતાં રોકે છે. અંતે પોલીસ આવીને મુજરીમ તરીકે સુધાકર-રાજેશ્વરીની ધરપકડ કરે છે. વાર્તાના અંતમાં બધા પુરાવાઓ મળતા જ બન્ને નિર્દોષ સાબિત થાય છે ને વાર્તા સુખદ અંત સાથે પૂરી થાય છે.

- **'છેવટનું છેવટ'**

'છેવટનું છેવટ' નવલકથા વર્ષાબહેન કહે છે તેમ કલ્પનામાંય ન્હોતી અને અચાનક લખાઈ ગઈ. સારી ગુજરાતી રહસ્યકથાઓ એટલી ઓછી છે કે આ ક્ષેત્રે મૌલિક અને તાજગીભરી કલમ લઈને આવનાર વર્ષાબહેને કથાવસ્તુમાં રહસ્યને છેલ્લે સુધી ટકાવી રાખવાની જવાબદારી બખૂબી જાળવી રાખી છે. વર્ષા અડાલજાએ 'છેવટનું છેવટ'માં એ જવાબદારી મહદંશે પાર પાડી છે. ઘટનાઓનું કૌશલ્યપૂર્ણ સંકલન, વૈવિધ્યપૂર્ણ પાત્રાલેખન અને એકંદરે પ્રતીતિજનક કથા લઈને તેઓ આપણી પાસે આવ્યા છે. તેમની રમતિયાળ અને વેગીલી કલમ વાચકને કથા પ્રવાહમાં એવો ઘસડે છે કે અણધાર્યા છતાં શક્ય લાગતા અંત પાસે જોત જોતામાં આવી પહોંચાય છે. આ ગતિ વર્ષા અડાલજાની કલમનું એક આગવું આકર્ષણ છે અને આ પ્રકારની કથાઓમાં

તે બહુ અનિવાર્ય બની રહે છે. આ નવલકથા પહેલા “સુધા” માસિકમાં હપ્તાવાર પ્રસિદ્ધ કરી પછી નવલકથાના સ્વરૂપને પામી.

‘છેવટનું છેવટ’ નવલકથાની કથાવસ્તુ કંઈક આવી છે. વાર્તાનાયક વિનોદભાઈ અને સુમીબહેનની આજે ૨૦મી મેરેજ એનીવસરી છે. એટલે એમની પુત્રી સુરમાએ શુક્રવાર બારમી ઓગષ્ટથી ૧૫મી ઓગષ્ટ એમ ત્રણ દિવસનો સુંદર ડીનર પાર્ટીનો પ્રોગ્રામ બનાવ્યો. આ પ્રોગ્રામમાં સામીલ કરવા માત્ર ત્રણ જ કુટુંબને આમંત્રણ આપ્યું. ડૉ. મહેતા અને સુધાબેહન, વિજયરાય દેસાઈ અને તેમના પત્ની રાધાબહેન, સુબોધભાઈ અંજારીયા અને કલાબહેન અને સુરમાનો કોલેજ મિત્ર કિશોર પણ સામીલ હતો. શ્રીધર – વિજયરાય દેસાઈનો પુત્ર અને અનુજ્ઞા સુમીબહેનની ભાણેજ. આમ થોડાં જ અંગત મિત્રો સાથે પાર્ટીનું આયોજન થયું સાંજે શાંતાક્રુઝના શાંત બંગલામાં હસી–મજાકની છોળ ઊડવા માંડી, ખડખડાટ હસવાના અવાજ, પાણીના ગ્લાસના રણકાર, સંગીતની ધૂન અને એ ધૂનમાં મસ્ત બની બધા ડાન્સમાં મસ્ત બન્યા સૌ પોતે પોતાનામાં મસ્ત બની ડાન્સ કરતા હતા. ત્યાં જ અચાનક રહસ્યની શરૂઆત થાય છે. સુમીબહેનના ગળામાંથી હીરાનો હાર ગાયબ, પછી તો કિંમતી હીરાના હારની આમ તે શોધ શરૂ થાય છે. છેવટે પોલીસને જાણ કરવામાં આવે છે. ઈન્સ્પેકટર ઉદય આવે છે અને હાર કેવી રીતે ગુમ થયો તેના અનુમાનો કરી ત્યાં હાજર રહેલા સૌ કોઈની તપાસ કરે છે. આખા ઘરની – નોકરોની તપાસ કરવામાં આવે છે. આખા ઘરની તપાસ કરતા બંગલાની પાછળના સમર હાઉસમાંથી લાશ મળે છે. તપાસ કરતા ખબર પડે છે કે તે લાશ કોઈ સ્મગલર કેશુની છે પછી તો બધી તપાસ વધે છે. ત્યાં ખબર પડે છે કે કેશુ વિનોદભાઈના પત્નીનો ભૂતકાળ જાણે છે આથી તે વિનોદભાઈને બ્લેકમેઈલ કરે છે અને તેની પાસેથી પૈસા પડાવે છે. આ વાત ડૉકટરને ખબર પડે છે. આથી કેશુનું ખૂન, પછી બીજું રહસ્યમય ખૂન ડૉકટરનું થાય છે.

ડૉકટરના ખૂન પછી ઈન્સ્પેકટર ઉદય ખૂબ ચાલકીપૂર્વક આખા રહસ્યની ભાળ મેળવે છે. કપૂરને તે વિનોદભાઈના ઘરમાં દસ દિવસ રહેવાનું કહે છે. ત્યાંની હિલચાલ ઉપર નજર રાખવાનું કહે છે અને ત્યાં જ રહસ્ય પકડાય છે કે વિનોદભાઈના ઘરમાં કેશુનું ખૂન કરનાર કપૂર હોઈ છે અને પછી ડૉકટરનું ખૂન પણ કપૂર જ કરે છે. કિશોર

અને કેશુને કપૂર ત્રણેય દાણચોરીના ધંધામાં સંકળાયેલા વિનોદભાઈના પત્ની સુમીબેહનના ભૂતકાળ વિશે કેશુ જાણતો હતો ત્યાર પછી કપૂર વિનોદભાઈને બ્લેકમેઈલ કરે છે. પાટીની રાત્રે કિશોર હારની ચોરી કરી કુંડામાં હાર સંતાડી દે છે અને પછી બીજી રાત્રે તે કેશુ ને દેવા માટે રસવિહાર હોટલમાં જાય છે. ત્યાં કેશુ નથી હોતો એટલે તેના સામાનમાં હાર મૂકીને તે પાછો ફરે છે. ત્યારબાદ કપૂર કેશુની લાશને ઠેકાણે પાડીને તેના સામાનમાંથી હારને વિનોદભાઈએ આપેલા પૈસા લઈ લે છે. આ બધી કળીને જાણ ઈન્સ્પેકટર ઉદયને થાય છે.

ત્યારબાદ ઉદય એક રમત રમે છે. સાચા ખૂની સુધી પહોંચવાની આથી તે વિનોદભાઈના ઘરે રાત્રે આવે છે. બધા દેખતા વિનોદભાઈની લાઈબ્રેરી પાસેની દિવાલમાંથી ચોરખાનામાંથી હાર બતાવીને કહે છે કે હાર તો ઘરમાં જ છે તે ખોવાયો જ નથી અને કેશુ ડૉકટરનું ખૂન વિનોદભાઈએ કર્યું છે તે જાહેર કરીને તેને પકડી જાય છે. ત્યારબાદ સાચો ખૂની તેના જુના ઠેકાણે ખરેખર હાર છે કે નહી તે જોવા જાય તે માટે અનંતને તેની આસપાસ રાખે છે અને અંતમાં એસ. પી. યાદવસાહેબ સાથે ઉદય અનંતનો ફોન આવતાં જ તે જગ્યાએ જવા ઊપડે છે. ત્યાંજ ઉદય, કર્ણિક, અનંત ખૂબ જ સાવધ રીતે તે જૂના ખંડેર જેવા ઘરને ઘેરી વડે છે. ઉદય અને યાદવસાહેબ ત્યાં જાય છે અને આછા પ્રકાશમાં તે કપૂરને હાર પાસે બેઠેલો જોવે છે અને આમ ખૂબજ સફળ રીતે ઈન્સ્પેકટર ઉદયે આખાય રહસ્યની ગૂંથણીને છૂટી પાડી આપણી સમક્ષ ઉદ્દઘાટીત કરે છે.

- **‘પાંચને એક પાંચ’ :-**

વર્ષા અડાલજાની સૌ પ્રથમ રહસ્યમય નવલકથામાંની પ્રથમ આ નવલકથા. વર્ષાબહેને લખ્યું છે તેમ આ રહસ્યમય નવલકથા વાંચવાના શોખની અસર નીચે આ નવલકથા રચાય છે. આ પછી ઘણી રહસ્ય કથાઓ લખાય અને બધી એટલી જ લોકપ્રિય બની.

‘પાંચને એક પાંચ’ રહસ્યમય નવલકથા કુલ ઓગણત્રીસ પ્રકરણમાં અને ૨૭૧ પૃષ્ઠમાં લખાયેલી છે. નવલકથાની શરૂઆત બોમ્બે સેન્ટ્રલના રેલવે સ્ટેશનથી થાય છે.

દહેરાદૂન એકસપ્રેસના ફર્સ્ટ કલાસના કમ્પાર્ટમેન્ટમાં છ બર્થના કમ્પાર્ટમેન્ટમાં છ જણા મુસાફરી કરવાની શરૂ કરે છે. નવેમ્બર મહિનાના શનિવારની રાત ઠંડીનું સામ્રાજ્ય બરાબર જામ્યું હતું. છ મુસાફરોમાં એક હતો ઝવેરીનો વેપારી રમેશ ઝવેરી મુંબઈમાં તેની પેઢી હોય છે. બીજી વ્યક્તિ હતી નંદિની શાહ જે દિલ્હી માસીની દિકરીના લગ્નમાં જતી હતી. ત્રીજી વ્યક્તિ હતા મુંબઈના પ્રખ્યાત ધારાશાસ્ત્રી વિશ્વનાથ મિત્ર. ચોથી વ્યક્તિ હતી અશેષ જે ફિલ્મ લાઈનમાં પોતાનું નસીબ અજમાવા જાય છે. પાંચમી વ્યક્તિ હતી સમતાબેન જે દિવાળી ન્હાવા મથુરા જઈ રહયાં છે અને છઠ્ઠી વ્યક્તિ હતી બમ્બઈના હીરાના મોટા વેપારી શેઠ જૌહરીમલ. જે દિલ્હી પોતાના કારોબારના કામે જતા હતા.

ગાડીમાં આમ બધાનો એક બીજા સાથે પરિચય થાય છે. બધાનું સાથે જમવું, ચા-નાસ્તો કરવો, વિશ્વનાથ પાસેથી રહસ્યમય બનાવોની વાતો સાંભળવી ત્યારબાદ રસ્તામાં સ્ટેશને ચા-પાણી, નાસ્તો, જમવાનું સમયસર આવી જતું આ છએ બધા એક બીજાથી અજાણ્યા કોઈ કોઈને ઓળખે નહી. જૌહરીમલ શેઠને રાત્રે મોડેથી ચા ભાવે – ઠંડી ઠંડી ચા. રમેશ રમીની ગેમમાં જીતતો જાય છે અને એની આંખમાં એક વિચિત્ર ક્રૂર ચમક છવાઈ ગઈ, જાણે ક્ષણ માત્રમાં એણે મુખ પલટો કયો ! શિયાળાની ઠંડી રાત્રે ફર્સ્ટ કલાસના કમ્પાર્ટમેન્ટમાં ચાલુ ટ્રેઈને જૌહરીમલ શેઠ મૃત્યુ પામ્યા, હીરાની વીંટી ગુમ ! દિલ્હી જઈને ઈન્સ્પેકટર દ્વારા બધાની પૂછપરછ. દિલ્હીની રીગલ હોટલમાં બધા જોડે, હરકાન્ત પરીખ પ્રાચીન અને અર્વાચીન કલાનો બેનમૂન સંગ્રહ લઈ વિદેશની સફરે જવાની તૈયારી કરી રહયાં છે. કુંતલને બેડમિન્ટનનો ખૂબ શોખ. અશેષે રમેશનો પીછો કયો હતો એ મોટી મૂછોના થોભિયા અને લાલઘૂમ આંખોવાળા પડછંદ માણસ સાથે ફરતો હતો. વેનિસ હોટલનો ડાઈનિંગ હોલ ચિક્કાર ભરેલો, ઉન્માદક સંગીત, ફલોર પર ઘણા કપલ ડાન્સ કરે, એક શોટ, એક ચીસ અને ફલોર પર પડી છે એક પિસ્તોલ. લોહીથી લથબથ દહે ખુરશીમાં ઢળી પડયો. હોટલના બ્લ્યૂ પ્રકાશમાં મૃતદેહની લાલઘૂમ આંખો ચમકી ઊઠીને સામેના જ ટેબલ પર કુંતલ અને વકીલ વિશ્વનાથ મિત્ર લહેરથી ડિનર લઈ રહયાં છે. ઈન્સ્પેકટર આવીને તરત વિશ્વનાથને કહયું : ‘વ્હેનેવર મર્ડર ઈઝ કમીટેડ ઈન મોસ્ટ મિસ્ટીરીયસ સરકમસ્ટન્સીસ યુ હેપન ટુ બી અરાઉન્ડ’.

'ઓર રાધર ઈટ ઈઝ અધર વે રાઉન્ડ' વિશ્વનાથે હસીને કહયું. આ બધી ઘટનામાં તાગ મેળવતા હરકાન્ત પરીખની ધરપકડ થાય છે. પ્રાચીન કલાના નમૂનામાં તે સ્મગલીંગ ચરસ જેવી કેફી દવાઓનો ધંધો કરતાં, ત્યારબાદ અદાલતમાં કેસ થાય છે. રમેશ શેઠનો કાતીલ પૂરવાર થાય છે. બધા પૂરાવાઓ તેના તરફ અંગુલી નિદેશ કરતા હોય છે. ત્યારબાદ ડૉ. પંડયાની ખોટી જુબાની અને પીલુની ખોટી જુબાની ફરી વાર વિશ્વનાથનું તેના પર પ્રશ્નની છડી વરસાવવી. બંને પાસેથી સાચી હકીકત જાણવા મળે છે. પીલુંની જુબાનીથી શેઠના જીવનના રહસ્યની ખબર પડે છે. શેઠના સેવાભાવી – અપરણીત ચરિત્ર પરથી પડદો હટે છે. શેઠ છે તે પીલુની મા સાથે અનૈતિક સંબંધથી જોડાયા હતા પછી તેના મૃત્યુ પછી નંદિની શાહ સાથે જોડાય છે. શેઠની આવી ભ્રમર વૃત્તિથી નંદિની તેનું ખૂન કરે છે અને તેની બધી જાયદાદ અને હીરા લઈને ભારત છોડી જવાનો પ્લાન કર્યો હોય છે. પણ તે અધૂરો રહે છે ને તે ફસાઈ જાય છે. કુંતલ, હેમા, સમીર, નીરજ અને અશેષ બધાની જીજ્ઞાશાનો અંત આવે છે અને સાચો ખૂની પકડાય જાય છે. આમ મુખ્ય વાર્તા સાથે અનેક રહસ્યો જન્મે છે અને છેલ્લે રહસ્યોનો સ્ફોટક પણ થાય છે. એકંદરે જોઈએ તો વાર્તા રોચક લાગે છે.

- **પાછાં ફરતાં**

'પાછાં ફરતાં' વર્ષા બહેનની રહસ્યમય નવલકથા માહેની એક છે. 'પાછાં ફરતાં' નવલકથામાં પણ સંપત્તિ માટે કેવા કેવા રહસ્યો ઊભા થાય છે અને કોનું ખૂન થાય છે તેની કથાને આલેખી છે.

નવલકથાની નાયિકા શ્યામા પિતા દિવાકર અને માતા ચારુબાલાના પ્રેમમાં, લાડ પ્યારમાં ખૂબ જ પ્રેમથી ઉછરેલી. અનંત એક જ ભાઈ તેનાથી ત્રણ વર્ષ મોટો પણ તેના માટે ખૂબ જ આદર પિતા ગર્ભશ્રીમંત આથી પોતાના પુત્ર-પુત્રીને એવી જ રીતે ઉછેર કરેલ પણ યુવાનીના જોમમાં પુત્રી શ્યામા પિતાના બંગલાની આ ઊંચી અને અડીખમ દિવાલોની પેલે પાર શ્યામા ચાલી ગઈ હતી અને નારાયણ સૂર્વે નામના એક હલકટ માણસની ચૂંગલમાં તે ફસાઈ ગઈ પહેલીવાર નારાયણનો હાથ પકડી બારની દુનિયામાં આવી ત્યારે દુનિયા બહુ ચકિત લાગી. એક ધસમસતી નદીના પ્રવાહમાં જાણે કે તે વહેવા લાગી, પણ અચાનક નદીના કાળમીંઢ ખડક સાથે અથડાઈને એ જાગી પડી

હતી. આંખો ફાટી ગઈ અરે સઘળું જ બદલાઈ ગયું. હવા, આકાશ, માનવ સંબંધો અને નારાયણ પણ. પપ્પાજીના બંગલાની ઊંચી તોતિંગ દિવાલોની અંદર દુનિયા જેટલી સુંદર હતી એટલી જ એ અહીં કુરૂપ હતી.

નારાયણ જીંદગીને બે હાથે લૂંટનારો, અઠંગ જુગારી અને નારાયણથી એક પુત્ર થયો તેનું નામ અર્જુન. અર્જુનને લઈને વીસ વર્ષ તે નર્કમાં રહી પણ પછી અચાનક પોતાના પિતા, માતા અને ભાભીના મૃત્યુ પછી વીસ વર્ષ બાદ તે પિતાના ઘરમાં પાછી વળે છે. પિતાના ઘરે પાછા વીસ વર્ષ પછી આવે છે ત્યારે એ કેડી પર પોતાના ભૂંસાયેલા શૈશવના પગલા શોધતી પાછી ફરી હતી. ક્ષણ ભર એ મોટા તોતિંગ લોખંડી દરવાજાની વચ્ચે ઉભી રહી. ઓહ, આટલા વર્ષોમાં આ ઘટનાને જાણે સ્પર્શ્યા વિના જ વહી ગયા હતા. છતાં અહીં કેટકેટલું બની ગયું.

અને પછી જે આવ્યા પછી બન્યું તેનું ઘેરું રહસ્ય. અર્જુન પણ નારાયણના રસ્તે ચાલતો ભાઈ અનંતની માનસિક હાલત ખરાબ ત્રણ-ત્રણ મૃત્યુ અને પાછો અનંતનો દિકરો નીલ પણ નાનપણથી ખોવાઈ ગયો. ઘરની દશા ખરાબ ઘરમાં મણી-તુલસી, પૃથ્વીરાજ જેવા નોકરો તેમાં મણી વફાદાર શ્યામા આખા ઘરને પાછું જીવંત કરવા માગે છે. ભાઈને પાછો જીંદગીમાં રસ લેતો કરવા માગે છે. આથી એકવાર ઘરની સફાઈ કરતા કોઈક તેની પાછળ ફરે છે તેવું લાગે છે. રાત્રે પણ કોઈ હોય તેવું લાગે. આથી તે તેના પિતાના મિત્ર પંચોલીભાઈ અને સુમન બહેનને મળવા જાય છે બધી વાત કરે છે. તેમાંજ બીજે દિવસ રાત્રે પંચોલીનું ઘરે જમવા આવવું અને મણીનું ખૂન થવું. પછી તો નીલનું મળવું, પોતાના ભાઈના પુત્રનું મળવું, ઘરમાં ધીમે-ધીમે રહસ્યમયતા જોવા મળે છે. આખરે પોલીસ તપાસ અમુક પુરાવાઓ બધા અર્જુન તરફ હોય છે. એટલે બધા માની બેસે છે કે અર્જુન ખૂનીને ચોર છે પણ પછી ઈન્સ્પેકટરની તપાસ બાદ ખ્યાલ આવે છે કે પૃથ્વીરાજ, યાકુબ અને તુલસીની ત્રિપુટીએ સંપત્તિ હડપવા માટે ખોટો નીલને અનાથ આશ્રમમાંથી લઈ આવીને પોતાના ભાઈના દિકરા તરીકેનું નાટક બતાવ્યું. શ્યામા ભોળવાઈ ગઈ અને નીલને સાચો નીલ સમજીને લઈ આવે છે. નીલ દ્વારા સાચી હકીકત બહાર આવવી અને છેલ્લે સાચા ગુનેગાર પકડાય છે.

સંપત્તિની લાલસામાં પિતાના ઘરે વીષ વર્ષે પાછી ફરતી શ્યામાની હાજરી ન ગમવાથી આ નોકરની ત્રિપુટીએ આવું કાર્ય કર્યું અને મણીને સાચી હકીકત ખબર પડી ગઈ તે વાતની જાણ થઈ હોવાથી પોતાની ચોરી પકડાઈ નહી તેથી પૃથ્વીરાજ, તુલસી અને યાકુબે આમ મણીનું ખૂન કર્યું. આમ કથાની વસ્તુ જોવા મળે છે અને અંતમાં સાચી હકીકત બહાર આવતા ત્રણેય જણ પકડાય છે. વાર્તાનો અંત સુખદ રીતે પૂર્ણ બને છે.

- **પગલા**

રહસ્યમય નવલકથા 'પગલાં'ની કથાવસ્તુ પણ ધનદૌલતની લાલસા થકી કેવાં-કેવાં રહસ્ય ખૂલે છે તેને પ્રગટ કરતી નવલકથા છે. વાર્તા નાયિકા સુનિતા વાર્તાની શરૂઆતમાં જીંદગીની આરે આવી પહોંચી છે. ત્યારે પથારીમાં સૂતા સૂતા પોતાનો ભૂતકાળ વાગોળે છે. સુનિતા ઉર્ફે ઝરીના જે યુવાનવયે ખૂબજ સુંદર છે તેના મા-બાપ મરી ગયા છે. યુવાનીમાં ખૂબજ સુંદર લાગે છે તે પોતાની આજીવિકા ચલાવવા માટે પાશ્ચાત્ય નૃત્ય શીખવાના કલાસીસમાં નૃત્ય શીખવાડે છે. તેથી સાથે તેની બહેનપણી શબનમ પણ છે. તેની મા મરી ગઈ છે અને પિતા અને ભાઈ દારૂડિયો છે. આથી ઘર ચલાવવા તે પણ ઝરીના - સુનિતાને જે ન પસંદ હોવા છતા આ નોકરી કરે છે. ગુલામ ડાન્સીંગ કલાસનો મેનેજર છે. તે તેના ઉપર ખરાબ દષ્ટિ રાખે છે પણ બંને બહેનપણી તેનાથી બચીને રહે છે.

તેવામાં એક વખત જગન્નાથ નામના કોઈ ઉદ્યોગપતિ સાથે સુનિતા - ઝરીનાનો મેળાપ થાય છે અને થોડાં દિવસના સંગાથમાં ઝરીના પ્રેમની અનુભૂતિ માણે છે પછી પોતાનાથી મોટી ઉંમરના આ જગન્નાથ સાથે તે લગ્ન કરીને તે ડાન્સીંગ કલાસની જીંદગી છોડીને તેની સાથે મુંબઈ આવે છે ત્યાં પોતાનું નામ સુનિતા રાખે છે અને ઝરીનાના ભૂતકાળને નામ સાથે દાટી દે છે. જગન્નાથના પ્રેમમાં જીંદગી સરસ વીતવા લાગી અને જીંદગીના વર્ષો વીતતા વાર ન લાગી. આ બંનેને કોઈ છોકરાઓ નહીં ખૂબ પૈસો હોવાથી ઘણા દાન પુણ્યના કામ કરતા ઘણા આશ્રમો, મહિલા કેન્દ્રો તેને સ્થાપેલા જગન્નાથનું મૃત્યુ થાય છે અને સુનિતા એકલી પડી જાય છે. આજે પોતે પણ હાર્ટની તકલીફથી પીડાય છે. આજે એને ઘણું બધું યાદ આવે છે. જીવનની છેલ્લી ક્ષણે તેને ઘણા વર્ષો પછી પોતાની મિત્ર શબનમ મળે છે આજે તે તેની પાસે આવવાની છે.

શલનમ આવે છે. ઘણા વષે બંને મળે છે. ભૂતકાળની વાતો કરતાં કરતાં સુનિતા તેના જીવનની એક ગુપ્તવાત કહેવા માગે છે ત્યાંજ હાર્ટ એટેકમાં મૃત્યુ પામે છે. મરતાં પહેલા તે પોતાની જાયદાદાની સંભાળ રાખવાનું કામ શબનમને સોંપીને જાય છે અને પોતાની મિલકતમાંથી ખરો હિસ્સો તે જે-તે અધિકારી વ્યક્તિ છે તેને આપવાનું કહે છે. સુનિતાના સોલીસીટર મિસ્ટર નંદા છે તે તેની પાસેના બધા કારોબારની જાણ શબનમને કરે છે અને સુનિતાના મૃત્યુ પછી તેની મિલકત જયાં-જયાં કીધુ છે ત્યાં વેંચી દેશે. શબનમનું આવવું ને સુનિતાનું મૃત્યુ, એક ભેદ ભેદ જ રહે છે. હજી થોડો સમય થયો હશે ત્યાં તેની નોકરાણી ગિરિબાઈનું ખૂન થાય છે અને પછી તો પોલીસ તપાસ શરૂ થાય છે. ગિરિબાઈનું ખૂન તેનાં પતિ સુખીયાએ કર્યું છે તેવું વિષ્ણુ કહે છે. પણ પોલીસ તપાસ ચાલું છે આ સમય દરમિયાન સુનિતાએ કીધેલું કે કાબટમાં એક પેટી છે તેમાં જે વાત છે તે મુજબ મારા પૈસાનો ભાગ તે વ્યક્તિને આપવો.

સુનિતાએ કીધેલી પેટી મિ. નંદા, શબનમ અને નંદાની પત્ની ક્રિષ્ના ખોલે છે. તેમાંથી સુનિતાએ લખેલ શબનમને પત્ર અને ચેક મોકલાવેલ તે પાછા આવ્યાં છે શબનમે આપેલ ઘડિયાળ જે બંધ પડી ગયું અને એક અવસાન નોંધની ચિઠ્ઠી જેમાં ડૉ. મિત્તલનો ઉલ્લેખ હતો અને તેની સાથે તેના પુત્રના નામ હતા. સુંદર અને વિલાસ. પછી તે કાપલી સાથે જ એક નાના સાત-આઠ વર્ષના બાળકનો ફોટો અને પાછળ તેનું નામ અને જન્મ તારીખ લખેલા આ ફોટો, કાપલી જોઈ શબનમ વિચારે છે કે શું આ સુનિતાનો ભૂતકાળની ભૂલનો પુત્ર હશે. ત્યારબાદ નંદા અને સુનિતા તેના પુત્રની શોધ શરૂ કરે છે.

અહીંથી રહસ્યની શરૂઆત થાય છે. સૌ પહેલા તો શબનમને પહેલી જ રાત્રે એક વ્યક્રિત દાદરે મળ્યો જેને કહયું કે સુનિતા તમારી રાહ જોવે છે. તે અજાણ વ્યક્તિનો સ્વર પરિચિત લાગ્યો. પછી સુનિતાનું મૃત્યુ થયું ૧ ફેબ્રુઆરી રાત્રે દસને પાંચ મીનીટે. તે પછી દસ દિવસે ગિરિબાઈનું ખૂન થયું સાંજે ૭ થી ૭.૪૦ માં શા માટે ? કોણે કર્યું ? તે રહસ્ય !

સુનિતાના મૃત્યુને અને ગિરિબાઈના ખૂનને કશો સંબંધ હતો એવો પ્રશ્ન થાય કારણ કે ગિરિબાઈ ખૂન થયું તે પહેલા શબનમને કંઈક કહેવા માગતી હતી.

ત્યારબાદ વિલાસની શોધ કરવા જતા સફેદ એમ્બેસેડર કારે (એમ.આર. ૪૪૧) એનો પીછો કર્યો અને આ અજાણી વ્યક્તિ તેનો પીછો શું કામ કરે ? પછી તો વિલાસને કેન્સર હોવાથી હોસ્પિટલમાં દાખલ કરાયો છે તેવી ખબર ડૉ. મિત્તલના પત્ની લક્ષ્મી પાસેથી ખબર પડે છે. તેના બે દિકરા છે તેની પણ ખબર પડે છે. વિલાસને મળીને તેની સારવાર કરવાની જવાબદારી શબનમ ઉપાડે છે.

પછી એકવાર રાત્રે ખાવાનું લેવા ઘરેથી નીચે ઉતરી ત્યાં તેને કોઈ ધક્કો મારીને પછાડી દે છે અને તે કાર નીચે આવતા રહી જાય છે. આથી તે પોતે પ્રાઈવેટ ડીટેકટીવ જે.કે. ને રોકે છે અને કહે છે કે કોઈ તેનો પીછો કરે છે અને તેને મારવાની ધમકી પણ આપે છે. આથી તેની તપાસ કરાવે છે.

ત્યારબાદ ઘરમાંથી વિલાસનો ફોટો ગાયબ થઈ જાય છે. વિલાસને દવાખાનામાંથી કોઈ ઉપાડી જાય છે. નંદા કલકત્તા ચાર-પાંચ દિવસ ગયા તેમા ઘણી ઘટના બની ગઈ. શબનમ પાછળ સતત સુંદર પીછો કરે છે. ઘરમાં કોઈ રાત્રે ઘૂસવાની કોશીશ કરે છે. સુંદરનું શબનમ પાસેથી બે લાખ રૂપિયાનું માંગવુ અને શબનમ - સુનિતાના ભૂતકાળ ની પોતાને જાણે છે તેવું પણ કહેવું.

ત્યારબાદ નંદાના આવતાની સાથે જ સુંરદને બે લાખ રૂપિયા આપવાની વ્યવસ્થા કરવી રાત્રે વરસોવા ચર્ચ પાસે સુંદરને બે લાખ આપવા જવું ત્યાં પૈસા આપતાની સાથે કોઈ અજાણ્યા માણસ દ્વારા જપાજપી થવી. શબનમ અને નંદાને અચાનક ગાડીમાંથી ઢસડીને ચર્ચમાં લઈ જતા બે વ્યક્તિ ચર્ચના ફાધરનું સામે આવવું અને બે લાખની વાત કહેવી ત્યારે રહસ્ય પરથી પડદો ઉપડે છે.

બંને ફાધર બનેલા વ્યક્તિ ઈન્સ્પેકટર બત્રા અને જે.કે. હતા. તેને ઘસડીને લઈ આવનાર વ્યક્તિ તેના આસિસ્ટન્ટ હતા અને સુંદર સાથે ઝઘડનાર પોલીસનો માણસ હતો. ઈન્સ્પેકટર દ્વારા શબનમને ખબર પડે છે કે સુનિતાનો ભૂતકાળ તેને છૂપાવ્યો પણ જે.કે. અને પોલીસે બધું જાણી લીધું અને શબનમને બે વાર ચિઠ્ઠી મળેલી શહેર છોડવા માટે તે પણ એક ચાલ હતી અને આ ચાલ રમતું હતું કોણ ? તો ઈન્સ્પેકટર કહે છે મિસ્ટર નંદા પૈસાના લોભ માટે તેણે શબનમને વચ્ચેથી હટાવી દેવા માગતો હતો અને

ગિરિબાઈ શબનમને બધી હકીકત ન કહી દે આથી તેનું ખૂન થયું અને આરોપ સુખિયા પર આવ્યો. પછી વિષ્ણુ સાથે મળીને અને સુંદર સાથે મળીને સુનિતાના બનાવટી પુત્રનું નાટક કર્યું અને વિલાસને હોસ્પિટલમાંથી કિડનેપ કરાવ્યો. નંદાને શબનમ પૂછે છે કે આવું શા માટે કર્યું ? માત્ર પોતાની વિધવા દીકરી અને તેના બે પુત્ર માટે અને અંતમાં સાચી હકીકત બહાર આવે છે. બધા રહસ્યો અંતમાં ખુલ્લા પડે છે અને વાર્તાનો અંત આવે છે. અંતમાં શબનમની પાછળ ચાલતા પગલા કોના હતા તેનો ખ્યાલ આવે છે.

- **મૃત્યુદંડ**

'મૃત્યુદંડ' નવલકથાની કથાવસ્તુ પણ રહસ્ય પ્રગટ કરે તેવી છે. રહસ્યના તાણાં-વાણાં લેખિકાએ એવા રચ્યાં છે કે અંતમાં રહસ્ય સ્ફોટ થતાં આશ્ચર્ય પમાય છે. દરેક નવલકથાની જેમ આ કથામાં પણ પૈસા-દૌલત માટે થઈને થતાં ઝઘડા તેમાંથી નીપજતું મૃત્યુ અને પછી અંતમાં સહજ મૃત્યુ તે ખૂનમાં પરિણમે છે.

અહીં પણ મુખ્ય કથાનાયક હરનાથ પાઠકના જીવનની કથા છે. હરનાથ નાગર બ્રાહ્મણ છે. તેની સાત પેઢી કર્મકાંડી કામ કરતી મૂળ જામનગરના વતની ત્રિવેણી શંકર મહાશંકર પાઠકનું આ ત્રીજું સંતાન હરનાથ. પૂર્વજોના નામ પછી પિતાનું નામ મોટાભાઈ માર્કંડ અને પત્ની રસીલા મૃત્યુ પામ્યા. તેનો પુત્ર ઉછરંગ પત્ની પ્રિયંવદા, ઉછરંગનો પુત્ર રોમુ અને પુત્રવધુ જૂઈ. બીજો પુત્ર રમણીક એ વર્ષોથી આફ્રિકા રહેતો તેનો પુત્ર ભાસ્કર જે પાછો ભારત આવ્યો. ત્રીજો પુત્ર હરનાથ તેની પત્ની પુષ્પા અને તેનો પુત્ર અમિત. આ ત્રણેય ભાઈઓની લાડલી બહેન દુર્ગા. જેને બાપુજીની વિરૂદ્ધમાં જઈ પરનાતના યુવક સાથે સંબંધ રાખ્યો અને લગ્ન કર્યા. આથી ઘરના સાથે સંબંધ કાપી નાખ્યો. દુર્ગાનો પુત્ર આશુતોષ, પત્ની કુંજ અને પુત્રી કોશા. આમ, હરનાથ પાઠકનું ખૂબજ મોટું કુટુંબ બધા ભાઈઓમાં હરનાથ મોટો બિઝનેસમેન થઈ ગયો હરનાથ જેવા સરસ માણસને પુષ્પા જેવી છોકરી વળગાળી દીધી એટલે હરનાથનું મન પુષ્પામાં લાગે નહીં. આથી આખો દિવસ તે ઓફિસમાં જ રહેતા. તેમાં તેની ઓફિસમાં કામ કરતી સીમા પોદર નામની વ્યક્તિ સાથે તેને પ્રેમ થઈ જાય છે. પછી તો સાથે ખાવા-પીવાનું ફરવા જવાનું અને ઘણી ભેટ સૌગાત આ બધું જ શરૂ થયું. હરનાથ સીમામય થઈ ગયો. સીમા ગરીબ કુટુંબની પિતા દારૂડીયો અને માતા અસહાય આથી

માતાને મદદરૂપ થવા તે નોકરી કરે છે. તેમાં માતા-પિતાનું મૃત્યુ થયું એટલે સાવ એકલી તેમાંય હરનાથનો સહારો મળ્યો એટલે જીંદગીના સંઘર્ષ સહેલા બની જતાં. તેમાં અનાયસે પુષ્પાને દેવ જેવો દીકરો અવતર્યો એટલે હરનાથ તો પોતાના દીકરા પાછળ પાગલ હવે તો તેની પત્ની તરફ પ્રેમ વધવા મંડયો. અમિત જેવો દિકરો દઈને ભગવાને બધુ સાટુંવાળી દીધું તેને જનોઈ ધામેધૂમે જામનગર દીધી ત્યાંથી આવીને પુષ્પાને અમિત અંબાજી દર્શન કરવા ગયાં અને મૃત્યુ પામ્યાં એકસીડન્ટમાં. બીજી તરફ સીમા સાથેનો હરનાથનો વ્યવહાર ઓછો થયો અને સીમા તેના છોકરાની મા બનવાની હતી એ જ સમયે હરનાથે તેને છોડી દીધી પણ પત્ની પુત્રના અવસાન પછી ખૂબજ અફસોસ થયો. ઘણો પૈસો પણ શું કામનો એવું લાગવા લાગ્યું અને જીંદગીના છેલ્લા પગથિયે આજ ઊભો છે ત્યારે બધું યાદ આવે છે.

તેની બહેન સાથે બોલવાનો વ્યવહાર ન્હોતો તે હરનાથે છેલ્લી અવસ્થાએ શરૂ કયો બાકી દિવાનજી તેના ખાસ મિત્ર આથી છેલ્લા ત્રણ-ચાર દિવસથી સારું ન લાગતાં દિવાનજીને પત્ર દ્વારા પોતાની ભૂતકાળની સીમાવાળી વાત કહી દે છે અને પોતાની જાયદાદમાંથી બધાના હિસ્સા સાથે તે બે ભાગ તે વ્યક્તિને ગોતીને આપવા આ જવાબદરી પણ આપે છે.

ત્યાં અચાનક દિવાનજીએ રાત્રે પત્ર વાચ્યો અને સવારે તેનો નોકર નાના તેના મૃત્યુના સમાચાર આપે છે. બધા કુટુંબીનું આવવું અને ક્રિયાવિધી પત્યા પછી હરનાથની વસિયત કેટલી અને કોને શું મળશે તેની બધાને જાણ કરી ત્યારબાદ બહેન દુર્ગાનું છૂટા પડતી વખતે દિવાનજીને કાંઈક વાત કરવી છે તે કહેવું અને ત્યાં જ છૂટા પડવું, છૂટા પડયા પછી દુર્ગાનો એકસીડન્ટ થાય છે અને તેનું મૃત્યુ થાય છે. દિવાનજીને મનમાં થાય છે દુર્ગા તેને શું કહેવાની હતી અને તેના ઉપરથી તેનું એકસીડન્ટ કે ખૂન તેના વિચાર આવે છે અને તેના ઉપરથી હરનાથનું મૃત્યુ કે ખૂન થયું તે વિચારીને ઈન્સ્પેકટર મોરેને બધી વાત કરે છે. ત્યાંથી રહસ્યની શરૂઆત થાય છે.

દિવાનજીના મિત્રના કહેવા મુજબ સીમાની શોધ પ્રાઈવેટ ડીટેકટીવ મિ. લાલને સોપે છે અને રહસ્યના પડદા ત્યાંથી જ શરૂ થાય છે. તેમાં દુર્ગાનું ખૂન કરવાનો કાળી ટેકસીનો ઈરાદો, પછી આસુતોષને ઝેરવાળી કેક ખવડાવીને મારવાનો ઈરાદો

આમ એક પછી એક ઘટના બનતી જાય છે અને પેલીબાજુ લાલનું સીમાને ગોતવું, તેનાં જૂનાં ઘરે જવું, તે ચાલમાંથી જાણ થાય છે તો વળી દિવાનજીએ આપેલા હોટલના બીલો ઉપરથી થોડી ઘણી માહિતિ મળે છે. ફોટો સ્ટુડિયોમાંથી માહિતી મળવી, નર્સિંગ હોમ માંથી થોડી જાણ કરવી પણ જયાં જયાં પુરાવાઓ લેવા જાય ત્યાં જ તે પાછાં પડતાં અને પુરાવાઓ ન મળતાં તેની પહેલા કોઈ પહોંચીને તે પુરાવાઓ લઈ લેતું આ રહસ્ય આમ જ ચાલતું રહે છે.

તો બીજી તરફ મોરે પણ પોતાની રીતે આ રહસ્યને તોડવાની કોશીશ કરે છે. તેમાં તેના શકના કેન્દ્રમાં કોશા, કુંજ, આશુતોષ, ભાસ્કર જેવા લોકો આવે છે પણ કોઈ પાકો પૂરાવો નથી મળતો તેમાં લાલ અને મોરેનું મળવું અને આખી આ પઝલમાં ખૂટતી કડી ગોતવી.

બીજી તરફ હરનાથની મિલકતની વહેંચણી કરવામાં દિવાનજીને અને મૃદુલાને કેતકી મદદરૂપ થતી આ કેતકી ભાવનગર રહે છે પણ અહીં હોસ્ટેલમાં રહીને ભણતી મૃદુલાના કલાસીસમાં જતી તેમાં માયા બંધાઈ ગઈ. આથી અનાથ દંપતિ તેને પુત્રી રૂપે માનતા અને તે બધી કામગીરીમાં મદદરૂપ થતી. આ તરફ તપાસમાં બધે નિષ્ફળ જતાં ખબર પડે છે કે સીમાએ રોનક નામના પુત્રને જન્મ આપ્યો હતો અને નાના દ્વારા ખબર પડે છે કે હરનાથને છેલ્લેછેલ્લે બે-ત્રણ પત્ર આવેલા અને ફોન પણ આવેલા. આ પત્ર અને ફોન આવ્યા પછી તે ખૂબ રડતા.

મિસ્ટર લાલ અને મોરેની સર્વ તપાસ પછી લાલ બધાને હરનાથના ઘરે બોલાવે છે અને રહસ્યને ઉદઘાટીત કરે છે કે હરનાથ અને દુર્ગાનું ખૂન થયું છે અને તેના શકના ઘેરામાં આવતા ભાસ્કર અને આશુતોષ પર પહેલા પ્રહાર કરે છે પછી દુર્ગાના મોત વિશે ખુલાસો કરતાં કહે છે કે તેનું ખૂન કોશાએ કરાવેલ પણ પછી ખબર પડે છે કે કોશાના નામથી ગાડી ભાડે લઈને ગોખલેએ દુર્ગાનું ખૂન કર્યું કારણ કે હરનાથની મિલકતમાંથી કોશાને ભાગ મળવાનો હતો અને કોશા હતીય સરસ આથી ફિલ્મ લાઈનમાં પણ જશે તો તેને પૈસા જ પૈસા મળશે. આથી દુર્ગાને આ પસંદ ન હોવાથી વચ્ચેથી તેનો કાંટો કાઢી નાખ્યો એટલે ગોખલેની ધરપકડ થાય છે. ત્યારબાદ બધા ચાલ્યા જાય છે.

દિવાનજીના મનમાં હજી પ્રશ્ન છે કે હરનાથનું મૃત્યુ છે કે ખૂન ? લાલ બધી ચોખવટ કરતા કહે છે કે સીમાનો કોઈ પતો મળ્યો નથી પણ સીમાની દિકરી મળી ગઈ છે અને તે કેતકી પાઠક છે. જેનું નામ રોનક છે. ત્યારે દિવાનજીને આઘાત લાગે છે કે કેતકીએ આ બધું કર્યું. કેતકીનું કબૂલવું કે તેની માતાને દુ:ખી કરનાર હરનાથ સુધી પહોંચવા તેણે દિવાનજી અને મૃદુલાનો સહારો લીધો અને પછી તેને પત્ર દ્વારા ફોન દ્વારા તડપાવતી અને અંતમાં તેની રૂબરૂ થવાનું નક્કી કર્યું અને રાત્રે નાના ગયા પછી ઘરે આવી અને હરનાથની સામે આવી પછી ખૂબ જ તેને ખરું ખોટું સંભળાવ્યું એટલે હરનાથને એટેક આવ્યો સામે પડેલી દવા લેવા જતાં નથી લઈ શકતો અને તરફડે છે. તેનાથી કેતકીને આનંદ થાય છે અને તે તેને તરફડતો જોવે છે તે તેને તેની માતાનો બદલો લેવા માગતી હતી અને ત્યાંજ હરનાથનું મૃત્યુ થાય છે. મૃત્યુ પામતા જોયું એટલે તે ડરીને ભાગી જાય છે અને તેને પોતાના મિત્ર નિલય સાથે મળીને આ બધા રહસ્યો ઊભા કર્યા. અંતમાં પોતાની માતાના દોષી એવા હરનાથને તેણે મૃત્યુદંડની સજા કરી.

આમ, આખી કથાવસ્તુમાં ધનદૌલત માટે અને અનૌરસ સંતાન દ્વારા મળતી સજાથી અનેક રહસ્ય ઊભા થતા લાગે છે અને એ રહસ્યના તાણાવાણામાં લેખિકા ભાવક જકડી રાખે છે અને ધીમે ધીમે રહસ્ય ઉદ્દઘાટીત થતાં ખ્યાલ આવે છે કે જેને શોધવામાં આટઆટલું કર્યું તે જ સામે અને પોતાના ઘરમાંજ હતું.

આમ, વર્ષા અડલાજાની છ રહસ્યમય નવલકથા ‘નીલિમા મૃત્યુ પામી’, ‘છેવટનું છેવટ’, ‘પાંચને એક પાંચ’, ‘પગલાં’, ‘પાછાં ફરતાં’ અને ‘મૃત્યુદંડ’ આ બધી કથાવસ્તુમાં અુમક વસ્તુ કોમન આવે છે. જેમકે નાયિકાનો ભૂતકાળ હોવો જેમકે પાછા ‘પાછા ફરતા’, ‘છેવટનું છેવટ’માં અને વાર્તાના નાયક પછી તે જૌહરીમલ શેઠ હોય કે હરનાથ પાઠક હોય તેનું યુવાનીમાં કોઈ સ્ત્રી સાથેનો સંબંધ હોય અને પછી તેનાથી જે સંતાન થાય અને તેની દૌલતમાં પોતાનો પૂરો હિસ્સો હક્ક માગવો અને અંતમાં તે જ મૃત્યુનું નિમિત્ત બને અને આ બધા રહસ્યોને ખોલવામાં ઈન્સ્પેકટર અને પ્રાઈવેટ ડીટેકટીવને રાખવા. આમ, આ છએ વાર્તામાં અુમક વસ્તુ એક સરખી જોવા મળે છે.

રહસ્યની દષ્ટિએ જોઈએ તો લેખિકા રહસ્યમયતા ઊભી કરવામાં ખૂબજ સફળ રહયાં છે. રહસ્યના તાણાંવાણાં એવા તો ગૂંથીને રાખ્યા છે કે કથામાં આવતાં પ્રસંગોની

સાથે તે એક રૂપ બની જાય છે અને કયાંય કથાથી જુદાં પડતા લાગતા નથી. ગુજરાતી સાહિત્યમાં રહસ્યકથાઓ પહેલા ખૂબ ઓછી લખાતી તેમાંય વર્ષા અડાલજાએ આ કાર્ય કરીને આ પ્રકારની નવલકથા ક્ષેત્રે તેનું આગવું સ્થાન બનાવ્યું છે.

- **વર્ષા અડાલજાની રહસ્યમય નવલકથાની સ્ત્રીપાત્ર સૃષ્ટિ**

આ દુનિયામાં સારા-નરસા માણસોનો શંભુ મેળો છે. માણસ સારી અને ખરાબ બંને પ્રકારની વૃત્તિ ધરાવે છે. વર્ષા અડાલજાની નવલકથાના અભ્યાસમાં પાત્ર સૃષ્ટિ અગત્યનું અંગ છે. એમની નવલકથાના પાત્રમાં વિવિધતા તો છે જે, સાથે પ્રભાવકતા પણ છે. ભાવક પર નવલકથાનું વસ્તુ જે છાપ છોડી જાય છે, તેવી કે તેના કરતા વધારે જડબેસલાક છાપ પાત્રો છોડી જાય છે. અમુક પાત્રો આકર્ષને જીવંત બન્યા છે.

સૌ પ્રથમ રહસ્યમય નવલકથાના પાત્રોની વિવિધતા બાબતે જોઈએ તો નવલકથાના વિષયવસ્તુને અનુસાર પાત્ર નિરૂપણ કર્યા છે. આથી પાત્રો બધા સ્વાભાવિક લાગે છે. પાત્રોથી કથાવસ્તુને ગતિ મળે છે. પાત્રો દ્વારા જ રહસ્ય ઊભું થાય છે અને પાત્રો દ્વારા જ રહસ્યનો ઘટસ્ફોટ થાય છે. પાત્રોમાં વાર્તાના મુખ્ય પાત્રનું ખૂન થાય તો નાયક-નાયિકા અથવા વકીલ દ્વારા, સી.આઈ.ડી. દ્વારા ખૂનની તલાશ થાય અને શંકા-કુશંકા, વહેમો પછી વાર્તા ખૂનીને પકડવા સુધી આવે અને ભાવકને પણ એમ થાય કે ચોક્કસ આજ ખૂની છે ત્યાં જ આપણે ન ધાર્યું હોય તેવું પાત્ર ખૂની નીકળે અને તેની પાછળ તેના ખૂન કરવાનો હેતુ સ્પષ્ટ કયો છે.

પાત્રો સમજવા માટે પાત્રોને બે ભાગમાં વહેંચ્યા છે. નવલકથાના સ્ત્રી પાત્રો અને નવલકથાના પુરૂષપાત્રો.

- **'નીલિમા મૃત્યુ પામી છે'**

'નીલિમા મૃત્યુ પામી છે' નવલકથામાં નાયિકા 'નીલિમા' ઉપરાંત ચાર સ્ત્રી પાત્રો આવે છે. આ ચારેય આમ તો મુખ્ય પાત્રના કેન્દ્રની આસપાસ જ ગતિ કરતા બતાવ્યા છે. મુખ્ય નાયિકા સાથે જ આ ચાર સ્ત્રીપાત્રો જોડાયેલા છે.

નવલકથાની નાયિકા નીલિમા વાર્તાનાયક સુધાકરની પત્ની છે. વાર્તાના પહેલા પ્રકરણથી જ નાયિકા રહસ્ય ઉદ્ઘાટીત કરે છે. વાર્તા નાયિકા નીલિમાની પહેલી લગ્ન

તીથિ છે. તેનો પતિ સુધાકર તેને ખૂબ જ ચાહતો હતો. વાર્તા નાયિકા નીલિમા સાવિત્રી અને સુધાકરના શેઠ શ્યામપ્રસાદજીનું અનૌરસ સંતાન. નીલિમા તેર-ચૌદ વર્ષની હતી ત્યારથી જ તો સેકસની વાતમાં એ-વન બની ગઈ હતી. તેવામાં રાજેશ્વરીના બહેનપણા થયા. કલાસના અચ્છા-રૂપાળા છોકરાઓને ફસાવી લેતા નોકર કે મહારાજને હાથ ન લગાડવા દેતા. તેમ કરતા મેટ્રીકની પરીક્ષા આવી એક વખત રાજેવશ્રી - નીલિમા વાચતા હતા ત્યારે પાણી પીવા ગયા ત્યાંજ રાજેશ્વરીના ડેડી અને નીલિમાની માતા બંને રાગરંગ માણતા જોયા અને આ દશ્યે નીલિમા - રાજેશ્વરી પર ખરાબ અસર કરી હવે નીલિમા વિચારે છે કે "વી ડિડ નોટ ફીલ ગિલ્ટી અબાઉટ ધિ સેકસ." પછી નીલિમા મુકત બની ને જીવવા લાગી તે વિચારતી સેકસ જ દુનિયાને જીતવાની, જીવનને માણવાની એક અદ્દભુત ચાવી છે. નીલિમા કોલેજમાં ગઈ અને પછી તો વાહ ! એને મોકબું મેદાન મળી જાય છે. શરમ, લજ્જા કયારના મનમાંથી નીકળી ગયા હતા. નીલિમાને છોકરાઓ શોધવા પડતા નહીં છોકરાઓ નીલીમાના રૂપની ગંધે ગંધે પાગલ બની આસપાસ ઊડયા કરતાં. ઘરમાં નીલિમાની માને ખબર પડે છે પણ નીલિમા તો ઉપદેશ અને સજા બંનેથી પેલે પાર થઈ ચૂકી હતી. નીલિમા કોલેજ છેલ્લા વર્ષમાં સુધાકરને પરણી ગઈ પણ તે પહેલાં તેનાં જીવનમાં આલોક ચિત્રકાર હતો તે આવ્યો અને નીલિમાના રૂપને ખરીદી લીધી નીલિમાને ઘણાં સપના દેખાડયા, નવી દુનિયાની ટેવ પાડી દીધી. પણ નીલિમાના સુધાકર સાથે લગ્ન થાય છે. ત્યારે તે આલોકની દુનિયાને છોડી દેવા માગે છે. રાજેશ્વરી સુધાકરને ચાહે છે તેવી ખબર પડતાં જ તે રાજેશ્વરીને પણ કહી દે છે કે "સુધાકરનો વિચાર સુદ્ધા છોડી દે જે. હું એને દિલથી ચાહું છું."[૧] રાજેશ્વરીને જયારે નીલિમા આવું કહે છે ત્યારે તેમા સુધાકર પ્રત્યેના સાચા પ્રેમના દર્શન થાય છે. તે રાજેશ્વરીને એમ પણ કહે છે : "રાજ, હું મારી જીંદગીને એક નવો વળાંક દેવા ચાહું છું. સુધાકરના પ્રેમે મને ઘણું શીખવ્યું છે મારો સમગ્ર ભૂતકાળ કરમાઈ ગયેલા પાંદડાની જેમ ખરી જાય, સુધાકરની હૂંફમાં હું નવેસરથી એક સુગંધી ફૂલની જેમ ખીલી ઊઠું. બસ એ જ તમન્ના છે મારી, એ જ કોશીશ છે મારી."[૨]

---

[૧] 'નીલિમા મૃત્યુ પામી છે.' : વર્ષા અડાલજા, પ્ર. આ. ૧૯૭૭, પૃ. ૧૦૦

[૨] એજન, પૃ. ૧૦૦-૧૦૧.

લગ્ન પછી થોડો સમય તે આલોકને મળી નહી થોડીવાર એવું લાગે કે તેના એ પાછલી જીંદગીના દરવાજા સંપૂર્ણ બંધ કરી દીધા પણ એવું બનતું નથી. પતિના કામની વ્યસ્તતા અને અંતરમુખી વ્યક્તિત્વને કારણે તેનું મન પાછું ચલિત થઈ ગયું અને લગ્નની પહેલી વર્ષ ગાઠને દિવસે જ સુધાકરને છોડી ચાલી જાય છે. આમ વાર્તા નાયિકા તરીકે નીલિમા થોડીવાર આવે છે અને પહેલા પ્રકરણથી ગુમ થાય છે પણ ભૂતકાળની હકીકતો દ્વારા તે સમગ્ર નવલકથામાં મૃત્યુ પામી હોવા છતાંય હાજર રહે છે.

નીલિમાના મુખ્ય પાત્રની સાથે રાજેશ્વરીનું પાત્ર પણ એટલું જ મહત્ત્વનું છે તે શ્યામજીપ્રસાદ સુધાકરના બોઝની મોટી પુત્રી છે. તેના જીવનના ત્રણ કીર્તિસ્તંભ છે. બ્યૂટીપાર્લર, ઘરેણાં અને સખત ડાયટિંગ. નીલિમાની બહેન પણી અને બહેન બંને તે પણ નીલિમાની જેમ સેકસની દુનિયામાં માહિર થઈ ગઈ હતી. નાનપણથી માતા વિહોણી પુત્રીની દરકાર શ્યામજી પ્રસાદ ન કરી શકયા. ખોટા દંભમાં તે સાવિત્રીબેન સાથે જોડાયા પિતાની રખાત છે, તે ખબર પડતા રાજેશ્વરી તેનો વિરોધ કરે છે પણ તેનું કશું ચાલ્યું નહી. નાની હતી ત્યારની એકલી હતી ખૂબ એકલી. આજે પણ હજીય તે એકલતા જ અનુભવે છે. નાની હતી ત્યારે સ્કૂલેથી ઘરે આવે ત્યારે કામવાળી બાઈ ખૂબ નાસ્તો ને જાતજાતના ફળો તૈયાર રાખતી ને ન ખાય તો મોં ચઢાવી ડોળા કાઢીનો ખવડાવતી, ને કયારેક રીસાઈને ચાલી જાય તો મનાવીને લાડ કરીને ખવડાવનાર કોઈ ન્હોતું. અરોડામાં એ.સી. હતું પણ એ ઠંડાગાર ઓરડામાં રમકડાની વચ્ચે તે પડી રહેતી કયારેક તેને કોઈ વાર્તા કહે, ગીત ગાયને સૂવડાવે તેવી ઈચ્છા થતી. પછી રેડિયો પર હાલરડું સાંભળી અંગુઠો મોઢામાં લઈ સૂતી રહેતી નોકરો સાથે રોમાન્સ કરતી દસ-બાર વર્ષની ઉંમરમાં તો તે રસોઈયાના અને બાઈના સેકસ એકટ બારણામાંથી જોયા છે.

પછીતો ધીમે ધીમે મોટી થઈ રસિક મહારાજના મનમાં વસી ગઈ. શાળાએથી ઘરે આવતી ત્યારે રસિક મહારાજનું આલિગન, ચુંબનો તેને તલપાપડ કરી નાખતા. તેર – ચૌદ વર્ષે નીલિમાનો સાથ મળ્યો બંને સેકસની કલામાં પારંગત બન્યા. રાજેશ્વરી સુંદર, પાછી પૈસાદાર બાપની દીકરી આથી તે જોઈએ તે વાપરી શકે. છોકરાઓને

પોતાના ઈશારે નચાવતા. તેમા શરાબ-સિગરેટની ટેવ પડી. પછી આલોક સાથે ઓળખાણ થઈ અને પછી તો જીવવાની તમામ હદો ઓળંગીને બિન્દાસ જીવવા લાગી.

પિતા અને સાવિત્રીબેનના સંબંધથી તે સાવ બિન્દાસ બની જીવવા લાગી. પહેલીવાર સુધાકરને તેના ઘરે જુએ છે ત્યારે તેના તરફ આકર્ષાય છે. પછી અંતમાં તેનું એ આકર્ષણ પ્રેમમાં પરિણમે છે. નીલિમાના ખૂનની જાણ થતાં અને તેને શોધવામાં તે સુધાકરનો પૂરે પૂરો સાથે નિભાવે છે. આમ, આ નવલકથામાં આવતું રાજેશ્વરીનું પાત્ર ખૂબજ પ્રેમના અભાવમાં જીવતી વ્યક્તિનું છે.

'જૂઈ'નું પાત્ર પણ મહત્ત્વનું છે. જૂઈ શ્યામજી પ્રસાદની નાની દિકરી પણ તેના જીવનની કરૂપતા હતી. તે નાની હતી ત્યારે સ્કૂલમાં હીંચકા ખાતા પડી ગઈ, બસ એક નાની સરખી વાત. રોજ ઘણાયે બાળકો રમતાં-રમતાં પડતાં હશે પણ જૂઈને ફરિયાદ છે કે વિધાતાએ આ અદ્દભુત જિંદગી માટે એને જ પસંદ કરી હતી. નાની બાળકીના હસવા, રમવા, કૂદવાના તમામ વર્ષો જૂઈના વેદનાની પથારીમાં વીત્યાં, ડૉક્ટર, નર્સ, દવા, ઈન્જેકશન અને ઓપરેશન, પ્લાસ્ટર આ બધા શબ્દોની ઓળખાણ એને ચાર વર્ષની ઉંમરથી હતી. જૂઈ દોડવું, તરવું, પતંગિયા, ખિસકોલી, પાણીના ઉછળતા મોજા એ બધા શબ્દોથી કયારેય દોસ્તી ન થઈ. એ ઉંમરે કુદરતથી દૂર રહી. જૂઈ ખૂબજ સુંદર હતી. રાજેશ્વરી કરતાં પણ તે સુંદરતામાં જુદી લાગતી. જૂઈને પહેલીવાર જોઈએ ત્યારે લાગતું કે એ ઝાકળનો ચહેરો પહેરીને ઊભી હતી. કદાચ કોઈનો : સ્પર્શ થતા જ એ વહી જાય.

જૂઈને પગે ખોટ હતી તેથી તે લાકડાની ઘોડીથી ચાલતી પગ ઉપર ઘણાં ઓપરેશન થયા હવે છેલ્લું ઓપરેશન હતું પણ જૂઈ હોસ્પિટલ, સફેદ દિવાલ, કલોરોફોર્મની ગંધ, દિવસોના દિવસો સુધી એ જ પથારી.. આ બધાથી કંટાળી ગઈ હતી તે કયારેક આપઘાત કરવાનું પણ વિચારતી. જૂઈ ખૂબજ ભાવુક સંવેદનશીલ હતી. પોતાની દુઃખની દુનિયામાં દુઃખી હતી. રાજેશ્વરી તેને "કાયર અને રોતલ કહે છે એણે દુઃખથી ડરીને પોતાની જાતને રેશમના કોશેટામાં પોતાની જાતને પૂરી દીધી છે. દુનિયામાં ઘણા અપંગો જીવે છે. પણ જૂઈ ને દુઃખ એટલું વહાલું છે કે એને તે બાબતમાં

પદ્મશ્રી મળવો જોઈએ."[3] આમ, રાજેશ્વરી જૂઈ વિશે કહે છે આમ જોઈએ તો જૂઈ અંતરમુખી છે.

'નીલિમા મૃત્યુ પામી છે' નવલકથામાં રેવાનું પાત્ર આવે છે તે પ્રત્યક્ષ નથી પણ શ્યામજી પ્રસાદની યાદમાં જીવંત કરીને યાદી બનીને આવે છે. રેવા શ્યામજી પ્રસાદની પત્ની હોય છે. જૂઈના રૂમમાં રેવાની તસવીર જોઈને શ્યામજી પ્રસાદના ભૂતકાળની યાદ તાજી થઈ જાય છે. રેવા તદ્દન સારી, અભણ, વર્ણે શામળી હતી. આંખને આંજી નાખે એવું એનામાં કંઈ નહોતું છતાં આટલા વર્ષો સુધી શ્યામજી પ્રસાદના સ્મરણને હરીયાળું રાખ્યું છે. માહિમની એક ચાલીની નાનકડી ખોલીમાં જીંદગીના શરૂઆતના વષોમાં રહયા. ઘણાં-અભાવોમાં જીવ્યા, ઘણાં-ઘણાં અભાવોમાં જીંદગી હતી. પણ તે છતાં કેટલી પૂર્ણ અને મમત્વ ભરી હતી. એક ઝાટકે ભવિષ્ય પલટાયું અક્ષત-કુમકુમ લઈ લક્ષ્મી સામેથી હાથ ઝાલવા આવી. ટીપે ટીપે બધું ભેગું કર્યું હતું. તે બચત અને થોડાં ઘરેણાં રેવાએ પતિને આપ્યાં અને ધંધામાં ઝુકાવ્યું. પછી તો જીવતા દટાઈ જાય તેટલી સંપત્તિની હેલી વરસી રહી પણ રેવા ચાલી ગઈ હતી. જીવનભર રેવાએ તપસ્યા જ કરી અને જયારે ઈશ્વરે પ્રસન્ન થઈને તથાસ્તુનું વરદાન આપ્યું ત્યારે તે આ પૃથ્વીનું સુખ ભોગવવા ન્હોતી રહી. રેવાને ભૂલવાની મથામણમાં શેઠ ખૂબજ કમાયા જીવનનું લક્ષ્ય માત્ર પૈસો જ રાખ્યો.

પણ પછી આંખ ઉઘડી ત્યારે ખબર પડી પુત્ર ભવાનીશંકર વંઠી ગયો, જૂઈ નિરાશ અને એકાકી બની ગઈ, રાજેશ્વરી સ્વચ્છંદી બની ગઈ. શું શું ગુમાવ્યું સંપત્તિ તો મળી પણ તેને કેવડી મોટી કિંમત ચૂકવવી પડી. આજે રેવાનું સ્મરણ વારે વારે આવે છે. રેવાના હૃદયની કોમળતા, નિર્મળતા, ઋજુતા, સ્નેહ એ જૂઈના હૃદયમાં સચવાય રહયા છે. એટલે જૂઈને જોવે ત્યારે રેવા યાદ આવી જતી રેવાને પણ જૂઈ ખૂબજ ગમતી તેની અપંગતા તેને કોરી ખાતી જૂઈ પણ રેવાને 'મા' કહીને જ બોલાવતી. આમ, રેવાનું પાત્ર સ્મરણમાં ઊભરી આવતું પાત્ર છે.

નવલકથામાં આવતું સાવિત્રીબેન નીલિમાની માનું પાત્ર ખૂબ કરૂણ છે. નાનપણમાં નીલિમાને ખબર પડી જાય છે કે સાવિત્રીબેન અને શ્યામજી પ્રસાદ વચ્ચે

[3] 'નીલિમા મૃત્યુ પામી' છે. : વર્ષા અડાલજા, પૃ. ૯૭.

અનૈતિક સંબંધો છે. સાવિત્રીબેન વિધવા હતા. શ્યામજી પ્રસાદ સાથે સંબંધ ધરાવતા હતા અને નીલિમા આ બંનેનું અનૌરસ સંતાન હતી. સાવિત્રીબેન આટલી ઉંમરે પહોંચ્યા હોવા છતાં પણ તેનું રૂપ હજીય મોહક અને ચમકતું હતું. બંને મા-દિકરી હોવા છતાં બન્ને વચ્ચે લાગણી-હૂંફના કોઈ સંબંધો ન્હોતા. નીલિમાના જીવન વિશે બધું જ જાણતો હોવા છતાં કશું કહી શકતા નહી. નીલિમાનો રંગીન મિજાજ છોકરાઓ સાથે દોસ્તી. આ બધા વિશે ના પાડતો પણ તેવું થયું નહી. સુધાકર સાથે નીલિમા લગ્ન કરવાનું નક્કી કરે છે. ત્યારે માતા તરીકે વિચારે છે કે તે લગ્નપછી સમજદાર બની જશે. નીલિમાએ નાનપણથી માતાની સત્તા અને પ્રેમ બંનેને ફગાવી દીધા હતા. માની રૂએ કે હકે એ કંઈ કહી શકી નહી. સાવિત્રીબહેન અફસોસ કરે છે કે હું મા પણ ન બની શકી અને મિત્ર પણ ન બની શકી. સાવિત્રીબેન પુસ્તકોના બહુ જ શોખીન આથી તે જૂના સમયમાં પણ ક્રાંતિકારી કહેવાય તેમ તે અંગ્રેજીમાં બી.એ. થયા. સાવિત્રીબહેન નીલિમાને સુધારત પણ ખબર પડયા પછી ખૂબ મોડું થઈ ગયું હતું. નીલિમાએ સાવિત્રીબેનને કહી દીધું હતું કે તેના જીવનમાં કોઈ ડખલ દેવાનો નથી. એની રહેણી-કરણી અને ફીલસૂફી પાસે તે મને અને ઘર છોડી દેવા તૈયાર હતી. નીલિમાની માતા તરીકે તેને અફસોસ છે કે જો પોતે જાણતી હોત તો તેને પાછી બાબત સ્નેહની સુગંધથી આ ઈંટ-ચૂનાનું ઘર કયારેય તરબતર ન બની શકયું. આજે એકની એક પુત્રીને ખોયાનો રંજ સાવિત્રીબેનને છે. આમ એક માતા તરીકે સાવિત્રીબેન પોતે અસફળ રહયા તેવું માને છે.

આ ઉપરાંત સીતાબાઈનું પાત્ર સુધાકર – નીલિમાની કામવાળી તરીકે આવે છે. મરાઠી ભષામાં ઘણા બધા સુધાકરને પ્રશ્નો કરતી વાર્તાની શરૂઆતમાં ઘરકામવાળી તરીકેનું પાત્ર છે.

- **'છેવટનું છેવટ'**

'છેવટનું છેવટ' નવલકથાના સ્ત્રી પાત્રોમાં સૌ પ્રથમ સુમીબહેનનું પાત્ર આવે છે. સુમીબહેન વિનોદભાઈ શેઠના પત્ની છે. તેમના લગ્ન જીવનને વીસ વર્ષ પૂરા થાય છે. ત્યારે વિનોદભાઈ તેને રજવાડી હીરાનો હાર ભેંટમાં આપે છે. ત્યાં જ અચાનક હાર ગુમ થઈ જાય છે. પોલીસ દ્વારા તપાસ થતાં હારની ઘટના સાથે સુમી બહેનની ભૂતકાળની વાતો પણ ઉખડે છે.

સુમીબહેનનો એક દુઃખદ ભૂતકાળ છે. સુમીના વિનોદભાઈ સાથેના પુનર્લગ્ન હતા. ઘણા વર્ષો પહેલા સુમીબહેનના લગ્ન દક્ષિણ આફ્રિકામાં થયેલા તેની ઉંમર બહુ નાની. સાસરામાં ખૂબ જ ત્રાસ એનો પતિ કોઈ નિગ્રો બાઈની જોડે રહેતો હતો. અંદર અંદરના ઝઘડામાં એ નિગ્રો બાઈના બાપે સુમીના વરનું ખૂન કર્યું. કોર્ટમાં કેસ ચાલ્યો. કેસ ખૂબ ચર્ચાયો. દરરોજ છાપામાં એની વાત છપાય. આરોપીના વકીલે સુમીને કેસમાં સંડોવે છે. ૧૬-૧૭ વર્ષની નાનીવયે સુમીબહેન આવું જોઈને ડઘાઈ જાય છે. અધૂરામાં પૂરું સુમીના સસરાએ એનો કબજો મેળવવા ફરી કેસ કયો. આમ પરિસ્થિતિ એવી થઈ કે વિના વાંકે સુમી છાપામાં ખૂબ ચર્ચાઈ ગઈ. આઘાતથી બિમાર પડે છે ત્યાં જ વિનોદભાઈએ સમયમાં જ વેકેશનમાં આફ્રિકા ફરવા જાય છે અને સુમીના સમાચાર છાપામાં વાચતા એ યુવતી પ્રત્યે વિનોદભાઈને અનુકંપા થઈ અને તે સુમીબહેનના પિતાને કેસમાં થોડી મદદ કરીને પછી બંને આકર્ષાયા અને સુમીબહેન વિનોદભાઈ પરણી ગયા. આ સુમીબેહનનો ભૂતકાળ છે. વિનોદભાઈ – સુમીની એક પુત્રી છે સુરમા. પહેલાંનાં જીવનમાં ખૂબ જ દુઃખી અને પછીના જીવનમાં ખૂબજ સુખી એવું સુમીબહેનનું પાત્ર છે. સાદા, સહજ, મિલનસાર સ્વભાવના, પ્રેમાળ અને સંપૂર્ણ એક આદર્શ પત્નીની ભૂમિકામાં બેસે તેવા સુમીબહેન આ નવલકથાના સ્ત્રી પાત્રો માંહેનું એક પાત્ર છે.

સુરમા નવલકથાનું જ એક સ્ત્રી પાત્ર છે તે વિનોદભાઈ – સુમીબેહનની પુત્રી છે. તે કોલેજમાં ભણે છે. ચાલાક, ચપળ, હોશિયાર છોકરી છે. તેનો કોલેજ સમયનો મિત્ર કિશોર સાથે તે વધારે મળી ગઈ છે. મમ્મી-પપ્પાની લગ્નની વર્ષ ગાઠની બધી તૈયારી સુરમાએ જ કરી હતી. ઘર સજાવવું, ગાર્ડનમાં નવા નવા ફૂલો ઉગાડવાનો ખૂબજ શોખ હતો અને હારની ચોરી થયા પછી મમ્મીને સંભાળતી તો વળી કયારેક ઈન્સ્પેકટરને વિવિધ માહિતી આપીને મદદ કરતી. સુરમા તેના પૈસા, સૌંદર્ય અને સ્માર્ટનેસ માટે કોલેજમાં પ્રખ્યાત છે. વિનોદભાઈની એકની એક પુત્રી હોવાથી તેના માટે ઘણા યુવાનો પડાપડી કરે છે.

અનુજ્ઞા પણ આ નવલકથાનું એક પાત્ર છે. સુમીબહેનની ભાણેજ બનીને ઘરમાં રહે છે. હકીકતમાં તે સુમીબહેનની ભાણેજ નથી તેનું નામ પણ અનુજ્ઞા ખોટું છે. વાસ્તવમાં તે સરોજ શિવદાસાનીનું નામ ધરાવતી વ્યક્તિ છે. તે દિલ્હીની ચીફ

ઈન્વેસ્ટીગેશન બ્યૂરોની એક એજન્ટ છે. તે હીરાની દાણચોરીના કેસ માટે કેશુ જેલમાંથી છૂટયો પછી તેના પર નજર રાખતી અને તે બે-ત્રણ વાર વિનોદભાઈને મળ્યો હતો. આથી વિનોદભાઈ સ્મગલિંગ રેકેટમાં નથી તેની તપાસ કરવા તે આ ઘરમાં સુમીબહેનની ભાણેજ તરીકે આવી છે. આમ તો તે અનાથ આશ્રમમાં મોટી થઈ છે. તેના મા-બાપ વિશે કંઈ જ ખ્યાલ નથી પણ નાની હતી ત્યારે અનાથ આશ્રમમાં મૂકી જનાર સ્ત્રી જતાં જતાં દરવાનને સિંધી જેવી લાગી હતી. આથી અટક શિવદાસની રાખી. બાકી પેલી સ્ત્રી મૂકીને ચાલી ગઈ દર મહિને જુદાં-જુદાં નામથી - ગામથી મનીઓર્ડર આવતું, ભણી, પગભર થઈ અને અનાથ આશ્રમ છોડી દીધો અને હવે એ પૈસા તે આશ્રમને જ આપી દે છે. આમ વિનોદભાઈના ઘરની તપાસ કરવા અનુજ્ઞા સુમીબેહનના આફ્રિકાના કોઈ દૂરના સગાનું નામ શોધીને તે ઘરમાં ગોઠવાઈ ગઈ.બાકી આખા કુટુંબ તરફથી પ્રેમ અને લાગણી એવા મળે છે કે અનુજ્ઞાને તેની સાથે આવી ખોટી રમત રમતાં બહુ દુઃખ થાય છે. આમ હોંશિયાર - ચતુર છોકરી તરીકે અનુજ્ઞાનું પાત્ર આવે છે.

સુધાબહેન મહેતા તે સુમીબહેનના બહેનપણી અને ડૉ. મહેતાના પત્ની છે. ડૉ. મહેતા અને મિસિસ મહેતા તે વિનોદભાઈના ખાસ નિકટના મિત્ર છે. આર્થિક દષ્ટિએ સુખી છે તેને કોઈ સંતાન નથી.

રાધાબહેન દેસાઈ તે વિજયરાયદેસાઈના પત્ની છે. રાધાબહેન અને વિજયભાઈને એક પુત્ર છે. શ્રીધર. મિસિ દેસાઈ તેમના ઘમંડીને તોછડા સ્વભાવને લીધે આડોશ-પડોશમાંને તેમના મહિલા મંડળના વુર્તળમાં અપ્રિય છે. હમણા-હમણા તેની આર્થિક સ્થિતિ સામાન્ય છે. આથી જ શ્રીધર સુરમા સાથે લગ્ન કરે તેવું તે ઈચ્છે છે. તે પણ સુમીબહેનની લગ્નની વર્ષ ગાંઠની પાટીમાં આવ્યા હતા.

કલાબહેન અંજારીયા પણ આજ નવલકથાનું પાત્ર છે. સામાન્ય પરિસ્થિતિમાં જીવતા. તેમની પુત્રીના લગ્ન થઈ ગયા છે. એક પુત્ર છે. બરોડાની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે. મહિલા મંડળના મેમ્બર છે કલાબહેન.

આ ઉપરાંત લીલી ઉર્ફે મિસીસ ઝાટકિયાનું પાત્ર આવે છે જે ભૂતકાળમાં કેશુ સાથે લીલી નામ રાખીને રહેતી કેશુ ગોરખધંધામાં સંડોવાયો હતો. લીલી તેને તે ધંધા

કરવાની ના કહેતી પણ તે માનતો નહી આખરે તે જેલમાં જાય છે અને લીલી જોન ઝાટકીયા નામના માણસ સાથે પરણી જાય છે.

રૂપા એ વિનોદભાઈના ઘરની નોકરાણી છે તેના ઘરનાં પાછળનાં ભાગમાં નોકરોની રૂમમાં તે રહે છે અને હીરાના હારની ચોરી અને કેશુના ખૂનમાં જયારે વિનોદભાઈ ગુનેગાર છે તેવું બધા માને છે ત્યારે રૂપા જ પોલીસને સાચી જોયેલી હકીકતને આધારે તે ગૂંચવણો દૂર કરે છે. સીધી સાદી સરળ ગ્રામ્ય પ્રદેશની બોલીમાં તેનું પાત્ર વધારે સીધું લાગે છે. આમ, આ પાત્ર દ્વારા ઘણી ગૂંચવણો ઉકેલાય છે.

આમ, આટલાં સ્ત્રી પાત્રો આ નવલકથામાં આવે છે.

- **'પાછાં ફરતાં'**

'પાછાં ફરતાં' નવલકથાના સ્ત્રી પાત્રોમાં સૌ પ્રથમ આવે છે શ્યામાનું પાત્ર કે જે નવલકથાની નાયિકા છે અથવા તો કહીએ કે નવલકથાની કથાવસ્તુ આ પાત્રની આસપાસ રચાય છે. શ્યામા ગર્ભશ્રીમંત દિવાકર – ચારૂબાલાની પુત્રી અને અનંતની બહેન ખૂબ પૈસાદાર કુટુંબમાં લાડકોડથી મોટી થઈ.સુંદર પણ એટલી જ યુવાનીના પગથીયે પણ પગ મૂકયો અને નારાયણ સૂવે જેવા જુગારી – દારૂડીયા માણસની સંગત થઈ તેની વાતમાં ભોળવાઈ જઈને તેણે પિતાનું ઘર છોડયું. નર્ક જેવું જીવન તેનું થઈ ગયું. નારાયણ સૂર્વેથી તેને એક પુત્ર પણ થયો તે પણ તેના જેવો જ. આમ, સખત ત્રાસ સહન કરતાં કરતાં પોતાના ઘરનો નોકર મણી એને મળે છે. મણી તે ઘરના બધા સમાચાર આપે છે. પિતાના મૃત્યુ સમયે તે નજીક હોવા છતાં પણ માફી માગવા આવી શકતી નથી. આમને આમ સમય જતો રહે છે. નર્ક જેવું જીવન બની જાય છે. ત્યાંજ મણી દ્વારા ખબર પડે છે કે મા તથા ભાભી પણ મૃત્યુ પામ્યા. હવે ખરેખર ભાઈના નીરસ જીવનને સંભાળવા તમે પાછા ફરો ઉપરથી પાછુ ભાઈનો દીકરો પણ ગુમ થયો. આથી ભાઈની એકલવાઈ જીંદગીને સાથ આપવા વીસ વર્ષે શ્યામા પાછી પોતાના પિયર આવે છે. નારાયણનો સાથ છોડી દે છે. પછી તો શ્યામાના આવ્યા પછી ઘરની દેખભાળ, તેનું આવવું કોઈને ન ગમ્યું હોય તેવી પ્રતીતિ, ઘરમાં સતત કોઈના પગલાં તેની પાછળ ફરવા, કોઈ પડછાયા ને જતો જોવા–આ બધાથી પરેશાન અને અર્જુનના વર્તાવથી

પરેશાન શ્યામા બધાથી સ્થિર થવા જાય છે. ત્યાં મણીનું ખૂન થવું, નીલનું મળવું, નીલનો ભૂતકાળ જાણવો, મણીના ખૂનનું રહસ્ય, આ બધી બાબતો સામે ઝઝૂમતી શ્યામા ખરેખર વાર્તાના અંતમાં પોતાના ભાઈ અનંતની જીંદગીને મૃત્યુના બારણે જતી અટકાવે છે. તેના ભાઈને શાંતિનું જીવન આપે છે. આખી નવલકથાનું આ પાત્ર સતત સંઘર્ષ સામે ઝઝૂમતું બતાવ્યું છે. બધી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે તેની જવાબદાર શ્યામા પોતે છે. તેવું માને છે.

ચારૂબાલા શ્યામાની માનું પાત્ર છે. શરૂઆતના બીજા પ્રકરણ સુધી આ પાત્રનો માત્ર ઉલ્લેખ થયો છે. પ્રત્યક્ષ કયારેય પણ આ પાત્ર આવ્યું નથી. પહેલા શ્યામાના આવા પગલાથી પિતા મૃત્યુ પામ્યા પછી માતા પણ મૃત્યુ પામે છે. આટલી જ વાતનો ઉલ્લેખ છે કથામાં.

ત્યારબાદ રંજુનું પાત્ર આવે છે જે શ્યામાના ભાઈ અનંતની પત્ની છે. તે દેખાવે ખૂબ જ સરસ હતી તેણે એક પુત્રને જન્મ પણ આપ્યો નીલ અને શોખીન પણ એવી જ મજાની. તેને પાન ખાવાનો ખૂબ જ શોખ આથી તેને તે શોખ અનંતને પણ લગાડી દીધો. આખા દિવસના ત્રણ-ચાર પાન તો આરામથી ખાઈ જ લે અને પાછું તે ગાતી પણ ખૂબ જ મીઠું અને અનંતની કવિતા સાથે સીતારની સંગત પણ કરતાં. આમ જીંદગીની મઝધારે જ તે અનંતનો સાથ છોડીને ચાલી જાય છે. નીલના અપહરણ પછી રોજ ધીમો ધીમો તાવ આવતો અને એક દિવસ મૃત્યુને શરણ થઈ ગઈ.

આ ઉપરાંત સુમનબેનનું પાત્ર આવે છે. તે પોલીસ ઈન્સ્પેકટર કેદાર પંચોલીના પત્ની તેને કોઈ સંતાન નથી. આથી સંતાન વિહોણા જીવનને શ્યામાએ અને અનંતે તેને નિરામય આનંદથી છલોછલ ભરી દેતા અને પાછલી જીંદગીમાં શ્યામા પાછી આવીને તેને મળવા જાય છે. ત્યારે પણ સુમનબહેન એટલા જ પ્રેમથી તેને બોલાવે છે. મા નથી એટલે શ્યામા સુમનબેનને જ મા તરીકે બધી વાત કરે છે. અનંતના નવા જીવન માટે પણ સુમનબેન ઘણી મહેનત કરે છે. આખી વાર્તામાં શ્યામાનું સહાયક પાત્ર છે.

તુલસી આ કથાનું રહસ્ય ઉત્પન્ન કરનારું પાત્ર છે. મણિની પત્ની છે તુલસી મણિ અને તુલસીમાં ઘણો તફાવત હતો. દેખીતી રીતે ઉંમરમાં દેખાવમાં અને સ્વભાવમાં

કજોડું હતું. તુલસી શોખીન, જુવાન, તરવરતી હતી અને મણી પ્રૌઢ, શાંત અને સંપૂર્ણ પણે માલિકમય હતો આથી મણિથી તુલસીને કદાચ અસંતોષ હતો આથી તેને પૃથ્વીરાજ પોતાના પ્રેમી સાથે મળીને મણિને મારી નખાવ્યો. પછી ખોટું સતી સાવિત્રીનું નાટક કરતી હતી તુલસી. બીજું અર્જુનને પાળી ઠેકીને ભાગતા જોયો આથી તે અર્જુનને ખૂની ઠેરવતી હતી. પૃથ્વીરાજ, યાકુબ અને તુલસીની ત્રિપુટીની ખાનગીવાત પ્રેમ પ્રકરણ મણી જાણી ગયો હતો. આથી તેને મારી નાખ્યો. તુલસી આમ તો ઘરની કામવાળી હતી પણ મગજથી બહુ જ ચતુર હતી.

આમ, આ નવલકથામાં શ્યામા, સુહાસ, સુમનબેન, રંજુ, તુલસી જેવા સ્ત્રી પાત્રો આવે છે.

- **'પગલાં'**

'પગલાં' રહસ્યમય નવલકથામાં સાતેક સ્ત્રી પાત્રો આવે છે. તેમાં સૌ પ્રથમ વાર્તાની નાયિકા સુનિતા ઉર્ફે ઝરીનાનું પાત્ર આવે છે. ઝરીનાના મા-બાપ મૃત્યુ પામ્યા છે. આથી તે આજીવિકા માટે એક પાશ્ચાત્ય નૃત્ય શીખવતા કલાસીસમાં નોકરી કરે છે. એકવાર કલાસીસમાંથી છૂટતાની સાથે એક મસીડીઝ ગાડી સાથે અથડાય છે ત્યારે તેમાંથી બહાર નીકળતા એક માણસ સાથે તેનો પહેલીવાર પરિચય થાય છે. તે માણસ હતો મુંબઈનો મોટો ઉદ્યોગપતિ જગન્નાથ. તેની સાથે ઝરીનાની ઓળખાણ થાય છે તે નોકરીથી કંટાળી હતી એટલે દરિયાકિનારે ફરવા જતી હતી અને જગન્નાથ કોન્ફરન્સમાંથી કંટાળીને દરિયા કિનારે જતો હતો. આમ બંન્ને વચ્ચે મિત્રતા બંધાય છે.

પછી તો બીજે દિવસે ઓબેરોય હોટલમાં કોફી પીવે છે. નવા-કપડા ઘરેણાની ખરીદી કરે છે અને રાત્રે ઘરે આવે છે ત્યારે તેને તેના સ્વપ્નની દુનિયા જેવી આ દુનિયા લાગે છે.પોતે જેવું જીવન વિચારે છે તેવું જ અત્યારે જીવતી હતી. પછી તે વિચારે છે કે કયાં તેની નાની નોકરી અને તે નોકરીમાં અવનવા પુરૂષોના પાર્ટનર બનીને ડાન્સ શીખવવો પડતો અને પુરૂષોને ડાન્સ કરતાં ઝરીનામાં રસ હતો. આવા અણગમતા પુરૂષો અને તેની ગંદી પસીનાની વાસથી તે ઉબકી ગઈ હતી.

પછી તો ચાર-પાંચ દિવસ જગન્નાથનું મળવું તેને ગમતું હતું. એમ અચાનક એક દિવસ જગન્નાથ તેને કહે છે કે કાલે તેનો છેલ્લો દિવસ છે અને તે પાછો મુંબઈ જવાનો છે ત્યારે ઝરીના અંદરથી તૂટી પડે છે અને પછી જગન્નાથનું કહેવું કે અત્યાર સુધીની બધી છોકરીઓમાં તું સાવ જુદી છે. બધાને મારા પૈસામાં રસ છે પણ તને તો મારામાં રસ છે. જગન્નાથ દેખાવમાં સાવ સામાન્ય હતો અને ઉંમરમાં પણ ઝરીના કરતાં થોડો મોટો હતો. પણ જયારે જગન્નાથ તેને તેની સાથે લગ્ન કરવાનું કહે છે ત્યાંજ ઝરીના તે પ્રસ્તાવને તરત જ સ્વીકારી લે છે.

પછી ઝરીના નામને અને તેના ભૂતકાળને તેને કયારેય પતિ સમક્ષ ખોલ્યો નથી અને પોતે સુનિતા નામ ધારણ કરીને મુંબઈ આવે છે. જગન્નાથ – સુનિતાનું લગ્ન જીવન સુખમય વીતે છે. પણ તેમને કોઈ સંતાન નાથી. આથી તેના જીવનને સેવાકીય પ્રવૃત્તિમાં લગાવી દે છે. નારી નિકેતનની સંસ્થા સ્થાપવી, વિધવા મહિલાઓને મદદ કરવી, અનાથ આશ્રમમાં પૈસા આપવા હોસ્પિટલમાં દાન આપવું. આમ સુનિતાએ ઘણી બધી મદદ અનેક પ્રકારે કરતી. જગન્નાથ મૃત્યુ પામે છે તે એકલી થઈ જાય છે. હવે તે પણ જીવનના આરે ઊભી છે આથી ઘણું બધું યાદ આવે છે ત્યાં જ એકવાર અચાનક તેની જૂની બહેનપણી શબનમનો ફોન આવે છે તે તેને મળવા આવે છે બંને જણા ખૂબજ ભૂતકાળની વાતો કરે છે. સુનિતા ઘણી બિમાર છે પણ આજે શબનમને જીવનની બધી હકીકત કહેવા માટે તત્પર છે. કારણ કે મૃત્યુ કયારે આંબી જાય તેની તેને ખબર નથી. તે શબનમને કહે છે કેટલાં વર્ષોથી તારી શોધ કરું છું. તને લખેલ પત્રને ચેક પાછાં ફરતાં પછી તારા કોઈ સમાચાર પણ ન્હોતા આથી હતાશ થઈ જતી પણ આજે મળી ગઈ તે પણ જીંદગી પૂરી થવા આવી ત્યારે. પછી તેના જીંદગીના રહસ્ય વિશે વાત કરવા જાય છે ત્યાં જ મૃત્યુ પામે છે અને તે રાઝ રાઝ રહી જાય છે.

આમ, વાર્તાના બીજા જ પ્રકરણમાં ઝરીના ઉર્ફે સુનિતાનું મૃત્યુ થાય છે. વાર્તાનું આ પાત્ર મહત્ત્વનું છે. આખી વાર્તામાં માત્ર બે પ્રકરણ સુધી આ પાત્રની હયાતી છે પરંતુ ત્યાર પછી આ પાત્ર નથી છતાંય આખીય નવલકથાના કેન્દ્રબિંદુ સમાન આ પાત્ર છે.

આ નવલકથાનું બીજું પાત્ર નાયિકા સુનિતા જેટલું જ મહત્ત્વ ધરાવતી અને ખરા અર્થમાં સાચી નવલકથાની નાયિકા શબનમનું પાત્ર છે કારણ કે આખી કથાના આંતર – બાહય સંઘર્ષમાં સતત સક્રિય પાત્ર તરીકે આવે છે. નવલકથાની નાયિકા સુનિતાની મિત્ર શબનમ. ડાન્સીંગ કલાસમાં બંને સાથે કામ કરતાં અને તેનેખબર હતી કે આ ડાન્સીંગ કલાસની જીંદગી પછી હલકા ધંધા તરફની જીંદગીનો તેને પરિચય હતો. બાપ-ભાઈ હતા તેને મા ન્હોતી. બાપ-ભાઈ દારૂડીયા હતા આથી તેને આજીવિકા માટે આવા કલાસીસમાં જવુંપડતું તેમાં એક લઠ્ઠા કાંડમાં બાપ-ભાઈનું મૃત્યુ થાય છે. આથી પોતે એકલી બની જાય છે. નઝમ શબનમનો પ્રેમી છે તેને દારૂ ગાળવાની ભઠ્ઠી છે તેની સાથે ભાગી જાય છે. એ પહેલા મેનેજરે તેને ખૂબજ ત્રાસ આપ્યો. પછી ધીમે ધીમે સૌ શબનમના જીવનમાંથી ચાલ્યા ગયા. કોઈને તેની જરૂર ન્હોતી, વેરાન, ઉજ્જડ, રસહીન ધરતીના ટુકડા જેવું તેનું જીવન બની ગયું છેલ્લા કેટલાંક વર્ષોથી શબનમ એક નાનકડાં ગામમાં મહિલા સંસ્થામાં થોડી સેવાભાવી પ્રવૃત્તિ કરે છે. વિધવાઓને આપત્તિ સહાયનું ટ્રસ્ટ છે તેમાંથી પેન્શન લઈ જીવે છે. પછી જીવનના છેલ્લા સમયમાં તેને સુનિતાની જાણ થાય છે. તેને ફોન કરી મળવા જાય છે અને ઘણાં વર્ષો પછી બંને પોતપોતાની વાત કરે છે અને ત્યાં જ સુનિતાનું મૃત્યુ થાય છે.બસ પછી રહસ્યના એક પછી એક બનાવ બને છે અને તે તેમાં સપડાય જાય છે.

પહેલા સુનિતાનું મૃત્યુ ત્યાં જ દસ દિવસ પછી તેની નોકરાણી ગિરિબાઈનું મૃત્યુ, પોલીસમાં ખબર કરવી તેનાં અનેક સવાલો અને તેમાય પાછો કોઈ જવાબમાં સુનિતાનો ભૂતકાળ પ્રગટ ન થાય તેની તકેદારી રાખવી. આવી વીંટબણામાં તે જીવતી હોય છે. ત્યાં સુનિતાના પુત્રનું રહસ્ય અને તેની તપાસમાં તે ડૉ. મિત્તલની તપાસ કરવાં જાય છે. સફેદ ગાડીવાળો પીછો કરે ત્યારે તે બહાદૂરીથી તેનો સામનો કરે છે. પોતાની મિત્રની છેલ્લી ઈચ્છા પૂરી થાય તે માટે વિલાસ તેના પુત્રને શોધે છે તેનો સારો ઈલાજ કરાવે છે અને પછી આ બધા વાતાવરણ વચ્ચે તેને બે વાર ગુપ્ત ચીઠ્ઠી મળે છે. ત્યાંથી ચાલ્યા જવાની અને સુંદરનું વારેવારે તેના પર વાર કરવો, પીછો કરવો તેમાં પણ તે બહાદૂર બનીને રહે છે. પછી પ્રાઈવેટ ડીટેકટીવને મળવું. બધી વાત કરવી, પાછું ઉપરથી વિલાસનું ગુમ થઈ જવું અને સુંદરનો અચાનક હુમલો પછી મિસ્ટર નંદા સાથે મળીને સુંદરે માગેલા બે લાખ આપવાનો વિચાર કર્યો તેમાં પણ તે મક્કમ રહે છે.

પછી અચાનક મિસ્ટર નંદા દિલ્હીથી પાછા આવે છે ત્યારે તેના પર તેને શક જાય છે. આથી રાત્રે એરપોર્ટ જઈ તપાસ કરે છે. પછી રાત્રે વરસોવા ચર્ચ પાસે તે બે લાખ લઈને સુંદરને દેવા જાય છે. ત્યાં પણ સંઘર્ષમાં હિંમતથી સામનો કરવો અને ઈન્સ્પેકટર બત્રા અને જે. કે. દ્વારા ખ્યાલ આવે છે કે આ બધા રહસ્ય પાછળ મિસ્ટર નંદા હતા. તેમણે જ વિષ્ણુને સાથે રાખીને ગિરિબાઈનું ખૂન કરાવ્યું અને ડાન્સીંગ કલાસના મેનેજર ગુલામ પાસેથી બંનેનો ભૂતકાળ જાણ્યો અને સુનિતાના નકલી પુત્રનું નાટક કરવું, અડધી રાત્રે ઘરમાં આવવું, શબનમને મારી નાખવાનું બે વાર આયોજન કર્યું પણ નિષ્ફળ નિવડયું અંતમાં મિસ્ટર નંદા સુંદર સાથે મળીને બધી મિલકત પડાવી લેવાનો જે કીમયો કર્યો તેમાં પણ તે નિષ્ફળ રહયાં પોતાની વિધવા પુત્રી અને તેના બે પુત્ર માટે જે આયોજન કર્યુ તે જાણીને શબનમને ખૂબજ દુઃખ થાય છે.

શબનમનું પાત્ર બહાદૂર, મક્કમ સ્ત્રીનું છે. કારણ કે સુનિતાના મૃત્યુ પછી મક્કમ રહીને તેના પુત્રને શોધે છે. રાત્રે તપાસ કરતા ઘરમાં કોઈ છે તેની ખબર પડતા તેના પર હુમલો કર્યો, રાત્રે ગુપ્તી ખરીદવી અને મિસ્ટર નંદા વિશે તપાસ કરવા રાત્રે એકલી એરપોર્ટ પર જવું, જે.કે. પ્રાઈવેટ જાસૂસ પાસે જવાનું, પોલીસ સ્ટેશને જવું–આ બધી ઘટનામાં તેની બહાદૂરી પ્રગટ થાય છે. આમ, આ વાર્તામાં બનતી તમામ ઘટનાના રહસ્ય ઉકેલમાં તે બધે સાથે જ રહે છે. બે લાખ રૂપિયા લઈને ચર્ચ પાસે જવામાં પણ તે રાત્રે ડરતી નથી. આમ આ પાત્ર બહાદૂર છે.

આ ઉપરાંત ગિરિબાઈનું પાત્ર આવે છે જે સુનિતાની નોકરાણી છે અને કથાના છઠ્ઠા પ્રકરણના અંતમાં તેનું ખૂન થઈ જાય છે. પરણીને આવી ત્યારથી તે સુનિતાની નોકરાણી છે. બહુજ વફાદાર છે. જગન્નાથના ગયા પછી તે સુનિતાને કયારેય એકલી પડવા નથી દેતી. સુખીયો તેનો પતિ છે. તે દારૂ પીવે છે અને જયારે પૈસાની જરૂર હોય તો ત્યારે ગિરિબાઈ પાસે આવે છે અને મારે છે અને પૈસા લઈ જાય છે. ગિરિબાઈ સુખિયાની બીકે એક પણ ઘરેણું પહેરતી નથી. બસ એક મંગળસૂત્ર પહેરે છે. જે સુનિતાએ તેને કરાવી દીધું છે. આથી તે પહેરવાની હિંમત કરે છે. સુનિતાના મૃત્યુ પછી તે ઘણી એકલતા અનુભવે છે. પણ શબનમના આવવાથી તે થોડી શાતા અનુભવ અને જે રાત્રે તેનું ખૂન થયું તે પહેલા તે શબનમને કંઈ રાઝની વાત કહેવા માગે છે પણ ત્યાંજ

તેનું ખૂન થઈ જાય છે. પણ વાર્તાના અંતે ખબર પડે છે કે વિષ્ણુ અને મિ. નંદાની ચાલતી ગિરિબાઈને ખબર પડી ગઈ હતી. આથી વિષ્ણુનું સાંજે ચાઈને બહાર જવું અને પાછળ થી નંદાના માણસે ગિરિનું ખૂન કર્યુ. આ આખી વાત વાર્તાના અંતમાં ખબર પડે છે.

ક્રિષ્નાનું પાત્ર આવે છે જે મિ. નંદાના પત્ની છે. તે શ્રદ્ધાળુ છે અને થોડા રંગ-આંકડાના શુકન અપશુકનમાં માનનારી છે. સુનિતાના લગ્ન પછી તેના કુટુંબ સાથેની ઓળખાણને હિસાબે તેને જાણતી હતી. આથી સુનિતા પ્રત્યે તેને ખૂબ દિલગીરી હતી અને શબનમને મળ્યા પછી પણ તેની સાથે વધારે ને વધારે લગાવ થઈ ગયો. આથી જ તો તે પોતાના હૃદયના ઊંડા ઘાવને શબનમ પાસે વ્યક્ત કરી દે છે. જીંદગીમાં ઘણું સુખ હતું પણ તેની એકની એક સુંદર દીકરી વિરાજ ૨૮ વર્ષે વિધવા થઈ તેને બે નાની દિકરીઓ છે આ આઘાત તેને ખૂબજ લાગે છે. આમ, થોડો સમય માટે આ પાત્ર નવલકથામાં આવે છે.

આ ઉપરાંત લક્ષ્મીનું પાત્ર આવે છે જે ડૉ. મિત્તલની પત્ની છે. ડૉ. મિત્તલે પ્રેક્ટીસની શરૂઆત કરી ત્યારે જ તેના લગ્ન લક્ષ્મી સાથે થયા. લક્ષ્મીને બે વાર બાળકો જન્મ્યા પણ મૃત્યુ પામ્યા. આથી માનસિક રીતે લક્ષ્મી પડી ભાંગી તે વિચારવા લાગી કે હવે કદાચ તે માતા નહીં બની શકે આથી તે ઉદાસ રહેવા લાગી પછી ડૉક્ટર એકવાર દવાખાનેથી એક બાળકને લઈને આવ્યા અને કહે આલે લક્ષ્મી 'તારો વિલાસ' આમ કહીને કહયું કે એક કુંવારી યુવતી માતા બની અને તે બાળકને અનાથ આશ્રમમાં મૂકે તેના કરતાં ઘર મળે તેથી લઈ આવ્યાં ત્યાર પછી વિલાસ સારા પગનો કે લક્ષ્મીને એક પુત્ર જન્મ્યો જેનું નામ સુંદર હતું. આમ લક્ષ્મીના પાત્રની આ એક વાત છે. આમ શાંત પાત્ર પણ વાર્તાના અંતમાં જયારે શબનમ તેને દવાખાનામાંથી વિલાસ ગુમ થયાના સમાચાર આપે છે ત્યારે તે ગુસ્સે થઈને શબનમને સંભળાવી દે છે કે પુત્ર માનીને મે મોટો કર્યો પણ મોટો થયો એટલે હક્ક લેવા આવી. આમ, આ પાત્રનું બીજું રૂપ જોવા મળે છે. પોતાનો પુત્ર સુંદર વિફરે ત્યારે લક્ષ્મી કહેતી તુ મારો સગો દિકરો છો તો પણ તારું વર્તન મારી સાથે આવું કરે છે. વિલાસ ઉપર સદાય વાત્સલ્ય ભાવ રાખતી પ્રેમાળ માતા પણ તે બને છે. આમ વાર્તાની ગતિમાન રાખવામાં આ પાત્ર સહાયક બને છે.

આ ઉપરાંત સુલભા વિલાસની પત્ની છે જેનો માત્ર ઉલ્લેખ જ આવે છે અને

ચંપા જે વિષ્ણુની ભત્રીજી છે તે ગિરિબાઈના મૃત્યુ પછી વિષ્ણુ તેને રસોઈ કરવા લઈ આવે છે. નાની ઉંમરની નિર્દોષ છોકરી તરીકે આ પાત્ર આવે છે.

આમ, આ કથામાં બે મુખ્ય સ્ત્રી પાત્રો સાથે આ નાના પાત્રો પણ એટલાં જ મહત્ત્વના બની રહે તેવા છે.

- **'પાંચને એક પાંચ'**

'પાંચને એક પાંચ' રહસ્યમય નવલકથામાં પાંચ – છ સ્ત્રી પાત્રો આવે છે. તેમાં કુંતલ, હેમા, નંદિની, પીલુ, સમતાબેન અને લ્યુસી. આ બધાનો ક્રમશ પરિચય જોઈએ તો સૌ પહેલા કુંતલનું પાત્ર જોઈએ તો કુંતલ હરકાન્ત પરીખની એકની એક પુત્રી છે. સમીર તેનો ભાઈ અશેશ તેના કાકાનો દિકરો થાય. હરકાન્ત પરીખ આટલાં મોટાં બિઝનેસમેન ઉપરાંત કલાપ્રેમી પણ, આટલા પૈસાદાર હોવા છતાં તેનીપુત્રી કુંતલને પૈસામાં જરાય રસ ન્હોતો તે બેટમિન્ટની ખૂબજ શોખીન હતી. આ ઉપરાંત સહજ જીવન જીવવા વાળી હતી. હરકાન્ત પરીખની જ ઓફિસમાં કામ કરતો નીરજ જે સી.એ. છે અને કંપનીનું એકાઉન્ટ તે સંભાળે છે તેની સાથે કુંતલને લગ્ન કરવાના છે. પણ હરકાન્ત પરીખને આ જરાયે ગમતું નથી. આથી તેને ખબર પડતા તે કુંતલનું લગ્ન કલકત્તાના કોઈ મોટા ઉદ્યોગપતિના દિકરા સાથે કરાવવાનું કહે છે અને ઘરમાં સતત ચોકી પહેરો ગોઠવી દે છે. તેમ છતાં કુંતલ નીરજને જ પરણવાની વાત કરે છે. તેના પિતાને તેને સિતાર શીખડાવવાનો શોખ હતો અને આ બધી કલા કારીગરીના કામમાં તેના બંને સંતાનને લઈ જવાનો શોખ, પોતાનો કામ ધંધો સરસ રીતે તે સંભાળે તેવી ઈચ્છા પણ બેમાંથી કોઈને આ કામમાં રસ ન્હોતો.

કુંતલ આમ જોઈએ તો ખૂબજ સરળ ને સહજ જીવનમાં માનનારું પાત્ર છે. આથી જ તે નીરજને પસંદ કરે છે. આ તરફ એક અલ્લડતા તેનામાં છે અને જયારે અશેષ તેને વિશ્વનાથ મિશ્રની સાથે ઓળખાણ કરાવે છે ત્યારે તે ખુશીથી ઉછળી પડે છે અને વિશ્વનાથ તેના કામમાં તે લોકોનો સાથ માગે છે ત્યારે તો તેને ખૂબ જ આનંદ થાય છે. જયારે વિશ્વનાથની સાથે હોટલ વેનિસમાં ડિનર લેવા જાય છે અને પહેલી વાર તેને સામે ખૂન થયેલું જોયું ત્યારે થોડી ડરી પણ જાય છે. નિરજ સાથે મસ્તીથી

જીવવાવાળી છે. પોતાના પિતાની આબરૂને તે ખૂબ માનતી હોયછે. આથી પોતાના પિતાને કહે છે કે તમારી આબરૂ અને નામ પાસે મારું સુખ કંઈ વિસાતમાં નથી ? આ ઉપરાંત પિતાના ઝગડાથી તેનો ભાઈ સમીર ઘરમાંથી ભાગી જાય છે ત્યારે પણ તે સમીરને રોકવામાં અસમર્થ રહે છે અને કહે છે સમીર કરતા હું બંધાયેલી છું. આથી હું ઘર છોડી જઈ નથી શકતી અને જયારે પિતા કહે છે કે નીરજનું નામ અહીં આ ઘરમાં નહીં લેવાનું ત્યારે તે નીડર બનીને કહી દે છે કે આ ઘરની બહાર જઈને નામ લઈશ.

અને જયારે ઘરમાંથી તેના ભાઈને કાઢી મૂકયો ત્યારે થોડાં દિવસ રહીને તે તેને મળવા જાય છે. પિતાનો ખૂબ જ ચોકી પહેરો હોવા છતાંય ભાઈને મળીને પોતા પાસેના બસ્સો રૂપિયા તેને આપે છે. આમ ભાઈ માટે પ્રેમાળ અને જયા સુધી પિતાની અસલિયત જાણતી ન્હોતી ત્યાં સુધી પિતા માટે પણ તે એક ખૂબ લાડકી દિકરી બનીને રહી હોઈ છે. પિતાની અસલિયત જાણ્યા પછી ખૂબજ દુઃખી થાય છે.

આમ, આ પાત્ર નવલકથામાં સરળ બનીને રહયું છે.

કુંતલ પછીનું પાત્ર હેમાનું છે તે પણ ખૂબજ સામાન્ય ઘરમાંથી આવતી છોકરી છે તે કુંતલના ભાઈ સમીરની મિત્ર છે અને ભણી લીધા પછી બંને લગ્ન કરવાના છે. હેમા ખૂબજ સામાન્ય ઘરની સ્ત્રી છે. આથી હરકાન્ત પરીખ તેને પોતાના ઘરની વહું બનાવવાની ના પાડે છે પણ સમીર હેમાને ખૂબજ પ્રેમ કરતો હોય છે. આથી હેમા માટે તે ઘર છોડી દેવા પણ તૈયાર છે.

ત્યારબાદ નવલકથાનું મહત્ત્વનું પાત્ર છે નંદિનીનું. તેના લીધે જ કથામાં રહસ્ય ઊભું થતું હોય છે. દેહરાદૂન એકસપ્રેસમાં છ મુસાફરોના ડબ્બામાં નંદિની પણ હતી. નંદિની શાહ તેનું પૂરું નામ, એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો છે અને દિલ્હી તેના માસીના દિકરાના લગ્નમાં જાય છે તેમ તેનો પરિચય આપે છે.

દેખાવમાં સુંદર અને એકદમ નમણી. આ છોકરી પહેલીવાર જોતાંજ આકર્ષાય જવાય તેવું તેનું રૂપ. ગાડીની મુસાફરી કરતા શેઠનું મૃત્યુ થાય છે ત્યારે ઈન્સ્પેકટર વર્મા બધાની જુબાની લે છે ત્યારે નંદિની કહે છે કે તે તેના માસીની દિકરીના લગ્નમાં આવી હતી પણ માસાને હાર્ટ એટેક આવતા તે લગ્ન બંધ રહયાં છે. આમ કહયું. પરંતુ જયારે

રમેશને મારવાડી શેઠના ખૂન કેસમાં પકડવામાં આવે છે ત્યારે વિશ્વનાથ રમેશનો ખૂન કેસ લડે છે. આથી નંદિનીને પણ જુબાની માટે બોલાવવામાં આવે છે.

વિશ્વનાથ નંદિનીની જુબાની ખોટી પાડીને જણાવે છે કે તમે દિલ્હી માસીના દિકરીના લગ્નમાં આવ્યા હતા તેમ કહયું પણ દાણચોરીના એક કેસમાં દિલ્હી હતાં ત્યારે તે આપેલા સરનામાની જગ્યાએ ગયા હતા પણ ત્યાં કોઈ લગ્ન ન્હોતા અને માસાની તબિયત સારી ન્હોતી તે ગપ હતી. આમ નંદિની ખોટી છે તે સમજાય ગયું. પછી નંદિની વિશેની બધી વિગતો જોતા વિશ્વનાથને સમજાયું કે આ પાત્ર સાવ ખોટું છે. નંદિનીનું બીજું નામ લતા હતું તે મારવાડી શેઠના પૈસા પાછળ પાગલ હતી અને મારવાડી શેઠ નંદિનીના મોહમાં હતા. આથી પીલુ શેઠની પહેલી સ્ત્રીની છોકરી છે તે જાણ્યું ત્યારથી નંદિનીને ન્હોતું ગમ્યું. આથી પીલુનો પીછો છોડવા તેને થોડાક પૈસા આપીને તે શેઠને આ શહેર છોડીને ચાલ્યા જવું.

આ ઉપરાંત નંદિની વિચારે છે તે મુજબ અત્યાર સુધીના બનાવ બન્યા શેઠને બંને જુદા જુદા આવ્યા ગાડીમાં બન્ને અજાણ બની રહયા અને પછી નંદિની વિચારે છે કે આ શેઠની દૌલત મળી જાય તો આ શેઠનું બંધન અને ગાળીયો શું કામ ? આથીતે પોતાના પ્લાન મુજબ રાત્રિના શેઠને ચા પીવાની ટેવ. આથી રાત્રે ચા આવી શેઠ ચા કરવા મૂકીને કલોક રૂમમાં ગયા ત્યાં તરત જ તે નીચે આવીને ચામાં સાઈનાઈટ નાખી દીધું પછી ઉપર ચઢી ગઈ અને જાગતી રહી કે શેઠનું કામ પૂરું થાય તો હીરા ને પૈસા લઈને ચાલ્યા જવું ચૂપચાપ.

પણ તેની યોજનાથી થોડું ઉલટું બન્યુ. શેઠ તો ચા પીને સૂઈ ગયા પણ નંદિની જેવી હીરા લેવા નીચે આવે કે ત્યાંજ રમેશ ઊઠયો અને તેને શેઠને મૃત્યુ પામેલા જોયા આથી તે ડરી ગયો અને પછી શેઠને પડખું ફેરવીને સૂવડાવી તે જાગતો જ રહયો આથી નંદિની હીરા લઈ ન શકી. આ સમજદાર નંદિની નાની ભૂલ કરી બેઠી. આમ શેઠની ખૂની નંદિની હોય છે. આમ આ પાત્ર શરૂઆતમાં આવે ત્યારથી લઈને છેક અંતમાં ખબર પડે છે કે તે ખૂની છે. બાકી નંદિનીની યોજના તો એવી કરી કે પીલુ શેઠની ખૂની હોય તેવું બધા માને પણ તે શકય ન બન્યું. આમ આ પાત્ર ચાલાક છે.

આ ઉપરાંત આ નવલકથામાં પીલુનું પાત્ર આવે છે શેઠના ખૂનનો કેસ અદાલતમાં ચાલતો હોય છે ત્યારે વિશ્વનાથ શેઠની સેક્રેટરી પીલુંને બોલાવે છે. પીલુ તેનો પરિચય આપે છે કે તે અનાથ છે તેના માતા-પિતા એક એકસીડન્ટમાં ગુજરી ગયા આથી શેઠે જ તેને મોટી કરી અને ભણાવી ગણાવી પછી તેની જ ઓફિસમાં કામે રાખી અને હવે તેની જ સાથે તે રહે છે. વિશ્વનાથ કહે છે કે જો અનાથ તું હો તો તને મદદ કરે તે વાત સાચી પણ તને સાથે રાખે તો શેઠ તારા કોઈ સગા થાય છે કે આટલી દયા. ખૂબ પૂછયા પછી પીલું કહે છે કે શેઠનું બાહય જીવનખૂબજ સાદગીવાળું દયા ભાવવાળું લાગે છે પરંતુ તે ખૂબજ રંગીન સ્વભાવના હતા તે પીલુની મા સાથે અનૈતિક સંબંધ ધરાવતા હતા. પીલુ તેની જ પુત્રી હતી પેલી સ્ત્રી મૃત્યુ પામી એટલે પીલુની તમામ જવાબદારી તેના ઉપર લઈ લીધી પછી તેનો રંગીન મિજાજ ચાલુ જ રહયો.

તેમાં એક વખત પીલુ તિજોરીમાં તેની મા અને તેનો ફોટો જોઈ ગઈ અને વસીયતના કાગળ જોઈ ગઈ આથી તેને ખબર પડી કે આટલી મોટી જાયદાદાની માલિક તે બનશે આથી શેઠને પોતાનો હક્ક આપવાની ધમકી આપી તેમ છતાં શેઠ ન માન્યા આથી તેને મારી નાખવાની ધમકી આપી અને ગોધરા સ્ટેશને તેમને મળીને પાછી ધમકી આપી કે દિલ્હી પહોંચો એટલીવાર છે આથી એમણે તમારી મદદ માગી અને મારી હાજરીની નંદિનીને ખબર પડી આથી નંદિનીએ મારા નામનો ઉપયોગ કરીને શેઠનું ખૂન કર્યું ને નામ મારું આવ્યું. આમ પીલનું પાત્ર પણ આ નવલકથામાં રહસ્યની સાથે કથાને નવો વણાંક આપનારું મહત્ત્વનું પાત્ર છે.

આ ઉપરાંત સમતા બહેનનું પાત્ર આવે છે. કે જે મથુરા નાવા જાય છે અને શેઠના ખૂનની બયાનીમાં તે રમેશને જોયો હોવાનું કહે છે આમ આ પાત્ર પણ મહત્ત્વ ધરાવે છે. આ ઉપરાંત લ્યુસીનું પાત્ર પણ રહસ્ય ઊભુ કરવામાં મહત્ત્વનું બની રહે છે.

- **'મૃત્યુદંડ'**

'મૃત્યુદંડ' નવલકથામાં ચૌદ જેટલા સ્ત્રી પાત્રો આવે છે નાનામોટા સહિત બધા પાત્રોનું એક ખાસ્સું મહત્ત્વ અહીં ઊભું થયું છે.

સૌ પ્રથમ પુષ્પાનું પાત્ર આવે છે. પુષ્પા હરનાથ પાઠકની પત્ની તે બાહય રીતે

સુંદર ન્હોતી આથી તેને ન્હોતી ગમતી તેના પિતાએ પુષ્પા સાથે હરનાથના લગ્ન પરાણે કરાવ્યા હતા અને કહયું હતું કે આ નાતની છોકરી સાથે લગ્ન નહીં કર તો રણજીત સાગરમાં પડી ને મરી જશે એટલે લગ્ન કરવા પડયાં પણ હરનાથને સાહિત્યનો શોખ આથી તેને મુનશીની મંજરી જેવી છોકરી જોતી હતી. પુષ્પા સાથે તેનો મનમેળ ન થયો અને તેને સફળતાનો સાથી જોઈતો હતો. પુષ્પા તે ન બની શકી અને તેને સંતાન પણ જોઈતું હતું પણ હરનાથ સાથે સંબંધ જ ન બંધાય ત્યાં સુધી કશું શકય ન્હોતું. આમ હરનાથ પુષ્પાથી ઘરથી દૂર રહેવા લાગ્યો અને સીમા પોદ્દાર નામની પોતાની જ ઓફિસની સ્ત્રી સાથે સંબંધ રાખ્યો. આ વાતની જાણ પુષ્પાને હતી પણ તે છતાં તે ખૂબજ સહનશીલ નારી તરીકે સહી લેતી.

તેવામાં એક ચમત્કાર થાય છે અને પુષ્પા મા બનવાની હોય છે. આ સમાચારથી હરનાથ આનંદમાં આવી જાય છે અને હવે તે ઘરમાં જ રહે છે. નવ મહિના પછી બત્રીસ લક્ષણો પુત્રને જન્મ આપે છે. પુષ્પાએ કોઠા સૂઝથી અમિતનો ઉછેર શરૂ કર્યો તેને સુવડાવવામાં, ખવડાવવામાં તેનું આંતર રૂપ હરનાથને દેખાય ગયું અને હવે પુષ્પા એવું ચુંબક બની ગઈ કે હરનાથ તેનાથી દૂર ન્હોતો થતો અને આમ, હરનાથને હવે પુષ્પામાં મેઘાણીની ‘વેવિશાળ’ની ભાભુ અને સુશીલા યાદ આવતા.

પણ પુષ્પા સાથેનું હરનાથનું આ સુખ લાંબુ ન ચાલ્યું અમૃતથી છલોછલ કટોરામાં એક ઝેરનું બુંદ પડે અને આંખો કટોરો વિષમય બની જાય તેમ પુષ્પા માનતા પૂરી કરવા અંબાજી જાય છે. અમીતની સાથે અને હરનાથ ઓફિસના કામથી જઈ શકતો નથી પણ પાછળથી ખબર આવે છે મા-દીકરાનો અકસ્માત થાય છે અને બંનેના શબ છૂંદાયેલા મળે છે. આમ, પુષ્પાનું પાત્ર નવલકથાના શરૂઆતમાં થોડા પ્રકરણમાં જ આવે છે પણ ઊંડી છાપ મૂકી જાય તેવું છે.

આ પછી સીમા પોદ્દારનું બીજું પાત્ર છે સીમા પોદ્દાર તે હરનાથની રખાત હતી. હરનાથની ઓફિસમાં કામ કરતી સીમાની મા જાનકી તો ગુજરાતી હતી પણ પિતા ખબર નહી કઈ જાતનો હશે દારૂ અને જુગાર એના શ્વાસમાં, સીમાનો બાપ સીમાની માને ખૂબ મારતો, કોઈ રાક્ષસી માયા હતી. સીમા સમજણી થતામાં તો મા-દીકરીને મૂકીને ચાલી ગયો. સીમા સતત ફફડાટમાં જીવતી તેને બાપનું નામ અટક બદલાવીને

જીવનમાંથી બાપનું નામ ભૂંસી નાખ્યું જે ઘરમાં રહેતા હતા તે ઘર વેંચી નાખ્યું અને હરનાથની ઓફિસમાંથી લોન લઈ નવું ઘર લીધું.

આ તરફ હરનાથ અને સીમા એક સાથે ઓફિસમાં સાથે કામ કરતા અને હરનાથનું ઉદાસ જીવન સીમા સાથે વિતવા લાગ્યું. સીમા સાથેના હરનાથના થોડા વર્ષો રૂપાળા પતંગિયા જેવા વિતવા લાગ્યા સીમાની મા પણ મૃત્યુ પામી પછી તો નવા કપડા નવી ગીફ્ટ, નવી નવી હોટલમાં ફરવાનું, ફિલ્મ જોવાની અને આખરે સીમા હરનાથના સંતાનની મા બનવાની વાત કરે છે પણ ત્યાં હરનાથની પત્ની પણ મા બનવાની હોય છે. આથી, હરનાથ સીમાને બે લાખ રૂપિયા આપીને એબોર્શન કરાવવાનું કહે છે અને ધીમે ધીમે સીમા સાથેનો સંબંધ ઓછો થતો જાય છે. સીમા પણ તે ઘર શહેર છોડીને ચાલી જાય છે અને તે એક દીકરીને જન્મ આપે છે જેનું નામ રોનક હોય છે અને જીંદગીના ઘણ કષ્ટ, સંઘર્ષો સહયા પછી સીમા માનસિક રીતે પાગલ થઈ જાય છે. પોતાની પુત્રી રોનક માની આ દશા જોઈ નથી શકતી આથી હરનાથનું નામ સરનામું ગોતી અને પોતાની માના એક એક આંસુનો તે બદલો વાળે છે અને આમ સીમાનું પાત્ર નવલકથાની શરૂઆતથી અંત સુધી પ્રત્યક્ષ પરોક્ષ નવલકથામાં જોડાઈને રહે છે.

આ પછી નવલકથામાં કેતકીનું પાત્ર મહત્ત્વનું રહયું છે કેતકી ખૂબજ પ્રેમાળ અલ્લડ અને તોફાની છોકરી અને ખૂબ જ પ્રેમાળ આથી તો દિવાનજી અને મૃદુલાના જીવનમાં સંતાનની ખોટ હતી તે કેતકીએ પૂરી કરી. દિવાનજીને હરનાથની પ્રોપર્ટીના કામમાં ખૂબજ મદદ કરતી.

પણ કેતકીનું આ તો એક રૂપ હતું પણ નવલકથાના અંતમાં કેતકીનું ભયંકર રૂપ જોવા મળે છે. લાલ જયારે રહસ્યને ઉદ્‌ઘાટીત કરે છે ત્યારે કેતકીનું ભયંકર રૂપ જોવા મળે છે.કેતકી સીમા પોદાર અને હરનાથનું સંતાન હતી. હરનાથથી છુટા પડી સીમા એ રોનક ઉર્ફે કેતકીને જન્મ આપ્યો તે મોટી થઈ પિતા વિશે પૂછતી પણ માતા તેને મૃત્યુ પામ્યા છે તેમજ કહેતી સીમા કુકરની કંપનીમાં કામ કરીને કેતકીને મોટી કરી. મા પાસેથી થોડી વાતો, થોડા પત્રો, ફોટા પરથી કેતકીએ હરનાથ પાઠકની ભાળ મેળવી અને હરનાથ સુધી પહોંચવા પહેલા તેને મૃદુલાબેન અને દિવાનજી સાથે ઘર

જેવો સંબંધ બાંધ્યો. મૃદુલાબેનના મહિલા મંડળમાં એક કોર્ષમાં જોડાઈ પછી તેના ઘરમાં બે રોકટોક પ્રવેશ કરવા લાગી તેમ કરતા તે હરનાથ પાઠકના ઘર સુધી પહોંચી.

કેતકી ઘણીવાર આઘેથી હરનાથને હિંડોળે હિંચકતા જોતી અને વિચારતી આ એશો આરામના બંગલામાં આ ઠાઠના જીવન પર પોતાની માતાનો અધિકાર હતો. પછી તે હરનાથને પત્ર લખતી, ઘણીવાર ફોન કરતી અને હરનાથને તડપાવતી પછી પંદર તારીખે જે રાત્રે તેનું મૃત્યુ થયું તે રાત્રે હરનાથને રૂબરૂ મળવાનો નિર્ણય કર્યો અને તેના ઘરે ગઈ અને તેને ખૂબ સંભળાવ્યું તે તેની માનો દોષી છે તે કીધું હરનાથ તેને અપનાવી અને ગળે લગાડવા માગે છે પણ કેતકી તેને તડપાવે છે ત્યાં જ તેને હાર્ટએટેક આવે છે. સામે પડેલી સોલબ્રીટેટ લેવા જાય છે ડબી પડી જાય છે પણ કેતકીને હરનાથને તડપતા જોવાની ખૂબ મજા આવે છે અને જયાં દયા લાવી દવા દેવા જાય છે ત્યાંજ તે મૃત્યુ પામે છે અને બીકમાં જેવી ઘરની બહાર નીકળવા જાય ત્યાં ભાસ્કરને આવતો જોવે છે અને તે બાથરૂમમાં સંતાઈ જાય છે. પછી ભાસ્કર ડરીને ચાલ્યો જાય છે એટલે તેના બોયફ્રેન્ડને નીલયને ફોન કરીને હરનાથની વાત જણાવે છે એટલે નીલય ત્યાંથી તેને જતું રહેવાનું કહે છે. આમ, કેતકીએ પોતાની માના ગુનેગારને મૃત્યુદંડ દઈને જ જંપી.

આખી નવલકથામા એક રહસ્ય ઊભુ કરનારું આ પાત્ર છે. મિ. લાલે સીમાના જેટલા પુરાવા ગોત્યા ત્યાંથી કેતકી તે પુરાવાને લઈ લેતી અને સીમા સુધીની જેટલી કડીઓ હતી તે ત્યાં સુધી પહોંચવા ન દેતી. આમ, આ પાત્ર આખી આ કથામાં મહત્ત્વનું રહયું છે.

દિવાનજીની પત્ની મૃદુલાનું પાત્ર આખી કથામાં સુંદર રહયું છે. દિવાનજી અને મૃદુલાનું પ્રસન્ન દામ્પત્ય બીજાને ઈર્ષા અપાવનારું હતું તે મહિલા મંડળ, અનાથ આશ્રમ, ઝૂંપડપટ્ટીના ગરીબ બાળકોને મદદ કરવી આ બધા કાર્યમાં તે જોડાઈ રહેતી. તેમાં કેતકી સાથે તેનો પરિચય થાય છે અને સૂતેલું માતૃત્વ જાગી ઊઠે છે અને પોતાના સંતાન વિહોણા જીવનમાં કેતકી આવે છે. તેને માતાનો પ્રેમ આપે છે તેવું પ્રેમાળ વ્યક્તિત્વ છે. તો જયારે કેતકીની અસલીયતનો ખ્યાલ આવે છે ત્યારે તે રૌદ્ર સ્વરૂપ પણ ધારણ કરે છે અને કેતકી પાસે સાચી હકીકત જાણી લે છે. દિવાનજીના કાર્યમાં તે

બરાબર સાથ આપતી અને હરનાથ સીમાના સંબંધની જયારે પુષ્પા તેને વાત કરે છે ત્યારે હરનાથ ઉપર બરાબર ચોકી પહેરો રાખતી અને હરનાથની ભૂલ ઉપર તેને ટોકતી. આમ આ પાત્ર આ કથામાં સુંદર બની રહયું છે.

દુર્ગાનું પાત્ર એ હરનાથની બહેન છે. યુવાનીમાં પરનાતના એક શિક્ષક છોકરા સાથે લગ્ન કર્યા એટલે પિતાએ તેની સાથે વ્યવહાર તોડી નાખ્યો. જીવનભર કોઈ ભાઈ બોલ્યા નહી તેની સાથે ત્રણ ભાઈઓની લાડલીબેન વિધવા થાય છે. ઘણા સંઘર્ષો વેઠીને પુત્ર આસુતોષ અને કોશાને મોટા કરે છે. હરનાથ જીવનના છેલ્લા દિવસોમાં પોતાની બહેનને સામે ચાલી મળવા જાય છે. બંને ભાઈ બેન પ્રેમથી મળે છે. દુર્ગા પ્રેમાળ માતા છે તો સાથે સાથે પોતાના સંતાનો પ્રત્યે જાગૃત પણ છે. આથી જ કોશાનું નાટકમાં કામ કરવું ફિલ્મોમાં જવાના સપના જોવા અને ગોખલે સાથેનું હળવા મળવાનું તેને ગમતું નથી. આથી કોશાને ઘણીવાર ટોકે છે. તો જરૂર પડયે થિયટર ઉપર જઈને ગોખલેને પણ ધમકાવે છે. ભાઈને આટલા વર્ષે મળ્યાનો આનંદ છે. સુખ-દુઃખની ઘણી વાતો ભાઈ સાથે કરી અને પછી ખબર ન્હોતી કે ભાઈના આમંત્રણથી ઘરે જવાનું હતું પણ તેના મૃત્યુ સમયે જવાનું બનશે. આથી ઘણી દુઃખી છે. બધા સગા-વ્હાલા હરનાથના મૃત્યુ સમયે આવ્યા ત્યારે સાચી દુઃખી તો માત્ર દુર્ગા જ હતી. બધાને તો હરનાથની સંપત્તિમાં રસ હતો. એટલે જ પાછા જતાં જતાં દિવાનજીને તે કંઈક વાત કરવાનું કહી ને પાછું મળવાની વાત કરે છે.

પછી તેનાથી જુદા પડીને રિક્ષામાં ઘરે જતા તે એકસીડન્ટમાં મૃત્યુ પામે છે. નવલકથાના અંતમાં દુર્ગાનું મૃત્યુ અકસ્માતથી નહી પરંતુ ગોખલેએ તેનું ખૂન કર્યું હતું. દુર્ગા સહનશીલ સ્ત્રી છે પિતાના ઘરને છોડયા પછી પતિને સાથ આપ્યો અને સંતાનોને મોટા કર્યા નાના એવા ઘરને ખૂબ જ સરસ સજાવીને રાખતી. આમ આ પાત્ર થોડા સમય માટે આવે છે પણ એક ઊંડી અસર કરી જાય તેવું છે.

દુર્ગાની પૂત્રવધુ અને આસુતોષની પત્ની કૂંજનું પાત્ર પણ એક અસર છે. તે આસુતોષની પત્ની છે અને મલય ખોસલાની કંપની 'જેમ ઓફ પ્લેસીઝ'માં ઈન્ટેરીઅર ડેકોરેટર છે. ખૂબ મહત્વકાંક્ષી સ્ત્રી છે પાંચ વર્ષ થયા આસુતોષ સાથે લગ્ન કર્યા ને પણ તે હજી પતિને સંતાન આપી નથી શકી ઘણીવાર તે આસુતોષને સંભળાવતી કે બેંકની

નોકરીથી તમને સંતોષ છે પણ કોઈ સાહસ કરવાની તમારામાં હિંમત નથી અને પત્નીના કહેવાથી આસુતોષ બેંકમાંથી પૈસાની ઉચાપત કરીને ધંધો કરવા માગે છે પણ તે સફળ નથી થતો. હરનાથ મામાના પૈસા આવવાના છે તે ગંધ આવતા તે આસુતોષ સાથે છૂટાછેડા લેવાનું વિચારતી હતી તે બંધ રાખે છે. સતત પતિને કોશતી રહેતી સ્ત્રી છે અને બીજી તરફ મલય ખોસલા જેવી પર્સનાલીટીવાળી વ્યક્તિથી તે પ્રભાવિત થાય છે. પોતાના બોઝ સાથે તેને નાજુક સંબંધ હતા. ઘણીવાર આસુતોષ પ્રેમ કરવાની વાત કરે ત્યારે ચોખ્ખુ કહી દેતી કે મોટો ફલેટ લ્યો ત્યારે બાળકની વાત કરજો આ ખોબા જેવા ફલેટમાં મારો દમ ઘૂંટે છે. નાનો બેડરૂમ બહાર હોલમાં કોશાને દુર્ગા સૂતા હોય એટલે ટી.વી. પ્રોગ્રામ પણ ન જોઈ શકાતા આથી કુંજ આ ટીપીકલ ઘર સંસારથી ત્રાસી ગઈ હતી. તેના સપના તો ખૂબજ મોટા મોટા હતા. આમ કુંજ એક મહત્ત્કાંક્ષા સ્ત્રી છે.

કોશાનું પાત્ર પણ મહત્ત્વનું છે અને રહસ્ય જયાં સુધી ઉદ્‌ઘાટીત નથી થતું ત્યાં સુધી આ પાત્ર ગુનેગાર જ લાગે છે. કોશા દુર્ગાની દિકરી અને આસુતોષની બહેન કુંજની નણંદ. તે ખૂબજ સ્વરૂપવાન અને ખૂબજ હોંશીયાર હતી. ચાલાકી તેની રગરગમાં હતી પણ તેટલી જ પાછી ભોળી હતી તે નાટકમાં કામ કરતી વિદ્દુ ગોખલે તેના નાટકનો ડાયરેકટર હતો. સ્કૂલ – કોલેજથી તેને નાટકનો શોખ અને ગોખલે પણ તેને નવા નાટકના નવી ફિલ્મના સ્વપ્ના બતાવતો. આજે સત્યજીરેના આસીસ્ટન્ટ આવવાનો છે અને તારો રોલ ગમશે તો નવી ફિલ્મ મળશે. આમ કોશાને ધોળા દિવસે સ્વપ્ન દેખાડનારો લુટયો માણસ છે. પણ કોશા તેને ઓળખી નથી શકી આથી જ તે પૂરેપૂરી ગોખલેના પ્રભાવ નીચે આવી જાય છે. ગોખલેએ જ કોશાને સમજાવીને દિવાનજી પાસે મોકલી હતી કે હરનાથમામા તેની મમ્મીને કહેતા હતા કે કોઈ તેનું ખૂન કરવા માગે છે અને ગોખલે જ કોશાની સારી સંપત્તિ તેની માતાનો ભાગ અને કોશાનું ફિલ્મ હિરોઈન થવું અને પૈસાની રેલમછેલ તેમ માનીને તે દુર્ગાનો કાંટો વચ્ચેથી કઢાવી નાખે છે અને કોશાના નામથી ગાડી બુક કરાવીને તેની માતાનું ખૂન કરાવે છે. અંત સુધી આપણને એમજ લાગે કે કોશા ગુનેગાર છે પણ મિ. લાલ અને મોરેની તપાસ પછી તે નિર્દોષ છે તેવું જાહેર થાય છે. અંતમાં જયારે ખબર પડે છે કે ગોખલે એ તેની માતાનું ખૂન કર્યું છે ત્યારે તે ખૂબજ ભાંગી પડે છે. આમ, નાદાન અને અણસમજ ભર્યું આ પાત્ર છે.

માર્કંડ અને રસિલાની પુત્રવધુ પ્રિયંવદા, ઉછરંગની પત્ની છે. રોમું તેનો પુત્ર છે. જૂઈ તેની પુત્રવધુ છે. બિનીતાની દાદી છે. પતિનો ઉમળકો આ સ્ત્રીને કદી મળ્યો નથી તે સ્વાભાવે ખૂબજ શોખીન અને રંગીન જીવન જીવવાના સપના લઈને તે ઉછરંગ સાથે મુંબઈ આવે છે પણ તેના અરમાનોનો ભૂક્કો બોલી જાય છે. ઉછરંગ બહુ જ સાદો સીધો અને સહજ હતો આથી પતિનો સાથ ન મળતા પિયંવદાએ પોતાનું જીવન મહિલા મંડળ, કુકીંગ કલાસ અને અવનવી વસ્તુમાં પોરવી દીધું પછી રોમુનો જન્મ થાય છે તેટલે તેને સાચવો તેના માટે નવી નવી વાનગીઓ બનાવવી અને જૂઈ પણ જયારે ઓફિસેથી ઘરે આવે ત્યારે રસોઈ તૈયાર રાખવી, કયારેય સાસુપણું કરતી નહી. રોમુ નાનો હતો ત્યારે ગમતા પુસ્તકો, ગમતી ફિલ્મની કેસેટો લઈ આવી આપતી. પછી રોમને ત્યાં પુત્રી બિનીતાનો જન્મ થયો અને પછી તેની સાર-સંભાળ રાખવા લાગી. પતિ તરફની બધી આકાંક્ષાઓને તેને પુત્રમાં વાળી આથી જયારે અચાનક જ પિયંવદાને ખબર પડે છે કે તેની પુત્રવધૂ તેનાથી જુદી થવા માગે છે ત્યારે ખૂબજ આઘાત લાગે છે. જૂઈ તેને સમજાવે છે કે તેને તેનું જીવન જીવવું છે. પોતાના પતિ સાથે પુત્રી સાથે અને આથી તે અલગ થવા માગે છે. પતિની અપેક્ષા પુત્રમાં પૂરી કરી તે વાત તેને ગળે ઉતરે છે. આથી તે અંતમાં જૂઈની વાત માનીને વાસ્તવિકતાનો સ્વીકાર કરે છે.

જૂઈનું પાત્ર છે તે ખૂબ જ હોશીયાર સમજદાર અને વ્યવહારું છે તે રોમુની પત્ની છે. બિનીતાની મા છે અને પ્રિયંવદા – ઉછરંગની પુત્રવધુ છે. તે પોતાના પતિ અનેપુત્રી સતત સાસુની છત્રછાયામાં રહે છે તે તેને નથી ગમતું પતિ રોમું સંપૂર્ણ પણે તેનું કહયું કરનારો છે, નોકરી કરે છે આથી સ્વતંત્ર મિજાજની છે અને એટલે જ હરનાથ પાઠકની મિલકતનો ભાગ મળે તો મુંબઈનું પરું છોડી શહેર તરફ જવાનો વિચાર કરે છે. આ વાતની જાણ પ્રિયંવદાને થાય છે ત્યારે તેને શાંતિથી વાસ્તવિકતા બતાવે છે કે તેનેય તેના વર દિકરીને તેના કુટુંબ સાથે જીવવું છે અને આવી પરિસ્થિતિ અહી રહીને નથી મળી આથી જ બીજું સંતાન આ ઘરમાં જન્મ લે તે પહેલા જ તેને અટકાવ્યું આવું સાચું કહીને સાસુને ભાન કરાવે છે અને પોતે એક દીષ્ટએ વ્યવહારું લાગે છે પણ પાછી એટલી જ લાગણી વાળી છે.

મેનાબહેનનું પાત્ર આવે છે તે સીમાના ભૂતકાળને જીવંત કરવા વાગલે જયારે

સીમાનું સરનામું શોધી તેની ચાલમાં જાય છે ત્યારે મેનાબેન કે જે અતિવૃદ્ધ માજી છે તે પછી વાતમાં વાત કરતા તે સીમાનો ભૂતકાળ વાગલે પાસે રજૂ કરે છે.

આ ઉપરાંત સુષ્મા તે લાલની ઓફિસમાં કામ કરે છે અને વાગલેને પ્રેમ કરતી હોય છે. ભાગીરથી તે નિલયની મમ્મી છે અને વાર્તાના અંતમાં તે કેતકીની મા બનીને મૃદુલા સાથે આવે છે. રસીલા તે ઉછરંગની મા છે તેના નામનો માત્ર અહીં ઉલ્લેખ જ છે અને બિનીતા તે જૂઈની પુત્રી છે.

આમ, અહીં પ્રસ્તુત તમામ સ્ત્રી પાત્રોમાં કંઈકને કંઈક વિશેષતા જોવા મળે છે અને બધાનું કંઈકને કઈ મહત્ત્વ છે આ કથામાં.

- **રહસ્યમય નવલકથાના પુરુષપાત્રો**

'નીલિમા મૃત્યુ પામી છે' નવલકથાના પુરુષપાત્રોમાં નાયકનું પાત્ર સુધારકરનું છે. સુધાકર યુવાનીમાં લંડનમાં ભણ્યો મુંબઈમાં શ્યામજીપ્રસાદની ફેકટરીમાં મેનેજર છે. શ્યામજી પ્રસાદ પોતાના દિકરામાં જેટલો વિશ્વાસ નથી મૂકતા તેટલો સુધાકરમાં મૂકે છે. નવલકથાની શરૂઆતમાં જ સુધાકર નીલિમાના લગ્ન જીવનની પહેલી વર્ષગાંઠ હતી. આખા વર્ષ દરમિયાન કામની દોડા દોડીમાં ફેકટરીના નવા મશીનની મંજૂરી, લાયસન્સ આ બધાના ધકકામાં નીલિમા તરફ પૂરતું ધ્યાન ન્હોતું અપાયું એટલે આજે લગ્નતીથિની ભેટ રૂપે હાર લઈને જર્મની ફરવા જવાની વાત કરવાનો હતો. કંપની તરફથી બધો ખર્ચો આ બધી વાત વિચારતો ઘરે આવે છે. સુધાકર પણ નીલિમા ઘરમાં નથી આજે પહેલીવાર બને છે. પછી તપાસ કરે છે ત્યારે ખબર પડે છે કે નીલિમા તેની માતાના ઘરે નથી ગઈ, ખરીદી કરવા પણ નથી ગઈ, અને બહેનપણીને ત્યાં પણ નથી ગઈ ત્યારે ચિંતા થાય છે.

સુધાકર નીલિમાને ખૂબ જ ચાહતો પછી તો તેની શોધમાં તે કયાં-કયાં જાય છે. તેના મિત્ર કિરણ પાસેથી નીલિમાના કોલેજ કાળના બધા બનાવો વિશે જાણે છે. નીલિમાની માતા પાસેથી તેના સ્વચ્છંદી સ્વભાવ, પુરૂષમિત્રો, રંગરાગની દુનિયા આ બધા વિશે જાણે છે. મનમાં ખૂબ ગુસ્સો આવે છે. પછી તો ઘરમાંથી નીલિમાના પર્સમાંથી ચાવીનું મળવું એક ચિઠ્ઠી મળવી આ બધું જોઈને સુધાકર સહન નથી કરી શકતો.

સુધાકરને ઓફિસની ટપાલમાં નીલિમાનો પત્ર મળે છે તેમાં તેને કબૂલ કર્યું છે કે પોતે ઘર છોડીને જાય છે. સુધાકર તરફથી બધું મળ્યું પણ તેને પાત્રતા ન્હોતી, તેના પ્રેમની યાદ આ બધું લખીને તે ઘર છોડીને ચાલી જાય છે. સુધાકર કોઈને આ વાત કરી નથી શકતો તેના શેઠની પુત્રી જે એક વખત નીલિમાની મિત્ર હતી તે રાજેશ્વરીને કહે છે કે નીલિમા ઘર છોડી ચાલી ગઈ છે. રાજેશ્વરી પણ તેના ભૂતકાળ વિશેની વાતો કરે છે પછી તો નીલિમા સુધરી ગઈ હતી. તમારા લગ્ન પછી તે કોઈ પુરૂષને મળતી નહી પણ આલોક દાસ સાથે ખાસ મિત્રતા હતી એટલે કદાચ તે તેને મુકત કરી ન શકી અને ચાલી ગઈ. સુધાકર – રાજેશ્વરીનું નીલિમાનું શોધવું હોટલ રીર્ઝોટમાં જવું ત્યાં ઓગણીસ નંબરની રૂમમાં રાત્રે નીલિમાનું ખૂન થવું આરોપ સુધાકર પર આવે છે પણ વાર્તાના અંતમાં સાચા ખૂની સુધી પહોંચી જવાય છે.

આમ જોઈએ તો વાર્તા નાયક સુધાકર સીધો સાદો યુવાન છે. જમાનાની હવા હજી એમને સ્પર્શી ન્હોતી શકી ખૂબજ સીધો સાધો યુવાન રાજેશ્વરી જેવી પૈસાદાર બાપની દિકરી પાછી ખૂબજ સુંદર તે છતાં સુધાકર તેનાથી આકર્ષાતો નથી. નીલિમા તેને છોડી જતી રહે છે તો પણ તે બીજા કોઈનો વિચાર સુદ્ધાં નથી કરી શકતો. તેવો સહજ નાયક છે.

નવલકથાના બીજા પુરૂષપાત્રમા કિરણનું પાત્ર છે તે સુધાકરનો મિત્ર છે. કોલેજ કાળમાં બધા મદમસ્ત બનીને જીવે ત્યારે આ કિરણ મધ્યમ વર્ગનો માણસ મોંઘવારીની ચક્કીમાં અગણિત યુવાનોની જેમ તે પણ પિસાતો તેના મોટા ભાઈ ક્ષયની બિમારીથી પીડાતા, બહેનના લગ્ન, ભાભી અને બાળકોની જવાબદારી અને આ બધામાં મહત્ત્વની વાત બેકારી આ બધાની વચ્ચે તે નીલિમાના સ્વપ્ન કયાં જુએ ? પણ તે નીલિમાના ભૂતકાળથી બરાબર પરિચીત છે. એક મહિનાની રખડપટ્ટીથી અચાનક નસીબ ખૂલે છે અને ધંધો સરસ જામી જાય છે. પાછો રાજેશ્વરી દ્વારા નીલિમાનો ભેટો થાય છે તે હજી એવી જ હતી. આમ આ કિરણનું પાત્ર આખી નવલકથામાં નાયક સુધાકરના મિત્ર તરીકેનું રહયું છે. સુધાકરની નાજુક પરિસ્થિતિમાં તેને સાથ આપનારું રહે છે. નીલિમા ઘર છોડીને ચાલી જાય છે ત્યારે તે તેના ઘરે સૂઈ જાય છે ને સાથ આપે છે અને વાર્તાના અંતમાં પણ એક સાચા મિત્રની જેમ સુધાકર નીલિમાના ખૂન કેસમાંથી નિર્દોષ છૂટે છે

ત્યારે પણ તે ઠપકો આપે છે કે તારી સાથે આટલું બધું બની ગયું તે મને ન કહયું. આમ, નવલકથામાં આવતું નાનું પાત્ર તે છતાંય મહત્ત્વનું પાત્ર છે.

અન્ય પાત્રોમાં શ્યામપ્રસાદનું પાત્ર પણ મહત્ત્વનું છે. શ્યામપ્રસાદ મોટા વેપારી પણ તે પહેલા તે માહિમની એક ચાલમાં રેવા નામની સામાન્ય દેખાવ ધરાવનાર પોતાની પત્ની સાથે રહેતા જૂઈ-રાજેશ્વરી અને ભવાની તેના ત્રણ સંતાનો. ઘણા બધા અભાવો વચ્ચે જીવન જીવતા શ્યામ પ્રસાદની પત્નીનો પૂર્ણ સહકાર હતો. આથી જીંદગી પૂર્ણ અને મમત્વભરી લાગતી હતી પણ લડાઈએ એક ઝાટકે શેઠનું ભવિષ્ય પલટી નાખ્યું. લક્ષ્મી સામે ચાલીને ચાંદલો કરવા આવી. ટીપે ટીપે કરેલી બચત અને રેવાના આછા પાતળા ઘરેણાથી વેપારમાં શ્યામપ્રસાદે ઝૂકાવ્યું ને પછી તો સમૃદ્ધિની રેલમછેલ પણ પત્ની રેવા મૃત્યુ પામી. હૃદયમાં એક ઝખમ લઈને શ્યામપ્રસાદ જીવતા. હવે પૈસો પૈસો જ તેમનું લક્ષ્ય બની ગયું. પત્ની ગુમાવી પછી પૈસો પ્રાપ્ત થયો પણ પછી વર્ષોનો બોજ જયારે અસહય બન્યો તો જીવન-જગતઘણું બદલાઈ ગયું હતું. ભવાનીશંકર વંઠી ગયો હતો, રાજેશ્વરી સ્વચ્છંદી બની ગઈને જૂઈ નિરાશ ને એકાકી બની ગઈ જો તેની માતા હોત તો આ હાલત ન થાત.

શ્યામ પ્રસાદનો અનૈતિક સંબંધ સાવિત્રી નામની સ્ત્રી સાથે હતો તેનાથી નીલિમા સંતાન પણ હતી. ઘણીવાર સાવિત્રી કહેતી લગ્નથી જોડાઈ જઈએ પણ શ્યામ પ્રસાદને મનમાં બીક હતી કે બધો પૈસો લઈને ચાલી જશે તો ? પણ જયારે સાવિત્રીની વફાદારી સાબિત થઈ ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. નહી તો ત્રણેય સંતાનોને માતાની છત્રછાયા મળત અને બધા લાઈનસર જીવત પણ તેવું ન બન્યું. શ્યામપ્રસાદ ધંધામાં સફળ રહયા પણ જીવનમાં તે અસફળ રહયા.

સુધાકર સાથે નીલિમાના લગ્ન થાય છે તેને કંપની તરફથી જર્મની ફરવા મોકલવાનું વિચારે છે ત્યાં તેની ઉદાર નીતિ જોવા મળે છે તો સુધાકર પર તેને પોતાના દિકરા કરતા પણ વધારે વિશ્વાસ આથી ભવાનીશંકર, શ્યામપ્રસાદ અને સુધાકરથી ખૂબજ જલતો. આમ, શ્યામપ્રસાદ એક સહજ પાત્ર તરીકે કથામાં મહત્ત્વની ભૂમિકાએ છે.

નવલકથાના પુરૂષ પાત્રોમાં ભવાનીશંકરનું ચરિત્ર પણ વિશેષ છે. ભવાની શંકર શ્યામપ્રસાદનો પુત્ર અને જૂઈ, રાજેશ્વરીનો ભાઈ, રેવા અને શ્યામપ્રસાદ કેટલી બાધા-આખડી-અપવાસ કર્યા હતા. પુત્ર માટે અને આ ભવાની શંકર માટે મૃત્યુ પણ પામી અત્યારે ભવાનીશંકરનો ઉછંખલ સ્વભાવ, માતાજીના નામ ઉપરથી તેનું નામ રખાયું ભાવની શંકરનું અદોદરું શરીર, કાળો, કાળા દાંત અને ભડકશીયા રંગના કપડા પહેરવાના બોમ્બેની બધી હોટેલો બારમાં તે જતો ભરચક પીવાનું અને ખાવાનું, બાપનો પૈસો ખૂબજ ઉડાવે છે અને આલોક જેવાની બદમાશ દોસ્તી એટલે સાવ કરતા સાવ વંઠેલો તે થઈ ગયો નીલિમાને ફસાવવાની ખૂબજ કોશીષ કરી પણ એકવાર નીલિમાએ કહી દીધેલું કે પૈસા વાહે છોકરીઓ આવે પણ તારું મોઢું જોયું છે લંગૂર જેવું તને હું મળું તે માટે સ્વપ્ના જોવાનું ય બંધ કર શ્યામપ્રસાદ સુધાકર પર વિશ્વાસ કરતો તે પણ ભવાની શંકરને ન ગમતું અને હવે તો ઘરે પણ શરાબની બોટલ લાવવાની શરૂ કરી દીધી. મોટા ઘોંઘાટથી ગીતો સાંળવા, જીભ ઉપર અને ખર્ચ ઉપર ભાવનીશંકરનો કોઈ અંકુશ ન્હોતો, દરજીનું બીલ પાંચ-પાંચ હજારથી પણ વધુ આવતું. ચીપકીને ઓળેલાવાળ, પાવડા જેવા કાળા દાત બતાવીને જયારે હસતો ત્યારે રાક્ષસ જેવો લાગતો. તે પોતાના પિતાના હાથને મરડીને કહી દે છે કે જો પૈસા નહી આપો તો આ દૌલત તો મારી જ છે તમે નાગની જેમ આના ઉપર બેઠા છો જો જોઈતા પૈસા નહી આપો તો તમને મારતા પણ અચકાઈશ નહી. "હું તમારો પાળેલો કૂતરો નથી કે તમે નાખો એટલા રોટલાના ટૂકડા ખાઉં". આ વિધાનો દ્વારા પિતાને સતાવતો. આલોકના ઘરે જઈને પેગ ઉપર પેગ પીતો નવી-નવી છોકરીઓના રાગ રંગમાં તે ચૂર રહેતો આલોકના મૃત્યુમાં પણ એક શકમંદ માણસ તરીકે ભાવનીશંકર ઉપર શક જતો. આમ આખી નવલકથામાં એવા કામો કર્યાં હોવાથી થોડીવાર ભાવકોને પણ તેના ઉપર શંકા જાય તેવું પાત્ર છે.

આલોકનું ચરિત્ર નવલકથા નાયકના પાત્ર જેટલું જ મહત્ત્વનું બને છે કારણ કે આખી વાર્તામાં રહસ્ય ઉત્પન્ન કરનાર આલોક જ છે. આલોકદાસ સાચી નામના વાળો ચિત્રકાર વર્લ્ડ ફોટોગ્રાફિક એકઝીબીશનમાં ઈનામો મેળવનારો રંગીન તબીયતનો, દાણચોરીના કાળાઘોળા ધંધામાં પ્રવીણ, કેફી પદાથોના અડા ચલાવે છે. છોકરીઓનો

બહેદ શોખીન આલોકને ત્યાં દિવસ ન ઉગતો, મહેફીલ ઉગતી, સમયની ત્યાં કોઈ રૂકાવટ કે પાબંદી નહોતી એ પેઈન્ટર હતો. હરરોજ અવનવી મોડલોની આવન જાવન ન્યૂડ સીટિંગ્સ... મ્યુઝિકમસ્તી નશો.. રાજેશ્વરી, નીલિમા પણ આવા માણસની ચુંગલમાં ફસાઈ ગયા. રાજેશ્વરી ઘણીવાર કોલેજેથી છૂટીને ત્યાં જતી વ્હીસ્કીના ગ્લાસમાં ખાલી પણું ભરાઈ જતું, થોડીવાર નફરત વિસરાય જતી, કળીની જેમ ખૂલી જતી, શરીરની ભૂખ ભડકી ઊઠતી.

પણ આલોક ખૂબસૂરત હતો, કલાકાર હતો પણ ઉસ્તાદ ખેલાડી હતો. હર સ્ત્રી એને મન એક પ્યાદુ હતી અને છતાં રોજ અહીં ન આવવાનો નિર્ણય કરનારનો નિર્ણય પીગળી જતો. નગ્ન સ્ત્રીઓના મોડેલ બનાવવા તે તેનો શોખ હતો. મ્યુઝિકની રેકોર્ડ પર યુવાનો-યુવતીઓ નાચતા. આલોક ખૂબ ચાલક હતો કોઈ પુરાવો રાખતો જ નહી પણ આલોકનું ખૂન થાય છે કોઈ એ છરીના ઘા ઉપર ઘા માર્ય છે. લોહીથી લથબથ લાશ પડી છે. ઈન્સ્પેકટર તેના ઘરની તલાશીમાં કબાટ ખોલે છે. અનેક ચીજવસ્તુઓ ઠાંસોઠાસ ભરેલી છે. આગળ પડેલું એક આલબમ ખેંચી કાઢયું. દેશ-વિદેશની નગ્ન બિભત્સ યુવતીઓની તસ્વીર, નગ્ન ફોટાઓ, બિભત્સ ચિત્રો, ઘણાં નવા-જૂના આલબમો, અશ્લિલ સાહિત્યના પુસ્તકો, બીભત્સ પોઝવાળી યુવતીઓની, જાત જાતની રમતો, પત્તાઓ, મોંઘોંદાટ ફોરેનનો કેમેરા... ઘણું બધું નીકળ્યું. આલોક બ્લ્યૂ ફિલ્મ બનાવીને પણ વેચતો હશે એવું લાગ્યું નહીતો એક ચિત્રકારનું આવું સરસ ઘર ન હોય. આ ઉપરાંત કોઈનું બ્લેકમેઈલ કરીને પણ પૈસા કમાતો હશે એવું લાગ્યું. ઘણા મોટી ઉંમરના પણ છોકરા-છોકરીઓ, સ્ત્રી-પુરૂષના પોઝ પણ હતા. મોટી ઉંમરની વ્યક્તિના કઢંગી હાલતમાં ફોટા પાડીને પછી પૈસા પડાવતો. આમ બધાને લૂંટતો આલોક છેલ્લે જીંદગી લૂંટાવી બેસે છે. પામબીચ રિઝોર્ટ હોટલનો માલિક માનસિંહ ઉર્ફે બુદ્ધુ જેવો દેખાતો દિનુ પંડિત આલોકનું ખૂન કરે છે.

પામ બીચ રિઝોર્ટ હોટલનો માલિક માનસિંહ ઉર્ફે બુદ્ધ જેવો દેખાતો દિનુ પંડિત બહારથી ભોળો, પોચો, ઢીલો દેખાતો દીનું ખૂબજ ચાલાક છે. પોતાની હોટલમાં સેકસનો ધંધો ચલાવતો અને ઉપરથી સાદી બાર હોટલનો દેખાવ કરતો. આલોકના ધંધાની જાણ થાય પછી ખબર પડે છે કે આલોક સાથે આ મેનેજર પણ સંકળાયેલો છે. આલોકના

બિભત્સ – બ્લેકમેઈલના સાહિત્યનો ધંધો આ હોટલમાં થતો. મોટા કહેવાતા લોકો પોતાના લફરા છુપાવવા આવી હોટલમાં જતાં મેનેજરને સામેચાલીને બ્લેકમેઈલ માટે શિકાર મળી રહેતો મેનેજરની અને આલોકની આવા કામમાં જોડી હતી. નીલિમા અને આલોક ૧૯ નંબરની રૂમમાં ઉતયા પછી આલોક અને માનસિંહ વચ્ચે જે વાત થઈ તે કે આપણો સેકસનો ધંધો છે આપણે તેમાં ન સંડોવાય. નીલિમા શ્યામપ્રસાદની રખાતની પુત્રી છે. દૂધાળી ગાયનું વાછરડું છે દોહી લઈએ અને બંને યોજના ઘડે છે.

નીલિમાં સાંભળી જાય છે. બંને ને પારખીને ઝઘડી પડે છે અને ત્યાંથી ભાગવા જાય છે. બંને માટે નીલિમા જોખમરૂપ હતી એટલે નીલીમાને મારી નાખે છે. માનસિંહ. પછી આલોક દાણચોરીનો ધંધો કરતો હતો એટલે પરદેશ ચાલી જવા માગતો હોય છે. જો આલોક પરદેશ જાય તો કાયમ માટે નીલિમાના ખૂનની તલવાર માનસિહ માથે લટકે. પોતે કરેલા ખૂનનો એ સાક્ષી હતો. આથી વર્ષોથી બ્લેકમેઈલનો ધંધો કરનાર માનસિહ પોતાની ચોટલી બીજાના હાથમાં ન સોંપે આથી તે આલોકના ખૂન ઘરે જઈ નીલિમાના ખૂન પછી આલોકનું કરી નાખ્યું. આમ બે – બે ખૂન કરનાર માનસિંહ ચહેરા ઉપરથી ભોળો દેખાતો અંતે ખૂની ઠરે છે.

તો વાર્તામાં આવતા ઈન્સ્પેકટર પ્રધાન ખૂબજ શાણા, હોંશિયાર છે. બંને ખૂનના કેસ સોલ કરે છે જરૂર પડયે બધાની કસોટી કરીને કડક પૂછપરછ પણ કરે છે તો શાસ્ત્રી અને બવે તેના આસિસ્ટનો છે અને ધનવંત હોટલનો નોકર છે કે જેના દ્વારા બધી જાણ થાય છે કે હોટલમાં શું થાય છે. મિસ દસ્તૂરને અનિલ સુધાકર સાથે ઓફિસમાં કામ કરનારા છે અને મિ. શેઠ તે લાશનું પોસ્ટ મોટમ કરનાર ડૉકટર છે. આમ, વિવિધ પાત્રો દ્વારા કથાને ગતિ મળી છે.

- **'છેવટનું છેવટ'**

'છેવટનું છેવટ' નવલકથાના પુરૂષ પાત્રોમાં સૌ પ્રથમ પાત્ર છે વિનોદભાઈ શેઠનું વિનોદભાઈ એક બિઝનસમેન એટલે પૈસે ટકે સુખી માણસ તે પોતાના લગ્ન જીવનના વીસ વર્ષ પૂરા થયાની સાંજે પત્નીને સરસ હીરાનો હાર ભેંટ આપે છે ત્યાંજ પાર્ટીમાં હાર ગુમ થાય છે અને પછી બધી તપાસ ચાલે છે ત્યારે તેના ભૂતકાળની ખબર પડે છે તે કોલેજમાં ભણતા ત્યારે આફ્રિકા ફરવા ગયા અને સુમીબેનના કેસની ખબર પડે

છે. તેમાં રસ લઈને તેને છોડાવે છે. આથી સુમીબહેન અને તેના વચ્ચે પ્રેમ થાય છે અને બંને લગ્ન કરે છે. તેને સુરમા નામની એક પુત્રી પણ થાય છે. હીરાનો હાર તેની પાસે તેના દાદાના વખતનો હતો. વિનોદભાઈ ના મિત્રોમાં ડૉ. મહેતા, વિજયરાય દેસાઈ, સુબોધભાઈ અંજારીયા હતા.

વિનોદભાઈનું મુંબઈમાં સારું માનપાન તેના ભૂતકાળના પુરાવા લઈને કેશુ નામના માણસના હાથે તે બ્લેકમેઈલ થાય છે. જેનું ખૂન નથી થયું તેના ખૂનનો આરોપ તેના પર આવે છે પણ અંતે કામવાળીના બયાનથી અને બધા પુરાવાઓના આધારે તે નિદોષ સાબિત થાય છે.

ત્યારબાદ ડૉ. મહેતાનું પાત્ર આવે છે તે વિનોદભાઈના ગાઢ મિત્ર અને કેશુના મોટાભાઈ ડૉ. મહેતાના માત-પિતા ટ્રેઈન અકસ્માતમાં મરી ગયા પછી નાનો ભાઈ કેશુ નાની સરખી ચોરીના ગુના માટે જેલમાં ગયો. સમાજમાં શરમ આવે એવી રીતે કેશુના તેના ધંધા વધતા ગયા બંને ભાઈ છૂટા થયા. ડૉ. મહેતાએ નામ બદલાવીને ભણ્યા ભણવામાં હોંશિયાર સ્કલોરશીપ પણ મળી અને વિનોદભાઈ જેવા મિત્રો પાસેથી પૈસા ઉછીના લઈને તે લંડન ભણવા ગયા. ભણીને ડૉક્ટર બન્યા ને સરસ જીવન ચાલ્યું જતું હતું. સુધાબહેન સાથે લગ્ન કર્યા આમ જ વર્ષો વીતી ગયા અને અચાનક કેશુનો સામનો રસવિહારમાં થાય છે. પ્રાણસુખ ઉદાણી નામ બદલીને ડૉ. મહેતા બન્યા તે કોઈને ખબર ન્હોતી કેશુને સમજાવે છે તેના જીવનમાંથી દૂર ચાલ્યા જવા કેશુ તેની પાસેથી પણ પાંચ હજાર રૂપિયા પડાવે છે અને અંતમાં ડૉક્ટરનું પણ રહસ્યાત્મક રીતે ખૂન થાય છે. આ કથાનકમાં એકદમ હળવું, રોમેન્ટીક, આનંદદાયક પાત્ર તરીકે આવતું આ ડૉ. મહેતાનું પાત્ર છે.

વિજયરાય દેસાઈ પણ વિનોદભાઈના મિત્ર છે. તેની પત્ની રાધાબહેનને પુત્ર શ્રીધર. મિસ્ટર દેસાઈ ઓટો મોબાઈલ સ્પેર પાર્ટસનો બિઝનેસ કરતા. ઓપેરા હાઉસમાં તેની દુકાન છે. આર્થિક સ્થિતિ ઠીક ઠીક ગણાય તેવી છે. તે વાલકેશ્વર પર ઓનરશિપ ફ્લેટમાં રહે છે અને વિનોદભાઈ સાથે સારો સંબંધ છે.

ત્યારબાદ સુબોધ અંજારિયા તેની સામાન્ય સ્થિતિ છે. વિનતી મિલ્સમાં પરચેઈઝ ઓફિસર છે. સ્વભાવે નિખાલસ અને મિલનસાર હોવાથી સારી પ્રતિષ્ઠા ધરાવે છે.

કોઈક હિલ સ્ટેશન પર એકઠા થઈ જવાથી વિનોદભાઈ સાથે સારો સંબંધ છે. તેમની એક પુત્રી પરણાવેલી છે અને એક પુત્ર બરોડાની હોસ્ટેલમાં ભણે છે.

શ્રીધરનું પાત્ર આવે છે. તે વિજયરાય દેસાઈનો પુત્ર છે. તે કોલેજમાં ભણે છે. અનુજ્ઞા સાથે જયારથી પરિચય થયો છે ત્યારથી તેને ચાહે છે પણ માતા-પિતા સુરમા સાથે લગ્ન કરે તેવું ઈચ્છે છે. પણ શ્રીધરને તો અનુજ્ઞા જ ગમે છે. આથી સમય ને તક મળતા તે અનુજ્ઞા સાથે બહાર ફરવા જાય છે. તે અનુજ્ઞાને ચાહે છે પણ અનુજ્ઞા તેને ચાહે છે તેની તેને ખબર નથી.

કિશોરનું પાત્ર પણ આવે છે જે સુરમાનો કોલેજનો મિત્ર છે. તે બંને સાથે ભણે છે. કિશોર દાણચોરીના ધંધામાં કેશુ સાથે જોડાયેલો હતો તેવું રસવિહાર હોટલના રાઠોડે કહયું અને કેશુ સાથે કિશોર હતો તેવું ઓળખી પણ લીધો અને સુમીબહેનના ગળામાંથી હાર સેરવીને સંતાડનાર પણ કિશોર હતો. સુરમાને કિશોર ગમે છે પણ કિશોર સુરમાના પૈસાનો ફાયદો મળે તેથી તેની સાથે ફરતો.

આ નવલકથામાં આ ઉપરાંત રસવિહાર હોટલનો મેનેજર / કલાર્ક રાઠોડનું પાત્ર આવે છે. તે મિ. ઝાટકિયાને અને કેશુની મુલાકાત કયારે થઈ, કિશોર પણ કેશુને મળવા આવતો આ બધી હકીકત પોલીસને જણાવીને મદદરૂપ થાય તેવું પાત્ર રચાયું છે.

મિ. જોન ઝાટકિયા એ લીલીનો પતિ છે. તેને રેસ્ટોરન્ટ છે અને કેશુ જેલમાંથી છૂટીને લીલી સાથે જૂનો સંબંધ હોવાથી તે પાછો લીલીને મળવા આવે છે તેને ફસાવવા માગે છે. આથી મિ. જોન ઝાટકિયા કેશુને રસવિહારમાં ધમકાવા જાય છે. ઈન્સ્પેકટરને બધી વાત કહેવામાં ઝાટકિયા ગુસ્સો કરે છે. મિજાજનો ખૂબ ખારો માણસ છે. ઈન્સ્પેકટરને પણ સંભળાવી દે છે.

કેશુનું પાત્ર આખી નવલકથામાં રહસ્ય જન્માવનારું છે. કેશુ મૃત્યુ પામે છે ત્યાં સુધી એક રહસ્ય રહે છે કે તે ડૉ. મહેતા ઉર્ફે પ્રાણસુખ ઉદાણીનો નાનો ભાઈ હતો. તે નાની-નાની ચોરી કરીને જેલમાં જાય છે. મોટો ભાઈ સમાજની શરમને કારણે તેની સાથે સંબંધ કાપી નાખે છે. વિનોદભાઈ કેશુને આઠ વર્ષથી ઓળખે છે. એક વખત કેશુ

અચાનક ખારના ફ્લેટમાં રહેતા હતા ત્યાં કોઈને ખબર નથી એવા વિનોદભાઈ પાસેના હારની વાત કરે છે તેને જ મેચિંગ થાય તેવા પાણીદાર હીરા કેશુ પાસે હતા તે વિનોદભાઈને કેશુ પરાણે સુમીબેનના ભૂતકાળની જાણ તેને છે એટલે બ્લેકમેઈલ કરીને તે હીરા પચાસ હજારમાં વિનોદભાઈને આપે છે. સાત વર્ષ પછી પાછો કેશું વિનોદભાઈને મળે છે તે હીરા ચોરીના હતા અને હવે પોલીસનો ડર ન હોવાથી હીરા પાછા માગે છે તે ઉપરાંત તે હારને બે લાખ રોકડા તે માગે છે તે સમર હાઉસમાં વિનદભાઈને મળવા પણ આવે છે. તેની પાછળ કપૂર હોય છે જે તેની સાથે હીરાની દાણચોરીમાં સામીલ હોય છે. વિનોદભાઈ તેને દસ હજાર રૂપિયા આપીને સમય માંગે છે અને ત્યારબાદ ડૉ. મહેતા પોતાના મિત્રને કેશુના બ્લેકમેઈલમાંથી છોડાવવા તેની પાસે જાય છે.

એ તકનો લાભ લઈને કપૂર પાછળથી કેશુનું ગળચી દાબી ખૂન કરી નાખે છે પછી તો કેશુના બધા દાણચોરીના કામનો સાથ કપૂર હતો. એટલે કપૂરે પુરવા એવા ઉભા કર્યા કે નામ વિનોદભાઈનું આવે છે. ડૉ. મહેતાનું આવે આમ એક દાણચોર બીજા દાણચોરના હાથે મરાય છે.

આ નવલકથામાં બ્લેકમેઈલ અને સસ્પેન્સ ઊભું કરનાર ઈન્સ્પેકટર કપૂર છે. તે પોતે ખૂની છે તે ચાલાક છે કેશુની લાશને સૌથી પહેલા ઓળખનાર કપૂર જ હતો. સૌ પહેલા કપૂર વકીલાતની પ્રેકટીસ કરતો અને એક ધારાશાસ્ત્રીને સાથે રાખી કેશુનો બચાવ કર્યો હતો. આથી તે કેશુને ઓળખતો હતો તેમ કહયું હતું. કેશુ અને કપૂર ખૂબજ સિફતથી દાણચોરીનો ધંધો કરતા. કેશુને આગળ રાખીને આખો દોરી સંચાર કપૂર કરતો. કપૂરે કેશુનું ડૉ. મહેતાનું ખૂન કરીને કિંમતી હીરાનો હાર, દસ હજાર રૂપિયા બધુ કેશુની રૂમમાંથી લઈ લીધુ હતું. ડૉ. મહેતા તો એક પોલીસને કેશુંનું ખૂન કરતા જોઈ ગયા. આથી તેણે ડૉ. મહેતાને પણ મારી નાખ્યા. વિનોદભાઈના ઘરમાં ડયૂટી કરતાં કપૂરે બે ચિઠ્ઠી લખી અને હાર પણ ચોયો. આખરે પોતાનીજ ચાલાકીમાં ફસાઈને તે માયો ગયો. આમ આખીય વાતમાં સસ્પેન્સ ઉપજાવે તેવું પાત્ર છે.

આ ઉપરાંત આસિસ્ટન્ટ પોલીસ કમિશ્નર મિ. યાદવ, ઈન્સ્પેકટર યાદવ, અનંત, કર્ણિક, રોહિત જેવા શાણા, હોંશિયાર પોલીસકર્મચારીથી આખો કેસ સોલ થાય છે.

આમ, આખીય નવલકથામાં આવતા સ્ત્રી પાત્રો કે પુરૂષ પાત્રો દ્વારા કથાને એક નવો જ વણાંક મળે છે. વાર્તામાં આવતા દરેક પાત્રનું કથાવસ્તુને આગળ વધારવામાં મહત્ત્વનું કાર્ય કરે છે તેવાં મહત્ત્વના પાત્રો છે.

- **'પાછાં ફરતાં'**

'પાછાં ફરતાં' નવલકથાના પુરૂષપાત્રોમાં દિવાકર, અનંત, નારાયણ સૂર્વે, અર્જુન, નીલ, કેદાર પંચોલી, મણિભદ્ર, પૃથ્વીરાજ, યાકુબ, ગૌતમ ચોકસી, વિશ્વનાથ મોતીરામ, ઈન્સ્પેકટર વાઘેલા, સબ-ઈન્સ્પેકટર બક્ષી, પ્રભુ.

નવલકથાની શરૂઆતમાં દિવાકરનું પાત્ર આવે છે. તે ચારૂબાલાના પતિ અને શ્યામા – અનંતના પિતા કરોડપતિ પિતાનું એક માત્ર સંતાન ચારું સાથે તેના લગ્ન થયા. તેના બચપણના મિત્ર કેદાર પંચોલી તે મિત્ર મધ્યમવર્ગનો પણ શ્રીમંતાઈનો ભાર કયાંય લાવ્યા વગર મિત્રતા નિભાવતો. શ્યામા યુવાન થતાં તે નારાયણ સૂવે જેવા નાલાયક માણસ સાથે ભાગી જતાં, પૌત્રનું અપહરણથી ખૂબજ આઘાત લાગે છે અને તે નિરાશામાં થોડા વષો જીવીને મૃત્યુ પામે છે.

અનંત તે નવલકથાના પાત્ર માહેનું મુખ્ય પાત્ર સમાન છે. તે દિવાકર ચારુનો પુત્ર, શ્યામાનો ભાઈ, રંજુનો પતિ અને નીલકાન્તનો પિતા. શરૂઆતમાં અનંતનું વ્યક્તિત્વ હસમુખુ અને મળતાવળું હતું એ આખા ઘરની રોનક હતી. આખા ઘરમાં તેનું હાસ્ય સતત પડઘાયા કરતું હોય વહેલી સવારે પહેલા તો મિત્રો સાથે બેડમિન્ટન રમતો. બપોરે લોન ઉપર સૂતા સૂતા શાયરીની મહેફીલ જામતી રાત્રે થોડા મિત્રોને ભેગા કરીને ટાગોરની કવિતા વાંચતો. અનંતના લગ્ન થયા રંજુની સાથે, પછી તો જીવન ખૂબ જ આનંદમાં જવા લાગ્યું. અનંત પાન ખાતો પણ રંજુને કારણે પાનનો શોખ થઈ ગયો. રંજુ ખૂબજ સારું ગાતી આથી ઘણીવાર રંજુ તેની કવિતા ગાતી અને સિતારની સંગત પણ કરતી તેના પુત્ર નીલકાન્ત અને પત્ની સાથે તે ખૂબ ખુશ હતો. પણ તેની આ ખુશી જાણે વિધાતાએ થોડાં સમય માટે લખી હોય તેમ એક દિવસ યાકુબ ડ્રાઈવર નીલકાન્તને સ્કૂલે મૂકવા જતો હતો. રસ્તામાં પાન ખાવા ગાડી ઊભી રાખી અને પાંચ મિનિટમાં નીલનું અપહર થઈ ગયું. ત્યારબાદ સાવ નિરાશ થઈ ગયો પછી તો પિતાનું અવસાન, માતા અને પત્નીનું પણ અવસાન એટલે અનંત સાવ આધાર વગરનો થઈ જાય છે.

વીસ વર્ષ પછી બેન ઘરે પાછી આવે છે ત્યારે થોડું જીવન વ્યવસ્થિત થવા લાગે છે તે પોતાના પૈસાદાર ઘરને સાવ ખવાતું જોવે છે પણ બેન અને તેના દિકરાને પાળવા માટે તે પોતાની સાચી આર્થિક સ્થિતિ બેન પાસે પ્રગટ નથી કરતો અને ઘરના કિંમતી સામાનને વેંચીને તે આર્થિક તંગી દૂર કરે છે. મણીના મૃત્યુથી અનંત સાવ ભાંગી પડે છે. પણ અનંતમાં સાચાખૂનીનું મળવું, પોતાના પુત્રનું મળવું અને શ્યામાની સારવારથી તે પાછો જીવન જીવવા લાગે છે. આખી નવલકથાનું ખૂબજ દુઃખી પાત્ર છે.

નારાયણ સૂર્વે એક દારૂડિયો વેપારી છે યુવાનીના વર્ષોમાં શ્યામા તેના રૂપ ઉપર મોહી પડે છે અને તે પહેલીવાર આરક્ષિત ગઢ જેવા ઘર બહાર નારાયણ સાથે ભાગી જઈને લગ્ન કરે છે. શરૂઆતમાં નારાયણનો પ્રેમ સારો લાગ્યો પણ પછીથી બધુ બદલાયેલું લાગ્યું. નારાયણ દારૂ પીતો, જુગાર રમતો, અને પત્નીને માર પણ મારતો. નારાયણ અને શ્યામાને એક પુત્ર થયો, તે અર્જુન પણ નારાયણનું ચરિત્ર એટલું ખરાબ હતુ કે માનવીનો ઈશ્વર પરથી ભરોસો ઊઠી જાય પછી તો તે ધીમે ધીમે ચોરી, લૂંટફાટ પણ કરવા માંડે છે. તેનો પુત્ર પણ અસલ પિતાની છત્રછાયામાં પિતા જેવો જ બને છે. એકવાર ખૂનના આરોપસર તે જેલમાં ગયો અને પછી તે ત્યાંથી ભાગી ગયો અને પોતાના પુત્રના રૂમમાં આવીને સંતાય છે અને અનંતને મારવાની પેરવી કરે છે અને જો અનંત મરી જાય તો પછી તેની પત્ની, ભત્રીજાને દબાવીને તે સારી મિલકત ઉપર કબજો જમાવી લે પણ પંચોલી અંકલ અને ઈન્સ્પેકટર વાઘેલાની મદદથી તે પકડાય છે.

અર્જુન, તે આજ નવલકથાના પાત્ર માહેનું એક પાત્ર છે. તે શ્યામા અને નારાયણનો પુત્ર છે. શરીરથી કદરૂપો, અદોદળું શરીર અને રહેવાની જમવા કરવાની કોઈ આવડત વગરનો તેના પિતાની છત્રછાયામાં તે મોટો થયો. આથી તેના પિતાના ગુણો તેનામાં આવ્યા છે. ઉદ્ધધતાઈથી બધા સાથે બોલવું અને અવ્યવસ્થિત જીવન જીવવું આ એનું ચરિત્ર એક ગોપી નામની નીચા સ્તરની છોકરી સાથે તેનો સંબંધ, સદાય ઘરમાં નોકરો ઉપર અને મા ઉપર દાદાગીરી કરવી, રાત્રે મોડું આવવું અને બહારનું ખાવું, ફિલ્મો જોવી. આમ, રંગરાગ ભર્યું જીવન તેનું હતું. પોતાનો બાપ જેલમાં છે તેની તેને જાણ છે કયારેક કયારેક તે તેના પિતાને મળતો મા ઘણીવાર મહેનત

કરવાનું કહે ત્યારે તે કહેતો કે મામાના ઘરે લહેરથી જીવાય છે પછી શું કામ કામ કરવું જોઈએ. મામા મરે પછી બધી જાયદાદ આપણી જ તો છે. આવું હલકું વિચારનારો છે. વાર્તાના અંતમાં નીલનું મળી આવવું તેને પસંદ નથી. મણિ સાથે પણ વારેવારે ઝગડો કરતો. આથી મણિના ખૂનનો આરોપ અર્જુન પર આવે છે. પિતા જેલમાંથી ભાગીને અર્જુનના રૂમમાં સંતાઈને રહે છે એટલે પિતાને આશય આપનારો અર્જુન શ્યામાના જીવનના કલંકની નિશાની સમાન છે.

નીલકાન્ત ઉર્ફે નીલુ એ અનંત અને રંજુનો પુત્ર છે. નાનો હતો ત્યાં દાદા દિવાકરનો લાડકો શ્યામા ઘરમાંથી ચાલી ગયા પછી બધા આ બાળકના આધારે આનંદમાં રહેતા પણ એ નીલને યાકુબ એકવાર સ્કૂલે મૂકવા જાય છે ત્યાં ગાડીમાંથી તેનું અપહરણ થાય છે. ઘણી તપાસ છતાં નથી મળતો. ત્યારબાદ વીસ વર્ષ પછી શ્યામા અનાથ આશ્રમમાંથી નીલની ભાળ મેળવે છે. નીલ ઉર્ફે દેવુ જે નાનપણમાં તે દારૂ ગાળતી ટોળકીમાં હતો માર મારીને તેની પાસે કામ કરાવતા પછી પોલીસ દ્વારા પકડાયા અને જજે તેને આ વિશ્વનાથના અનાથ આશ્રમમાં મૂકી ને તેને ભણાવવાનું કહયું. ત્યારથી તે ભણે છે. ભણવામાં હોંશિયાર કોલેજના બીજા વર્ષમાં અંગ્રેજી-ગણિતમાં પહેલો આવ્યો અને એક દાતા તરફથી તેના ભણવાના પૈસા મળતા. અનાથ આશ્રમના હિસાબ-કિતાબનું કામ અત્યાર સુધી તેજ સંભાળતો શ્યામ સાથે તે આશ્રમમાંથી ઘરે આવે છે. અનંતે પણ આટલાં વર્ષોથી પોતાના પુત્રને જોયો ન્હોતો અને આમ, અચાનક જોતાં જ તે તેને છાતીએ વળગાળી દે છે. અંતમાં સાચી ખબર પડે છે કે નીલ ખરેખર શ્યામાનો ભત્રીજો નથી પણ પૃથ્વીરાજે અને યાકુબે મિલકત માટે કરેલું એક નાટક હતું. પણ નીલનું પાત્ર બધી હકીકત સાચી જણાવી દે છે. આથી વાર્તાના અંતમાં શ્યામા નીલની સચ્ચાઈથી ખુશ થાય છે અને કહે છે તું જ મારો સાચો નીલ છે હવે તને કયાંય નહીં જવા દઉં. આમ નીલનું પાત્ર પણ મહત્ત્વનુ રહે છે.

કેદાર પંચોલીનું પાત્ર નવલકથામાં અડધેથી આવે છે. તે રિટાયર્ડ ઈન્સ્પેકટર હતા. શ્યામાના પિતાના મિત્ર. સ્કૂલમાં સાથે ભણતા. કેદારપંચોલી મધ્યમવર્ગના હેડ કલાર્કના પુત્ર અને દિવાકર કરોડપતિ પુત્ર પણ તે છતાંય બંનેની દોસ્તપર કોઈ પૈસાનો ડાઘ કે દંભ ન્હોતો. શ્યામા ઘરમાંથી ભાગી ગઈ ત્યારે અને નીલના અપહરણમાં કેદાર

પંચોલીએ દિવાકરની ખૂબ મદદ કરી અને આજે વીસ વર્ષ પછી પણ તે પોતાના મિત્રના ઘર ઉપર આવેલી આફતમાં તે. શ્યામાને સહકાર આપીને બધા પ્રશ્નો દૂર કરે છે. આ નવલકથાનું સૂઝ-સમાજવાળું પાત્ર છે.

પૃથ્વીરાજનું પાત્ર પણ આજ નવલકથામાં આવે છે. પૃથ્વીરાજ આ ઘરનો રસોયો છે. આઠેક વર્ષથી આ ઘરમાં કામ કરે છે તે કહેતો કે પહેલા રાજાશાહી વખતે રામસંગબાપુને ત્યાં કામ કરતો મણિના ખૂનના દિવસે મહેમાન આવવાના છે એમ કહયું ત્યારે તે રાજી થઈ જાય છે કે આજે તેની રસોઈકળા બતાવવાનો મોકો મળશે. પણ વાર્તાના અંતમાં પૃથ્વીરાજ અને યાકુબે મિલકત માટે નકલી નીલનું નાટક કર્યું. મણીનું ખૂન કર્યું. આ બધા બનાવથી આ પાત્રની સચ્ચાઈ સામે આવે છે.

ત્યારબાદ મોતી રામનું પાત્ર પણ નોકરનું જ છે. ઘણાં વર્ષોથી આ ઘરનો નોકર છે. હવે તો મોટી ઉંમરને કારણે તેને રાત્રે જાજું દેખાતું પણ નથી. મણિનો તે ખાસ મિત્ર અને આ ઘરનો વાફદાર નોકર.

આ કથાના ડ્રાઈવર તરીકે યાકુબનું પાત્ર આવે છે જે તે પહેલા દિવાકરની ઓફિસમાં કામ કરતો મેટ્રીક પાસ થયો પછી તેને ડ્રાઈવીંગ શીખવ્યું અને વર્ષોથી આ ઘરનો ડ્રાઈવર રહયો.

મણિભદ્ર પણ આ ઘરનો નોકર છે નોકર ન કહીએ તો એક વફાદાર માણસ તે શ્યામા – અનંત નાના હતા ત્યારથી તેના ઘરમાં નોકર તરીકે હતો. અનંતને ખભે બેસાડીને રમાડતો એટલો જૂનો આ ઘરનો માણસ. અનંતના માતા-પિતા ગયા પછી અનંતને ખૂબ હૂંફ આપીને જીવતો રાખ્યો. શ્યામાને પણ ગોતીને વખત વખતના સમાચાર આપતો અને અંતે શ્યામાને આ ઘરમાં પાછા ફરવા મજબૂર પણ મણિ જ કરે છે. દિવાકરની પત્ની ચારું તેના પિયરના ઘરની બાજુમાં તુલસી રહેતી તેના ઘરના તેને ખૂબજ ત્રાસ આપતા આથી તેને પોતાની સાથે પોતાના ત્યાં લઈ આવી અને મણિ સાથે તેનું લગ્ન પણ કરાવ્યું. આમ મણિ તે આ ઘરનો એક સભ્ય જ હતો. પોતાના માલિક અનંતની આર્થિક સ્થિતિ સારી ન હતી ત્યારે પણ તેને મદદ કરતો અને પૃથ્વીરાજ અને યાકુબની વાત જાણી ગયા પછી તે શ્યામાને જે રાત્રે કહેવાનો હતો તે જ રાત્રે તેનું ખૂન થઈ જાય છે. આમ મણિનું પાત્ર આ ઘરના એક સભ્ય તરીકે આવે છે.

આ ઉપરાંત ગૌતમ ચોકસીનું પાત્ર વકીલ તરીકેનું આવે છે અને વિશ્વનાથનું પાત્ર અનાથ આશ્રમના સંચાલક તરીકે આવે છે. આ ઉપરાંત ઈન્સ્પેકટર વાઘેલા જે ખૂબ બાહોશ, હોશિંયાર, ચાલક ઈન્સ્પેકટર છે તેની ચાલાકીથી મણિના ખૂનની ગડમથલ સૂલજે છે અને સાચો ખૂની પકડાય છે. તેના સહાયક તરીકે ઈન્સ્પેકટર બક્ષીને, પ્રભુ, બંને છે. આમ આ નવલકથામાં આટલા પુરૂષપાત્રો આવે છે. જેમાં દરેક પાત્રનું કંઈકને કંઈક મહત્ત્વ તો અવશ્ય કથામાં છે જ.

- **'પગલાં'**

'પગલાં' રહસ્યમય નવલકથાના પુરુષ પાત્રોમાં જગન્નાથ, મિ. નંદા, ડૉ. મિત્તલ, સુંદર, વિલાસ, વિષ્ણુ, ઈન્સ્પેકટર બત્રા, ઈન્સ્પેકટર પટ્ટણી, ડીટેકટીવ જે. કે. ગુલામ, નઝમ, શંકર જેવા પાત્રો આવે છે.

વાર્તાનો નાયક જગન્નાથ છે. તે બહુ મોટો ઉદ્યોગપતિ છે. તે હમણા બિઝનેસ કોન્ફરન્સમાં બહારગામ ગયા હતા ત્યાં એક અકસ્માતથી ઝરીના સાથે મુલાકાત થાય છે. કોન્ફરન્સમાંથી રોજ છટકીને ત્રણ-ચાર દિવસથી ઝરીનાને મળે છે. હોટલમાં, દરિયા કિનારે ફરે છે. પછી તે એક દિવસ અચાનક જ તે ઝરીના સામે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે અને ઝરીના પોતાનો ગંદો ભૂતકાળ દાટી દઈને સુનિતા નામ ધારણ કરી જગન્નાથ સાથે જોડાય છે. જગન્નાથ ખૂબજ પૈસાદાર માણસ છે. આથી અનેક છોકરીઓ તેના પૈસા પાછળ આવે પણ ઝરીનાએતો જગન્નાથ ને જ પ્રેમ કયો હતો. બંને વચ્ચે ઘણો તફાવત હતો જગન્નાથનો દેખાવ સામાન્ય કાળો ચહેરો, જાડા ચશ્મા, આગળથી અડધી તાલ એટલે કપાળ મોટું લાગતું હતું ઉમરમાં પાંત્રીસ - ચાલીસ અને પાછો વિધુર અને સામે ઝરીના નખશીખ સૌદર્યની મૂર્તી સત્તર-અઢાર વર્ષની યુવાન તેમ છતાંય તે જગન્નાથના દિલને ચાહે છે દેખાવને નહી અને જગન્નાથ દેખાવે ભલે સામાન્ય હોય પણ દિલથી બહુ જ સારો માણસ હતો. તે ઘણી સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયો હતો બંને લગ્ન કરે છે જગન્નાથને કોઈ સંતાન ન હતું. આથી પોતાની અઢળક મિલકત વૃદ્ધાશ્રમ, મહિલા આશ્રમ, અનાથ આશ્રમ, દવાખાનામાં અનેક જગ્યાએ દાન આપી હતી. આમ સેવામય જીવન વિતાવતા જીવનના ઘણાં વર્ષો બંનેએ પ્રેમથી વિતાવ્યા ઘણી વખત ઘણા મિત્રો તેના કજોડાની મશ્કરી પણ કરતાં અને છેલ્લે હાર્ટ એટેકથી

જગન્નાથનું મૃત્ય થાય છે. સુનિતા જીંદગીના છેલ્લા વષોમાં એકલી થઈ જાય છે. આમ જગન્નાથનું પાત્ર શરૂઆતમાં જ આવે છે. આ પાત્ર સાવ સીધું છે તે સુનિતાને સાચો પ્રેમ કરનારો છે. આથી જ તેને સુનિતાના પૂર્વ જીવનમાં કોઈ રસ ન્હોતો. વાર્તામાં થોડા સમય પૂરતું આ પાત્ર આવે છે.

આ ઉપરાંત વાર્તાના મુખ્ય પાત્રની સમકક્ષ જેવું જ બીજું પાત્ર છે. મિ. નંદાનું છે. જે સુનિતા અને જગન્નાથના સોલિસિટર છે. નંદા તે જગન્નાથના મિત્ર પણ છે અને જગન્નાથની હાજરીમાં પણ તે તેની મિલકતની દેખરેખ રાખતા જગન્નાથના મૃત્યુ પછી સુનિતા એકલી થઈ જાય છે ત્યારે તેના વીલના એકઝીકયુટર પણ છે. નંદાની પત્નીનું નામ ક્રિષ્ના છે. તેની એક પુત્રી છે વિરાજ તેને નાની બે દિકરીઓ છે અને તે વિધવા થઈ છે અને સુનિતા તેની અંતિમ સમયે તેને બોલાવે છે અને સુનિતાની બહેનપણી શબનમને પણ પોતાના વિલની એકઝીકયુટર બનાવે છે પછી તો સુનિતાના મૃત્યુ પછી તો ગિરિબાઈનું ખૂન થવું, સુનિતાના પુત્ર વિલાસનું શોધવું સુનિતાની મિલકતનો એક ભાગ તેને આપવો એના વિલ મુજબ વ્યવસ્થા કરવી. આ માટે નંદાના મનમાં ગદ્દારી ઊભી થાય છે અને તે સુનિતાની મિલકત માટે ઘણા રહસ્યો ઊભા કરે છે. ગિરિબાઈનું ખૂન કરાવે છે, વિલાસનો ફોટો ગુમ કરાવે છે, પોતાના માણસ પાસે પછી સુંદર સાથે મળી વિલાસનું ગુમ કરાવવું, શબનમ પર બે વાર જાન લેવા હુમલો કરવો, સુંદરના નામે બે લાખ રૂપિયા માંગવા, –આમ નંદાની ઉપર કોઈને શક ન જાય તેમ બધા રહસ્યો ઊભા કરે છે. પણ દિલ્હીથી પાછાં આવતા શબનમને મનમાં એક ઝબકારો થાય છે અને એરપોર્ટ પર પેસેન્જર લીસ્ટમાં ખુદ નંદાનું નામ હોય છે ત્યારે શબનમને શક જાય છે. પછી તો ઈન્સ્પેકટર બત્રા અને જે.કે. મળીને નંદાની અસલીયત સામે લાવે છે ત્યારે શબનમને આશ્ચર્ય થાય છે અને કહે છે કે નંદા આ બધુ કોના માટે કર્યું અને નંદા પણ આ બધું પોતાની વિધવા પુત્રી માટે કરે છે. આમ શરૂઆતથી નંદાનું પાત્ર વફાદાર લાગતું પણ અંતમાં તે જ રહસ્ય ઊભું કરનાર ગદ્દાર પાત્ર નીકળે છે.

ડૉ. મિત્તલનું પાત્ર પણ આ કથામાં મહત્ત્વનું બને છે. તેની પત્નીનું નામ લક્ષ્મી છે તે દિલ્હીમાં ડૉકટરેટનું ભણતાં તેના મા-બાપનું એક માત્ર સંતાન. મા-બાપની નજીક રહેવાય આથી મુંબઈમાં સ્થાયી થાય છે. લક્ષ્મી સાથે તેનું લગ્ન જીવન સુખમય વિતતું

હતું. લક્ષ્મીને બે બાળકો જન્મે છે પણ તે મૃત્યુ પામે છે આથી તે ખૂબજ હતાશ થઈ જાય છે અને તે વિચારે છે કે હવે કયારેય તે માતા નહી બની શકે. પણ એક વખત ડૉકટર લક્ષ્મી માટે હોસ્પીટલેથી ચાર-પાંચ મહિનાનું એક નાનું બાળક લઈ આવે છે અને કહે છે લક્ષ્મી આ તારો વિસાલ પછી લક્ષ્મી તેને કોઈ દિવસ તે પુત્ર વિશે પૂછતી તો ડૉકટર કહેતા કે એક મુસ્લીમ કુવારી સ્ત્રીએ આ બાળકને જન્મ આપ્યો અને અનાથ આશ્રમમાં મૂકી આવે તેના કરતાં તેણે આ પુત્રને લઈને તેનું નામ આપ્યું. આમ એક અનાથ છોકરાને મા-બાપ પણ મળે આથી લઈ આવ્યા તેવું કહે છે. પછી ડૉકટરના ભૂતકાળની વાત તેની પત્ની કરે છે કે કદાચ આ ડૉકટર અને ઝરીનાનું બાળક પણ હોય કારણ કે ઝરીનાની મા ખૂબ બિમાર રહેતી આથી તે વારંવાર ત્યાં જતાં આથી કદાચ ઝરીનાની ખૂબસૂરતીથી અંજાઈને ડૉકટર તેના પ્રેમમાં પડયા હોય અને તેનું આ પરિણામ વિલાસ હોય પછી તો ડૉકટરને બીજો પુત્ર જન્મે છે. સુંદર. સુંદર અને વિલાસ બંને પોતાના દિકરાની જેમ ઉછરે છે. ડૉકટરની પ્રેકટીસ જયારે ચાલતી હશે ત્યારે ઘણું જ સમૃદ્ધ ઘર હશે તેની સાબિતી આપે છે. શબનમ જયારે તેના ઘરે જાય છે ત્યારે પછી તો ડૉકટરના મૃત્યુ પછી તે કોઈ બીજા ડૉકટરને દવાખાનું વેંચી દે છે. આમ કથાને આગળ વધારવામાં આ પાત્ર પણ મહત્ત્વનું બને છે.

આ ઉપરાંત જેના પાત્રથી રહસ્ય ઊભુ થાય છે. તે વિલાસનું પાત્ર આવે છે. વિલાસ ૪૭-૪૮ વર્ષનો છે, શાંત અને ઠરેલ છે. તેને કેન્સર છે આથી હોસ્પિટલમાં દાખલ કર્યો છે. સુનિતાના મૃત્યુ પછી તેના કહેવાથી પતરાની પેટી ખુલતાની સાથે જ વિલાસનો બાળપણનો ફોટો મળવો અને ડૉ. મિત્તલની અવસાન નોંધની કાપલી મળવી. આ સાથે જ શબનમનું વિલાસને શોધવું અને કદાચ આજ સુનિતાનો પુત્ર હોવો જોઈએ તેની શોધખોળ ચલાવતા ખબર પડે છે અને તેનો ભૂતકાળ તેની માતા પાસેથી સાંભળીને તેને પાકી ખાતરી થઈ જાય છે. આથી વિલાસને હોસ્પિટલમાં જઈને મળ વું તેને સ્પેશ્યીલ સારવાર માટે પ્રાઈવેટ રૂમમાં દાખલ કરવો, સ્પેશ્યીલ ટ્રીટમેન્ટ શરૂ કરાવવી અને વિલાસની માંદગીથી કંટાળીને તેની પત્ની બે બાળકોને લઈ પિયર ચાલી જાય છે. આથી તે પાત્ર જીંદગી અને મૃત્યુ વચ્ચે એકલો લડે છે. ભાઈનો ત્રાસ અનુભવે છે પણ શાંતિથી તે જીવે છે. ભાઈ તેને ગુમ કરે છે તો પણ તે કશું કહી શકતો નથી.

આમ આ પાત્ર ખૂબ સરળ, શાંત અને સહિષ્ણુ વણવાયું છે. વિલાસ ખૂબજ પ્રેમાળ છે આથી જ શબનમના પ્રેમને સમજી શકે છે. માતા પ્રત્યે પણ ખરેખરી સહાનુભૂતિ ધરાવનારું પાત્ર છે.

વિલાસના પાત્રથી સાવ વિપરીત સ્વભાવ ધરાવનાર સુંદરનું પાત્ર છે. જે ડૉ. મિત્તલ અને લક્ષ્મીનો સગો દીકરો અને વિલાસનો ભાઈ જે પ્રથમવાર ઘરે આવેલ શબનમ અને નંદાની વાત સાંભળીને પૈસા માટે નંદા સાથે મળીને ગિરિબાઈનું ખૂન કરાવે છે અને શબનમ પર જાન લેવા હુમલો કરે છે બે વાર પછી હોસ્પિટલમાંથી વિલાસને ધમકાવીને ગુમ કરી દે છે અને તેના બદલામાં પહેલીવાર શબનમ પાસે બે લાખની માંગણી કરે છે. બે લાખ ચર્ચ પાસે શબનમ આપવા આવે છે ત્યારે પણ તેના પર જાન લેવા હુમલો કરાવે છે. આમ પોતાના ભાઈ કરતા સાવ વિરૂદ્ધ એવું પાત્ર સુંદરનું છે. શબનમની પાછળ પીછો કરવો નંદાની સાથે મળીને ગિરિબાઈના ખૂનનું રહસ્ય ઊભું કરવું અને મિલકત પડાવવાનું આ માનસિક વલણ સુંદરનું હતું.

ત્યારબાદ વિષ્ણુનું પાત્ર આવે છે જે સુનિતાના ઘરનો નોકર છે. ઘણા વર્ષોથી સુનિતાના ઘરનું કામ કરે છે. ગિરિબાઈના ખૂન થયા પછી ખૂબજ ડરે છે. આથી એક દિવસની રજા લઈને તેના ભાઈને મળવા જાય છે. ઈન્સ્પેકટરના આવવાથી અને તેની પૂછતાછથી ખૂબજ ડરે છે. પોલીસ સ્ટેશને શબનમ સાથે જતાં પણ ડરે છે. સુખિયાને ઓળખે છે અને તે રાત્રે બનેલ બધી વાત કરે છે. પછી તો પોતાના ભાઈની દિકરીને સાથે લઈને આવે છે. પરંતુ શરૂઆતથી લઈને અંત સુધી વિષ્ણુ વફાદાર નોકર તરીકે જ ભાવકના ચિત્ત પર રહે છે. પણ વાર્તાના અંતમાં ખબર પડે છે કે મિસ્ટર નંદાની સાથે વિષ્ણુ પણ ગિરિબાઈના ખૂનમાં અને મિલકત પડાવવામાં નંદાનો સાથ આપતો હતો ગિરિબાઈ બધી સાચી વાત જાણતી હોય છે કે નંદાને વિષ્ણુ એક જ છે. આથી તેનું ખૂન કરી નાખ્યું આમ નવલકથામાં વિષ્ણુનું પાત્ર પણ મહત્ત્વ ધરાવે છે.

ઈન્સ્પેકટર બત્રા એ ખૂબ હોંશિયાર છે તે શિકારી કૂતરાની જેમ સઘળું સૂંઘીને શોધી કાઢે છે. એ કોઈપણ કેસની માહિતી સામે ચાલીને આવશે એવી રાહ એ ન જોતા. કાયદાની પરવા કયા વિના એ કોઈપણ જોખમ ઊઠાવતા. પોલીસ ખાતામાં એના વિરોધીઓ હતા એટલા જ એના ચાહકો હતા, છતાં એનું પ્રમોશન અટકી ગયું હતું.

પણ ઈન્સ્પેકટર બેફિકર આદમી હતો. નિડર હતો આથી જ કોઈપણ કામ કરતાં ડરતાં નહી અને હોંશિયાર એવા કે વાતવાતમાં વાત કાઢી લેતા આથી શબનમ પાસે પોલીસ સ્ટેશનમાં સાચી વાત જાણી લે છે આથી તેનો પીછો કરતાં કરતાં ચર્ચમાં જાય છે. પાદરી બનીને છેલ્લે શબનમ જયારે બે લાખ રૂપિયા દેવા સુંદરને જાય છે ત્યારે પાદરી બનીને તેને જાન લેવા હુમલાથી બચાવી લે છે. આમ શાર્પ હોંશિયાર વ્યક્તિ છે જે પોતાની યુક્તિથી છેલ્લે નંદાને પકડી લે છે અને તેની સચ્ચાઈ બધા સામે લાવે છે. ઈન્સ્પેકટર પટ્ટણી પણ એવો જ શાણો આસીસ્ટન્ટ છે.

આ ઉપરાંત પ્રાઈવેટ ડીટેકટીવ જે.કે.નું પાત્ર પણ મહત્ત્વનું છે. બેઠી દડીનું જાડું શરીર, ગોળમટોળ માથું, ભારે નંબરના જાડા ચશ્મા જેમાંથી તે ધારી ધારીને બધાને જોતો હોય છે. પહેલીવાર શબનમને આ ઘર શહેર છોડી ચાલ્યા જવાની ચિઠ્ઠી મળે છે ત્યારે નહી પણ બીજીવાર ચિઠ્ઠી મળવી અને બે વાર જાન લેવા હુમલો થવાથી તે પ્રાઈવેટ ડીટેકટીવ પાસે જાય છે તેને બધી વાત કરે છે પણ સુનિતાનો ભૂતકાળ છુપાવે છે પણ આ ડીટેકટીવ બધું જાણીને તેને જયારે બે લાખ રૂપિયા આપવા જાય છે ત્યારે ઈન્સ્પેકટર સાથે મળીને શબનમની જાન બચાવી લે છે અને પોતાના બે મદદનીશ દ્વારા હુમલા કરાવનારને નિષ્ફળ બનાવે છે આમ વાર્તાના અંતમાં રહસ્ય ખોલી નાખતા આખી વાત સાંભળીને શબનમને આશ્ચર્ય થાય છે કે જેવો દેખાય છે તેનાં કરતાં ખૂબજ શાર્પ માણસ છે અને રાત્રે શબનમ એરપોર્ટ પર તપાસ કરવા જાય છે ત્યારે પોતાના માણસને પાછળ સતત તેની સાથે રાખે છે. આમ એક હોંશિયાર, શાર્પ માણસ છે.

આ ઉપરાંત ગુલામ જે ડાન્સીંગ કલાસનો મેનેજર છે જે ભૂતકાળમાં ઝરીના અને શબનમ પાસે ખૂબજ કામ કરાવે છે. સુનિતા / ઝરીના ભાગી જાય છે. જગન્નાથ સાથે, પણ તે શબનમને ખૂબજ ત્રાસ આપે છે ન કરાવવાના કામ કરાવે છે. પછી સુનિતાની ભાળ મળતા તેની બધી જાણ રાખે છે. ઘણા વષો પછી જયારે શબનમ સુનિતા ને મળવા જાય છે ત્યારે દરવાજે તેનું મળવું અને શબનમને અવાજ પરિચિત લાગે છે પણ અંતમાં ખબર પડે છે કે સુનિતાના ભૂતકાળ વિશે તે જાણે છે આથી તેને નંદાએ લાલચ આપીને તેનો ભૂતકાળ જાણીને પૈસા પડાવવામાં તેને પણ સામીલ કયો છે, તે ખબર પડે છે.

આ ઉપરાંત નઝમ તે શબનમનો પ્રેમી છે તેને દારૂને ગાળવાની ભઠ્ઠી છે શબનમનો લાભ લઈને તેને છોડી દે છે. શંકર હોસ્પિટલનો વોર્ડ બોય છે જે વિલાસનું ધ્યાન રાખે છે. શબનમ તેને પૈસા આપીને ધ્યાન રાખવાનું કહે છે.

આમ, આ વાર્તાના પુરુષ પાત્રો એક બીજાના પ્રસંગોથી જોડાયેલા અને રહસ્યને ઉદ્ઘાટીત કરવામાં મદદરૂપ બને છે.

- **'પાંચને એક પાંચ'**

'પાંચને એક પાંચ' રહસ્યમય નવલકથામાં જોઈએ તો સ્ત્રીપાત્રો કરતા પુરુષ પાત્રો ઘણાં જોવા મળે છે અને દરેક પાત્રનું પાછું પોતાનું આગવું મહત્ત્વ છે અને દરેક પાત્ર પાછું કથામાં મહત્ત્વ ધરાવનારું છે.

રહસ્યમય નવલકથામાં સૌથી મહત્ત્વનું પાત્ર છે પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી મિ. વિશ્વનાથ મિત્રનું. તે બોમ્બેના સુપ્રસિદ્ધ ખ્યાતિ ધરાવનારા છે. જે બોમ્બે સેન્ટ્રલથી દિલ્હી જવા દેહરાદૂન એકસપ્રેસમાં છ બર્થના કંપાર્ટમેન્ટમાં ચડે છે તેની સાથેબીજા પાંચ જણા છે સૌના પરિચય પછી જયારે મિત્રએ તેનો પરિચય કરાવ્યો ત્યારે બધાને આનંદ થયો કે આટલી મોટી વ્યક્તિ આજે તેની સાથે છે પછી તો ત્રણ દિવસની મુસાફરીમાં ઘણી બધી વિશ્વનાથ પાસેથી બધા વાત સાંભળે છે. વિશ્વનાથ ચતુર, શાણો, હોંશિયાર, બાહોશ, ધારાશાસ્ત્રી છે એટલે બધા વ્યક્તિનું ખૂબજ બારીકાઈથી નિરીક્ષણ કરતા તેમ છતાં કોઈને ખબર ન રહેતી.

મુસાફરીમાં રમેશ જે હીરાનો ધંધો કરતો હતો, અશેષ જે ફિલ્મ લાઈનમાં નસીબ અજમાવવા જતો હતો અને શેઠ જૌહરીમલ, સમતાબેન અને નંદિની આમ પાંચેય જણાને પારખતા મિત્ર. તેમાં ઘણીવાર રમેશની હરકતો શંકાસ્પદ લાગતી અને તેમાંય બયાના સ્ટેશન પર શેઠનું ખૂન થયું તે પહેલા ગોધરા સ્ટેશન પર શેઠે વિશ્વનાથ પર એક ચિઠ્ઠી ફેંકી કે દિલ્હી મારા જાનનો ખતરો છે માટે મારી સાથે રહેજો. પણ ત્યાં જ તેનું ખૂન થયું પછી દિલ્હી આવતા એક હોંશિયાર વકીલના નાતે કોઈને કઈ અડવા દીધા વિના ઈન્સ્પેકટર વર્માની મદદથી બધાના બયાન લીધા. લાશનું પોસ્ટ મોર્ટમ થયું. ખબર પડી કે સાઈનાઈટથી મૃત્યુ થયું છે. આથી તેની ગુથ્થી મનમાં ચાલતી.

તેમા વળી વિશ્વનાથ દિલ્હીના એક ગુપ્ત કેસ માટે રિગલ હોટલમાં રોકાય છે. જે કેસ માટે આવ્યા હતા તે લોકોને ખબર પડે છે આથી તેનો માણસ વિશ્વનાથનો પીછો કરે છે અને વિશ્વનાથ પણ પોતે અજાણ છે તેવું નાટક કરે છે. તેની રૂમમાંટ્રાન્સમીટર લગાવેલ હતું તેની જાણ થતાં જ તે ગેંગને ગેરમાગે દોરવા તે ત્યાંજ નકામી વાત કરતાં સાથો સાથ તે બહાદૂર છે આથી જ ડર્યા વગર વેનિસ હોટલમાં એકલા જવું ત્યાંના વાતારવણથી પરિચિત થવું ત્યાં જ લ્યુસીનું અને પેલા ડ્રાઈવરનું મળવું ત્યાંપણ તે શાણપણ દર્શાવે છે. પછી તો કુંતલ સાથે ડીનરમાં જાય છે, છુપી રીતે ગુપ્તાને ફોન કરીને તે કોણ છે તે જાણવાની કોશીષ કરે છે. સાથો સાથ નીરજની મદદથી તે હકીકત સુધી પહોંચે છે સાથોસાથ પેલા ડ્રાઈવરનું ખૂન, હોટલમાં બધા તેને ઓળખવાની ના પાડવી. હરકાન્ત પરીખનું મળવુ, ચંદ્રકાન્ત શેઠ વિશે જાણવું. ત્યારબાદ કુંતલ સાથે હરકાન્ત પરીખને મળવું તેની સાથો સાથ અશેશની મદદથી રમેશ વિશેની માહિતી ભેગી કરવી તેની સાથો સાથ સુધીર રેશમવાળાને યુક્તિથી પકડવો તેના વિશેની તમામ માહિતી જાણવી, તેની સાથે ફલેટમાં એકલા જવું તપાસ કરવી અને ચતુરાઈથી કામને સંપૂર્ણ વેગ મળે તેથી પોતાના જ ઓરડામાં ચોરી થયાનું નાટક કરીને ચોરને પકડવા જવો અને પોતે જ ગાયબ થઈ જાય છે પછી અઠવાડિયા સુધી નથી મળતા આથી બધા સ્મગલરોને નિરાંત થઈ જાય છે અને ત્યાંજ અશેશ, નીરજ, કુંતલની અને ઈન્સ્પેકટર વર્માની મદદથી હરકાન્ત પરીખના ઘર પર વેનિસ હોટલમાં, બાજુના ગોડાઉનમાં એકજ દિવસ એકજ સમયે ચાર જગ્યા પર ઘરપકડ કરે છે અને સરકારની અજાણી મદદથી કેટલું મોટું સ્મગલીંગનું કામ થતું તે અટકાવ્યું. હીરાની દાણચોરી પકડી અને કલાના શોખીન એવા પરીખના કલાના નમૂનામાંથી કેફી દ્રવ્યો પકડાયા. આમ, આ કેસ અને ડ્રાઈવરનું ખૂન મેનેજરે કર્યું છે તે કેસને પૂરા કરી બોમ્બે જાય છે.

ત્યાં જ રમેશનું ફરી પાછું પકડાવું અને શેઠના મૃત્યુનો આરોપ આવવો તેની સાથે જ વિશ્વનાથ તેના તરફથી કેસ લડવાનો નિશ્ચય, આખા કેસમાં રમેશ ગુનેગાર છે. બધા માનતા હતા પણ વિશ્વનાથ વાતના ખૂણા સુધી પહોંચી નંદીની, પીલુ, ડૉ. મહેતા, ડૉ. પંડયાની ફરીવારની પૂછપરછમાંથી રમેશ નિર્દોષ જાહેર કરે છે અને નંદીની ખૂની છે તે સાબિત કરે છે.

આમ એક બાહોશ, હોંશિયાર, ચપળ ધારાશાસ્ત્રી તરીકે વિશ્વનાથ વાર્તાના રહસ્યોને ઉકેલતા નાયકનું સ્થાન ધરાવનારા બની રહે છે.

ત્યારબાદ હરકાન્ત પરીખનું પાત્ર આવે છે જે રહસ્યને ઊભા કરનારું પાત્ર છે તેનું પોતાનું ચરિત્ર પણ રહસ્યાત્મક છે. સાવ સામાન્ય લાગે એવી મધ્યમ કદ અને બાંધાની એક વ્યક્તિ ઊભી હોય ત્યારે પહેલી નજરે એનામાં કશુંય આકર્ષણ ન લાગે પણ એની આંખો પર નજર પડતાં જ ઘડી ભર આપણે થંભી જાય તેવું ખેંચાણ અનુભવાય એની ધારદાર તેજભરી આંખો હસી ઊઠે અને તરત તમને થાય કે આટલી બધી લક્ષ્મીને જીરવી લઈ આટલી ઉચ્ચ કક્ષાની કલાની સૂઝ બીજો કોઈ નહિ પણ આ માણસ દાખવી શકે. એવા હરકાન્ત પરીખ માત્ર ભારત જ નહિ પણ વિદેશોની કલાની દુનિયામાં એક આગવું માન ભર્યું સ્થાન ભોગવતા કુંતલ – સમીરના પિતા.

વિશ્વનાથ કુંતલને સમીરના આગ્રહથી તે હરકાન્ત પરીખને મળવા આવે છે. ત્યાંજ કમ્પાઉન્ડમાં પ્રવેશતા જ મોટા ગોળાકારમાં દરેક રંગના ગુલાબના છોડ હતા, અને સફેદ આરસની પ્રતિમાઓના હાથના ઘડામાંથી ગુલાબના છોડના મૂળમાં જ પાણી પડતું હતું. ત્યારબાદ તેના વિશાળ ડ્રોઈંગરૂમના બારણામાં પગ મૂકતાં જ જાણે કોઈ સુંદર મ્યુઝિયમ ખંડમાં પગ મૂકતા હો એવું જ લાગે છે ! કલાકારીગીરીના ઉત્કૃષ્ટ નમૂનાઓ વડે એ સજાવેલો હતો. પૈસાથી ખરીદી શકાય એવી જ ચીજવસ્તુનો શંભુ મેળો ન્હોતો પણ કલાની ઊંડી સૂઝ અને સંવેદનાની ઊંડી અભિવ્યક્તિની સ્પષ્ટ મુદ્રા ઉપસતી હતી. આ સુંદરતા પાસે વાણી મૂક બની જાય, કોતરકામવાળા મલમલના સોફા, વીનસની અતિ સુંદર મૂર્તિ, મુલાયમ ગાલીચો, જરીભરત કરેલા દીવાન, મોટા કાચના શો કેઈસમાં જાપાનની ગેઈશા ગર્લની જીવંત લાગે તેવી અનુપમ પ્રતિકૃતિ હતી.

જર્મનીના જૂના સિક્કા, ઈરાનની સુંદર સુરાહી, અમેરિકાનું પચ્ચીસ હજારની કિંમતનું ઓઈલ પેન્ટીંગ... ત્યારબાદ ઉપરના રૂમમાં જોયું તો બિહામણું દશ્ય જાતજાતના ચિત્ર વિચિત્ર પ્રાણીઓના મૃત શરીરનો સંગ્રહ અને હરકાંત પરીખે કોનો શિકાર કયારે કર્યો તેનું વર્ણન કરતા હતા. નીચે જેટલી કલાકૃતિ હતી તેટલું જ ઉપર બિહામણું બધું હતું. નીચેના રૂમમાં પત્થર પર એક વાઘની આબેહૂબ રચના હતી. ફાળ ભરતો હોય

તેમ તેના પગ પાસેની કળ દાબી તો તેના મોઢા તથા આંખમાંથી ભડકા નીકળતા ! આમ સુંદર સર્વ કલાના નમૂના જોયા.

ત્યારબાદ થોડા દિવસમાંજ અચાનક હરકાન્ત પરીખના ઘરે છાપો પડે છે. પોલીસ હરકાન્ત પરીખને તેના સાગરીતોની ધરપકડ કરે છે. હરકાન્ત પરીખ કેફી પદાર્થો અને હીરાની દાણચોરીમાં આંતરરાષ્ટ્રીય ટોળકી સાથેમળીને સ્મગલીંગ કરતા અત્યાર સુધી કલાના નામે સરકાર અને સમાજને બનાવતો પાક્કો ઊઠાવગીર છે. પ્રતિષ્ઠા અને માનપાનથી તેણે ઘણો રૂપિયો કમાયો. એક તરફ દેશ પરદેશના કલાના નમૂના લાવે તે નમૂના માટે દેશ ગર્વ કરે છે જયારે તેના પોલાણમાં ગેરકાયદેસર રીતે હીરા સંઘરાયા હોય. શરૂઆતનો કલાપ્રિય માણસ દેશની સરકારને ભૂલાવામાં નાખીને પૂરો લાભ ઊઠાવ્યો.

અને છેલ્લે પોતાની દિકરીના લગ્ન જલદી કરી કલાપ્રિય માણસની છાપ કાયમ અહીં મૂકી તે પેરિસમાં બધુ લઈ જઈને ભાગી જવું. આમ હકાન્ત પરીખનો અંતમાં ભાંડો ફૂટયો અને પકડાઈ ગયા.

ગુપ્તાજીનું પાત્ર આવે છે તે પણ હરકાન્ત પરીખ સાથેના ગેરકાનૂની ધંધામાં જોડાયા હતા અને કુંતલને તે કોઈ કલકત્તાના કોઈ બબૂચક જેવા છોકરા સાથે પરણાવી દેવા માટે માગુ લઈને આવ્યા છે આ ઉપરાંત વેનિસ હોટલમાં જે ગેરકાયદેસર કામ થતા તેમાં પરીખના બરાબરના હિસ્સેદાર હતા. ગુપ્તાજી સંગીતના શોખીન એટલે તે કુંતલને ઘરે શીખવાડવા આવવાના હતા પણ કુંતલને રમતનો શોખ. આમ, ગુપ્તાનું પાત્ર પણ રહસ્યમય અને અંતમાં રહસ્ય ખૂલી જાય છે. ગુપ્તાની પર્સાનાલીટી કલરફૂલ માણસની છે.

કૃષ્ણકાંત શેઠનું પણ પાત્ર આવે છે જે પરીખ સાથે ગુપ્તા સાથે દાણચોરીના ધંધા સંડોવાયેલ છે અનેહરકાન્ત પરીખની ઓફિસમાં વહીવટનો હિસાબ રાખનારું પાત્ર છે. અંતમાં તેનું પણ રહસ્ય ઉકેલાય છે.

ત્યારબાદ સમીરનું પાત્ર આવે છે તે અશેશનો કાકાનો દિકરો કુંતલનો ભાઈ અને હરકાન્ત પરીખનો એકનો એક પુત્ર છે. તેના પિતાને સમીરથી ફરિયાદ છે કે તેને મોટો

ચિત્રકાર બનાવવો હતો. પણ તેને રમત ગમતનો શોખ અને પિતાના આટલા મોટા કલાના ધંધા માટે તે કાયમ કહેતો કે તમે આ મૂર્તિઓમાં પશુઓમાં પૈસા નાખો છો દુનિયામાં માણસને ખાવાના પૈસા નથી. આમ, તેના પિતાથી સાવ વિરૂદ્ધ પ્રકૃતિ ધરાવનારો છે. હેમા તેની ખાસ ફ્રેન્ડ છે અને ભણવાનું પૂરું થતાં પરણવાના છે. તેમાંય હરાન્ત પરીખ આવી સામાન્ય છોકરી સાથે પરણવાની ના પાડે છે ત્યારે પિતાથી વિરૂદ્ધ થઈને ઘરની કોઈપણ વસ્તુ લીધા વગર ખુદ્દારીથી ઘર છોડી દે છે. આ ઉપરાંત વિશ્વનાથના કેસમાં મદદ કરે છે અને સમતા બેનની માહિતી મથુરા–મુંબઈથી લઈ આવે તેવો બહાદૂર છે.

આ પછી અશેષનું પાત્ર આવે છે તેને બે વર્ષ પહેલા જ બી.એ. પૂરું કર્યું અને કોલેજથી જ તેને નાટકનો ખૂબજ શોખ આથી ફિલ્મલાઈનમાં તક મળી જાય તે માટે તે એક પ્રોડયુસરને મળવા આવ્યો હતો. તેના કાકા કલાપ્રેમી હરકાન્ત પરીખ છે છતાં તે હોટલ રીગલમાં રહે છે. કારણ કે કાકાને આ નાટક ચેટક નથી ગમતું અશેષના પિતા બિઝનેશમેન છે. પણ પુત્રનો શોખ પૂરો કરવામાં કોઈ બાધા રૂપ નથી બનતા. અશેષ બહાદૂર ને શાણો છોકરો છે. આથી તે વિશ્વનાથને શેઠના ખૂન કેસમાં હરકાન્ત પરીખના ધરપકડના કેસમાં ઘણી મદદ કરે છે. આમ સરળ પાત્ર છે.

ત્યારબાદ રમેશનું પાત્ર આવે છે જે તે જ કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરે છે અને શેઠ સાથે ઓળખાણ થાય છે. રમેશ પણ હીરાનો નાનો મોટો ધંધો કરતો હતો. શેઠનું માત્ર નામ સાંભળેલું ગોધરા સ્ટેશન આવતાં તેનો રંગ બદલાય છે. વિશ્વનાથને તેના પર શક પડે છે. શેઠના ખૂન વખતે પણ તેના પર શક પડે છે કારણ કે છેલ્લી ઘડીએ તે શેઠ સાથે જ હતો. ત્યારબાદ પરીખના દાણચોરીના ધંધામાં પણ તે જોડાયેલ હતો. આથી તે પોલીસ દ્વારા પકડાય છે અને ગુનો કબૂલતા તેને દંડ કરીને છૂટો કરાય છે. ત્યાંજ શેઠના મૃત્યુ પછી ચોરી લીધેલ વીંટી અને કપલીંગ વેચતા તે પકડાય છે અને શેઠના ખૂની તરીકે ધરપકડ કરવામાં આવી. બધા પૂરાવાઓ તેના તરફ હતા. નહી તો રમેશ દાણચોરી મૂકીને સારો ધંધો કરવા માટે આ શેઠની વસ્તુ વેચવા જતો હતો પરંતુ તે પકડાઈ જાય છે. પછી વિશ્વનાથની મહેનતથી તે નિદોષ રીતે છૂટે છે. આમ, રમેશનું પાત્ર ઘણી શંકા વહેમોવાળું છે અને અંતમાં નિદોષ જાહેર થાય છે.

નિરજનું પાત્ર પણ ખૂબજ સરસ છે યુવાનવયનો આ છોકરો હરકાન્ત પરીખની પુત્રી કુંતલને પ્રેમ કરે છે અને હરકાન્ત પરીખની જ કંપનીમાં સી.એ. તરીકે કામ કરે છે. પરીખને જાણ થતાં તે નીરજને કોરો ચેક આપે છે અને જેટલી મનફાવે તેટલી રકમ ભરી દે પણ કુંતલને ભૂલી જાય પણ નિરજ તેને ખૂબજ સ્વસ્થતાથી કુંતલને ભૂલવાની ના પાડે છે અને જરૂર પડશે તો તેને ભગાડીને પણ લઈ જશે. પરીખની નોકરી છોડી દે છે અને વચમાં વિશ્વનાથના કેસમાં પણ તેને ખૂબજ મદદરૂપ બને છે. આમ આ નાનું તેમ છતાં મહત્ત્વનું પાત્ર છે જે સ્વમાની છે આ ઉપરાંત બહાદૂર પણ છે.

શરદ જે 'સંધ્યા કાળ' છાપાનો રિપોર્ટર છે અને નૂતન સમાચારો ગમે ત્યાંથી જાણી આવતો ચપળ પત્રકાર છે. વિશ્વનાથના કેસમાં તેને મદદ કરે છે અને ખૂટતી કડીઓ ભેગી કરી આપે છે. તે બહાદૂર અને નીડર પત્રકાર છે.

સુધીર રેશમવાળા આ કથાનું નાનું તેમ છતાં મહત્ત્વનું પાત્ર છે. વિશ્વનાથના રૂમમાં ચોરી કરતાં પકડાય છે અને વિશ્વનાથ તેની પાસે બધી સચ્ચાઈ કબૂલાવે છે. તે સાવ સીધો સાદો માણસ હતો પણ એક વખત આ દાણચોરીની કામ કરવાની ઓફર આવે છે તે કામ કરવાની ના પાડે છે પછી તેને ખૂબ અજાણ્યા લોકો મારે છે અને પછી ન છૂટકે તે કામ કરે છે. પણ માત્ર તેને કવરમાં સંદેશો આવે ત્યારે માલ લઈ જવા ને પહોંચાડવા અંગે બાકી તેણે કોઈને જોયા ન્હોતા. આમ આ પાત્ર ખૂબજ થોડા સમય માટે આવે છે.

આ ઉપરાંત મુંબઈ કમિશ્નર શ્રોફ, ઈન્સ્પેકટર વર્મા, સરકારી વકીલ ચંદાની, ડૉ. મહેતા, ડૉ. પંડયા, અરૂણ દેસાઈ, રામુ જેવા અનેક નાના પાત્રો આવે છે. જે કથાને નવો વણાંક આપે છે અને સાથે સાથે કથારસને આગળ વધારવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ પાત્રો દ્વારા કથા વિકાસ પામે છે અને રહસ્યમયતામાંથી પણ એક ઉઘાડ તરફ લઈ જાય છે. પાત્રો ખરેખર મદદરૂપ બને છે કથાને સમજવામાં.

- **'મૃત્યુદંડ'**

'મૃત્યુદંડ' નવલકથામાં લગભગ વીસ જેટલા પુરુષપાત્રો આવે છે અને બધા કંઈકને કઈક રીતે આ રહસ્યને ઊભું કરવામાં કે રહસ્યનો ઉકેલ લાવવામાં મદદરૂપ થાય તેવા પાત્રો છે.

ત્રિવેણીશંકર પાઠક તે હરનાથ પાઠકના પિતા, કર્મકાંડી બ્રાહ્મણ અને હરનાથને નાતની છોકરી સાથે લગ્ન કરવાની ફરજ પાડનાર નહી તો રણજીત સાગરમાં પડતું મેલવાની ધમકી આપનાર. આ પાત્રનો માત્ર હરનાથ પાઠકની વાતમાં ઉલ્લેખ થયેલ છે.

ત્યારપછીનું પાત્ર આવે છે માર્કંડનું તે અને તેની પત્ની રસીલા મૃત્યુ પામ્યા છે તેવો ઉલ્લેખ છે અને તેનો પુત્ર ઉછરંગ છે. આટલી જ વિગત છે હરનાથના મોટાભાઈની.

પછી રમણીકનું પાત્ર છે તે હરનાથના બીજા નંબરના ભાઈ જે આફ્રિકા ભાગી ગયા તેના કોઈ ખત ખબર નથી તેનો પુત્ર ભાસ્કર જે હવે અહીં પાછો આવ્યો છે. શરૂઆતમાં હરનાથે રમણીકને પાછો બોલાવ્યો પછી કેમીકલ કંપની એજન્સી અપાવી અને તેમાં એજન્સીનું કમિશન આપવાને બદલે તે પૈસા લઈ લે છે. આ ઉપરાંત તેને જુગારની લત હતી. દારૂ પણ પીતા તેના ઉપર દેવું થઈ ગયું હતું આથી તે દેવું પણ હરનાથે ભરી દીધુ હતું. આમ રમણીકનું પાત્ર ખૂબ ચાલાક છે કારણ કે તેની આંખો હરનાથની મિલ્કત ઉપર હતી, પૈસા પડાવવાની વૃત્તિએ એની ચાલ હતી.

હરનાથ પાઠક તે નવલકથાનું મુખ્ય પાત્ર આ પાત્રની આસપાસ આખી કથા વસ્તુ રચાય છે. કહીએ તો વાર્તાનું કેન્દ્રબિંદુ સમાન છે. પોસ્ટ ઓફિસની નાની નોકરી છોડીને એક દિવસ મુંબઈની ગાડીમાં બેસી ગયા. પછી કૃષ્ણરાવ બહાદુર સોલીસીટરની ઓફિસમાં છાપા પહોંચાડતા, ઓફિસ વાળતા, કોલેજ ભણતા, જૂનાગઢના નાગર ગૃહસ્થની મદદથી ફૂટપાથ પરથી જૂહુના બંગલા સુધીની સફર હરનાથે સાહસ ભેર ખેડી પછી તો કૃષ્ણરાવના પુત્ર માધવ દિવાન સાથે દોસ્તી થઈ અને માલિક નોકરની દોસ્તી એવી તો વિકસી કે હરનાથ મોટો કારોબાર ધરાવનારો માણસ થઈ ગયો. પુષ્પા સાથે પિતાના કહેવાથી લગ્ન કર્યા પણ તેની સાથે મન મેળ ન્હોતો વાંચન પ્રિય સંગીત પ્રિય હરનાથની પત્ની વિશેની કલ્પના સાવ જુદી જ હતી અને પુષ્પા જેવી સામાન્યછોકરી ભટકાઈ ગઈ. જીવનની એકલતા ઔર વધી ગઈ પુત્રની કમી સાલવા લાગી તે પોતાની સફળતાને કોઈની સાથે વેચવા માગતા હતા.

ત્યાંજ ઓફિસમાં કલાર્ક તરીકે સીમાનો પરિચય થયો હરનાથની કલ્પનાની મૂર્તિ જેવી જ સીમા હતી પછી બંનેની એકલતા, દર્દ એક થયા અને બંને સાથે રહેવા લાગ્યા હરનાથ દિવસનો મોટા ભાગનો સમય સીમા સાથે વિતાવતો તેની સાથે નાસ્તો કરવો, જમવું, બહાર જવું, ફિલ્મ જોવી, બહારગામ જવું, ધીમે ધીમે હરનાથ સીમાને નવાં નવાં ઘરેણાં, કપડાં બધું આપવા લાગ્યો સીમાને તેના દ્વારા સંતાન પણ થવાનું હોય છે. ત્યાં જ ખબર પડે છે કે પુષ્પા પણ મા બનવાની છે અને કોઈએ તેના હાથમાં તારો મૂકયો હોય તેવો આનંદ થયો. પછી તો પત્નીમય બનતો ગયો. પુત્ર જન્મ પછી તેનું લાલન પાલન કરતી પત્નીને જોઈ તે વિચારતો કે આ સ્ત્રીને મે પહેલા કેમ ન ઓળખી બત્રીસ લક્ષણા જેવો તેનો પુત્ર હવે તે પુત્ર અને પત્નીમય થઈ ગયો અને સીમાને બે લાખ રૂપિયા આપીને તે બાળકનું એબોર્શન કરાવવાનું કહયું પણ સીમા એક દર્દ સાથે તે શહેર છોડે છે. હરનાથને હવે મનમાં શાંતિ થાય છે કે સીમા નામનો બોંબ હવે કયારેય નહી ફૂટે. પોતાના પુત્રની જામનગરમાં ધામે ધૂમે જનોઈ દે છે.

સુખના દિવસોમાં હરનાથ જીવતો હતો ત્યાં જ કોઈએ દૂધના ભરેલા વાટકામાં ઝેરનું એક ટીપું નાખ્યું હોય તેવું બન્યુ અને પત્ની અને પુત્ર એક એકસીડન્ટમાં મરી ગયા. હરનાથનું જીવન એકલાવાયું બની ગયું.

આજે જીંદગીના છેલ્લા તબક્કામાં એ ‘નિનાદ’ બંગલામાં ભૂતની માફક જીવે છે. આટલી દૌલત હોવા છતાં તેને ભોગવવા વાળું કોઈ નથી. તેના મિત્ર દિવાનજીનો તેને ઘણો ટેકો હતો. તેવામાં અચાનક સીમાની પુત્રીનું જાહરે થવું પહેલા પત્ર દ્વારા પછી ફોન દ્વારા હરનાથને તડપાવવા અને છેલ્લે જયારે તેને રૂબરૂ થવાનું નક્કી કરે છે ત્યારે હરનાથ તેને ગળે લગાડીને બધા દર્દો ભૂલી જવા માગે છે પણ પુત્રી કેતકી ઉર્ફે રોનક તેને ખૂબ તડપાવે છે ત્યાં હરનાથને એટેક આવે છે તે સોલબ્રીટ્રેટની ગોળી લેવા જાય છે ત્યાં જ તે નીચે પડી જાય છે પણ તે છોકરી દવા આપતી નથી તેને તડપાવે છે. તડપતા જોઈને તેને આનંદ આવે છે અને અંતે તે મૃત્યુ પામે છે તે છોકરી પોતાની માતાના આંસુનો બદલો લેવા માગતી હતી અને તેની માતાના દર્દનો મૃત્યુદંડ તેને દીધો.

કરોડોની સંપત્તિમાં તેની સ્થાવર મિલ્કતમાં જૂહનો બંગલો, દેવલાલીમાં એક બંગલો, પાર્લામાં આઠ રૂમની ચાલી, અમદાવાદમાં જમીનનો પ્લોટ, થોડા શેર્સ, દસ

લાખ વ્યાજે દીધેલા, થોડાં દાગીના અને ચાંદીના વાસણ આ બધાના પાંચ ભાગ કરવાનાં આવું તેની વસીયતમાં હતું. હરનાથ પાઠકના મૃત્યુ પછી તેના કુટુંબીઓ પૈસા માટે પડાપડી કરતાં આટલું મોટું કુટુંબ હોવાં છતાં હરનાથ મૃત્યુ સમયે સાવ એકલો હતો. ભાઈઓ બહેનો પ્રત્યે દયાભાવ રાખનાર હરનાથની અંતિમ સ્થિતિ ખૂબ જ દયનીય હતી. હરનાથના મૃત્યુ પછી પણ આ પાત્ર નવલકથામાં કેન્દ્રમાં રહે છે તેવું મુખ્ય પાત્ર છે.

માર્કંડ અને રસિલાનો પુત્ર ઉછરંગ, પ્રિયંવદાનો પતિ છે હરનાથ પાઠકનો ભત્રીજો છે. જામનગરમાં રહેતા પણ લગ્નબાદ પ્રિયંવદાની અભિપ્સા પૂરી કરવા તે મુંબઈ આવે છે. સતત બેઠાળું જીવન અને સતત પ્રિયંવદાને કહેવું, સંભાળવવું અને પ્રિયંવદા પણ પત્ની તરીકેની જે ઈચ્છા રાખી હોય તે તેને ઉછરંગ પાસેથી મળ્યું નહી મુંબઈના નાનકડા ફ્લેટની બાલ્કનીમાં તૂટેલા પાયાવાળી ખુરશીમાં બેસી રહેવું ઉપરથી કપડાનું પાણી ટપકતું હોય અને ચા પીવાનું મન થાય તોય કોઈને કહી ન શકાય અને હાથે બનાવે તો અવાજ થતાં પ્રિયંવદાની ખીજાય તેથી બીએ છે. પતિ-પત્નિ વચ્ચે ઘણીવાર તુ-તુ મૈ-મૈ થતી હરનાથના પૈસા આવે એટલે જામનગર રહેવાનું કહે છે. પણ પત્ની પાસે તેનું કશું ચાલતું નથી.

ભાસ્કર હરનાથના ભાઈનો છોકરો છે. આફ્રિકાથી પાછો આવેલ તે તેના પિતાના પગલે ચાલનારો છે. શરાબને જુગારની લત લાગી છે. આથી બે લાખનું દેવું થઈ ગયું છે. કાકા પાસે માગે છે. પણ હરનાથ પહેલીવાર ના પાડે છે. પછી તેના ઉપર દયા આવતા તેને પૈસા આપવાની હા પાડે છે. મિ. લાલ દ્વારા જે તપાસ શરૂ થાય છે તેમાય ભાસ્કર પહેલી નજરે હરનાથનો હત્યારો માનવામાં આવે છે. પણ બધી તપાસના અંતે ખ્યાલ આવે છે કે જયારે કેતકીના આઘાતથી હરનાથ મૃત્યુ પામ્યો હતો પણ પછી કેતકી બહાર નીકળવા જાય ત્યારે ભાસ્કરને આવતો જુએ છે અને ભાસ્કર પંદરમીની રાત્રે તેનો લેણદાર જેકસનને કહીને આવે છે કે તારા પૈસા લઈ દેવા આવું છું અને હરનાથે તે રાત્રે જ ભાસ્કરને પૈસા આપવાની હા પાડી હોય છે અને ભાસ્કર આવે છે ત્યાં હરનાથ મૃત્યુ પામ્યો હોય છે અને શેરીના છેડે ભાસ્કર પાન ખાવા રોકાયો એટલે પુરાવો પણ ઊભો થયો. આમ ભાસ્કર એક અલ્લડ ને મજાક-મસ્તી કરનારો માણસ

અને પોતાની જ મસ્તીમાં જીવવા વાળો છે. પણ વાર્તાના અંતમાં પોલીસ તપાસ પાસે તે સાવ દયામણો બની જાય છે.

અમિતનું પાત્ર માત્ર થોડાં પ્રકરણમાં ઉલ્લેખનીય રીતે આવે છે. અમિત હરનાથ અને પુષ્પાનો પુત્ર છે લગ્ન પછી ઘણાં વખતે હરનાથે પુત્રનું મોઢું જોયું પૂરા બત્રીસ લક્ષણો પુત્ર. અસલ નાગરી રૂપ અને ચાતુરી. ઉઘડતો વાન, નમણી મોં કળા, સંગીતનો શોખ, ક્રિકેટર અમિત જેવો દીકરો આપી ભગવાને સાટું વાળી દીધું એવું લાગતું પરંતુ હરનાથના આ પુત્ર રત્નની હજી કૂંપળ ફૂટી હતી. પણ એ એ આંબો પરિપકવ મધુર બને એ પહેલા કાચું ફળ ખરી પડયું એટલે કે પુષ્પાને અમિત અંબાજી ગયા અને રસ્તામાં એકસીડન્ટમાં તેના છુંદાયેલા શબ મળ્યા. આમ આ પાત્ર માત્ર બે-ત્રણ પ્રકરણમાં માત્ર આટલા ઉલ્લેખ સાથે જ આવે છે.

આશુતોષ એ હરનાથ પાઠકનો ભાણેજ છે. દુર્ગાનો દીકરો નાનપણમાં બાપ મૃત્યુ પામ્યા એટલે માએ સંઘર્ષમાં ભણાવી કરાવીને યુનાઈટેડ બેંકમાં નોકરીએ રખાવ્યો. પરંતુ પત્ની કુંજ ખૂબ મહત્ત્વકાંક્ષી આથી તેને આ નોકરી ન્હોતી ગમતી એટલે તેને કંઈ નવું સાહસ કરવાનું કહેતી. આશુતોષે બે વાર બિઝનેસ કરવાનું વિચાયુ પણ તે સફળ ન થયો. માથે દેવું થઈ ગયું એટલે બેંકમાંથી દસ લાખની ઉચાપત કરી અને બેંકના મેનેજર દારૂવાલાએ ફરિયાદ ન નોંધાવી કારણ કે પબ્લિકનો વિશ્વાસ જતો રહે અને આ બનાવ પછી આશુતોષ બે-ત્રણવાર હરનાથ પાઠક પાસે મદદ માટે ગયો હતો. આથી તો જયારે હરનાથનું મૃત્યુ થયું ત્યારે આશુતોષ પણ શકના કેન્દ્રમાં આવતો હતો. તેની પત્નિ ઘણી મહત્ત્વકાંક્ષી આથી જયારે પણ આશુતોષ બાળકની વાત કરતો ત્યારે તે કહેતી નવો મોટો ફલેટ લો ત્યારે વાત કરવી કુજ પતિથી ઘણી અસંતુષ્ટ હતી અને હરનાથની દાલૈતનો વારસો જો ન મળવાનો હોત તો તે કયારની પતિને છૂટાછેડા આપી દીધા હોત. આમ આસુતોષનું પાત્ર શાંત અને સહનશીલ બતાવ્યું છે મા પ્રત્યે પાછી તેટલી જ કરૂણતા.

સોલીસીટર કૃષ્ણરાવ દિવાનનું પાત્ર છે જે શરૂઆતમાં આવે છે. તેણે જ પાઠક જયારે જામનગરથી ભાગીને આવ્યો ત્યારે આશરો આપ્યો હતો અને તેનું હીર પારખીને

તેની ઓફિસમાં છાપા પહોંચાડવાનું ઓફીસ સાફ કરવાનું કામ આપ્યું હતું અને પછી જીંદગીમાં આગળ વધવામાં મદદ કરી હતી.

ત્યારબાદ કૃષ્ણરાવ દિવાનનો પુત્ર માધવજી દિવાન અને હરનાથ મિત્ર બન્યા માધવજી દીવાનનું પાત્ર હરનાથની જીંદગીમાં મહત્ત્વનું રહયું છે. દિવાન હરનાથનો સુખ-દુઃખનો સાથી આથી, જીંદગીના ચઢાવ ઉતારનો સાક્ષી હતો. ઘણીવાર પુષ્પા હસતાં-હસતાં કહેતી માલિક-નોકરમાં દોસ્તી ન હોય અને દિવાનજીને પોતાની શૈકય ગણતી. મૃદુલા દિવાનની પત્ની બંનેનું પ્રસન્ન દામ્પત્ય જીવન તેના જીવનથી ઘણીવાર હરનાથ ઈર્ષા કરતો. પરંતુ દિવાનજીને કોઈ  બાળક ન્હોતું હરનાથના અંતિમ દિવસોમાં ઘણીવાર તે ભૂતકાળને યાદ કરતા હરનાથ દિવાનજી પાસે દિલ ખોલતો અને અંતમાં સીમાની વાત પણ કહે છે. દિવાનજી પણ મિત્રની અંતિમ ઈચ્છા પૂરી કરવા પૂરી ઈમાનદારીથી સીમાની શોધ કરે છે અને તેના સગા-વ્હાલા બધાને ખૂબજ ન્યાયપૂર્વક દૌલતનો ભાગ વ્હેંચે છે. કેતકીની અસિલિયત જયાં સુધી જાણ ન્હોતી થઈ ત્યાં સુધી તે તેને દીકરીને જેમ રાખતા પણ જાણ થયા પછી પણ પોતાનું વાત્સલ્ય જરાય નીચું પડવા દેતા નથી. આમ આ પાત્ર ખૂબજ સરળ, સહજ અને સૌમ્ય છે.

મિ. લાલ પ્રાઈવેટ ડિટેકટીવ એજન્સી ચલાવે છે. લાલની ઉંમર ૪૦ થી ઉપર કઈપણ ઉંમર હોઈ શકે તેવા દેખાતા. જાડા ભવાની નીચે કાચની લખોટી જેવી ચમકતી આંખો, કૂતરું કરડવા આવે તો દોડીયે ન શકે એવું અદોદળું શરીર. પણ આમ છતાં આ માણસ કાબેલ હતા. બહારથી ભલે દેખાવે સામાન્ય લાગે તેની ઓફિસ પણ સામાન્ય પણ અનુભવી સ્ટાફ અને લાલનું બુદ્ધિ ચાતુર્ય એટલે કેવું પડે. સીમાની શોધ કરવામાં લાલે કોઈ કસર છોડી ન્હોતી અને અંતમાં સીમાનું પગેરું શોધી દિવાનજી પાસે મૂકી દીધું ત્યારે દિવાનજી પણ ચકિત થઈ ગયા. લાલનું બુદ્ધિચાતુર્ય દાદ માગી લે તેવું છે. નવલકથાના ૧૩માં પ્રકરણથી અંતિમ પ્રકરણ સુધી સતત આ પાત્ર કાર્યશીલ, ગતિશીલ રહયું છે. બધા સગા વ્હાલાનો ઈતિહાસ જાણવો, બધાને શકના દાયરામાં લેવા, બધાના જીવનની નાનામાં નાની વાત જાણવી અને જયાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી પ્રયાસ ચાલુ રાખવા આ તેની વિશેષતા હતી. આથી જ સીમાના બધા પૂરાવાઓ નાશ પામતા ગયા ત્યારે તેને કેસને ઊંધેથી જોવાની શરૂઆત કરી અને

નીલય તેના માતા પિતા, કેતકીની હકીકત, દુર્ગાનું ખૂન, ગોખેલેની સચ્ચાઈ આ બધું તેની ચાતુર્યની ફલશ્રુતિ સમાન છે. આમ આ પાત્ર કુશળ દર્શાવાયું છે.

ઈન્સ્પેકટર મોરે રઘુનાથ મોરેનો પુત્ર. રઘુનાથ દિવાનજી બંને કોલેજમાં સાથે ભણતા. રઘુનાથ એક મોટી ફર્મમાં લો-કલાર્ક તરીકે જોડાયા અને દિવાનજીને સોલીસીટરની ફર્મ હતી જ. વિક્રમ મોરેનું પોસ્ટીંગ હમણા જૂહું પોલીસ સ્ટેશનમાં થયું હતું. વિક્રમ બિન્દાસ ગણાતો પાંચ વર્ષમાં ત્રણ વાર વોર્નિંગ આપીને ટ્રાન્સફર થઈ હતી. પૂરા છ ફૂટનો આ માણસ બુદ્ધિશાળી, ચતુર અને બીજાના મનના ભાવ તરત જાણનારો. તે માણસનો ચહેરો વાંચવાની કળામાં પણ ખૂબજ માહિર હતો. દુર્ગાના મૃત્યુ પછી દિવાનજીને શંકા જાય છે એટલે તે મોરેની મદદ માગવા જાય છે અને તેને કહે છે કે કદાચ હરનાથ અને દુર્ગાના મૃત્યુના તાણાવાણા એક સાથે તો નહી હોયને તેવી શંકા જાય છે. પછી તો મોરે દિવાનજીની શંકાને ધ્યાનમાં લઈને તેણે તપાસ શરૂ કરી અને ત્યારબાદ કોશા, ગોખલે, આસુતોષ, ભાસ્કર, કુંજ બધાને શકના દાયરમાં લઈ લે છે. ગોખલેની સચ્ચાઈ સામે લઈ આવે છે. દુર્ગાના મૃત્યુમાં વપરાયેલી ગાડીને શોધી કાઢે છે અને અંતમાં લાલના સૂચનથી હરનાથના રૂમની દરેક દવાની બોટલ પરની આંગળાની છાપ, હરનાથના રૂમનો ટેલીફોન અને ટેલીફોન ઓફિસેથી છેલ્લે આ ટેલિફોન પરથી કોને ફોન થયો છે તે બધુ શોધીને નીલયની હોસ્ટેલ, તેના માતાપિતા અને કેતકીની સચ્ચાઈ સુધી પહોંચે છે. આમ ઈન્સ્પેકટરનું પાત્ર બાહોશ છે. તેને વાત વાતમાં કુંજના મનના વિચાર જાણી લીધા. પછી આશુતોષની બેંકની સચ્ચાઈ જાણી લીધી અને ગોખલેને ખૂની તરીકે પકડયો. આમ આ પાત્ર બહાદૂર અને સ્પષ્ટ વકતા છે.

આ ઉપરાંત નીલયનું પાત્ર આવે છે જે કેતકીનો બોયફ્રેન્ડ છે અને તેને તેની માતાના બદલો લેવામાં મદદરૂપ થાય છે.

નાના ઘરનો નોકર છે અને હરનાથના જીવનના સુખ દુઃખનો સાક્ષી છે તે હરનાથને અંત સુધી સાથ આપે છે એક વફાદાર નોકર અને આથી જ દિવાનજી જયારે સીમાની સચ્ચાઈ જાણી ગયા પછી નાનાને બધી વાત પૂછે છે નાના પણ જે જાણતો હતો તેની વાત કરીને મદદરૂપ થાય છે.

આ ઉપરાંત મિ. લાલના સાથીમાં વાગલે, રાજનનું પાત્ર આવે છે તે પણ તેની બહાદુરીથી મદદગાર બને તેવા પાત્ર છે. ડૉ.મોદી પણ હરનાથના ફેમીલી ડૉક્ટર છે અને હરનાથનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું છે તેવું તેને કહયું હતું.

આમ, આ નવલકથામાં આવતા પુરુષ પાત્રોમાં બધા નાનાં-મોટાં પાત્રોનું એક ખાસ્સું મહત્ત્વ છે અને વાર્તાને ગતિમાં રાખવામાં આ બધા પાત્રો સફળ રહયાં છે.

- **રહસ્યમય નવલકથામાં પ્રગટ થતું રહસ્ય**
- **'નીલિમા મૃત્યુ પામી છે'**

વર્ષા અડાલજાની રહસ્યમય નવલકથામાં વર્ષાબહેને વાર્તાની જમાવટ કરવા માટે રહસ્યનું ખૂબ જ સચોટ રીતે નિરૂપણ કયુ છે. વાર્તામાં અવનવી ઘટનાઓ બને છે અને તેમાંથી એવી રીતે રહસ્યને ઉદ્દઘાટીત કરે કે આપણને વિશ્વાસ ન થાય તેમ રહસ્યનો ઉકેલ આપે. ઘણી વખત તો આપણે સહૃદય ભાવક તરીકે અનુમાન કરીએ તો વાર્તાના અંતમાં નવીન પાત્ર દ્વારા રહસ્ય ઉકેલાય પછી તે હીરાનો હાર હોય, કોઈનું ખૂન હોય કે, જૂની મિલકત માટેનો પ્રશ્ન હોય બધામાં નૂતનતા જ જોવા મળે છે.

'નીલિમા મૃત્યુ પામી છે' નવલકથામાં વાર્તા નાયિકા નીલિમાનું મૃત્યુ થાય છે વાર્તાનાયિકા પરણેલી છે પરણ્યાની પહેલી જ વર્ષગાંઠ છે અને તે જ દિવસે તે ઘરમાંથી ગાયબ થઈ જાય છે વાર્તા નાયકનું ખૂબજ તેનું ગોતવું પણ પછી પાછળથી તેના રહસ્યનો ઉકેલ જાણવા મળે છે કે નીલિમા ભૂતકાળમાં ખૂબજ રંગીન સ્વભાવની છોકરી હતી. રાગરંગ સેકસમાં માહિર હતી. આલોકદાસ નામના ચિત્રકાર સાથે ખૂબ રાગરંગ કરેલા. લગ્ન પછી પણ સંબંધ ચાલુ રાખે છે અને મુકત પંછી બનીને જીવવાના સપના દેખાડનાર આલોક સાથે વિદેશ ચાલી જવા ઘર છોડી દે છે. ઘર છોડયા પછી બે દિવસે તેનું ખૂન થાય છે. તેનું ખૂન અનેક રહસ્યોને જન્મ આપે છે. જેમકે,

- નીલિમા રંગીન અને આઝાદ સ્વભાવની છે તેથી સુધાકરને તેના પ્રત્યે વેર છે.
- નીલિમાની મિત્ર રાજેશ્વરી સાથે સુધાકરને ગાઢ સંબંધ છે તેથી તેણે નીલિમાને મારી.

- ખૂનની જગ્યાએ નીલિમા સુધાકરના આંગળીઓના નિશાન મોજૂદ છે.
- ગ્લાસમાં લેબોરેટરી તપાસ કરતાં ખબર પડે છે બેભાન કરનારું પ્રવાહી પાણીમાં મેળવેલું.
- ખૂનના સ્થળે રાજેશ્વરી અને સુધાકર હાજર છે.
- ખૂનના દિવસે નીલિમા ઉદાસ હતી તેવું વેઈટરનું કહેવું.

આમ, સર્વ બનાવ પર નજર ફેરવતા ખ્યાલ આવે કે નીલિમા ઉદાસ શું કામ હતી. આલોક સાથે ઝગડેલ કે સુધાકર સાથે. પાછા પુરાવા બધા સાંયોગિક રીતે સુધાકર વિરૂદ્ધના હતા. પત્નીના ખૂનનો હેતુ અને એ માટે મળેલી તક એ બંને બહુજ સરળ પુરાવા સુધાકરને ગુનેગાર ઠેરવતા ત્યાંથી રહસ્યજન્મે છે તો નીલિમાના ખૂન પછી આલોકનું ખૂન થાય છે તે પણ રહસ્યો ઊભા કરે છે કે આલોકનું ખૂન કોણે કર્યું ? જેમકે,

- શકદાર નં. ૧ સુધાકર દેસાઈ (?)
- શકદાર નં. ૨ એક કાળો અજાણ માણસ. આલોકનો મિત્ર. ખૂનના દિવસે બપોરે સાથે હતો.
- શકદાર નં. ૩ કોઈ અજાણી વ્યક્તિ જે આલોકના બ્લેકમેઈથી ખૂબ તંગ આવી ગઈ હોય તે.

આમ, આ બંનેના ખૂન રહસ્યો જન્માવે છે. સૌ પ્રથમ સુધાકરને ખૂનના હેતુથી કલ્પી શકાય પણ રવિવારે રાત્રે નીલિમાનું ખૂન થયું અને એજ સમયમાં આલોકનું પણ ખૂન થયું બંને છેક જુદા-જુદા સ્થળે થયું હતું. જૂહુ અને મરીન ડ્રાઈવ સુધાકરે આલોકના અને નીલિમાના સંબંધની જાણ થતાં પહેલા નીલિમાને ખતમ કરી. આલોકનું ખૂન કરવા મુંબઈ સુધી ગયો હોય ! આવું શકય નથી લાગતું પોતાની કારમાં મુંબઈથી જૂહું પાછાં ફરતાં કોઈએ તો જોયો હોય.

કાળો અજાણ્યો માણસ જે મિત્ર છે અને લખલૂટ કમાણીમાં ભાગ માટે ઝઘડો થયો હોય અને ખૂન કરે.

અજાણી વ્યક્તિના બ્લેકમેઈલથી ખૂન થયું પણ આલોક ચાલક હતો પોતાનાથી વિશેષ કોઈના ઉપર વિશ્વાસ ન રાખતો આથી કયાંક આલોકે જબ્બર થાપ ખાધી અને પોતાના જાનથી તેની કિંમત ચૂકવી.

પછી અંતમાં હોટલનો નોકર ધનવંત દ્વારા અમુક પુરાવાઓ મળે છે જેમકે બીચ પર ગ્લાસને જગના ટુકડા મળવા, તેના પર જુદા આંગળાના નિશાન અને ૧૯ નંબરની રૂમનો જગ, મેનેજરને ભવાનીશંકરની વાતચીત ને ઝઘડો, પછી હોટલના નોકરની વાત કે આટાની ચક્કીના રૂમમાં લોટ સાફ કરવો અને આલોકની લાશ પાસે સફેદ ભૂક્કી, નીલિમાની લાશ પાસે સફેદ લોટ જેવો ભૂક્કો આ પરથી છેલ્લે રહસ્ય ઉદ્દઘાટીત થાય છે કે આલોકને મેનેજર મળેલા છે. સેકસના ધંધામાં નીલિમા મોટા બાપની દિકરીને ફસાવી છે અને આ બધી વાત નીલિમા સાંભળી તેની સાથે ઝગડે છે અને બધા ને કહી દેવાનું કહી ભાગી જવા જાય છે. નીલિમા આલોકને મેનેજર માટે જોખમી બની ગઈ આથી મેનેજરે અને આલોકે મારી નાખી અને પછી આલોક પોતાનો દાણચોરીના ધંધામાં કાયમ માટે ફોરેન જવા માગે છે અને પછી પાછળથી નીલિમાના ખૂનની લટકતી તલવાર મેનેજર માનસિંહ ઉર્ફે દિનું પંડિત પર લટકે આથી તે મેનેજર આલોકનું પણ ખૂન કરે છે.

આમ, વાર્તાની શરૂઆતમાં સુધાકર, ભવાનીશંકર, રાજેશ્વરી પર શક જતો પણ વાર્તાના અંતમાં રહસ્યકંઈક જુદી રીતે જ ફલિત થતું જોવા મળે છે. વાર્તાની શરૂઆતથી પહેલા પ્રકરણથી વાર્તામાં રહસ્ય શરૂ થાય છે અને છેલ્લા પ્રકરણમાં રહસ્યનો ઘટસ્ફોટ થાય છે.

- **'છેવટનું છેવટ'**

'છેવટનું છેવટ' રહસ્યમય નવલકથામાં નવલકથાની શરૂઆતના પહેલા પ્રકરણથી રહસ્ય શરૂ થાય છે વિનોદભાઈને સુમી બહેનના લગ્નની વીસમી વર્ષ ગાંઠ નિમિત્તે વિનોદભાઈએ તેના દાદા જયારે સ્ટેટના દિવાન હતા ત્યારે એ હાર એમને ભેંટમાં મળેલો અને પછી એક વારસદાર તરીક તે હાર વિનોદભાઈને મળેલો પણ વિનોદભાઈએ કોઈને વાત ન કરી અને વીસ વર્ષ પછી તે હારને લગતું જ પેંડન બનાવડાવીને તેની

પત્નીને તે ગીફ્ટ આપે છે અને તે રાત્રે જ રાતની પાટીમાંથી હાર ગાયબ થઈ જાય છે. પાટીમાં માત્ર બારથી પંદર અંગત મિત્રોના ઘરના સિવાય કોઈ ન્હોતું પછી તો પોલીસમાં ફરિયાદ થાય છે. પોલીસ તપાસ થાય છે તેમાં સમહાઉસમાં વિનોદભાઈના બંગલામાંજ કેશુ નામના દાણચોરની લાશ મળે છે ત્યાંથી ઘેરા રહસ્યની શરૂઆત થાય છે. બધા પૂરાવા વિનોદભાઈને ખૂની સાબિત કરનારા બને છે. સૌ પહેલા,

- વિનોદભાઈનું કેશુ જોડે દેખાવું,
- તેમના જ બંગલામાં કેશુનું શબ,
- સમહાઉસની ચાવી છુપાવેલી તેમની પાસેથી મળી,
- બ્રાઉન ઓવરકોટ – આમ બધા પુરાવાઓ વિનોદભાઈને ખૂની ઠેરવે તેવા હતા.

ત્યારબાદ પોલીસ તપાસ થતાં વિનોદભાઈ ખૂની નથી તેના પૂરાવા મળે છે.

- **ચાવી :** વિનોદભાઈ સમરહાઉસની ચાવી તાળામાં ભૂલી ગયા તે કોઈક બીજાએ લઈ તેમના રૂમમા સંતાડી.

- **રૂપા :** રાત્રે બરાબર બાર વાગ્યે રૂપાએ વિનોદભાઈને બંગલામાં જતાં જોયા ત્યારે સમરહાઉસને બારણે કોઈક ઊભું હતું અને કેશુ જ હશે. મતલબ વિનોદભાઈ એ કેશુનુ ખૂન કર્યું નથી.

- **ખૂની કોણ ?** કેશુનો અજાણ્યો ને એક માત્ર સાથીદાર વિનોદભાઈ ને કેશુ રાત્રે મળવાના તેની એને જાણ હતી. તેણે કેશુનો કાંટો વચ્ચેથી કાઢી નાખવા ખૂન કર્યું ?

- **પુરાવો-૧ :** વિનોદભાઈએ આપેલા દસ હજાર કેશુના મૃતદેહ પરથી મળ્યા નથી.

- **પુરાવો-૨ :** કેશુનું ખૂન ગળચી દાબીને કોઈ એ કયુ. આ બંને વાત સૂચવે છે કે વિનોદભાઈ સિવાય ત્યાં અન્ય કોઈ ત્રીજી વ્યક્તિની હાજરી હતી. આમ અનેક પૂરાવા વિનોદભાઈ વિરૂદ્ધ મળે છે. ત્યાં અચાનક ડૉ. મહેતાનું ખૂન થઈ જાય છે અને તેને આત્મહત્યાનો બનાવ બનાવાય છે તેમ છતાં પેલા હારનું રહસ્ય હજી ખૂલતું નથી.

ત્યાં જ ઈન્સ્પેકટર એક નાટક કરે છે કે વિનોદભાઈ ખૂની છે તે જાહેર કરે છે અને એ જાહેર થતા સાચો ખૂની ભોળવાઈ જાય અને તે પૂરાવા સાથે પકડાય અને એમ જ થયું ઈન્સ્પેકટર કપૂરે જ કેશુનુ ખૂન કરી હાર લઈને ડૉ. મહેતાનું પણ ખૂન કરે છે. પાર્ટીની રાત્રે સુરમાનો મિત્ર કિશોર જે કેશુ સાથે જોડાયેલ હતો તેમણે હાર સેરવીને કૂંડામાં મૂકી દીધો પછી જે રાત્રે કેશુ વિનોદભાઈને મળવા આવ્યો તે રાત્રે તેની પાછળ કપૂર પણ હતો. વિનોદભાઈના ગયા પછી તે કેશુને ગળચી દબાવીને મારી નાખીને સુમી બહેનના ભૂતકાળના કાગળો અને દસ હજાર રૂપિયા લઈને જવા જાય છે ત્યાંજ ડૉ. મહેતા તેને જોઈ જાય છે. આથી તેનું પણ ખૂન થાય છે પછી કિશોરને તો જાણ ન્હોતી કેશુના ખૂનની આથી, હાર લઈને કેશુને આપવા રસ વિહાર હોટેલમાં જાય છે ત્યાં કેશુ ન મળતા તે હાર તેની બેગમાં મૂકીને આવી જાય છે. ત્યારબાદ કપૂર કેશુની લાશને ઠેકાણે પાડીને તેની રૂમે જાય છે હાર લઈને નીકળી જાય છે પણ આ અગાઉ તેમને બે ટાઈપ કરેલી ચિઠ્ઠી ઈન્સ્પેકટર સુધી પહોંચાડી. આથી, ઈન્સ્પેકટરને શંકા ગઈ કે છેલ્લા દસ દિવસથી કપૂર વિોનદભાઈના ઘરમાં રહે છે આથી બધી બાબત તેને ખબર હોઈ. આમ વિચારીને તે વિનોદભાઈને ફસાવે છે. કપૂર પોલીસ ઈન્સ્પેકટર બન્યાં પહેલાં વકીલાતની પ્રેકટીસ કરતો આથી જોઈ વિચારીને બધી બાબતો વિશે પગલું ભરતો પણ કપૂરના નાટક સામે પોલીસ પણ નાટક કરે છે તેણે વિનોદભાઈને વિશ્વાસમાં લઈને એવો જ બીજો હાર બનાવડાવ્યો અને હાર મળી ગયાનું બધાને કહયું તે પણ કપૂરની હાજરીમાં અને કપૂરને જ કસ્ટડીમાં રાખવાનું કહયું. આ જોઈને તે ભૂલી ગયો અને કહયું આ હાર હું જ ઝવેરી પાસે લઈ જઈશ અને પછી તે સાચો હાર જયાં સંતાડયો હતો ત્યાં ગયો તપાસ કરતો હતો ત્યાંજ બધા પોલીસે તેના પર હુમલો કરી ઘેરી લીધો અને છેલ્લે અફડાતફડીમાં તે મૃત્યુ પામે છે અને હાર મળી જાય છે. આમ હારના રહસ્યના સમાધાન સાથે વાર્તા પૂરી થાય છે.

- **'પાછાં ફરતાં'**

'પાછાં ફરતાં' નવલકથામાં લેખિકાએ ઘેરું રહસ્ય ઊભું કર્યું છે. થોડા દિવસનાં અંતરે રાત્રે ત્રણ લાઈટના ઝબકાર થવા, વાર્તા નાયિકા શ્યામાની પાછળ સતત કોઈના પગલાં હોવાનો ભણકારો અને એક કાળો ઓછાયો – આવી બધી વાતોથી વાર્તામાં

રહસ્યતો ઊભું થાય છે પણ રહસ્ય ઘેરું બને છે ત્યારે જયારે વાર્તામાં સૌથી જૂનો નોકર જે વફાદાર છે ઘરના સભ્ય જેવો જ છે. તેવા મણિભદ્રનું ખૂન થાય છે અને ત્યાંથી વાર્તાનું રહસ્ય ઘેરું બને છે.

વાર્તા નાયિકા શ્યામા પોતાના પિતાને ત્યાં વીસ વર્ષે પાછી આવે છે. પોતાના ભાઈને હાલતને સારી કરવા તે ખૂબ પ્રયાસ કરે છે અને તે પોતાના પિતાના મિત્ર ઈન્સ્પેકટર પંચોલીને મળે છે. ઘણાં વખતે પોતાના ઘરમાં આજે રોનક લાગે છે કારણ કે આજે ભૂતપૂર્વ ઈન્સ્પેકટર પંચોલી અને તેના પત્ની સાંજે જમવા આવવાના છે આથી ઘર સજાવાય છે. ભાઈને આનંદમાં રાખવા આજે બહાર ગાર્ડનમાં જમવાનું ગોઠવાય છે બધી તૈયારીમાં શ્યામા નોકરોની સાથોસાથ હોય છે પણ આજે મણિભદ્ર કંઈક વિચારોમાં ખોવાયેલો હોય છે. શ્યામાને તે કંઈક કહેવા માગે છે પણ શ્યામા તેને રોકે છે અને કહે છે કાલે નીરાંતે વાત કરજે બધા મહેમાનો હજી જમવાના છે. ત્યાંજ બહારના આઉટ હાઉસ પાસે મણિની ચીસ સંભળાય છે. બધા ઘરની બહાર આવીને જુએ છે તો મણિની લાશ ખૂનના ખાબોચીયામાં પડેલી છે. તરત જ રિટાયર્ડ ઈન્સ્પેકટર પંચોલી બધાને ત્યાંજ ઊભા રહીને કયાંય અડવાની ના પાડે છે અને ઈન્સ્પેકટરને ફોન કરે છે.

ઈન્સ્પેકટર આવે છે અને ઘરની બધી વ્યક્તિઓને હાજર રહેવાનું કહે છે. બધા હાજર છે. બધા નોકરો પણ હાજર છે પણ એક અર્જુન જ હાજર નથી. આથી પહેલો શક અર્જુન ઉપર જાય છે. એમાંય તુલસી કહે છે કે તેને કોઈક જાડા, ઠીંગણા માણસને વંડી ટપતા જોયો તેથી તે શંકા વધુ મજબૂત બને છે. તે સમયે બધાની પૂછતાછ થાય છે, મણીને કોઈ સાથે દુશ્મની પણ ન્હોતી અને ઘરનો ખૂબજ વફાદાર નોકર તો તેનું ખૂન કેમ થયું ? આ એક પ્રશ્ન થાય છે ત્યારે ઈન્સ્પેકટર આ એક ગુથ્થી સુલજાવે છે.

મણિને જે દિવસે નીલનું આગમન થાય છે ત્યારે તે વખતે પૃથ્વીરાજ, યાકુબ અને તુલસીના તરખટની જાણ તેને થઈ ગઈ હતી. આથી તે શ્યામાને વાત કરવા માગતો હતો પણ તે કહી ન શકયો અને તે જ રાત્રે પંચોલીનું જમવા આવવું આથી તક જોઈને યાકુબે અને પૃથ્વીરાજે ગળું દબાવીને છરી મારીને તેનું ખૂન કર્યું. એક મણિને બધી ખબર પડી ગઈ હતી કે નીલને પૃથ્વીરાજ બનાવટી ભત્રીજો બનાવીને લઈ આવ્યો છે અને બીજું તુલસી અને તેની ઉંમરમાં વધારે ફેર હોવાથી તે બે વચ્ચે કજોડું હતું અને મિલકત

પડાવવા માટે નીલનું નાટક રચાયું છે. આ વાતની જાણ કરવા જાય તે પહેલા જ તેનું મૃત્યુ થયું. ઈન્સ્પેકટરે આખી તપાસ કરી ત્યારે ખબર પડે છે કે જે દિવસે મણિનું ખૂન થયું ત્યારે ગરમી ઘણી હતી. એટલે આઉટ હાઉસના નોકરની ઓરડીમાં પંખો ન્હોતો ત્યાં યાકુબ સૂતો હતો. પણ ત્યાં તો રહી શકાય તેમ ન્હોતું આથી શક પડે છે અને તપાસ કરે છે તો યાકુબ ગરદન દબાવીને પૃથ્વીરાજ જોરથી રામપુરી ચાકુ મારે છે અને લોહીથી લથબથ મણિને લાશ મળે છે. મોતીરામ તો આ કામ કરી ન શકે કારણ કે તે પોતે ઘણો અશકત હતો અને રાત્રે તેને જાઝું દેખાતું પણ ન હતું.

અર્જુન ઉપર શંકા ગઈ કારણ કે અર્જુન તે દિવસે સવારે મણિ સાથે ઝગડયો હતો અને તેને મારી નાખવાની ધમકી પણ આપી હતી. કારણ કે અર્જુન ત્યારે ચિંતામાં હતો. કારણ કે પોતાની સાથે રહેતી ગોપી નામની સ્ત્રીને તેને લીધે મહિના રહયાં હતા અને તે તેને બ્લેકમેઈલ કરતી હતી આથી તે વાતની જાણ પણ મણિને થઈ ગઈ હતી. આથી પહેલી શંકા તેના પર જાય પણ તેના કહેવા પ્રમાણે તે રાત્રે તે રૂમમાં જ હતો. કારણ કે પોતાના પિતા નારાયણ તે દિવસે જ જેલમાંથી ભાગી ગયો અને તેના રૂમમાં સંતાયો હતો અને બંને બાપ-દિકરો મા તથા મામાને દબાવી મિલકત ઝડપવાના પ્લાનમાં હતા. આમ આખી હકીકત ઈન્સ્પેકટર દ્વારા જાણમાં આવે છે. પછી અંતમાં શ્યામા પૂછે છે કે પેલા પાછળ ફરતાં પગલાં કોના હતા તો તે કહે કે તે પૃથ્વીરાજના હતા તે તમારી પાછળ ફરીને ઘર વિશેની સાચી હકીકત જાણતો જતો હતો.

અને પેલા પ્રકાશના ત્રણ ઝબકારાને તે કાળો ઓળો કોનો હતો. ત્યારે ઈન્સ્પેકટર કહે કે તે તમારા ભાઈ અને મણિની કામગીરી હતી. ત્યારે શ્યામાને આશ્ચર્ય થાય છે અને આખી વાતની ખબર ત્યારે પડે છે કે પોતે વીસ વર્ષે આ ઘરમાં પાછી ફરે છે ત્યારે ભાઈને આનંદ થાય છે પણ દુઃખ પણ થાય છે કે બહેનને તેની આર્થિક હાલતની ખબર ન પડે. આથી પહેલાની જેમ પોતે હજી સમૃદ્ધ જ છે તે રીતે તે રહેતો અને જયારે પૈસાની કમી ઊભી થાય ત્યારે માતા-પિતા શોખીન હતા, કલાત્મક વસ્તુ વસાવવાના આથી તે મોંઘી કલાત્મક વસ્તુને વેંચીને પૈસા મેળવતો આ કામમાં મણી પોતાના માલિકની મદદ કરતો. આથી રાત્રીના સમયે ત્રણ લાઈટના ઝબકારા કરતો ત્યારે અનંત તે વસ્તુ તેને આપતો અને તે રાત્રે કોઈ જોઈ ન જાય માટે તે વેચીને આવતો. આમ આખીય વાતનું રહસ્ય અંતમાં ઉકેલાય છે અને વાર્તા સુખદ અંતને પામે છે.

- **'પગલાં'**

'પગલાં' નવલકથામાં રહસ્યાત્મક ઘટનાઓ બને છે. તેમાં સૌ પ્રથમ ઘણાં વષો પછી વાર્તા નાયિકા સુનિતા અને તેની બહેનપણી શબનમ મળે છે અને તે જ રાત્રે સુનિતા મૃત્યુ પામે છે. જયારે સુનિતાનું મૃત્યુ થયું ત્યારે પહેલી ફેબ્રુઆરી હતી. ત્યારબાદ જગન્નાથ અને સુનિતાને કોઈ સંતાન નહી આથી સોલીસીટર મિ. નંદા અને શબનમે તેની દૌલતની સારી રીતે સંભાળ રાખીને ચેરેટી કરવાની હતી ત્યાંજ સુનિતાના મૃત્યુ પછી દસ દિવસે એટલે કે ૧૦ ફેબ્રુઆરીએ સાંજે ૭.૦૦ અને ૭.૪૦ વચ્ચે એની નોકરબાઈ ગિરિબાઈનું ખૂન થયું. મનમાં પ્રશ્ન થાય કે શા માટે ગિરિનું ખૂન થયું. સુનિતાના મૃત્યુને અને ગિરિના ખૂનને કંઈ સંબંધ હતો ખરો ! ગિરિબાઈનું ખૂન થયું તે પહેલા તે શબનમને કંઈક કહેવા માગતી હતી. એ કંઈક જાણતી હશે ? પણ તે પહેલાં તેનું ખૂન થઈ જાય છે.

પછી ડૉ. મિત્તલ સુનિતાનો યુવાનીનો બોયફ્રેન્ડ હતો ? વિલાસ તેનો પુત્ર હતો ? તે પણ એક રહસ્ય હતું. પછી બધી તપાસ કરતાં ખબર પડે છે કે સુનિતાની પેટીમાંથી વિલાસનો બાળપણનો ફોટો, જન્મસાલ, તારીખ અને ડૉ. મિત્તલની અવસાન નોંધની નાની ચબરખી આ બધું મળે છે. આથી વિલાસની શોધ કરાય, તેના જીવન વિશે જાણવા મળે છે. જયારે બધું જાણ્યા પછી વિલાસને હોસ્પિટલે મળવા જતાં સફેદ એમ્બેસેડર કાર એમ.આર. ૪૪૧ નો એનો પીછો કરતી હતી. તેમાં એ કોણ હતું કે જે શબનમ જેવી અજાણી વ્યક્તિનો પીછો કરે.

ત્યારબાદ જે દિવસે વિષ્ણુ રજા લઈ તેના ભાઈને મળવા ગયો ત્યારે એ જ રાત્રે ઘરની નીચે એને ધક્કો મારી, રસ્તા પર ફેંકી દેવાઈ હતી. એનો જાન લેવામાં કોઈને શું આટલો રસ હશે. શબનમના મૃત્યુથી શું મળવાનું હતું ? અને ધક્કાથી ટોળાનું ભેગું થવું અને શબનમની નજરે વિલાસનો ભાઈ સુંદર દેખાયો ત્યારે શક થાય છે કે શું સુંદરે ધક્કો માયો હશે ?

પછી તો શબનમના બેડરૂમમાં ઘૂસીને સુનિતાની પેટીમાંથી વિલાસનો ફોટો ચોરાઈ ગયો. કોણ હશે આ ઘરમાં દાખલ કઈ રીતે થયો ? આવા અનેક પ્રશ્ન ઊભા થાય મનમાં. પણ હજી એ પ્રશ્નની કળ વળતા વળતા સમય ગયો ત્યાં જ એજ રાત્રે

ત્રણ વાગ્યે કોઈએ ઘરમાં દાખલ થવાનો પ્રયત્ન કર્યો. કોણ હશે ? એની પાસે ઘરની ચાવી કયાંથી આવી ? એ અહીં શું કામ આવે ? ચોરી કરવા કે ખૂન કરવા ? આમ આવી અનેક રહસ્યાત્મક ઘટનાઓ શબનમની સામે બની પણ આ બધા રહસ્યનો પડદો વાર્તાના અંતમાં ઊંચકાય છે.

ગિરિબાઈના ખૂન માટે તેના પતિ સુખિયાને પકડયો હતો પણ તે બેકસૂર હતો. પછી વિલાસનું હોસ્પિટલમાંથી ગુમ થવું અને શબનમ પાસે સુંદરે બે લાખ માગ્યા ત્યારે શબનમ દિલ્હી ગયેલ નંદાને ફોન કરે છે. નંદા ટિકિટ ન મળવાની વાત કરે છે અને પછી તરત રાત્રે તેનું ઘરે આવવું. નંદાની ગોઠવણ પ્રમાણે સવારે પૈસાની વ્યવસ્થા કરવી પછી શબનમનાં મનમાં વિચાર આવે છે કે નંદાને ટિકિટ ન મળી પણ તે કોઈના નામ ઉપર આવ્યા ત્યારે તે ખુદ તપાસ કરવા એરપોર્ટ પર જાય છે ત્યાં ખુદ નંદાનું જ નામ હોય છે એટલે શક મજબૂત બને છે અને આ તરફ સુંદર કહે છે કે તમને બે વાર ચિઠ્ઠી લખીને ચેતવ્યા કે આ ઘર – શહેર છોડી ચાલ્યા જાવ પણ તમે માન્યા નહીં. આથી શબનમને લાગે છે કે નંદાને સુંદર મળી ગયા છે. આથી પૈસા દેવા રાત્રે તે નંદાની ના હોવા છતાં તેની સાથે જાય છે.

ચર્ચ પાસે નક્કી થયા મુજબ બે લાખ રૂપિયા લેવા માટે સુંદર આવ્યો. પૈસા આપી દીધા ત્યાંજ કોઈનો અચાનક સુંદર પર હુમલો થયો પછી તો શબનમ અને નંદા કંઈ કરે તે પહેલાં તેને કોઈ મજબૂત રીતે પકડીને ચર્ચમાં લઈ જાય છે ત્યાં બે પાદરીઓ તેને સાચી વાત કરે છે અને એ બે પાદરી એટલે ઈન્સ્પેકટર બત્રા અને પ્રાઈવેટ ડીટેકટીવ જે.કે. હા. તેમણે આખા રહસ્યનો સ્ફોટ કર્યો.

તેણે શબનમને કહયું કે સુનિતાની મિલકતમાં મિસ્ટર નંદાને રસ હતો. કારણ કે તેની વિધવા પુત્રી અને તેની બે દિકરીઓ માટે તેમણે આવું કર્યું. સૌથી પહેલા સુનિતાનુ મૃત્યુ થયું અને તે રાત્રેતેમને જે જાણીતો અવાજ સંભાળાયો તે ડાન્સીંગ મેનેજર ગુલામનો હતો. ગુલામ પાસેથી અને તમારી પાસેથી સુનિતાનો ભૂતકાળ જાણ્યા બાદ તે તેની દૌલત હડપી લેવા માગતો હતો પણ સુનિતાએ તેમને તેની દૌલતનું ધ્યાન રાખવાનું કહયું આથી નંદા મૂંઝાયો એટલે એણે તમને અહીંથી ચાલ્યા જવા માટેની ગુમનામ ચિઠ્ઠી લખી પછી ગિરિબાઈ નંદાની વાત જાણતી થઈ એટલે તમને કહે તે

પહેલાં જ તેણે વિષ્ણુ સાથે મળી તેને મારી નાખી પછી ગિરિબાઈ પાસે એક ઘરની ચાવી રહેતી આથી અડધી રાત્રે આવીને તમારા પર જાન લેવા હુમલો કરવાની કોશીષ કરી પણ તેમાં તે નિષ્ફળ રહયા પછી સુંદર સાથે મળીને વિલાસને ગુમ કરાવ્યો. વિલાસ સુનિતાનો પુત્ર છે તેવા પુરાવા ઊભા કર્યા. આમ પોતાની વિધવા પુત્રી અને તેની બે પુત્રી માટે નંદાએ દૌલત પડાવવાનું આવું કાર્ય કર્યું અને તમારા ઉપર નજર રખાતી હતી તે પેલી ટેકસી તમારો પીછો કરતી હતી. આમ માત્ર પૈસાની લાલચમાં તેમણે ગિરિબાઈ જેવી ગરીબનું ખૂન કરીને આવું તરખટ ઊભું કર્યું.

આમ આ નવલકથામાં રહસ્ય ઊભું કરવામાં લેખિકા સફળ રહયાં છે અને વાચતાં વાચતાં સહૃદય ભાવકને એક–એક નવા–નવા રહસ્યો ખૂલતા જાય તેમ મજા આવતી જાય. આમ આ કૃતિ રહસ્યાત્મકતા ઊભી કરવામાં સફળ રહી છે.

- **'પાંચને એક પાંચ'**

'પાંચને એક પાંચ' રહસ્યમય નવલકથામાં વર્ષાબહેને બે રહસ્યોને ગૂંચવતા મૂકયા છે અને નવકલથાના વાતાવરણને ખરેખર રહસ્યમય બનાવ્યું છે. વાર્તાની શરૂઆતમાં બોમ્બે સેન્ટ્રલ રેલવે સ્ટેશનેથી દહેરાદૂન એકસપ્રેસના ફર્સ્ટ કલાસના કમાપર્ટમેન્ટમાં છ જણા મુસાફરી કરે છે. તેમાં એક હતા બોમ્બેના ધારાશાસ્ત્રી વિશ્વનાથ મિત્ર, અશેષ, રમેશ, નંદિની, સમતાબેન અને હીરાના વેપારી જોહરીમલ, મારવાડી શેઠ બે રાત્રી ત્રણ દિવસની મુસાફરીમાં બીજી રાત્રે મારવાડી શેઠનું બયાના સ્ટેશન પછી ખૂન થઈ જાય છે. આ ખૂનની વાતથી આખું રહસ્ય ઊભું થાય છે. દિવસના સમયે પહેલાં તો બધાનું મળવું એક બીજાથી પરિચય કેળવવો અને પછી તો સાથે જમવું સાથે ચા–નાસ્તો કરવો, એક આખું ઘર જેવું વાતાવરણ .ઊભું થઈ ગયું. ત્યાં જ બીજે દિવસે રાત્રે શેઠનું બે વાગ્યા પછી ખૂન થઈ જાય છે. ત્યાંથી રહસ્યની શરૂઆત થાય છે. સૌ પ્રથમ તો ગાડીમાં સાથે મુસાફરી કરનાર છ એ જણ અજાણ્યા હતા. તેમાં વિશ્વનાથ મિત્ર મોટા ધારાશાસ્ત્રી હતા. તે તેના કામથી દિલ્હી જતાં હતાં. અશેષ ફિલ્મ લાઈનમાં તેનું નસીબ અજમાવવા જતો હતો અને નંદિની તેની માસીની દિકરીના લગ્નમાં જતી હતી. સમતાબેન મથુરા નાવા જતા હતા અને રમેશ પણ હીરાનો બિઝનેસ કરે છે. આથી

તે કામ સબબ દીલ્હી જતો હતો. સાથે આવનાર હીરાના વેપારી મારવાડી શેઠ પણ કામ માટે જતાં હતાં ત્યાં મૃત્યુ થયું.

હવે આખીય ઘટના ચાલુ ટ્રેનમાં બની અને મધરાત્રીએ મારવાડી શેઠનું ખૂન થયું રહસ્ય એ થાય કે ચાલુ ટ્રેને આ ઘટના બને જ કેમ ? કારણ કે મુસાફરી કરનાર પાંચેય જણ એજ ગાડીના ડબ્બામાં હતા તો કોણ ખૂન કરી જતું રહે. દિલ્હી પહોંચીને પોલીસ તપાસ શરૂ થઈ સાથે મુસાફરી કરનાર બધાના સ્ટેટમેન્ટ લેવાયા. તેમાં રમેશની ત્યાંથી જલ્દીજવાની ઉતાવળ, અશેષનો સરસ સહકાર અને શેઠને ઠંડી ચા ચીવાની ટેવ વિશે વાત, સમતાબેનનું મથુરા ઉતરવું ત્યારે રમેશ જાગતો હતો અને તેને મદદ કરી અને છેલ્લે રમેશનું જ શેઠ સાથે જાગવું, છેલ્લો ચાનો કપ રમેશના હાથમાં હતો. આ બધાની ગવાહી અને વિશ્વનાથના અમુક ચોક્કસદર્શનથી એવું લાગે કે રમેશ જ ખૂની છે. કારણ કે બયાના સ્ટેશન આવ્યું ત્યારે શેઠ નીચે ઉતર્યાતા. કોઈ માણસને મળ્યા પછી ખૂબજ ગભરાયેલા લાગતા હતા. તેને જલ્દી નાની ચિઠ્ઠી લખીને વિશ્વનાથને આપી કે તે દિલ્હી ઉતરીને તેની સાથે રહે તેની જાનનું જોખમ છે. વિશ્વનાથે ચિઠ્ઠી ઉપર બહુ ધ્યાન ન આપ્યું પછી રમેશનું મન તેને ખૂબજ વ્યગ્ર લાગ્યું. અત્યાર સુધી સિગરેટ ન પીતો રમેશ કોઈની રાહ જોતો ઊભો છે. ત્યાં જ કોઈ અજાણ વ્યક્તિને મળવું અને બયાન સ્ટેશન આવતાં સુધીમાં તેનું કામ થઈ જશે એવું કહેવું. પછી રાત્રીના બે વાગ્યે શેઠની ચા પીવી અને શેઠને ઠંડી ચા પીવાની ટેવ આથી તેને બહારનો ચા વાળાનો કપ પોતાના કપમાં ઠલવીને રમેશે તે કપ પડકયો પછી શેઠે પૈસા આપીને શેઠે કપ લીધો પછી બધા સૂઈ ગયા રાત્રીના બે પછી રમેશ નીચે ઉતરે છે અને શેઠનું ખૂન થયેલું જોવે છે. પાછો તે ઉપર ચઢવા જાય છે ત્યાં જ સમતાબેનનું જોવું પછી વહેલી સવારે તેને મથુરા સ્ટેશને ઉતારવા, આ બધી ઘટના બની.

ત્યારબાદ વચમાં એક અન્ય રહસ્ય ઊભુ થાય છે કે દિલ્હીમાં વિશ્વનાથ મિત્ર આવે છે રિગલ હોટલમાં ઉતરે છે તેજ હોટલમાં અશેષ અને રમેશ પણ ઉતરે છે. ત્યાં વિશ્વનાથના રૂમમાંથી કાગળ ચોરાઈ જાય છે પછી તે મેનેજર પાસે એક અગત્યનું કવર રાખવા જાય છે. ઈન્સ્પેકટર વર્માની પૂછતાછ પરથી ખૂન રમેશે કર્યું હોય તેવી શંકા જાય છે આથી અશેષને રમેશનો પીછો કરવાનું કામ સોપીને વિશ્વનાથ વિનસ હોટલ તરફ

જાય છે અને ત્યાંજ રેલવે સ્ટેશનેથી તેનો પીછો કરતી એક ગાડી નો ડ્રાઈવર મૂછોવાળો અને લાલ આંખો એ ડ્રાઈવર આજે પણ તેનો પીછો કરે છે. ત્યાં જઈને બધી તપાસ કરે છે ત્યાંજ એક સુંદર સ્ત્રીનું પાસે આવવું, ડાન્સ ને ડિનર માટેનો આગ્રહ કરવો. વિશ્વનાથનો ઈન્કાર અને ત્યાંજ પાછું પેલા ડ્રાઈવરનું હોટલમાં આવવું ત્યારબાદ ગુપ્તા નામના માણસની સાથે ફોન પર વાત કરવી. માલ પહોંચી ગયાની વાત કરવી પછી સાથે ગુપ્તા, પેલો મોટી મૂછોવાળો ડ્રાઈવર, પેલી અજાણ સ્ત્રી બધાને સાંજે સાથે જોયા, પછી ખૂણાની શેરી પર પાનવાળાની દુકાનમાં ત્રણ ટકોરામારી જવું. ત્યાંથી પાછા વળવું ત્યારબાદ વિશ્વનાથના રૂમમાં પાછા ફરતાં કોઈનું આવવું તેને પકડીને રાખવો તે આ મોટી ગેંગ છે તેનો છૂપો જાસૂસ છે. તેના દ્વારા બધી જાણ થવી અને તે તો માત્ર સંદેશો આવે ત્યારે જ માલ પહોંચાડવા કે લઈ જાય છે. બાકી તે કશુંજ જાણતો નથી. ત્યારબાદ રમેશ પણ આ દાણચોરીના કામમાં સપડાયેલો છે. સુધીર પણ મનમારીને આ કામ કરતો હોય છે. ત્યારબાદ ફરી પાછા વેનિસ હોટલમાં વિશ્વનાથ અને અશેષની કઝીન કુંતલનું જવું, ત્યાં પાછળથી કુંતલના મિત્ર નિરજ પર હુમલો થવો. ત્યારબાદ વિનસ હોટલમાં નિરજ પાસે પણ પેલી સ્ત્રીનું આવવું, બેસવું, ડાન્સ માટેનો આગ્રહ કરવો. ત્યાંજ બંદુકનો અવાજ સાથે પેલા મૂછોના થોભીયા વાળા માણસનું ખૂન થવું, તેની તપાસ કરવી બધા હોટલવાળા તથા પેલી સ્ત્રીનું સાવ અજાણ બની જવું પછી તપાસ કરતા ખબર પડે છે કે આ વ્યક્તિ વિરસિંહ હતી અને લ્યૂસી તેની પ્રેમીકા હતી પણ લ્યૂસી જયારે વીરસિંહ બહારગામ જતો ત્યારે મેનેજર સાથે સંબંધ ધરાવતી આથી વીરસિંહનો કાંટો વચ્ચેથી કાઢવા માટે તેનું ખૂન કર્યું અને આ તરફ કુંતલને સમીર વિશ્વનાથને પોતાના ઘરે બોલાવે છે અને તેના પિતાની ઓળખાણ કરાવે છે. તેના પિતા હરકાંત પરીખ ખૂબ કલાપ્રિય માણસ હોય છે અને વિશ્વમાં તેનું નામ હોય છે. આથી તે પોતાની કલાના ઉત્તમ નમૂના મિ. મિત્રને બતાવે છે અને થોડા દિવસમાં લંડન એકઝીબિશન માટે જવાના છે તેમ કહે છે. પછી તરત મિ. વિશ્વનાથના રૂમમાં પોતે બીજે દિવસે ચોરીનું નાટક કરે છે અને ચોરને પકડવા જતા તે પણ અઠવાડિયા સુધી ગાયબ રહે છે. પછી અચાનક જ હરકાંત પરીખ, ચિતરંજન ગુપ્તા, કૃષ્ણકાંત શેઠની ધરપકડ કરે છે અને તેને દેશદ્રોહના ગુના હેઠળ, સ્મગલીંગના ધંધા હેઠળ પકડાવી દે છે. રમેશને નાની સજા મળે છે પણ તે છૂટી જાય છે.

ત્યાંજ પાછા બોમ્બે આવતા ખબર પડે છે કે રમેશની ધરપકડ થઈ છે શેઠના ખૂન કરવા બદલ આથી રમેશ કેસ લડવા તે વિશ્વનાથ ને રોકે છે. વિશ્વનાથ રમેશને કહે છે કે તારી પાસેથી શેઠના કપલીંગને વીંટી મળ્યા છે અને નંદિનીએ અને સમતાબેને તને છેલ્લે શેઠ સાથે જોયેલા આથી બધા પુરાવા તારા તરફ જ મળે છે. પણ સાચી હકીકત જાણતા પહેલા ડૉ. પંડયા જે રમેશના મિત્ર હતા તે પણ ખોટી જુબાની આપે છે કે દિલ્હી જતાં પહેલા રમેશ મારી પાસે સાઈનાઈટ લેવા આવેલો પણ વિશ્વનાથની દલીલો પાસે તે ખોટા ઠરે છે. સાચી હકીકત એ છે કે શેઠ સમાજ માટે એક આદર્શ પાત્ર હતા. પણ હકીકતમાં તે પરણ્યા જ ન્હોતા બાકી તેને છૂપો અનૈતિક સંબંધ એક સ્ત્રી સાથે હતો તેનાથી એક પુત્રી પણ હતી જે નાની હતી ત્યારે તે સ્ત્રી મૃત્યુ પામી આથી શેઠે આ છોકરી પીલુને મોટી કરી મોટી થતાં શેઠનું બધું કામ સંભાળતી તેમાં એક વખત તે તિજોરીમાં તેની મા તથા તેનો ફોટો જોઈ જાય છે અને વસિયતમાં તેનો ભાગ કેટલો છે તે જોઈ જાય છે. ત્યાર પછી તે શેઠની સાથે ઝઘડો કરીને પોતાનો સાચોને પૂરો હક્ક માંગે છે પણ શેઠ ઈન્કાર કરે છે આથી, તે પીલુ તેને મારી નાખવાની ધમકી આપે છે અને બીજી તરફ યુવાન નંદિની સાથે શેઠ સંબંધ રાખે છે અને નંદિની પણ શેઠની દૌલતને જુએ છે તે વિચારે છે કે બધી દૌલત લઈને તે અને શેઠ લંડન ચાલ્યા જાય એ પહેલા તે શેઠને મારી નાખે આથી તેને રાત્રે શેઠે ચા લીધા પછી કલોક રૂમમાં ગયા ત્યારે સાઈનાઈટ નાખી દીધું તેણે વિચાર્યું કે જો શેઠ મૃત્યુ પામે તો સવાર પડતા બધાં સૂતા હોય ત્યાં બધા હીરા લઈને તે સવારે ત્યાંથી સ્ટેશન આવતા જ ચાલી જાશે પણ શેઠ આવ્યા, ચા પીધી પછી મૃત્યુ પામ્યા અને જયાં નંદિની નીચે ઉતરીને હીરા લેવા જાય ત્યાં જ રમેશ ઊઠીને સમતાબેનને મૂકવા જાય છે અને તે પહેલા રમેશને ખબર પડી જાય છે કે શેઠ મૃત્યુ પામ્યા છે આથી તેને પડખું ફેરવીને સૂવડાવી દીધા અને તેના બટન અને વીંટી કાઢી લીધા અને પછી સારા ધંધા માટે તે વેચવા ગયો ત્યાં હરકાંત પરીખના કેસમાં પકડાયો હોવાથી તેનો ફોટો જોયો હોવાથી ઝવેરીએ પોલીસને ફોન કર્યો હતો. આ તરફ રમેશ બીકને લીધે જાગતો જ રહયો આથી તે નંદિની શેઠના હીરા ન લઈ શકી આમ શેઠનું મૃત્યુ નંદિનીએ કર્યું હતું.

આમ, આ નવલકથામાં બે-બે રહસ્યોને ઉદ્દઘાટીત કરવામાં આવ્યા છે.

- **'મૃત્યુદંડ'**

'મૃત્યુદંડ' રહસ્મયમય નવલકથામાં પણ લેખિકાએ રહસ્યના અનેક પડદાઓ પાડયા છે અને અંતમાં દરેક પડદાને ચીરીને સત્ય સામે આવે છે.

નવલકથાની શરૂઆતમાં વાર્તાનાયક હરનાથ પાઠકનું હાર્ટ એટેકથી મૃત્યુ થાય છે. તે ક્રિયાવિધિમાં તમામ કુટુંબીઓ આવે છે. વર્ષોથી અબોલા હતા અને મૃત્યુના થોડા સમય પહેલાં જ હરનાથ પોતાની બહેન દુર્ગાને બોલાવે છે તેના ઘરે જાય છે તે બહેન પણ આવી હોય છે અને હરનાથની મિલકતના ભાગલાની વાત પૂરી થતાં બધા વિદાય થાય છે. હરનાથના મિત્ર સોલીસીટર દિવાનજી અને તેની પત્ની મૃદુલાને વાત કરવા દુર્ગા ઊભી રહે છે અને તેને કંઈક કહેવા ચાહે છે પણ તેની પુત્રી કોશાના બોલાવવાથી તે જલદી જાય છે અને ત્યાં રસ્તામાં દુર્ગાનું એક કાળી ફીયાટથી એકસીડન્ટ થાય છે અને તે મૃત્યુ પામે છે. આ બે મૃત્યુની ઘટના પછી અને તે પહેલા કોશાનું દિવાનજીને કહેવું કે હરનાથ મામાને કોઈ મારી નાખવા માગે છે તે મામા કહેતા હતા અને તે વાત દુર્ગા જાણતી હતી આથી દિવાનજીને શંકા જાય છે અને તે ઈન્સ્પેકટર મોરેને આ હકીકત કહે છે અને હરનાથના પત્ર મુજબ દિવાનજી સીમાની શોધ કરે છે અને તે કાર્ય તે પ્રાઈવેટડીટેકટીવને મિ. લાલને સોંપે છે અને પોતાના મિત્રના ચારિત્ર્યને કયાંય છાંટા ન ઉડે તેમ તે શોધ કરીને તેના મિત્રની ઈચ્છા પૂરી કરવા માગે છે.

પરંતુ ત્યાંજ આ બંને મૃત્યુ છે કે ખૂન તે શંકાનો વિષય બને છે. ઈન્સ્પેકટર મોરે દ્વારા ડૉ. મોદીની પૂછપરછ થાય છે અને ડૉ. મોદીના કહેવા મુજબ હરનાથ તેને હાટ એટેક આવ્યો હતો પણ પછી શંકાના અને રહસ્યના તાણાવાણા ઊભા થાય છે. તેમાં હરનાથના રૂમમાંથી બધી દવાની શીશ પર કોઈ આંગળીના નિશાન નથી બધી લૂછીને મૂકાઈ ગઈ છે અને હરનાથના રૂમના ફોનના રીસીવર પર પણ કોઈ નિશાન નથી આથી કઈ ખ્યાલ આવતો નથી આથી ઈન્સ્પેકટર વિચારે છે કે જો હરનાથ પાઠકનો રાઝ જો દુર્ગા જાણતી હોય અને તે જો દિવાનજીને કહે તો રાઝ ખૂલી જાય આથી દુર્ગાનું પણ ખૂન કરવામાં આવ્યું છે. આથી જો પહેલા દુર્ગાનો ખૂનનો રાઝ જાણી જવાય તો હરનાથનું ખૂન કોણે કર્યું તે ખબર પડે તે માટે થઈને તે તપાસ કરે છે તો ખબર પડે છે કે આસુતોષ અને કુંજ પહેલા એક રીક્ષામાં ઘરે ગયા અને પછી કોશાને દુર્ગા જવા

નીકળ્યા પણ કોશાને સ્ક્રીપ્ટ રીડીંગ માટે બીજે જવાનું હોવાથી તે અને દુર્ગા જુદી રીક્ષામાં ગયા. તેમાં દુર્ગાની રીક્ષાને એક કાળી ફીયાટે ઉડાડી દીધી અને તે અકસ્માતમાં તે મૃત્યુ પાંમી. આ કાળી ફીયાટ કોની હતી નંબર શું ? કઈ ખ્યાલ આવતો નથી આથી બધી તપાસ કરતાં ખબર પડે છે કે કુંજ અને આસુતોષનું દામ્પત્ય જીવન સુમેળ ભર્યું નથી. આથી બંને વચ્ચે પૈસાના ઝઘડા છે તો કોશા મુકત જીવન જીવવાવાળી છોકરી હતી તેની માતાને તેના નાટક-ફિલ્મમાં કામ કરવું ગમતું ન હોવાથી કદાચ કોશાએ જ એની માને મારી નાખી હશે. આગળ ઉપર તપાસ કરતા ખબર પડે છે કે આશુતોષે પોતાની બેંકમાંથી નાણાં ચોર્યા છે. આથી માનો ભાગ વધારે મળે તે માટે તેને મારી હશે. કારણ કે જયારે જયાં દુર્ગાનું ખૂન થયું તે જગ્યાની પાસેના ટેલીફોન બુથ પર ભાસ્કરે આસુતોષને જોયો હતો અને કુંજ પણ વિચારે છે કે જયારે દુર્ગાનું ખૂન થયું ત્યારે આશુતોષ ઘરે ન્હોતો પણ ઈન્સ્પેકટરને તેને ખોટું કીધું આથી કુંજનો પણ શક છે.

તો વળી આ તરફ એક નવું રહસ્ય હાથ આવે છે કે મિ. લાલને સીમા પોદારની ભાળ મેળવવાનું કહયું હતું તેમાં મિ. લાલ જયા સીમા રહેતી હતી ત્યાં તપાસ કરે છે કે તે ચાલમાં જૂનામાં જૂની વ્યક્તિ દ્વારા જાણ થાય આથી તે ચાલનું ગોતવું ત્યાં મેનાબેન નામની વ્યક્તિ દ્વારા સીમાના જીવન વિશે જાણ થાય છે અને તે મા બનવાની હતી તે પણ ખબર પડે છે. એટલે લાલા દિવાનજીએ આપેલી વસ્તુમાંથી હોટલના બીલ, દવાના બીલ, ફોટા સ્ટુડિયોનું નામ આ બધા પરથી સીમાને ગોતવાનું કાર્ય કરે છે. નર્સીંગ હોમમાંથી સીમા પોદરના પુત્ર કે પુત્રી જન્મના રેકોર્ડ ગુમ થયા છે તો જન્મના દાખલાની ઓફિસમાં માત્ર એટલી જાણ થાય છે કે તે એક રોનક નામના બાળકને જન્મ આપ્યો છે. પછી તે પુત્ર છે કે પુત્રી ખ્યાલ નથી. પછી હોટલના બીલ પરથી ગુલનાર હોટલ અને ઓબેરોય હોટલના મેનેજર પાસેથી માહિતી મેળવે છે . તેમાં પણ ગુલનાર હોટલના માલિક જૂનેજા દ્વારા હરનાથ-સીમાની વધુ વિગત જાણે છે. તો રૂપતારા સ્ટુડિયોમાંથી સીમાના બીજા જૂના ફોટા કઢાવે છે પણ જયાં બીજે દિવસે લેવા જાય ત્યાં ફોટા કોઈ લઈ ગયું. આથી લાલ વિચારે છે કે પોતાની પહેલા કોઈ તો છે કે જે સીમાને જાહરે કરવા નથી માગતું આથી બધી વિગતો પડતી મૂકીને કેસ બંધ કરવાની જાહેરાત કરે છે.

અને દિવાનજીને મિ. લાલ કહે છે કે તે આ કેસ બંધ કરતાં પહેલા પાઠકના આખા કુટુંબને મળવા માગે છે અને દિવાનજી બધાને બોલાવે છે ત્યાં લાલ દ્વારા રહસ્યનું ઉદ્દઘાટન થાય છે કે દુર્ગા બહેનનું ખૂન થયું છે અને હરનાથ પાઠકનું પણ ખૂન થયું છે. હરનાથ પાઠકનું ખૂન ભાસ્કરે કર્યું છે. કારણ કે તેના માથે બે લાખનું દેવું થઈ ગયું હતું અને દેવાદાર ખૂબજ માંગણી કરતા હતા આથી જે દિવસે હરનાથનું મૃત્યુ થયું ત્યારે ભાસ્કર તેને છેલ્લે મળવા આવેલો તેવું શેરીનો પાનવાળો કહે છે. પછી તરત જ બીજો આરોપ આસુતોષ પર લગાવે છે કે તે પણ મામા હરનાથ પાસે બેંકમાં પૈસા ભરવા માટે માંગવાં આવ્યો હતો મામાએ ના પાડી એટલે તેને ઝેરની ગોળી આપી મારી નાખ્યા પણ આ બંને પોતે બેકસૂર છે તેમ દલીલો કરે છે.

ત્યાંજ કોશા આવે છે અને લાલ કહે છે કે કોશાએ તેની મા દુર્ગાબેનનું ખૂન કયુ છે. આમ અચાનક માથે આળ આવતા તે ખૂબ રડે છે ત્યાંજ મોરે ગોખલેને લઈને આવે છે ત્યાં લાલ કહે છે કે કોશાનું સૌંદર્ય અને મિલકતનો ભાગ સોનાનું ઈંડું આપનાર મુરઘી કોશા ગોખલેના કહેવામાં હતી અને ગોખલે કોશાના પૈસાથી અરામથી રહેવા માગતો હતો. આથી તેણે કોશાના નામથી ફીયાટકાર બુક કરાવીને ભાડે લીધી અને તેણે જ દુર્ગાબેનનું ખૂન કર્યું. કારણ કે દુર્ગાબેનને આ નાટક ચેટક ગમતા નહી ગોખલે પણ ન ગમતો એકવાર તે સ્ટુડિયોએ જઈને ગોખલેને ધમકાવી આવી હતી. આથી ગોખલે વિચારે છે કે દુર્ગાનો કાંટો નીકળી જાય તો કોશા પૂરેપૂરી પોતાના કબજામાં આવી શકે ભાઈ વચ્ચે ન આવે માટે તેને પણ કેકમાં ઝેર આપીને મારી નાખવાનું કર્યું પણ તે બચી ગયો અને પછી વિચાર્યું કે ભાઈ–ભાભી તેના ઝઘડામાં પડયા છે એટલે કોશા તો મુકત છે. આમ વિચારીને તેણે દુર્ગાનું ખૂન કર્યું. ગોખલે પણ કબૂલ કરે છે. આમ એક રહસ્ય ઉકેલાય છે અને હરનાથનું મૃત્યુ સહજ જાહેર કરીને બધા જાય છે.

ત્યાંજ દિવાનજીને સમજાતું નથી તો સીમાની તપાસનું શું આથી તે લાલને પૂછે છે કે તેનો પુત્ર મળ્યો હતો તે કયાં ત્યાં જ લાલનું બીજું રહસ્ય ખોલ્યું કે સીમા એ પુત્રને નહી પુત્રીને જન્મ આપ્યો હતો અને તે પુત્રી રોનક ઉર્ફે કેતકી કોઠારી ત્યારે મૃદુલા અને દિવાનજી ચોકી જાય છે પછી કેતકી તો પહેલા પોતે સીમાની પુત્રી હોવાનો ઈન્કાર કરે છે પછી મૃદુલા ખૂબજ ધમકાવે છે ત્યારે કહે છે કે પોતે હરનાથ પાઠક અને સીમાની

પુત્રી છે તેનું નામ રોનક અને પોતાની માતા અત્યારે ખૈરાતી મેન્ટલ હોસ્પિટલમાં છે અને માતાનો બદલો લેવા તે હરનાથ પાઠકની શોધ કરે છે જયારે તે વ્યક્તિ મળ્યા એટલે તમારા એટલે કે દિવાનજી અને મુદુલાના જીવનમાં પહેલા આવી પછી ધીમે ધીમે હરનાથના ઘર સુધી આવી જયારે 'નીનાદ' બંગલો જોતી ત્યારે માની યાદ આવતી અને આ બધો વૈભવ મારો છે તેવું વિચારતી આથી હરનાથ પાઠકને પત્રલખતી ને તેને ફોન દ્વારા ઘણું ઘણું કહીને રીબાવતી. ઘણીવાર સેલ્સગર્લ બનીને તેના ઘરે રૂબરૂ ગઈ પછી એક દિવસ ખૂબજ તડપાવીને તેની રૂબરૂ મુલાકાત માટે કહયું અને જે દિવસે મૃત્યુ પામ્યા તે જ રાત્રે તેણે હરનાથને મળવાનું રાખ્યું.

હરનાથ પુત્રીને જોઈને રાજી થયો પછી કેતકીએ હરનાથને ખૂબજ તડપાવ્યા અને હાર્ટ એટેક આવ્યો તે સોલબીટ્રેટ દવાની બોટલ લેવા ગયા અને તે ટેબલ નીચે પડી ગઈ આથી પહેલા તો દયા ખાઈને દવા દેવા જતી હતી પણ મારે તેને તડપતા જોવા હતા આથી તેને દવાની શીશી ન આપી અને આખરે તે તડપતા મૃત્યુ પામ્યા પછી તેના મૃત્યુથી હું ગભરાઈ ગઈ આથી હરનાથના રૂમમાંથી રોનક જે કેતકીનો બોયફ્રેન્ડ છે તેને ફોન કર્યો એટલે રોનકે તેને ભાગી જવા કહયું પણ જયાં કેતકી ભાગવા જાય ત્યાંજ ભાસ્કરને આવતો જુએ છે આથી તે હરનાથના બાથરૂમમાં સંતાઈ જાય છે પણ ભાસ્કર અચાનક હરનાથને મૃત્યુ પામેલા જોઈને જતો રહે છે એટલે કેતકી પણ ત્યાંથી ભાગી જાય છે.

પછી તો દિવાનજી તમારી સાથે રહીને બધી કામગીરી કરતી, સીમાના કેસના સમાચાર મળતા રહેતા અને રોનકની મદદથી સીમા સુધી પહોંચવાના બધા રસ્તા બંધ કરતી ગઈ. રોનકના માતા-પિતાને પણ પોતાના નકલી માતા-પિતા બનાવ્યા પછી દિવાનજી કહે છે કેઆટલું બધું કર્યું તો તારો ભાગ તે શાંતિથી લઈ લીધો હોત તો.

ત્યાંજ કેતકી ગુસ્સે થઈને બોલે છે કે હજી હું કઈ કરત નહી પણ જયારે બધા સગાને ભાગ આપી દેત ત્યારે કોર્ટમાં જઈને હરનાથનો ભૂતકાળ પાછો જીવંત કરત તે માણસ સારપ લઈને મૃત્યુ પામ્યો. પણ મારે તો તેને દુનિયા સામે ખુલ્લો પાડવો તો. ત્યાંજ લાલ પોતાનો કેસ પૂરો કર્યો તેમ કહી જતાં રહે છે. આમ, દિવાનજી અને મૃદુલા માની ન શકે તેવું રહસ્ય ઘરમાં હોવા છતાં ખબર ન રહી.

આમ, અહીં એક પુત્રી પોતાની માતાની કરૂણતાનો બદલો લેવા આવા ખેલ કરે છે અહીં સીમા ના પુરાવાઓ મળતા અને બીજે દિવસે ગાયબ થતા, ભાસ્કરનું વર્તન, આસુતોષનું વર્તન કે કોશાનું વર્તન નીતનવા રહસ્યો સર્જે છે પણ અંતમાં તો રહસ્ય સાવ જુદું જ નીકળે છે આમ અહીં આ વાર્તામાં રહસ્યમયતા ઊભી કરવામાં લેખિકા સફળ રહયાં છે.

- **રહસ્યમય નવલકથાની ભાષા**

નવલકથાની વસ્તુના વિકાસ માટે નવલકથાકાર પાસે એક મહત્ત્વનું સાધન છે તે સંવાદ. પાત્રો વચ્ચે થતો વાર્તાલાપ વસ્તુ પ્રસંગે, વાતાવરણને જીવંત બનાવે છે સંવાદો જેટલા વાસ્તવિક તેટલા સચોટ લાગે છે અને તેથી નવલકથામાં આકર્ષણ અને પ્રવાહીતા જોવા મળે છે સંવાદો વિશેષ કરીને વ્યકિત ને ઉપસાવવામાં મહત્વનું સ્થાન ધરાવે છે. દરેક લેખકની શૈલી અલગ અલગ હોય છે તેથી કહેવાયું છે કે જેવું “શીલ તેવી શૈલી” અહીં પણ રહસ્યમય નવલકથામા વર્ષા બહેન પોતે ખૂબજ સહજ અને સરળ છે આથી તે સહજ સરળ શૈલીમાં વાર્તાને જમાવે છે અને ખૂબજ રસાળતાથી રહસ્ય મયતા ભાષા દ્વારા જ ઊભી કરે છે ભાષાકીય રીતે વર્ષા બહેને રહસ્યમય નવલકથામાં ઘણીવાર હિન્દી, મરાઠી,અંગ્રેજી જેવી ભાષના પ્રયોગ કર્યા છે તો કયાંક કહેવત મૂકી છે.

અહીં ‘નીલિમાં મૃત્યુ પામી છે’ નવલકથામાં પણ ઘણાં બધાં અવનવ શબ્દો મૂકયા છે સરીયામ, લોહીયાળ જેવા શબ્દો છે તો અંગેજી શબ્દોમાં યુ ડોન્ડ નો, શોપીંગ એપોઈન્ટમેન્ટ, યુ.સી.આઈ વોન્ટ ટુ એન્જોય લાઈફ, સોરી, ઓ.કે, કેન્સલ થેન્કયું પ્લીઝ,હનીમૂન ,યુનો આઈ એમ વેરી પ્રઝેસિવ,ડાયેટિંગ, વગેરે અંગ્રેજી શબ્દો મૂકયા છે તો કયાંક કામવાળી બાઈ સીતા બાઈના મુખે મરાઠી સંવાદો મૂકાય છે જેમકે

- “આજ સકાળી સકાળી બાઈ સાહેબ કુઠેગેલી !”[૪]
- બાઈ કવા વેગાર-તુમ્હી કશાલા બાઈ સાહેબચી કાળજી કરત.[૫]

[૪] ‘નીલિમા મૃત્યુ પામી’ : વર્ષા અડાલજા, પૃ. ૨૩.
[૫] એજન, પૃ. ૭૦.

આ ઉપરાંત હિન્દી ભાષા પ્રયોગ પણ થતો જોવા મળે છે ઈન્સ્પેકટર પ્રધાન મેનેજરને પૂછેલા સંવાદમાં હિન્દી પ્રયોગ થતો જોવા મળે છે.

" તુ'હારા નામ કયા હૈ" ?

"પંડિત"

પુરા નામ બોલો ?

દિનુ પંડિત હૈ, લેકિન સબ પંડિત કહતે હૈ"

સુધારક ઔર રાજેશ્વરીકો જાનતે હો"[૬]

આ ઉપરાંત હોટલના નોકરો પણ હિન્દી બોલે છે આ ઉપરાંત કાળી બીલાડી, સાપની જેમ ફેણ ચડાવીને, હરામીનું પલ્લું, રાત રેશમી વસ્ત્રની જેમ સરકી જતી હતી, ખાલીપણું વ્હીસ્કી માં ભરાઈ જતું, કળીની જેમ શરીરની ભૂખ ભડકી ઊઠતી, રવિવારની સવાર સૂના રસ્તા પર એદીની જેમ રસળતી હતી, જેવા વાકયો પણ વાતના સંદર્ભો માં પ્રયોજયા છે. જેના દ્વારા વાતને સરસ ઓપ મળે છે આમ, ભાષકીય વલણ સરસ છે ખૂન છે એટલે પોલીસના શબ્દો ખૂન, પુરાવા, લેબોરેટરી તપાસ, શકમંદ, ગુનેગાર, અસીલ, જુટાવા જેવા શબ્દો આવેજ આમ સમગ્ર રીતે ભાષકીય વલણ ઉત્તમ છે

'છેવટનું છેવટ' નવલકથામાં ભાષ પ્રયોગમાં વર્ષાબેને ખૂબજ સરસ ,સહજ, ભાષા-ભિવ્યકિત દ્વારા રહસ્યને ઘેરું બનાવ્યું છે તેનું એક ઉદાહરણ જોઈએ કેશુને મારીને છેલ્લે કપૂરને પકડવા જતાં રાત્રિનું વાતાવરણ રહસ્યને ઉન્મત બનાવનારું છે તેવું વર્ણન છે : " અચાનક જ અવાજ થતાં ઘાયલ પ્રાણીની જેમ જંગલી ચિત્કારી કરી એ ફૂંકે એણે ક્ષણના ય વિલંબ વિના મીણબત્તી ઓલવી નાંખી"[૭] આ ઉપરાંત કયાંક પ્રકૃતિનું રમ્ય ચિત્ર આપતું હોય તેવા નાના વાકયો મૂકયા છે જેમકે :

"બપોરનો પીળચટ્ટો સોનેરી તડકો બારીમાંથી અંદર ધસી પડતો હતો."[૮]

---

[૬] 'નીલિમા મૃત્યુ પામી' : વર્ષા અડાલજા, પૃ. ૧૫૦.

[૭] 'છેવટનું છેવટ' : વર્ષા અડાલજા, પૃ. ૧૯૧.

[૮] એજન, પૃ. ૧૮૯.

આ ઉપરાંત હિન્દી ભાષના વાકયો પણ વપરાયાછે જોન અને લીલી સાથેના સંવાદમાં હિન્દી ભાષાનો પ્રયોગ થયો છે. ઉદા.

" જોન, એ બાઈકો તુમ જાનતા હૈ?"

યસ, બરાબર જાનતા

કિધર દેખા થા તુમને

મેરી દુકાનમે દેખાથા"[૯]

આ ઉપરાંત રૂપા જે વિનોદભાઈની કામવાળી છે તેના મોઢામાં મૂકાયેલા તળ પદા શબ્દો દ્રારા ગામઠી બોલીનાં દર્શન પણ થાય છે જેમકે

"અરે સાબ બુધવારે શુ થયુ એની વાત ન પુછો હાંજથી પેટમાં વાયુ થયો તો એમા પાછું ભાતખાધો ને માડી કયા જઈશ રાત્રે પેટમાં શું ગોટવાય ... તે ઠે...ઠે બાર વાગ્યે ઊલટી થઈ ત્યારે ચેન પડયું"[૧૦]

આ ઉપરાંત હવારનો પોર, ઈવડાઈ, દીઠોય ગમતો નથી, ખોટા ઈના રવાડે ચડવું, ઈમાણહના લખ્ખણ હારા નથી, હડી કાઢતી હુ નું હું બબડવું, પીટીનાખવું, દહવરહથી, અટાણે કોઈ દેખાતું નથી, અંબામાનાહમ, માગહને શું, પંચાત વેમ નો લાવતા–આવા બધાં શબ્દો વપરાયા છે તો સાથે થોડાં અંગ્રેજી નાના વાકયો તેમજ અંગ્રેજી શબ્દનો પણ સારો એવો ઉપયોગ કયો છે જેમકે : હીઅર, કમ્સ માય એન્જલ, ટાઈમ, રૂટીનવર્ક એટેન્શનના પોઝ, થેંકયુ, ઓ સ્યોર,આઈ એમ, એકસાઈટેડ, ડિટેકિટવ, કમ્પાઉન્ડ, આઉટ હાઉસ, સમરહાઉસ, ધેટસ ઈટ, વેલ વેલ, હાઉ આર યૂ, ફોટો ગ્રાફર્સ, ઈન્સ્પેકટર, લાઈબ્રેરી, કિલનિક, રૂટીન ચેક-અપ થેંક યૂ વેરી મચ, ઓ યસ, ઓ. કે. બોસ નાઉ ઈન્સપેકટર, જસ્ટ ફોરમાલીટી, ઈનફોર્મલ વિઝિટ,ચીફ ઈન્વેસ્ટીગેશન બ્યૂરો, સ્ટેટમેન્ટ, માઈન્ડ યૂ,

[૯] 'છેવટનું છેવટ' : વર્ષા અડાલજા, પૃ. ૧૨૩–૧૨૪.
[૧૦] એજન, પૃ. ૧૧૦.

ધિસ ઈઝ એબ્સોલ્યુટલી અન ઓફિશ્યલ, ડેમ ઈટ, બ્લેક મેઈલ ના ડોકયુમેન્ટસ, ન્યુસ પેપર્સ, પોલીસ રેકાડ, આઈ એમ સોરી, ચેક ફોર્જરી,બ્લેકમેઈલ, -જેવા અનેક શબ્દો અંગ્રેજી વપરાયા છે જેના દ્વારા વાર્તાની કથાવસ્તુમાં નૂતના આવે છે અને વાર્તાને અનુરૂપ રહસ્યની માવજન વધુ સારી રીતે થાય છે

'પાછાં ફરતાં' નવલકથાની ભાષમાં વર્ષા બહેને ઘણી જગ્યાએ ઘણાં વાકયોમાં કેટલી સરસ ઉપમાઓ મૂકીને વાકય રચના આપી છે ભાષાના વાકયોમાં પ્રકૃતિના તત્વોને મૂકીને તે પાત્રના માનસને વધારે ખૂલતું કરે છે. તેના કેટલાંક ઉદાહરણ જોઈએ :

" ઓહ ! કેવી સુખદ અનુભૂતિ હતી આ ! વર્ષોથી એક અવાવરું સુકકા ખાલી પડેલા કૂવા જેવા મનમાં આનંદનું પાતાળ ઝરણું ફુટી નીકળ્યું હતું. ભૂતકાળના શબને એ ખભા પર વેંઢારી, એ માંડ માંડ જીવનનો પંથ કાપતી હતી. એ કચડી નાંખતો બોજ હવે સદા માટે ફેંકાઈ ગયો છે હવે એની પાસે છે માત્ર વર્તમાન અને ભવિષ્ય"[૧૧] આ વિધાન શ્યામાના મનને વ્યકત કરે છે તો વળી આ વિધાનથી તેની ખુશી તે વ્યકત કરે છે "શ્યામાને થયું કે હવાની ઓઢણી ઓઢી એ દોડે....ઝરણાની પાયલ પહેરીને નાચે ...પંખીનો ટહુકો પોતાના ગળામાં કેદ કરીલે" તો વળી આવા વિધાનો હૃદયને સ્પર્શે તેવા[૧૨] પણ છે : "સુખનું જયારે એક દ્વાર બંધ થાય છે તયારે બીજું ઊઘડે છે પણ આપણે બંધ થયેલા દ્વારા ભણી એટલી વાર તાકી રહીએ છીએ કે પેલા ઊઘડેલા દ્વાર તરફ આપણી નજર પડતી નથી"[૧૩]

તો વળી એક પ્રકૃતિ સભર વર્ણનમાં પણ મનસ્થિતિ વર્ણવાય છે. : " પાણી નીતર્યું સ્વચ્છ દેખાય ત્યારે કલ્પના પણ નથી આવતી કે એના તળિયે કેટલો કાદવ હશે"[૧૪] તો વળી આ વિધાનમાં પ્રતીકો દ્વારા ભૂતકાળને વ્યકત કર્યો છે : "સમયના એક લાંબા પટ પર ફેલાઈને પડેલો ટીપે ટીપે સંચિત થયેલો વેદનાનો એક ઘન વિસ્તાર...

[૧૧] 'પાછા ફરતા' : વર્ષા અડાલજા, પૃ. ૩૪.

[૧૨] એજન, પૃ. ૩૪.

[૧૩] એજન, પૃ. ૩૫.

[૧૪] એજન, પૃ. ૯૦.

એ બધું થોડી મિનિટો-માંજ કોઈને શી રીતે કહી શકાય ? જે સઘળુ અસ્તિત્વના અણું-અણુંમાં તીવ્રતાથી અનુભવ્યું હોય, એ બધું માત્ર શબ્દોમાં શી રીતે વર્ણવી શકાય ? અને એમ બને તોય એમાંની વેદનાનો એક છાંટો સુધ્ધા સામી વ્યકિતને સ્પર્શે ?"[૧૫]

આ ઉપરાંત વાતચીતમાં બોલાતા કેટલાક અંગ્રેજી શબ્દો : ટ્રાન્ઝિસ્ટર ,નોટ બીટ, રિટાયર, ટચવુડ, ટેન્શન, પ્રોમીઝ, ડોન્ટવોરી, આઈ એમ સો હેપી હાય મોમ ! યુ લુક બ્યૂટી ફુલ, બાસ્ટર્ડ, પ્લીઝ, ડિનર યુ...સી. રિટાયર, થેંકયુ, ડ્રોઈંગરૂમ, ડ્રાઈવર, અપસેટ, સ્લીપીંગ ટેબ્લેટ, ડીનર સેટ, ટેબલ, નેપકિન્સ, હોટ પ્લેટ, એર કન્ડિશનર, એ લકઝરી,યુઆર ટાઈટ, રિપોર્ટ, ફોટોગ્રાફ, આઉટ હાઉસ, કોન્સ્ટેબલ, આઉટ હાઉસ, આઈ ડુ અન્ડરસ્ટેન્ડ, આઈ એમ સોરી, નોનસેન્સ, સ્ટુપિડ-જેવા અંગ્રેજી શબ્દો નો પણ પ્રયોગ થયો છે. જે રોજ બરોજની ભાષમાં બોલાતા ચીલા ચાલુ લાગતા શબ્દો છે.

આમ આ નવલકથામાં વર્ષા અડાલજાએ કેટલા શબ્દ પ્રયોગે પણ સરસ કર્યા છે જે પ્રકૃતિના વર્ણનવાળા ઉપમાવાળા વાકયો છે તે પાત્રની મનઃસ્થિતિનું વર્ણન કરે છે. રહસ્યમય નવલકથામાં પણ હળવાશ લાવવા આવા વાકયો મદદ રૂપ થયા છે.

'પગલાં' નવલકથા ભાષાભીવ્યકિતની દષ્ટિએ જોઈએ તો વર્ષાબહેન આ નવલકથામાં પણ અજોડ રહયાં છે નવલકથાની કથાવસ્તુમાં પાત્રોના માનસને ઉઘાડું કરવામાં તેના દુઃખને વ્યકત કરવામાં તેણે કેટલેક ઠેકાણે પ્રકૃતિના તત્વોનો આધાર લીધો છે ઘણા પ્રતીકો દ્વારા માનસને પ્રગટ કર્યુ છે તો પ્રણયની અનુભૂતિ પણ સરસ રીતે કરાવી છે, તો વૃધ્ધાવસ્થાની અવસ્થાને પ્રગટ કરવા પણ સરસ શબ્દોનો આશય લીધો છે.

સુનિતાની વૃધ્ધાવસ્થાની પરિસ્થિતિને પ્રગટ કરવા માટે લેખિકા લખે છે કે "વૃધ્ધાવસ્થાએ હળની જેમ ખેડી નાખેલા સુંદર ચહેરો અને કરચલીઓના ઊંડા ચાસ અને અનેક રોગોએ ઊધઈની જેમ અંદરથી ફોલી ખાધેલો દેહ."[૧૬] આ સુનિતા હતી

---

[૧૫] એજન, પૃ. ૯૧.

[૧૬] 'પગલા' : વર્ષા અડાલજા, પ્ર. આ., માર્ચ-૧૯૮૩, પૃ. ૩

તો સુનિતાના પ્રણયભાવને લેખિકાએ કંઈક આવા શબ્દો મૂકીને વ્યકત કર્યો છે. "અને ફરીવાર એના મનનું આકાશ ચમકતા તારાઓથી ભરાઈ ગયું એ વાદળો પર સફર કરતી હતી, શ્વેત, હલકા, વાદળોના પુંજ ...ધરતીથી ખૂબ ઊંચે ઊંચે જયાં જિંદગીની ખરબચડી વાસ્તવિક સપાટી પર એને ચાલવું ન પડે એ સ્વપ્નોના મેઘધનુષી પ્રદેશમાં ઘૂમતી હતી ... એક વિશાળ કમળની પાંદડીઓ પર એ ઝકળની જેમ પોઢી હતી અને સફેદ પાંખાળા ઘોડા પર સવાર થઈ એનો રાજકુમાર એને ઘેરી નીંદમાંથી જગાડવા આવે છે ... એ જ છે ...આ એનો સ્પર્શ..એનું આલિંગન ....."[૧૭]

તો વળી સુનિતા તેની પાછલી ઉંમરમાં જે ભૂતકાળના સ્મરણો વાગોળે છે ત્યારે પણ સરસ ઉપમાઓ આપીને વાતને રજૂ કરી છે. કહયું છે કે "ગિરિબાઈના સ્વરની દોરી પકડી એ ધીમેધીમે ભૂતકાળના અંધારા ખંડો વટાવતી આ ક્ષણની પ્રકાશિત ભૂમિ પર આવી પહોંચી આવું ઘણીવાર બનતું સમયની માળા તૂટી ગઈ હતી. ક્ષણોતા મણકા વેર વિખેર થઈ ગયા હતા. સ્મરણો પજવતા ત્યારે એ કોઈ પણ સમયના ખંડમાં જીવવા લાગતી હવાની લહેરની જેમ કોઈ પણ દિશાએ વહી જતી"[૧૮]

તો વળી સુનિતાને શબનમ જયારે લાંબા સમયે મળે છે ત્યારે સુનિતા શબનમને વળગી પડે છે તે સમયને પણ લેખિકાએ સુંદર ભાષાભિવ્યકિત દ્વારા વર્ણવ્યો છે "આંસુઓમાં વર્ષોનો લાંબો સમય પીગળતો રહયો ધરતીકંપના એકજ આંચકાથી જાણે એની ગોઠવેલી વ્યવસ્થિત જિંદગીમાં તિરાડ પડી ગઈ હતી વાવાઝોડાનો એકજ હુંહુંકાર અને પર્વત પરથી શિલાઓ ગબડતી હતી. વૃક્ષો મૂળમાંથી ઊખડી પડતાં હતાં અને નદીઓ ગાંડીતૂર બની પ્રવાહ પલટતી હતી અને પોતે એ ધસમસતા પ્રવાહમાં ફેકાઈ ગઈ હતી"[૧૯]

આ ઉપરાંત શબનમ જયારે પોતાના ભૂતકાળને યાદ કરે છે ત્યારે જે ભાષાનું નિરૂપણ થયું છે તે સરસ રીતે વ્યકત કર્યુ છે." જાણે ભૂતકાળની એ સઘળી મૃત ક્ષણોના

[૧૭] 'પગલા' : વર્ષા અડાલજા, પ્ર. આ., માર્ચ-૧૯૮૩, પૃ. ૧૦-૧૧.

[૧૮] એજન, પૃ. ૧૫.

[૧૯] એજન, પૃ. ૧૬

શબોનાં ઢગલા પર અચાનક સંજીવની છાંટી દીધી હોય, એમ જીવંત બની સળવળવા લાગી ભૂતકાળ ટીપેટીપે સંચિત થયેલી સઘળી વેદના અચાનક પરકાયા પ્રવેશ કરી વર્તમાનના હદયમાં ધબકવા લાગી"[૨૦]

ઘણા વખતે સુનિતા અને શબનમ મળે છે ત્યારે તેને આશ્વાસન આપવા તેની વેદનાને શાંત કરવા માટે પણ સરસ ભાષનું નિરૂપણ થયું છે " ઘણાં વર્ષોની એની થીજીને ઘટ્ટ થયેલી વેદના આજે લાગણીની ગરમીથી પીગળીને વહેતી હતી એ શબનમને શું કહી શકે ? 'આશ્વાસન' કેટલો છીછરો શબ્દ હતો ? આખી રાત બળીને કજળી ગયેલી વાટને પ્રકાશની વાત કયા મુખે કહી શકાય ?"[૨૧]

આ ઉપરાંત 'પગલાં' શીર્ષકને સાર્થક કરતું અને શબનમના જીવનને પ્રગટ કરતું આ વિધાન ચોટદાર છે. "જયાં જાઉ ત્યાં મારે પગલે પગલે પાનખરની ઉજ્જડતા અને ઉદાસી ફેલાઈ જાય છે."[૨૨]

તો વળી શબનમના મનની દશાને પ્રગટ કરવા માટે પ્રકૃતિનો આશરો લીધો છે. "સૂરજનો પીળચટ્ટો તડકો તોફાની બાળકની જેમ, ઘરમાં કૂદી પડી ચારે તરફ વેરાઈ ગયો હતો ઓરડો સોનાની જેમ ચમકી ઊઠયો હતો જાણે એના મનનું ધુમ્મસ વીંધીને સૂરજનું કિરણ એની અંદર ઉતર્યું હોય.. એમ એ હવે સઘળું સ્પષ્ટ જોઈ શકતી હતી."[૨૩]

આ ઉપરાંત બોલચાલની ભાષામાં વ્યક્ત થતાં શબ્દોમાં અંગેજી શબ્દો, મિસ, સોરી, ડાન્સીંગ કલાસ, મિસિર, બ્લેકમેઈલ, આર્મચેર, આઈ.સી. ઈન્ડસ્ટ્રીઝ, વ્હીલચેર, એકઝેટલી, ઓ માય ગોડ, આસિસ્ટન્ટ, પ્રાઈવેટ ડિટેકટીવ, ફર્સ્ટ કલાસ, કેન્સર સ્પેશ્યાલિસ્ટ, ડૉકટરની એપોઈન્ટમેન્ટ, પ્લીઝ, ફલાઈટ, અરજન્ટ, સોરી, કમ્પાઉન્ડ, પેશન્ટ, નર્સ, આઈ.સી., પ્રોબ્લેમ, કમ ઈન, થેન્કયું, એનીથીંગ, યસ યુ આર રાઈટ, ટ્રીટમેન્ટ આમ આવા બોલચાલની ભાષામાં અંગ્રેજી શબ્દનો વિનિયોગ થયો છે.

---

[૨૦] એજન, પૃ. ૨૧

[૨૧] 'પગલા' : વર્ષા અડાલજા, પ્ર. આ., માર્ચ-૧૯૮૩, પૃ. ૨૨.

[૨૨] એજન, પૃ. ૨૦૩.

[૨૩] એજન, પૃ. ૨૦૭.

તો વળી હોસ્પિટલમાં વિલાસ ગુમ થયા પછી નર્સ સાથેના સંવાદમાં હિન્દી સંવાદ પણ જોવા મળે છે.

જેમકે, "પેશન્ટ કા કયા હુઆ ?"

"વો તો ઈધરસે ચલા ગયા."

"કિધર ગયા ?"

"આપકા પેશન્ટ મના કરને પર કયુ ચલા ગયા ? આજ ઉસકા ડોકટર કા એપોઈન્ટમેન્ટ થા."

"કયું ચલા ગયા આપકો નહી માલુમ."

"ઉસકો કૌન લેને કે લિયે આયા થા ? આપકો માલૂમ હૈ ?"

"એક ખૂબસૂરત લેડી થી, જવાનથી, બસ દૂસરી કોઈ ખબર નહી."[૨૪]

આમ, આ નવલકથાએ ભાષાની દષ્ટિએ સુંદર કામ પૂરું પાડયું છે. રહસ્યને ઉદ્દઘાટીત કરવામાં ને રહસ્ય જન્માવવામાં શબ્દો એ જમાવટ કરી છે.

- 'પાંચને એક પાંચ' રહસ્યમય નવલકથામાં વર્ષા અડાલજાએ ખૂબ જ સરળ અને સહજ રીતે ભાષાભિવ્યક્તિ દ્વારા રહસ્યને પ્રગટ કર્યું છે. સાથે સાથે અદાલતના પ્રકરણમાં વકાલતના શબ્દો ઉમેરીને દશ્યને તાદશ્ય કર્યું છે. ઘણા બધા અંગ્રેજી શબ્દો સાથે અંગ્રેજીમાં વિધાનો મૂકયા છે. નાના નાના અંગ્રેજી સંવાદો દ્વારા પોતાનું કામ સિદ્ધ કર્યું છે. તો ઘણા અંગ્રેજી શબ્દો પણ આવ્યા છે જે રોજ બરોજની ભાષા સાથે વણાયેલા છે તો વળી કયાંક હિન્દી ભાષા પણ નજરે પડે છે અને આ ઉપરાંત ઘણી જગ્યાએ કહેવતો મૂકીને ભાષા પાસેથી જોઈતું કામ પાર પાડયું છે તો ઘણી જગ્યા પ્રકૃતિના વર્ણન દ્વારા પણ પરિસ્થિતિને રજૂ કરી છે.

---

[૨૪] 'પગલા' : વર્ષા અડાલજા, પ્ર. આ., માર્ચ-૧૯૮૩, પૃ. ૧૭૩.

અહીં પ્રકૃતિ દ્વારા પણ લેખિકાએ સુંદર શબ્દ ચિત્ર આપ્યું છે. જેમકે "બારીના ચોરસ, પારદર્શક કાચ પર અંધકારના ચોસલા મઢી દીધા હોય એવી રાત કાળી લાગતી હતી. કોઈ નિશાની, કોઈ આકાર કળાતો નહોતો. બધું જ અંધકારમાં ઘૂંટાઈ-ઘૂંટાઈને એકાકાર થઈ ગયું હતું.

અને જામતી રાત્રીને ચીરતી ટ્રેઈન અનિશ્ચિત ભાવિ તરફ ઉમળકાથી દોડયે જતા ચંચળ યુવાનની નિશ્ચિતતાથી દોડી જતી હતી."[૨૫]

તો વળી અહીંમાનવ મનના અતલ ઊંડાણ વિશેનું વિધાન પણ સુંદર છે. "માનવ મનમાં કેટલા અતાગ ઊંડાણ હોય છે ! દરેક વ્યક્તિને પોતાના સુખ-દુઃખની, સંજોગોની એક જંજીર હોય છે ! તેમાં એ સદા સપડાયેલો રહે છે."[૨૬]

આ ઉપરાંત દિલ્હીની કાતિલ ઠંડી રાત્રી અને રસ્તા વિશે પણ સરસ વિધાન મળે છે. "સારાયે દિવસની ઉછળતી કૂદતી જિંદગી અહીં અડધી રાત્રે શબવત સ્થિર અને જડ પડી હોય તેમ દિલ્હીના વિશાળ રસ્તાઓ ખાલી ખાલી લાગતા હતા. માત્ર રસ્તાની બંને બાજુના બતીના થાંભલા એક વફાદાર મિત્રની જેમ તેમને છેક હોટલ સુધી સાથ આપતા હતા."[૨૭]

તો વળી અહી દિલ્હીની હોટલનું વાતાવરણનું શાબ્દિક વર્ણન સરસ છે. "બહાર ઠંડી ભર્યું ઘેરું અંધારું વેનિસ હોટલના પગથિયા સુધી જ અટકી ગયું હોય એમ અહીં રેલંછેલ પ્રકાશ વેરાતો હતો. હોટલનો ઝાંખો ભૂરો પ્રકાશ, ગરમાગરમ તાંદૂરી, મોગલાઈ ડિશો, ધીમું સંગીત, સિગારેટનો અટવાતો ધુમાડો – અહીં એક જાતની હૂંફાળી ગરમી હતી. આજ જીવનને ટેવાયેલાને અહીં જ આત્મીયતા લાગતી હતી."[૨૮]

તો વળી કુંતલના મુખમાંથી દિલ્હીના અવનવા રૂપો વિશેની શાબ્દિક અભિવ્યક્તિ પણ ઉત્તમ છે. તેમાંથી દિલ્હીની વાસ્તવિકતા પ્રગટ થાય છે. "પાર્લામેન્ટ હાઉસ

---

[૨૫] 'પાંચને એક પાંચ' : વર્ષા અડાલજા, આવૃતિ-૧૯૮૪, પૃ. ૯.
[૨૬] 'પાંચને એક પાંચ' : વર્ષા અડાલજા, આવૃતિ-૧૯૮૪, પૃ. ૨૪.
[૨૭] એજન, પૃ. ૬૨
[૨૮] એજન, પૃ. ૯૧.

વાળુ દિલ્હી, ફૂટપાથ પર વસતુ દિલ્હી, અનીતિવાળુ દિલ્હી, મધ્યમવર્ગનું દિલ્હી અને રાત્રે દારૂ ઢીંચતા અને આ હોટલના તીવ્ર પ્રકાશમાં કેબ્રે જોતા નવરા પૈસાદારોનું દિલ્હી."[૨૯]

તો વળી પોલીટીશ્યનો વિશે લખતા કહે છે લેખિકા : "બ્લેક મનીવાળા પૈસાદારો અને અટપટી ચાલ ચાલતા આ પોલિટીશ્યનોએ દિલ્હી શહેરના શરીરને નીકળેલો કોઢ છે. જુગુપ્સાપ્રેરક અને ચિતરી ચડે તેવો."[૩૦]

તો વળી આ ઉપરાંત ઘણી કહેવતોનો પ્રયોગ કરીને પણ વાકયોને સરસ ચોટદાર બનાવ્યા છે. દા.ત. 'અઠે દ્વારકા', 'પ્રથમ ગ્રાસે મક્ષીકા', 'ભવિષ્ય ભાખેલુ', 'સાપના દરમાં હાથ નાખવો', 'ઘાસની ગંજીમાં સોય વીણવી', 'આગે આગે ગોરખ જોગે', 'ગજ વાગ્યો નહી', 'વાજતે-ગાજતે કોર્ટના માંડવે આવશે'. આમ આવી કહેવતોથી પણ કામ પાર પાડયું છે.

આ ઉપરાંત અંગ્રેજી શબ્દો અને વાકયો પણ ઘણા ઉપયોગમાં લઈને ભાષાભિવ્યક્તિને વધારે ખીલવી છે. કયાંક રહસ્યમય બનાવી છે. દા.ત., કમ્પાર્ટમેન્ટ, સોરી, થેન્કયુ, ઓ.કે., આઈ.સી., મેન્ટ, ડાઈનીંગ કાર, પ્લીઝ, ધેન, વ્હેર ઈઝ ધિ મિસ્ટરી ?, કલોક રૂમ, યુ કાન્ટ ગો, ઈટ ઈઝ એન ઓર્ડર, વ્હોટ એ કોઈન્સીડન્ટ, વેલ, હીઅર, ઓટોપ્સી સર્જન, કોરીડોર, ડોન્ટવોરી, આઈ વીલ ટેક કેર ફોર ધેટ, હેન્ડબેગ, ઈટ ઈઝ ટુ અર્લી ટુ સે એનીથિંગ, યુમાઈન્ડ યોર ઓન બિઝનેસ, નાઈટ ડયૂટી, કોર્ટ, પ્રોસીકયુશન, સ્ટેટમેન્ટ, ઓર્ડર-ઓર્ડર, નાઉ વેટ મોર યુ વોન્ટ ? નાઉ પ્રોસીડ વિથ ધ કેસ, આમ કેટ કેટલી જગ્યાએ અંગ્રેજી શબ્દ પ્રયોગ કર્યો છે.

આ ઉપરાંત શેઠ સાથેની વાતમાં કૃષ્ણકાંત પરીખ સાથેની વાતમાં, રેલવે સ્ટેશન પર ચાઈ વેચતા છોકરાની વાતમાં, હિન્દી ભાષાનો પ્રયોગ કર્યો છે. જેમકે, શેઠ માટે કહેવામાં આવ્યું છે, "આપ શેઠજી ઔર ગજબ હૈ આપકી નીંદ." તો વળી કયારેક ટેકસી ડ્રાઈવર સાથેના સંવાદમાં પણ હિન્દી ભાષાનો પ્રયોગ થયો છે.

---

[૨૯] એજન, પૃ. ૯૨.

[૩૦] એજન, પૃ. ૯૨.

આમ, અહીં ભષા રહસ્મય વાતાવરણ ઉપસાવવામાં પણ ઘણી ઉપયોગી થઈ છે. આ ઉપરાંત ભાષા દ્વારા માનવીય મનની સ્થિતિનો પણ તાગ મળે છે. આમ લેખિકાએ ભાષા દ્વારા ઘણા કામો પાર પાડીને કથાને ઉત્તમતા બક્ષી છે.

• 'મૃત્યુદંડ' રહસ્યમય નવલકથામાં પણ લેખિકાએ પોતાનું કાર્ય સર્વોત્તમ રીતે સિદ્ધ કરવામાં અવનવા ભાષા પ્રયોગો કર્યા છે. સ્વાભાવિક રીતે બોલચાલની ભાષામાં વપરાતા રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરીને વાતને વધારે સચોટ રીતે દર્શાવી છે. જેમકે, અદલવનમાં સસલું, નવદોગ્યારાહ, ઘસીને ગુમડે ચોપડવા, ઘડ માથા વગરની વાત, માઈનો લાલ, ખાવાના ખેલ, કોઠી ધોયે કાદવ નીકળે, સૂડી વચ્ચે સોપારી, ફીફા ખાંડવા, સાપના રાફડામાં હાથ નાખવો, પાણીમાંથી પોરા કાઢવા, હાથી પૂછડે આવી અટકયો, ધોળેદિવસે સપના જોવા, બોડી બામણીનું ખેતર, ઘી કેળા હોવા, અઠેય દ્વારકા, કેટલી વીસે સો થાય, આકાશના તાર તોડી લાવવા, બહુત ગઈ થોડી રહી, દાંત ખાટાં કરવા, છાશ લેવા જવીને દોણી સંતાડવી, મામલો થાડે પડવો, માથે લટકતી તલવાર, એક કાણી કોડીય ન મળવી, કદમબોસી કરવી વગેરે રૂઢિપ્રયોગનો ઉપયોગ કર્યો છે.

તો વળી બોલચાલની ભષામાં આવતા અંગ્રેજી શબ્દોને પણ સરસ રીતે લીધા છે. જેમકે, ફ્રેન્ડ, હી ઈઝ ડેડ, શ્યોર ડીયર ફ્રેન્ડ, લેફટઅસ, કમ્પાઉન્ડ, ફેન્ટાસ્ટીક, શ્યોર, રીયલી, થેંકસ, આઉટ ઓફ ધીસ વર્લ્ડ, પાવર ઓફ એટર્ની, ઓ.કે., લેટ મી કમ ટુ ધ પોઈન્ટ, કમઓન, સ્ક્રીપ્ટ ઈઝ ફેન્ટાસ્ટીક, શટઅપ, ડોકયુમેન્ટસ ઓફકોર્સ, પ્લીઝ ગો ઓન, વન્ડરફુલ, એન્ટીક પીસીસ, આઈ મસ્ટ ગો, પ્લીઝ ડુ સમથિંગ, કન્ટ્રોલ યોર સેલ્ફ, ઈન્ટેરેસ્ટ્રીંગ, પરફયેકટ, ડેડ બોડીની પોઝીશન, ધેટસ લાઈક અ ગુડ ગર્લ, ધેટસ ગ્રેટ, સ્પેશ્યાલીસ્ટો, વેઝોડાયલેટર હી વોઝ એ પેશન્ટ ઓફ એન્જાઈના, નો યુ ડોન્ટ સી ઈન્સ્પેકટર, ડોન્ટ વરી, બાય ધ વે, વીશ યુ બેસ્ટ ઓફ લક, ઓલ્ડમેન, માય ગોડ !, વોટ એ પરફોર્મન્સ, બી ફેન્ટાસ્ટીક, કોન્ગ્રેચ્યુલેશન, વ્હોટ ઈઝ યોર ફર્સ્ટ રીએકશન, હાઉ ડેર યુ ?, ઓફકોર્સ, એપ્રીશીયેટ, લેટસ અસ સી, કમઓન, રીયલી આઈ મીસ હીમ, સોરી આઈ એમ નોટ ઈન્ટરેસ્ટેડ, વેરી સિમ્પલ, રીલેકસ, રીયલી, ધેટસ લાઈફ, આઈ લાઈક ઈટ, અર્જન્ટ કોલ, એમ્બીશીયસ યુનો, ઈટ ઈઝ બેડ મેનર્સ, વન વર્ડ ઈયન કેન

ટુઈન હર ચાન્સીસ ઈન ફિલ્મ્સ આવા અનેક અંગ્રેજી ભાષાના શબ્દો તથા નાના-નાના વાકય દ્વારા ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત બંગાળી ભાષાનો પણ ઉપયોગ કર્યો છે. આ નવલકથાનુંપાત્ર વિદ્દુ ગોખલે જે બંગાળી નાટકનો ડાયરેકટર છે. આથી તેના મુખેથી કેટલાક બંગાળી વાકયો પણ જોવા મળે છે :

"કેપ્ટન... કાય કરતોસ તું."[૩૧]

"અરે હા... હા... બસા બસા ઈન્સ્પેકટર."[૩૨]

"શી... શી... ગડબડ કરું નકોસ.. સઘળા હોઉનં જાયેલ કુશી."[૩૩]

"ઈન્સ્પેકટર મોરીયા. આજ પાસૂન કોશાયી જવબ આલાના.. કાય..."[૩૪]

તો વળી કયાંક હોટલના વેઈટરના મુખમાં હિન્દી ભાષાના શબ્દો મૂકયા છે. જેમકે, આગે આગે દેખિયેહોતા હૈ કયા અને "મેડમ આપકો વિદ્દુ ગોખલે અભી કા અભી બુલાતા હૈ" – જેવા વાકયો પણ જોવા મળે છે. તો સાથો સાથ શરૂઆતના હરનાથના પાત્રના મુખમાંથી મૃત્યુને લગતા સંકેતની કેટલીક ઉકિતઓ બોલાણી છે તે પણ ભાષા માટે ઉત્તમ સાબિત થઈ છે. જેમકે,

"આકાશનો સોનેરી રંગ ઝાંખો પડવા લાગ્યો હતો અને આછી ગુલ મહોરી આભા ફેલાવા લાગી હતી. ધીમે ધીમે પોતાનું જીવન અસ્ત થઈ રહયું હતું અને નિરવ પગલે મૃત્યુનો અંધકાર ફેલાઈ જવાનો હતો."[૩૫]

તો વળી આ વિધાનમાં પણ મૃત્યુનો સંકેત જોવા મળે છે, "તોય એનું ડુબવાનું તો નિશ્ચિત જ છે ને ! કારણ કે જે ઊગે છે તે આથમે છે બસ આપણોય સૂરજ હવે ડૂબવાનો દિવાન."[૩૬]

---

[૩૧] 'મૃત્યુદંડ', વર્ષા અડાલજા : પ્ર. આ., ૧૯૯૬, પૃ. ૯૪.
[૩૨] એજન, પૃ. ૯૬
[૩૩] એજન, પૃ. ૯૮
[૩૪] એજન, પૃ. ૧૪૩
[૩૫] 'મૃત્યુદંડ', વર્ષા અડાલજા : પ્ર. આ., ૧૯૯૬, પૃ. ૧.
[૩૬] એજન, પૃ. ૭.

આ ઉપરાંત સમયના સંકેતમાં પણ સરસ વિધાન જોવા મળે છે, કહે છે કે "સમયનો મૂલ્યવાન હીરો એક વખત ખોઈ દીધા પછી ફરી કદી હાથમાં આવતો. નથી, કશુંક અદશ્ય તળીયે જામેલી લીલ જેવું."[૩૭] તો સમયના સંદર્ભમાં આ વિધાન પણ સરસ છે કે, "એ સમયે મને ભાન નહોતું કે પતંગિયાનું કોઈ આયુષ્ય હોતું નથી."[૩૮]

આ ઉપરાંત મૃત્યુ વિશેનું આ પ્રતિકાત્મક વિધાન પણ સરસ છે, "આટ આટલા સ્વજનોની હાજરીમાં જ જીવનરક્ષક સાધનોની ભરમાર વચ્ચેથી મૃત્યુ બાજની જેમ ઝપટ મારીને, એના પંજામાં જીવને લઈને ઊડી ગયું."[૩૯]

આ ઉપરાંત ભૂતકાળના સમયના પ્રેમના, પ્રેમની નિષ્ફળતા માટે પણ અમુક પંક્તિઓ ચોટદાર મૂકી છે., "એક માનવીના જીવનના તાણાવાણા અનેક દિશાઓમાં લંબાઈને કેટકેટલી જગ્યાએ ગૂંથાયા હોય છે. માણસ શૂન્યાવકાશમાં તો જીવી નથી શકતો. ઘણી વસ્તુઓની ઘણા સંબંધોની જરૂર પડતી હોય છે."

"ભૂતકાળની અનેક નાનીમોટી ગલીઓમાં ભટકાવાની માણસના મનને આદત હોય છે."[૪૦]

"આ ભીડથી ઊભરાતી દુનિયામાં એ એકલી જ છે એનું ઘવાયેલું હૃદય અને રંજાડતી સ્મૃતિઓ છે."[૪૧]

"દરેક પતંગિયું પોતાના જ કોશેટામાં જીવે છે ઉછીનો સંસાર કેમ ટકે ? ધુમ્મસમાં કેટલા વર્ષો વીતી ગયા એય ન ખબર પડી."[૪૨]

આમ, અહીં આ નવલકથામાં ભાષાકીય રીતે લેખિકાએ ખૂબજ ઉત્તમ કામ પાર પાડયું છે. ઘણી વાર ભાષાના વમળમાં રહસ્યને ઘેરું બનાવી દીધું છે અને પ્રકૃતિના તત્વ દ્વારા પણ વાતાવરણમાં રહસ્યાત્મકતા લાવ્યા છે.

---

[૩૭] એજન, પૃ. ૧૦.
[૩૮] એજન, પૃ. ૧૭.
[૩૯] એજન, પૃ. ૫૮.
[૪૦] 'મૃત્યુદંડ', વર્ષા અડાલજા : પ્ર. આ., ૧૯૯૬, પૃ. ૧૭૭.
[૪૧] એજન, પૃ. ૨૧૦
[૪૨] એજન, પૃ. ૨૨૪.

# પ્રકરણ-૬

# સાંપ્રત સ્ત્રી લેખિકાઓમાં વર્ષા અડાલજાનું સ્થાન

- **પ્રસ્તાવના :**

નારી લેખનની ગુજરાતી સાહિત્યાં એક પરંપરા છે. લીલાવતી મુનશી વિનોદીની નીલકંઠ અને લાભુબેહન મહેતા જેવી જાગૃત સ્ત્રીઓએ વીસમી સદીના પૂર્વાર્ધમાં વાર્તાઓ, રેખાચિત્રો કે જીવનસ્મૃતિઓ જેવા સ્વરૂપોનું ખેડાણ કર્યું છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં ધીરુબહેન પટેલ, કુન્દનિકા કાપડિયા, વર્ષા અડાલજા, ઈલા આરબ મહેતા, સરોજ પાઠક જેવા સર્જકોનાં લેખનમાં કેન્દ્ર બદલાયું છે. પુરુષ તરફનો આક્રોશ અને આક્રમકતા સ્પષ્ટપણે યા તો ગર્ભિત રીતે આલેખાય છે. 'સાત પગલાં આકાશમાં' સ્વાર્થી મનોવૃત્તિ ધરાવતો વ્યોમેશ વિશિષ્ટ રુચિ ધરાવતી પત્ની વસુધાની અસ્મિતાને રૂંધે છે. લેખિકાએ પ્રસ્તાવનામાં જણાવ્યું જ છે કે આ નારીવાદી નવલકથામાં પ્રચારાત્મક વલણ છે અને એ ભૂમિકા સ્ત્રી-પુરૂષ બંનેને પોતાનાં સ્ત્રીઓના ગોપિત પ્રશ્નોની વાત સાહસિકતાથી કરી છે. નારી ચેતનાની સભાન અભિવ્યક્તિની દિશામાં પહેલ કરતી નવલકથા તરીકે કૃતિ પ્રભાવક નીવડી છે. ઈલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના'ની નાયિકા અનુરાધા પોતાના વ્યક્તિત્ત્વને ઓગાળી દેવાના વલણ સામે વિરોધ કરે છે. પણ એ ભાવનાની અભિવ્યક્તિ બહુ બોલકી નથી અને ત્યાં ખુલ્લો પુરુષ-દ્વેષ પણ નથી. વાર્તાની શૈલી સૂક્ષ્મ અને ગર્ભિત છે, વર્ષા અડાલજાની 'ખરી પડેલ ટહુકો'ની નાયિકાને પણ આ સંદર્ભે યાદ કરી શકાય. ધીરુબહેન પટેલની 'શીમળાના ફૂલ'ની રન્ના અન્યાય સામે માથું ઊંચકી ગૃહત્યાગ સુધી જાય છે, પણ અંતે પાછી ફરે છે. ક્યારેક એવું લાગે છે કે વ્યક્તિ વિકાસ અવરૂદ્ધ થવાની અંતરમાં ઊંડી વ્યથા હોવા છતાં ઘણી લેખિકાઓ કંઈક સમાધાનનો માર્ગ અપનાવતાં નારી પાત્રો સર્જે છે.

ક્રમશઃ આ પાંચ લેખિકાઓની વાત લઈએ.

- **ધીરુબહેન પટેલ :**

ધીરુ બહેન આપણાં સંવેદનશીલ લેખિકા છે. માત્ર લખવા ખાતર કે નારી વિભાવનાની વાતો કરવા ખાતર કલમ ઉપાડનાર આ લેખિકા નથી. એ માત્ર સ્ત્રીઓને જ પ્રાધાન્ય આપે છે તેવું નથી. 'એક ભલો માણસ' કે 'આંગન્તુક' અથવા 'સંશયબીજ'

જેવી નાયક પ્રધાન નવલકથા પણ એટલી જ તીવ્ર અનુભૂતિથી સર્જાય છે. પણ સ્વભાવિક રીતે એક સ્ત્રીનું મન બીજી સ્ત્રીને જલદી પારખી જાય છે. એ અનુસાર નાયિકાનું વર્ણન કરતાં ધીરુબહેન આપણને સાહિત્યકારની સાથે સાથે મનોચિકિત્સક પણ લાગે છે. રન્નાના (શીમળા કીમળાંના ફૂલ) દામ્પત્યની વાત હોય કે રેખા (વડવાનલ) ના મનની વેદના હોય અથવા તો કાદમ્બરીની મા બનવાનું સાહસ કરનાર વિજયાની સમજણ હોય અલગ-અલગ પાત્રમાં એ અલગ-અલગ ભાવ કહો કે Impression ઊભી કરી શકે છે.

ધીરુબહેન પટેલ 'સર્જકની આંતરકથા' માં પોતાની સર્જન પ્રક્રિયા વિશે વાત કરતાં નોંધ્યું છે કે : "મારા કાન વીંધેલા નથી. મારા પિતા તરફથી પહેલી અને અણમોલ ભેટ આ મારાં અનવિદ્ધ કાન છે. હું બે-ત્રણ મહિનાની હોઈશ તે કાન વીંધવવાનો પ્રશ્ન ઊભો થયો હશે ત્યારે એમણે દઢતાથી કહેલું; "એ મોટી થાય અને એનો પોતાનો નિર્ણય કરે ત્યારે ત્યાં લગી આપણે રાહુ જોવી જોઈએ. એના કાન એને પૂછયા વગર આપણે કેમ વિંધાવી શકીએ ?"

***– મારી અંદરનું જીવન લીલુંછમ રહી શકયું એનું મુખ્ય કારણ આ મારા માતા-પિતા. એમણે મને હંમેશા મારી રીતે જીવવા દીધી છે.***

ધીરુબહેનની આ કેફિયતમાં કાન વીંધવાની વાત પ્રતીકાત્મક રીતે જોવા જેવી છે. બાળપણમાં માત્ર કાન જ નથી વીંધાતા, મનને પણ વીંધવાનું, બાંધવાનું સામાજિક રૂઢિઓમાં પલોટવાનું કામ શરૂ થતું હોય છે. એની ચેતનાની ચારે તરફ એક દબાવ ઊભો થઈ જતો હોય છે. જેને કારણે એનામાં રહેલી મૌલિકતા અને સર્જકતા કુંઠિત થતી જાય છે. માત્ર ગુજરાતી જ નહિ ભારતીય અને વિશ્વસાહિત્યની સફળ લેખિકાઓનો અભ્યાસ કરતાં જણાયું છે કે તો બાળપણથી જ પરિવારમાં એને મુક્ત, પોષક વાતાવરણ મળ્યું છે જેને કારણે તેનું "અંદરનું જીવન લીલુંછમ" રહી શકયું છે અથવા તો તેણે પોતે સામાજિક રૂઢિઓ સામે આકરો સંઘર્ષ કરીને ચેતનાને રૂંધતા સામાજિક દબાવને દૂર કર્યો છે.

ધીરુબહેન આપણાં એક સજ્જ લેખિકા છે. માત્ર નારીનાં જ નહીં માનવીના અંતરતમ સુધી પહોંચી એના સૂક્ષ્મમાં સૂક્ષ્મ બિંદુને તીવ્રતાથી રજૂ કરવાની સૂઝ અને

આવડત એમનામાં દાદ માગી લે છે. એમની નવલકથાઓમાં 'વડવાનલ', 'શીમળાના' ફૂલ, 'વાવંટોળ', 'વમળ', 'ગનનાં લગન', 'કાદંબરીની માં', 'એક ગુલાબી વાત', 'એક ડાળી મીઠી', 'પેઈંગ ગેસ્ટ', 'સંશયબીજ', લઘુનવલોમાં : 'વાંસનો અંકુર', 'એક ભલો માણસ', 'આંધળી ગલી', 'હુંતાશન', 'આગંતુક' – વ્યક્તિના અંતરજગતને, બ્રાહયજગતને મનોવિશ્લેષણાત્મક આલેખન રીતિથી ધીરુબહેન સુપેરે વ્યક્ત કરે છે.

'વડવાનલ' એક મનોવૈજ્ઞાનિકની અદાથી લખાયેલી નવલકથા છે અને છતાંય આ કૃતિ માનસશાસ્ત્રીય નોંધપોથી નથી પણ કલાકારની કુશળ કલમે આલેખાયેલી, એક નીવડેલ શિલ્પી જેમ સુંદર કલાકૃતિ કંડારે એવી અત્યંત નાજુક ભાવોને કંડારતી આપણને ગળાડૂબ ગમગીનીમાં મૂકી દે અને જે ગમગીની વિખેરતા ખાસ્સો સમય નીકળી જાય એવી આ કથા માટે It is too painful for art એવું કહેવું પડે એજ લેખિકાની સિદ્ધિ છે.

'કાદંબરીની મા' નકવલકથાના અર્પણમાં લેખિકા સરસ પંક્તિ ટાંકે છે :

**"સંબંધને વળી નામ દેવાં–વાડ શી રચવી વૃથા ?**
**નયણાં મળ્યે અંતર હશે : સંબંધ એ સર્વોપરી !"**

સંબંધ એ સૌથી મોટી વાત છે અને સૌથી નાજુક પણ લેખિકા એમનાં પાત્રોને આ નાજુક તારથી બાંધે પણ છે અને છૂટવા પણ દે છે, રન્ના (શીમળાનાં ફૂલ)ને લાગ્યું કે વિમલ સાથે નહી રહેવાય અને રન્નાએ ઘર છોડી દીધું. આટલા વર્ષોનું દામ્પત્ય જીવનસહેજ પણ વિચલિત થયા વિના સંકોરીને કોરાણે મૂકી દીધું. 'કાદંબરીની મા' માં વિજયાને ખ્યાલ આવ્યો કે દીકરો હાથથી ગયો છે ત્યારે દીકરાની વિરુદ્ધમાં વહુને પડખે રહી નારીના અડગ મનોબળનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડયું 'વડવાનલ'ની કથા ખરેખર તો વિષમ કૌટુંબિક અને સામાજિક વાતાવરણમાં એક બાલિકાના ઉછેરની કરુણકથા છે. 'આંધળી ગલી'માં એકલતાની કરુણગર્ભ કથા છે. 'પેંઈંગ ગેસ્ટ' નર્મમર્મયુક્ત હાસ્યની છાંટવાળી નવલકથા છે. 'એક ભલો માણસ'સીધા–સાદા માણસને કેન્દ્રમાં રાખીને લખાઈ છે તો 'વાંસનો અંકુશ' આંતર જીવનની કથા છે.

આધુનિક શિક્ષિત નારીને દેવી થઈને પૂજાવું નથી. એને નથી જોઈતું ગૃહલક્ષ્મી

કે સતીલક્ષ્મીનું પદ અને શાબ્દિક સન્માન એ પતિના આંગણાનું પગલૂછણિયું નહિ થાય. ચરણેષુ દાસી થવાનું એને સ્વીકાર્ય નથી સહનશીલતાને નામે એ અન્યાય અને અત્યાચાર નહિ ખમી લે – પણ આ તો આધુનિક નારીનું સ્વરૂપ છે. વર્ડ્ઝવર્થ ભલે કહે કે :

"Woman is a phantom of delight" સ્ત્રી તો પોતાનું પ્રારબ્ધ પણ સમાજ નક્કી કરે છે. એણે તો પોતે જ હીન શરણાગતિને તિલાંજલિ આપીને સ્વયંસિદ્ધા બનાવવાનું છે. ટાગોર કહે છે કે : "વર્ષામાં સરિતા પોતાનો વિપુલ જળરાશિ લઈને વહે છે તેમ સ્ત્રી પૂર્ણતા તરફ વહે છે. જયારે સ્ત્રી ઘરના કામકાજ કરતી હોય છે, ગૃહકાર્યો કરતી હોય છે ત્યારે પહાડ પર – પથ્થરો પર વહેતા ઝરણાનું સંગીત એના અંગોમાંથી સ્ફૂરતું હોય છે' મનુથી માંડીને અનેક વિખ્યાત કવિઓએ સર્જકોએ અને વિવેચકોએ વિચારકોએ સ્ત્રીને ભાવભર્યું સન્માન આપ્યું છે.

**"યા દેવી સર્વે ભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા ।**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ।।**

ભલે આ બધી કવિકલ્પના રહી, સુંદર શબ્દોમાં સજાવેલી વાત રહી, ભલે વાસ્તવિકતા સાવ જુદી જ રહી, ઊંડે ઊંડે એવું પણ થાય છે કે સમાજમાં – વ્યવહારમાં તો સ્ત્રીનું સ્થાન નીચું અને હીણું જ રહયું છે પણ ટાગોરની વાત વાંચીને આપણા મનનો વિષાદ અને ભાર હળવા થઈ જાય છે. ભલે એમાં કલ્પના હશે તો સાથે સત્ય પણ કયાં નથી ? વાસ્તવિક જીવનમાં દીવડીના શાંત આછા પ્રકાશ જેવી અસંખ્ય સ્ત્રીઓ પોતાના ગૃહસંસારને ઉજ્જવળ બનાવતી હોય છે. પોતાના પતિ, સંતાનો અને સમગ્ર પરિવાર પર એવું નિરપેક્ષ સ્નેહભર્યું આધિપત્ય હોય છે જ. સર વિન્સ્ટન ચર્ચિલે કહયું છે તે પ્રમાણે 'શમણાં મીઠાં લાગતા હોય છે પણ વાસ્તવિકતાને મધુર બનાવવી એ જ માણસનું ખરું કર્તવ્ય છે !' આ બધી ચર્ચા કરીએ ત્યારે સ્વાભાવિક કુન્દનિકા કાપડીયા યાદ આવે.

- **કુન્દનિકા કાપડીયા :**

'સ્નેહધન' ઉપનામધારી કુન્દનિકા કાપડિયા આધુનિક ગુજરાતી સાહિત્યની લેખિકાઓમાં વિશેષ સ્થાનના અધિકારી છે. મુખ્યત્ત્વે વાર્તાકાર અને નવલકથાકાર

તરીકે વધુ પ્રતિષ્ઠિત છે. વાર્તાકાર તરીકે તેમણે પોતાની સાહિત્યિક યાત્રાનો આરંભ કર્યો. તેમની પ્રથમ વાર્તા 'પ્રેમના આંસુ' છે. તેમના વાર્તા સંગ્રહો પૈકી 'વધુને વધુ સુંદર' ૧૯૬૮માં, 'કાગળની હોડી' ૧૯૭૮માં અને 'જવા દઈશું તમને' ૧૯૮૩માં પ્રગટ થયો. એમણે ત્રણ નવલકથાઓમાં એક 'પરોઢા થતાં પહેલા' ૧૯૬૮માં પ્રગટ થઈ. જીવનમાં પડેલા દુઃખના તત્ત્વને અતિક્રમીને મનુષ્ય પોતાના આનંદ રૂપ સાથે શી રીતે અનુસંધિત થઈ શકે એ મૂળભૂત પ્રશ્ન છોડીને કલાત્મક ધ્વનિમયતાથી પરોઢના આશાકિરણની ઝાંખી કરાવતી આ કથા છે. 'અગનપિપાસ' ૧૯૭૨ બુદ્ધિ કરતાં હૃદય પરની આસ્થા પ્રગટ કરીને નવો દષ્ટિકોણ પ્રગટ કરતી કથા છે." ૧૯૮૪માં અતિ વિખ્યાત 'સાત પગલા આકાશ'માં પ્રગટ થઈ. આ ઉપરાંત ૧૯૫૫ થી ૧૯૫૭ સુધી 'યાત્રિક' અને ૧૯૬૨ થી ૧૯૮૦ સુધી 'નવનીત' સંપાદક તરીકે સેવા આપી. તેમણે અનુવાદના ક્ષેત્રે પણ થોડુંક કામ કર્યું છે. શ્રીમતી લોરા વાઈલ્ડરની નવલકથાનો 'વસંત આવશે' નામે અનુવાદ કર્યો મેરી એલન ચેઝના સંસ્મરણોનો 'દિલભર મૈત્રી' અને બંગાળી લેખિકા ચંદના પ્રવાસ વર્ણનનો અનુવાદ 'પૂર્ણકુંભ' નામે કર્યો. આ ઉપરાંત પ્રકીર્ણ લેખોનો સંગ્રહ 'દ્વાર અને દિવાલ' (૧૯૫૫) અને પ્રાર્થના સંકલન 'પરમ સમીપે' (૧૯૮૨) નોંધપાત્ર છે.

કુન્દનિકા કાપડીયાએ 'સાત પગલા આકાશમાં' દ્વારા જાણે સૌને ધ્યાન ખેંચવાની ફરજ પાડી. ગુજરાતી સાહિત્યમાં તેઓ વધુ વિખ્યાત બન્યા. 'સાત પગલા આકાશમાં'ની લેખિકા તરીકે. આ કૃતિને દિલ્હીની સાહિત્ય અકાદમીનું ઉત્તમ સાહિત્યકૃતિ તરીકેનું પારિતોષિક (૧૯૮૫)માં પ્રાપ્ત થયું. આ કૃતિ માત્ર નવલકથા સાહિત્યમાં જ નહિ, નારી જીવનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમસ્યાઓના નિરૂપણમાં, એ સમસ્યાઓના સૂચવેલા સમાધાનના સંદર્ભમાં એક સીમાચિહન બની રહેશે.

૧૯૮૨ના જુલાઈથી આ નવલકથા 'જન્મભૂમિ પ્રવાસી'માં ધારાવાહી રૂપે પ્રગટ થઈ ત્યારે તેણે જબરજસ્ત ઉહાપોહ જગાડયો હતો. 'જેલમાં મોકલવા' થી માંડી 'નોબેલ પારિતોષિક' આપવા સુધીની પ્રતિક્રિયા વ્યક્ત થઈ હતી. લેખિકાએ કૃતિના આરંભ પૂર્વેની ભૂમિકાને શીર્ષક આપ્યું છે – "સ્ત્રીની યાત્રા : કારાગાર થી કૈલાસ સુધી" તેની નીચે એક વિધાન ટાંકયું છે : "દુનિયામાં બધાં જ અસમાન છે, પણ સ્ત્રીઓ વધુ

અસમાન છે.” આ નવલકથામાં પ્રાચીનકાળથી પુરુષના આધિપત્ય હેઠળ જીવતી નારીના પોતાની મુક્તિ માટેના આંદોલનની કથા છે. પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓનાં સન્માન અને ગૌરવ વિશે ભલે ઘણી બધી વાતો જાહેરમાં ઉચ્ચારાતી હોય તેમ છતાં સ્ત્રી હજારો વર્ષથી ગુલામી વેઠતી આવી છે એ નક્કર હકીકત છે. આ ભાવ વ્યક્ત કરવા અને એ નિમિતે સ્ત્રી-પુરૂષ સંબંધ, એમાંથી પેદા થતી સમસ્યાઓ, માનવલાગણીઓ અને માનવ સંબંધોના અર્થ અને પરિમાણ પ્રગટ કરવા લેખિકાએ આ કથામાં મથામણ કરી જોઈ છે.

ગુજરાતી સાહિત્યના અન્ય નારીપાત્રોમાં ખુદ કુન્દનિકા કાપડિયાના પણ બીજા પાત્રો કરતા આ નવલકથાની નાયિકા વસુધા એકદમ જુદી પડે છે. લેખિકાએ અનેક સસ્મયાઓથી આવૃત્ત કેટલાંક પાત્રો સરજી એમની વચ્ચે મધ્યમવર્ગની એક નારીનું પાત્ર મૂકી એનો ચરિત્રની કક્ષાએ વિકસાવવાનો અને એ દ્વારા વિવક્ષિત પ્રશ્નો સર્જનાત્મક ભૂમિકાએ અને તેની અસ્મિતાની વચ્ચેના સંઘર્ષની કથા રચી એમાંથી કોઈ જીવન સત્ય સુધી પહોંચવાનો લેખિકાનો ઉપક્રમ છે અને સંઘર્ષથી આ ભૂમિકા એમણે મૂર્ત કરી છે વસુધાના પાત્રમાં.

લેખિકાના મનમાં કંઈક તો પડેલું છે જ. તે નવલકથા વાચતા ખ્યાલ આવે છે લેખિકા લખે છે : “મનુષ્ય મનુષ્ય વચ્ચે, સ્ત્રી અને પુરુષ વચ્ચે એવો સંબંધ શકય છે ખરો ? જેનો આધાર પૃથ્વી હોય અને જેનો વિસ્તાર આકાશ ? જીવન એટલે સંબંધોનું જાળું. આ સંબંધો દ્વારા મનુષ્ય શું પામે છે ? એ સંબંધોથી એ સુખી અને સમૃદ્ધ થવો જોઈએ, એનું જીવન પ્રસન્ન મંગલ ઊર્ધ્વ બનવું જોઈએ. પણ વાસ્તવમાં એનાથી ઊલટું જોવા મળે છે. સત્યની કોઈ શાસ્ત્રીય વ્યાખ્યા આપવા નહી પણ જીવન દ્વારા સાચા જીવન પ્રત્યે પ્રેમ જગાવવા આ દસ્તાવેજી કથા લેખિકાએ રચી છે અને વસુધા રાતોરાત વિદ્રોહ કરતી નથી. જીંદગીના અગત્યનાં વર્ષો પતિ-બાળકો પાછળ ખર્ચીને અંતે ખાલી હાથે ઊભેલી વસુધા સતત વિચારે છે કે હું કયાં ? મારું અસ્તિત્વ કયા ? જવાબ મળતો નથી. તે વિચારે છે “...મારું પોતાપણું ખોઈ દઈને હું જે પામી છું તેનું નામ શું છે ? તેનું મૂલ્ય કયાં છે ? ” માનવસંબંધો વિશે પોતાનાં કર્તવ્યો અને જવાબદારી વિશે પ્રશ્નો જ જાગતા રહે છે : “જે સંબંધમાં પ્રેમ, વિશ્વાસ અને નિર્ભયતાથી જીવી શકાતું

ન હોય, જેમાં જીવંત વ્યક્તિ કરતાં મૃત પ્રણાલિકાનું વધુ માન કરવામાં આવતું હોય; જેને સાથ વડે સુંદર બનાવી શકાતો ન હોય એ સંબંધનો અર્થ શું છે ? કે બધું ક્ષણિક, વ્યર્થ છે ?

વસુધાનું પાત્ર મુખ્ય પાત્ર છે અને લેખિકાએ તેને સ્ત્રીનો સમાજિક મોભો અને સ્ત્રીનું નીજી વ્યક્તિત્ત્વ આ બે મુદ્દાનાં પડ છે સુંદર રીતે વિકસાવ્યું છે. પતિ અને ફૈબાના વાણીવર્તન વસુધાના મનમાં કેવા ભાવ વિભાવ જગાવ છે તે લેખિકાએ ઝીણવટથી બતાવ્યું છે. પોતાની જાત સાથે કેટલો વાદ-વિવાદ કરે છે, પોતાના હક્ક અને જવાદબારીઓ વિશે કેટકેટલું વિચારે છે. વસુધા સિવાય અન્ય સ્ત્રીપાત્રો - મિત્રા, વાસંતી, લલિતા એના, અલોપા- જેવા પાત્રોની જીવનકથા લેખિકા પૂરી દર્શાવે છે. પણ એ સિવાયના પાત્રો કયાં ? બીના, અદિતિ, શોભા, નલિની, શૈલા, બેલા, અમલા, વન્યા, અનિતા, વિમળાબહેન, આભા - આ બધા પાત્રોનું પાત્રત્ય પણ સિદ્ધ થતું નથી. એ બધાપાત્રોવસ્તી રૂપ પાત્રો છે.

આપણા સમાજમાં સ્ત્રીની ઘણી દુર્દશા છે એ નગ્ન વાસ્તવિકતા છે એ વાસ્તવિકતાને કથા વિષય બનાવવામાં આવે ત્યારે તેનું રૂપાંતરતો સાધવું જ જોઈએ. અહીં કળાનું સત્યનું રૂપાંતર સધાયેલું જણાતું નથી. આ નવલકથાનું આલેખન વાસ્તવિકતાથીદૂર છે. એવું જે કેટલાકને લાગ્યું છે પણ લેખિકા નારી સંવેદના આલેખવાને માટે કટિબદ્ધ છે. નારીના મનમાં કેટકેટલી વેદના છે એના મનના કેટલાયે ખૂણા ઘવાયેલા છે, એને દેવી સ્વરૂપ આપી કેટલીક મર્યાદાઓ એને માટે નક્કી કરી દેવામાં આવી છે. લેખિકાને એ વ્યક્ત કરવું છે એ ઘા ખોલીને બતાવવા છે જેની આજ સુધી કોઈએ નોંધ સુદ્ધાં નથી લીધી.

સ્ત્રીનું જીવન હંમેશા સમસ્યાઓથી ભારક્રાન્ત રહેલું છે. સ્ત્રી જીવનની કેળવણી, વેવિશાળ, લગ્ન, સગર્ભાવસ્થા, વંધ્યત્વ, ગૃહસ્થી, નોકરી, સ્વતંત્રતા, આત્મનિર્ભરતા જેવી કેટલીક સમસ્યાઓને આકથામાં સ્પર્શ કર્યો છે. કેવળ પ્રશ્નો વર્ણવવાથી કે નિરૂપવાથી કાંઈ નવકલથા બનતી નથી એ લેખિકા સમજે છે. એટલે એમણે અનેક સમસ્યાઓથી આવૃત્ત કેટલાંક નારીપાત્રો સરજી એમની વચ્ચે એક સંવેદનશીલ વિચારવંત અને બહાદુર નારીનું પાત્ર મૂકી એની સંવેદનામાં આ બધી સ્ત્રીઓની સમસ્યાઓ ઘૂંટીને

એ દ્વારા અભિપ્રેત પ્રશ્નોસર્જનાત્મક ભૂમિકાએ છણવાનો પ્રયત્ન કર્યો છે. 'સ્ત્રીનું અસ્તિત્વ અને તેની અસ્મિતા વચ્ચેના સંઘર્ષની કથા રચી, એમાંથી કોઈ જીવન સત્ય સુધી પહોંચવાનો લેખિકાનો પ્રયત્ન છે.

- **સરોજ પાઠક :**

ગુજરાતીસાહિત્યના સ્વાતંત્ર્યત્તર યુગમાં સરોજ પાઠક આધુનિક લેખિકા તરીકે સુવિખ્યાત છે. ટૂંકી વાર્તા અને નવલકથાના ક્ષેત્રે તેમણે ગણનાપાત્ર કામ કર્યું. સતત પ્રગતિશીલ હોવાને કારણે તેમનાં સાહિત્ય અને વ્યક્તિત્ત્વ ઊભય જીવંત રહયાં સ્વતંત્ર, સ્વમાની અને ખુમારીવાળા વ્યક્તિત્ત્વને કારણે તેઓ અન્ય લેખિકાઓ કરતાં નોખા તરી આવે છે.

સરોજ પાઠકે ટૂંકી વાર્તા દ્વારા સાહિત્યના ક્ષેત્રે પદાર્પણ કર્યું છે. તેમના લેખક પતિ રમણલાલ પાઠકે સાહિત્યમાં તેમના આગમનને આ રીતે વધાવ્યું છે. "દિલ્હીની બેકાર ગૃહસ્થી દરમ્યિાન, ૧૯૫૬-૫૭માં સરોજે મારી દેખાદેખીથી કલમ ઊઠાવી, પરંતુ પ્રથમ વાર્તા એવી તો નીપજી આવી કે, એક જ છલાંગે તે મને માઈલો ઊંચેથી આંબી ગઈ. એ વાર્તા તે 'નહિ અંધારું, નહિં અજવાળું' ખૂબ ખૂબ અભિનંદન સાથે સ્વ સોપાને એ 'જીવનમાધુરી'માં પ્રગટ કરી. બીજી જ વાર્તા તે "સારિકા પિંજરસ્થા" જેની પ્રતિકાત્મકતાને કારણે આજેય ઉલ્લેખનીય રહી છે."[૧] આ બે વાર્તાઓ દ્વારા ગુજરાતી સાહિત્યમાં સરોજ પાઠક વાર્તાકાર તરીકે પ્રતિષ્ઠિત થયા. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'પ્રેમ ઘટા ઝૂક આઈ' (૧૯૫૯)માં પ્રગટ થયો. આ ઉપરાંત 'પ્રીત બંધાણી' (રમણલાલ પાઠક સાથે), 'મારો અસબાબ મારો રાગ', 'તથાસ્તુ', 'વિરાટ ટપકું' (ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત), 'હુકમનો એક્કો', 'હું જીવું છું.' તેમના પ્રખ્યાત વાર્તા સંગ્રહો છે. તેમની પ્રથમ નવલકથા 'નાઈટમેર' (૧૯૬૯)માં પ્રગટ થઈ અને પછી ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત થઈ. ત્યારબાદ 'પ્રિય-પૂનમ', 'ગુજરાત મિત્ર' દૈનિકમાં હપ્તાવાર રજૂ થઈ. 'નિઃશેષ' (૧૯૭૮)માં, 'ઉપનાયક' (૧૯૮૬)માં, 'ટાઈમબોમ્બ' (૧૯૮૭)માં અને

[૧] પ્રશાંત ર. દવે, 'પરબ', અંક-૭, ૧૯૯૦ જુઓ 'પિતૃપરક સંસ્કૃતિ અને સાહિત્યની ભૂમિકા', પૃ. ૩૨.

'લિખિતંગ' (૧૯૮૮) પ્રગટ થઈ, અંતિમ નવલકથા 'ગ્રીનરૂમ' પ્રકાશ્ય છે. સરોજ પાઠકના નારીપાત્રોની આધુનિકતા તપાસતા પહેલાં એક સ્પષ્ટતા કરી લેવી યોગ્ય લાગે છે કે અહીં ૧૯૮૭ સુધીની તેમની નવલકથાના આધુનિક નારીપાત્રોને તપાસવાનો પ્રયત્ન કર્યો છે. આધુનિક નારીના સંદર્ભમાં તેમની પ્રતિનિધિ રૂપ નવલકથાઓને જ ધ્યાનમાં લેવાનું ઉચિત માન્યું છે.

આ ઉપરાંત તેમની પાસેથી નિબંધ પણ મળ્યા છે. સરોજ પાઠકના સાહિત્યમાં તેમના વ્યક્તિત્ત્વ અને વિચારોનું સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય છે. સરોજ પાઠકનો જન્મ કચ્છ જિલ્લાના ઝખઉમાં થયેલો અને મૃત્યુ ૧૯૮૯માં થયું.[૨]

સરોજ પાઠકની તમામ નવલકથાઓ મુખ્યત્ત્વે નારીપ્રધાન જ છે. પણ એના દરેક નારીપાત્રો અલગ અલગ વ્યક્તિત્ત્વ ધરાવે છે. નિયતિની નિયતિ કંઈક ભિન્ન જ છે તો નિઃશેષની નાયિકા શારદાના પાત્રમાં એનું વ્યક્તિત્ત્વ અલગ જ તરી આવે છે. 'ઉપનાયક'માં નારીપાત્રને વિશેષ Highlight કરવામાં આવ્યું નથી. પણ 'ટાઈમ-બોમ્બ'માં સમજુ, સરળ, સફળ, સ્વસ્થ અને ભાવુક નાયિકા વૃંદા 'પ્રેમાળ પિતા' અને પ્રેમાળ પતિ' એમ હઠપૂર્વક પોકળ સુખના પરિવેશને વળગી રહે છે. એ હૃદયસ્પર્શી પાત્રાલેખન થયું છે. પ્રૌઢ દામ્પત્યજીવનમાં લગ્નેતર સંબંધો કે છૂટાછેડાની વાત નવી નથી પણ સરોજ પાઠક આ સંઘર્ષને નવી રીતે મૂકી આપી એની પડ છે. નાયિકા વૃંદાની મનોસ્થિતિનું અંતરસ્પર્શી આલેખન કરે છે.

વૃંદામાં એક જાગૃત સ્ત્રીનાં આપણે દર્શન કરીએ છીએ. એનું સ્ત્રીત્વ સુપ્ત નથી. એ ખુમારીથી જીવવાવાળી સ્ત્રી છે. ઘડીક એને ગુસ્સો આવે છે પણ પછી તે તરત સ્વસ્થ થઈ જાય છે. એ વિચારે છે કે ન્યુરોટિક, લાચાર, માંદી સ્ત્રીની એબથી નથી જીવવું. આ ખુવારીથી હું નહી હારું. કોઈ ભીખારીપણુ નહી, માંગી રડીને કશું નથી મેળવવું. 'આઈ મસ્ટ બી ટુ ટુ માયસેલ્ફ'. અહીં લેખિકાના પણ આધુનિક વિચારોનો પડઘો પડે છે. ગાંધીયુગના ઉત્તરાર્ધમાં જે નવી વિભાવનાઓ પ્રતિષ્ઠિત થઈ તેનો મેળ સરોજબેનના સંવેદનતંત્ર સાથે બરાબર બેસી ગયો. શ્રી રમણ પાઠકે સરોજબેનની સંવેદના અને

[૨] ચંદ્રકાન્ત ટોપીવાળા, 'પરબ', અંક-૭, ૧૯૯૦. જુઓ 'નારીવાદઃ ભૂમિકા અને સંદર્ભ' લેખ, પૃ. ૧.

સર્જનની વિશેષતા દર્શાવતા કહયું છે કે "અજ્ઞાતની ઝંખના, નિરાશાવાદ, એલિયેશન, અતિસંકુલ, મનોવ્યાપારો, જીવનને જોવા સમજવાની વિશિષ્ટ આત્મલક્ષી દષ્ટિ, વિચિત્ર, અસામાન્ય અનુભૂતિઓ અને એને ભાષા દ્વારા વ્યક્ત કરવાની સહજ શક્તિ તેમનામાં છે. વિચ્છિન્નતા ય એટલી હદે કે વ્યક્તિ અને લેખિકા સરોજ પાઠક વચ્ચે આભજમીનનું અંતર"[૩] સરોજ પાઠકમાં ગાંધીયુગના સાહિત્યના કોઈ સંસ્કાર પ્રવેશી શકયા નહી. સરોજબેન એક નૂતન આધુનિક નારી હતા છતાં 'નારી સંસાર'ના લખાણોમાં તેમનો અભિગમ સાવ 'બોલ્ડ' નથી. પરંતુ થોડે ઘણે અંશે પરંપરાગત છે. લેખિકા લખે છે કે સ્ત્રી જયારે પ્રતિકુળ પરિસ્થિતિમાં મુકાય છે ત્યારે બહુધા મધ્યમ માર્ગ પસંદ કરી સુમેળપૂર્વક સાંસરિક જીવન જીવવાનું સ્વીકારે છે.

સરોજ પાઠક સબળ વાર્તાકાર તરીકે જેટલા સાબિત થયા તેટલા જ સબળ નવલકથાકાર તરીકે પણ પ્રતિષ્ઠિત થયા. નારી જીવનની ભીષણતમ યાતનાઓ તેમણે મનોવૈજ્ઞાનિક અભિગમ દ્વારા વ્યક્ત કરી છે. એક ઉલ્લેખનીય બાબત એ છે કે સરોજ પાઠકનું વ્યક્તિત્ત્વ જેટલું 'આધુનિક' હતું તેટલાં આધુનિક તેમની નવલકથાનાં નારી પાત્રો નથી. આ યુગની વિસંગતિઓ, વિટંબણાઓ અને વિશેષતાઓ તેમના નારીપાત્રોમાં વિશેષ રીતે ઝિલાયા છે.

- **ઈલા આરબ મહેતા :**

ઈલા ગુણવંતરાય આચાર્ય તેનો જન્મ મુંબઈમાં તા. ૨૩-૦૬-૧૯૩૮ના થયો પિતાનું નામ ગુણવંત આચાર્ય, માતા લીલાવતી આચાર્ય, મૂળવતન જામનગર, એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો.

નવલકથાકાર, વાર્તાકાર, નાટયલેખિકા-નવલકથા તો ઈલા મહેતા લખ્યા વિના કેમનાં રહી શકે ? સાગર સાહસની નવલકથાઓથી જાણીતા લેખક ગુણવંતરાય આચાર્યની તે પુત્રી થાય. વળી બે વર્ષ નાનાં, નવલકથાકાર વર્ષા અડાલજા (ઉર્ફે વર્ષા ગુણવંતરાય આચાર્ય) ના તે મોટા બહેન છે. હાલ, ૧૯૭૧થી સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં

---

[૩] શરદબાબુ, 'નારીનું મૂલ્ય' અનુ. રમણલાલ સોની (પ્ર.આ.), પૃ. ૨૫૮.

પ્રાધ્યાપક તેમના લગ્ન ડૉ. આરબ મહેતા (એમ.એસ.એફ.આર.સી. એસ.એમ.આર.સી. ઓ.જી.)નાં ૧૯૬૪માં તેમના લગ્ન થયા.

તેની કૃતિ 'એક સિગરેટ એક ધૂપસળી'ને (૧૯૮૨) ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. 'વિયેના વૂડઝ', 'રાધા' (નવલકથા), 'પરપોટાની આંખ' પણ ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી સાહિત્ય અકાદમી બંને દ્વારા પુરસ્કૃત થયાં છે. 'વિયેના વૂડઝ' (વાર્તા) તો 'સુવર્ણ કેસૂડાં' નવલિકા સંચયમાં પણ સંગ્રહસ્થ થઈ હતી.

દિલ્હથી પ્રકાશિત 'કાલી ફોર વુમન' સંસ્થાના સંચય 'ટ્રૂથટેલ્સ'માં દિલ્હીથી નારી સર્જકોમાં ગુજરાતના પ્રતિનિધિ રૂપે એમની નવલિકા વરણી પામી છે. નાનપણથી જ 'બૈરક' વૈતરામાં ઈલાબેનને રૂચિ ઓછી ઈલાબેને 'એકસાંઝ' નવલિકા તંત્રીને ડરતા-ડરતા આપેલી રખેને સોને પરત થાય. તંત્રી કુન્દનિકા કાપડિયાએ કુન્દન પારખીને ઈલાને કહેલું "એક પણ તિરાડ વિનાની નવલિકા છે આ...!"

આ 'એક સાંઝ' – 'પહેલા પહેલા પ્યાર' સમી નવલિકાના ગર્ભમાં ભવિષ્યની બે કૃતિઓ ટૂંટિયું વાળીને બીજ સ્વરૂપે રાહ જોતી બેસી રહી હતી. એ બે કથા કૃતિઓ હતી 'બત્રીસ પૂતળીની વેદના' અને 'પાંચ પગલાં પૃથ્વી પર".

નારીનું ભાગ્ય ભલે લોકો બૂમો પાડીને પોકારતા હોય કે સમય બદલાયો છે, નારી પ્રત્યેનો અભિગમ બદલાયો છે, કાયદાઓ બદલાયા છે પણ નારીનું ભાગ્ય નથી બદલાયું એ પણ એટલું જ કડવું સત્ય છે. "જે સમાજમાં પરાક્રમો ફક્ત પુરૂષોના હોય, સિંહાસનો ફક્ત પુરૂષો માટે હોય તે સ્ત્રીઓ જયાં કેવળ સિંહાસનની શોભા વધારનારી પૂતળીઓ હોય, તેનું કામ ફક્ત પુરૂષોની ગુણ ગાથા ગાવાનું હોય ત્યાં જો એ પૂતળીઓ પોતાની વેદનાને વાચા આપે તો... સર્જાય છે બત્રીસ પૂતળીની વેદના."

આ શબ્દો ઈલા આરબ મહેતાની અલ્પચર્ચિત નવલકથા "બત્રીસ પૂતળીની વેદના"ની પ્રસ્તાવનાના છે. અલ્પચર્ચિત શબ્દ સમજણપૂર્વક જ વાપર્યો છે. નારીની વિડંબના, વિભાવના, પ્રશ્નો વગેરે અનેક મુદ્દાઓ ચર્ચાયા, કુન્દનિકા કાપડિયાની 'સાત પગલા આકાશમાં' નવલકથા ક્ષેત્રે અત્યંત ચર્ચાસ્પદ રહી. સ્ત્રી અને સ્ત્રીની ચર્ચા-વિચારણા

દુનિયાના કોઈપણ છેડે હંમેશા કેન્દ્રમાં જ રહયાં છે. પણ ઈલા બહેનની આ નારીલક્ષી નવલકથા એટલી ચર્ચામાં રહી નથી. એ પણ એટલું જ સાચું છે અહીં માત્ર નારીના પ્રશ્નો નથી. એની સંવેદનાની વાત છે અને એ જ તો અગત્યનું છે. સ્ત્રી સ્વતંત્ર નથી, પરતંત્ર છે. પુરૂષના ભોગ વિલાસનું એ માત્ર રમકડું છે. સ્ત્રી એટલે આર્ય પરંપરાને અનુસરનારી પતિવ્રતા સ્ત્રી. આવા આદર્શો જાળવી પ્રેમ, સમર્પણ, ત્યાગ, બતાવનારી સ્ત્રી–આવા આપણા પૌરાણિક અને રૂઢિગત ખ્યાલો છે. વર્ષોથી સ્ત્રીઓ આ દુઃખ સહન કરતી આવી છે. આ દુઃખ એટલે એ કે જે બતાવી નથી શકાતું, માત્ર એની પીડા સ્ત્રીના મન હૃદયને કોર્યાં કરે છે. એને એક એવી ફ્રેમમાં જડી દીધી છે કે એ પોતાની મરજીથી એક કદમ પણ ન ઊઠાવી શકે. પેલી આદર્શોની લક્ષ્મણ રેખા સતત એને કહયા કરે ‘તું સહનશક્તિની મૂર્તિ છે’, ‘તું ત્યાગ અને પ્રેમ–સમર્પણની વ્યાખ્યા છો’, ‘તું એક આદર્શ નારી છો જેને દુનિયાની બીજી નારીઓએ અનુસરવાનું છે’, ‘તું સતી સીતા–સાવિત્રીની વંશજ છો અને સ્ત્રી એ માનસિક કવચ ઉતારી શકતી નથી અને રૂંધાઈ જાય છે એનું વ્યક્તિત્ત્વ, એની શક્તિ, આમાંથી સ્ત્રીને કોઈપણ હિસાબે મુક્ત કરવી જ જોઈએ એવું ઈલાબહેનને લાગ્યું અને બત્રીસ પૂતળીને વાચા આપી તેમની વેદના વ્યક્ત કરી. આ વેદનાને વ્યક્ત કરવામાં મુખ્યત્વે ચાર સ્ત્રીપાત્રોનાં જીવનને વ્યક્ત કર્યા છે. અનુરાધા, રેખા, છાયા, વિભા અને અન્ય બે સ્ત્રીપાત્રો બડી અમ્મા અને વિનોદિની.

અનુરાધા રસેશની પત્ની છે, લેખિકા છે અને પત્ની લેખિકા છે તે પતિ રસેશને પસૂંદ નથી. રેખા વિપુલ નામના ઉદ્યોગપતિની પત્ની છે. છાયા પરાશરની પત્ની છે, છાયા પોતે એક કંપનીમાં સેલ્સ મેનેજર છે જે પતિને પસંદ નથી. વિભા મયંકની પત્ની છે. બંને ફિલ્મ કલાકારો છે. મયંક બીજી સ્ત્રીને ચાહે છે. આ ચારેય સ્ત્રીઓના દામ્પત્ય જીવનને લેખિકાએ ક્રમશઃ વ્યક્ત કર્યા છે. આપણા યુગમૂર્તિ વાર્તાકાર ર. વ. દેસાઈ માને છે કે; ‘સાહિત્ય જીવનનું પ્રતિબિંબ છે’ આ નવલકથાની રચનારીતિ જોતાં લગભગ એ સાચું ઠરે છે.

ચારે સ્ત્રીઓ ભણેલી છે, બહાર નીકળેલી છે અને છતાં પરતંત્ર છે. એમની આજ્ઞા પ્રમાણે જીવવું પડે છે કેટલીક સ્થૂળ બાબતોમાં લેખિકાએ આ વેદના વ્યક્ત કરી છે. કુતૂહલ પ્રેરક અને શ્વાસ અદ્ધર થઈ જાય તેવા પ્રસંગોમાં જેમ મડિયાને રસ છે તેવો

જ અદ્દભુત રસ ઈલાબહેને આ નવલકથામાં જમાવ્યો છે અને એ પ્રમાણે નવલકથાની માવજત કરી છે.

અનુરાધાને એક નાટક લખવાનું કહેવામાં આવે છે પણ સાથે સૂચના પણ છે શાસ્ત્રીજીની કે એ નાટકમાં સ્ત્રીઓ પૌરાણિક આદર્શોને વળગીને પોતાની આહુતિ આપતાં પણ ન ડરે તેવી ચારિત્ર્યવાન હોવી જોઈએ અને અનુરાધા આ ચેલેન્જ ઉપાડી લે છે અને રામાયણનાં ચાર સ્ત્રી પાત્રો – કૈકેયી – કૌશલ્યા – સીતા, મંથરાને કેન્દ્રમાં રાખીને નાટક લખે છે. આ ચારે નારીઓના જીવનમાં જે હાહાકાર મચતો વાવંટોળ ઊઠયો હતો, એમનું સઘળું જયાં તૂટીફૂટીને નષ્ટ થયું હતું તેની હૈયું વલોવનારી સમાંતર સભ્યોની એણે કથા નાટક રૂપે નિરૂપી. કૈકેયી, કૌશલ્યા, અને સીતા એ ત્રણેય પ્રેમની મૂર્તિઓ જ હતી. પણ તેમની પ્રેમ, પ્રેમની સમજણમાં, પ્રેમની વિધવિધ ભૂમિકાઓમાં કેટલી ભિન્નતા હતી ! અને એટલે જ સર્જાતી હતી એક વ્યથાની વાત.

આ વ્યથા કોઈ એક નારીની, કોઈ એક પાત્રની નથી, એ તો દરેક નારીના મતની છે. અનુરાધા લેખિકા છે અને જાહેરખબરમાં સ્ત્રીના નગ્ન પ્રદર્શન વિશે કટાક્ષમાં લખે છે તો પતિ રસેશને વાંધો પડે છે. અનુરાધા માટે આ અસહય છે. સ્ત્રીનું આવું વરવું પ્રદર્શન અને પતિનો વાંધો. બડી અમ્મા બાલવિધવા છે અને કદાચ એટલે જ સમાજ એને નફરત કરે છે, એની ઉપેક્ષા કરે છે.

ઈલાબહેનને જે કહેવું છે તે આ નવલકથામાં તે નાટયાત્મકતા લાવીને કહી શકયા છે તે સાચું, પણ અંતે ? બત્રીસ પૂતળીની વેદના તો વ્યક્ત થઈ પણ એનો ઉપાય ? પ્રશ્નો હજી પણ ત્યાંનાં ત્યાં જ છે. સમય બદલાયો છે એમ પ્રશ્નોના છેડા લંબાયા છે બાકી તો બધું જ એમ જ છે. જે સ્ત્રી ચુપ રહેતી હતી એ હવે બોલી શકે છે. પણ એનો અવાજ કયાં ? અવાજ વગરનું બોલવાનું એ તો એનાથી પણ વધુ આકરી પીડા છે. એ પીડા ઈલાબહેને અહીં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે.

- **વર્ષા અડાલજા :**

ગુજરાતી કથા સાહિત્યમાં વર્ષા અડલાજા સંવેદનશીલ લેખિકા તરીકે જાણીતા છે. એમણે નારીના મનને સ્પર્શતી નારી પ્રધાન નવલકથાઓ તો આપી જ છે પણ

'નીલિમા મૃત્યુ પામી છે' (૧૯૭૭) 'પાછા ફરતા' (૧૯૮૧), 'પગલા' (૧૯૮૩), 'અવાજનો આકાર' (૧૯૯૬) જેવી રહસ્યકથાઓ પણ આપી છે, એટલું જ નહિ 'આતશ' (૧૯૭૬) એક વૃદ્ધની કથા છે. લેખિકા પોતે કહે છે : "આ નવલકથા લખવા પાછળ મારી નેમ એક યુદ્ધગ્રસ્ત પરિસ્થિતિમાં સપડાયેલા સમાજની, યુદ્ધના ઓથાર નીચે ચંપાતા ભીંસાતા માનવીને આલેખવાની છે. આ માત્ર સમાપ્ત થઈ ગયેલા યુદ્ધની કથા નથી. એ તો નિર્વિવાદ છે કે કોઈપણ પરિસ્થિતિમાં માણસનો પર્યાય માણસ જ છે, અને રહેશે.

વર્ષા બહેનની સામાજિક નવલકથાઓ પર એક દષ્ટિએ કરીએ તોઃ 'શ્રાવણ તારા સરવડા' (૧૯૬૭), 'આનંદધારા' (૧૯૭૬), 'તિમિરના પડછાયા' (૧૯૬૯), 'એની સુગંધ' (૧૯૮૭), 'માટીનું ઘર' (૧૯૯૧), 'અણસાર' (૧૯૭૨), 'ખરી પડેલ ટહુકો', 'મારે પણ એક ઘર હોય'.

'શ્રાવણ તારા સરવડા' એ વર્ષા અડાલજાની પ્રથમ નવલકથા છે. અહીં ખાસ કશું વિશેષ નથી. નારીની, નારીવાદની કોઈ વાત વિવાદ નહી છતાં વાચકને રસ પડે એવી તો ખરી જ. સમાજમાં સામાન્ય રીતે બને છે એવું જ. તૃપ્તિના સરળ સુંદર અને સમજદાર વ્યક્તિત્ત્વ, બિદુંનું ઘમંડી વર્તન, કાંતાબહેન અચાનક આવેલા પૈસા અને પુત્રવધુના પગલે લેતા ખોટા નિર્ણયો. જવાલા Typical ગામડાની ભોળી, વ્યવહારું નારી, વૃંદા શ્રીમંત મા-બાપનું લાડમા બગડીને ઓટલો ઊઠી ગયેલું સંતાન અને અંતે સૌ સારાવાનાં.

"આનંદધારા નવલકથાની પ્રસ્તાવનામાં લેખિકા કહે છે એમ : 'એકવાર અચાનક હોલીવુડની પ્રખ્યાત અભિનેત્રી મેરીલિન મનરોની આત્મકથા હાથમાં આવતા કુતૂહલ ખાતર થોડાં પાના ઉથલાવ્યા. થોડાં વાંચ્યાં અને પુસ્તકે જાણે મારણ વિદ્યાનો મંત્ર ભણ્યો હોય એમ આખું પુસ્તક ફરી ફરીને વાચવું પડયું. મેરેલિન એટલે સેકસ બોમ્બ... મેરીલિન એટલે પુરુષોની ભૂખ... પણ આ બીજી મેરીલિનની વાત હતી જે રોશનીથી ઝગમગતી ફિલ્મી દુનિયાની અંધારી હાલતમાં પછી તે જીવતી હતી બધું જ મળી ચૂકયું હતું એને – એક અભિનેત્રિ તરીકે, પણ એક સ્ત્રી તરીકે એ ખાલીખમ હતી. કશું જ સિલકમાં ન હતું કયાં હતો એ ઉત્કટ પ્રેમ અને મનની શાંતિ ? જેની શોધમાં

એ ઘણું ભટકી હતી ? લોકો કહેતા એ પુરુષ ભૂખી હતી. એક પછી એક પુરુષ... પતિ... પુરૂષ મિત્રો... પણ કોઈ પુરૂષ એને જીરવી શકતો નહોતો. એક અતિ સુંદર રૂપરમણી પોતાની પત્ની હોય, પોતાની આગવી માલિકીની વસ્તુ, એને લાખો લોકો ચાહતા હોય – ભલા કયા પુરૂષનું અહમ્ જીરવી શકે ?

મેરીલિનમાંથી થોડો પિંડ લઈ રાણીનું પાત્ર ઘડાયું છે એ સદાય સુખની મૃગયા ખેલતી આવી છે. વનવાસ ભટકે છે પણ મોહ પમાડતું કાંચનમૃગ હાથ નથી આવતું. અમ તો આ કોઈ પણ સ્ત્રીની કથા હોઈ શકે. 'તિમિરના પડછાયા' (૧૯૬૯)ની શરૂઆતમાં આગળ લેખિકાએ આ પંક્તિઓ મૂકી છે :

See, here hath benn dawning another blueday.

Think ! Wilt thou let it slip wseless away ? out of etermity this near day is bern in to etermity at night will return.

દરેક સ્ત્રીએ આ સમજવા જેવું છે. બે સ્ત્રી અને એક પુરૂષ ! વિશ્વના સનાતન રસનો વિષય પરંતુ ત્રિકોણના એ ત્રણ ખૂણામાંથી અચાનક એક રેખા આગળ ખેંચાઈ જઈ ત્રિકોણનો ચોથો ખૂણો બને છે. ત્યાં એક એવી વ્યક્તિ આવીને ઊભી રહે છે, જેના અસ્તિત્વની નોંધ લીધા સિવાય કોઈ છટકી શકે એમ નથી અને શરૂ થાય છે પોત પોતાની જાત સામેનો સંગ્રામ.

વ્યક્તિના અસ્તિત્વને વેરવિખેર કરવા પ્રસંગોની ઘટમાળની જરૂર નથી. એકાદ પ્રસંગ પણ વ્યક્તિના જીવનની પંગુતા અને પુરૂષાર્થ વચ્ચે ખેલાતા યુદ્ધનો સાક્ષી બની શકે છે. સત્યને ખાતર કંઈ પણ કરી નાખે એવા ન્યાયપ્રિય, સિદ્ધાંતવાદી નિષ્ઠાવાન દિનકરરાયની છબી આપણને પણ અભિભૂત કરી રાખે છે. પણ માનબાઈ પ્રગટ થતાં એ છબી કણ કણ હવામાં વેરાઈ જાય છે. પુરુષનું પોકળ મિથ્યાભિમાન લેખિકાએ અહીં સરસ ઉપસાવ્યું છે તો માલતીની ખુમારી અને સમજદારી નારીના ગૌરવને છાજે એવા છે.

'પુરાણકાળની સતી પણ સહન ન કરી શકે એવા દુઃખ આજની સ્ત્રીને સહન કરવા પડે છે. આ વાકય છે "એની સુગંધ"ની રમાનું. તો આ જ નવલકથાની નાયિકા

રમીલાના મનનાં સંવેદનો આ રીતે લેખિકા વ્યક્ત કરે છે : 'એક મુલાયમ ફૂલની પાંખડી શો ઋજુ સ્પર્શ હોય જે હળવે હળવે એનામાં સૂતેલી સ્ત્રીને જગાડે. હાથ પકડી આ અંધારીનગરીમાંથી બહાર લઈ જાય અને પોતે સૂર્યનું આહવાન કરી એનો ઉજ્જવળ પ્રકાશ કુંતીની જેમ પોતાના ગર્ભમાં ધારણ કરે અને સર્વ–સમર્પણ કરવાની ક્ષણે જ એને ખબર પડે છે કે તે તો પરણેલો છે પણ ફરી એ જ આશા–જે આજ સુધી એક પરિણીત પુરુષ એક કુંવારી છોકરીના અરમાનો સાથે રમત રમતો આવ્યો છે. પહેલી પત્નીના છૂટાછેડા અને પછી આપણે એક થઈ જવાનું ફરી એ જ બને છે જે હંમેશા બનતું આવ્યું છે. મિ. એન્જિનિયર રડમસ ચહેરે કહે છે' 'મારી પત્નીને કેન્સર છે... મારા સસરા બોલાવવા આવ્યા છે ... અને એક સ્ત્રીનું કોમળ હૈયું એ જ કહે છે જે સદીઓથી કહેતી આવી છે : 'મારી ચિંતા ન કરશો. આપણા સુખ માટે હું કોઈનું મૃત્યુ શી રીતે વાંછી શકું ? તમે તો મારી પાસે જ છો, મારા શ્વાસમાં, મારા અસ્તિત્વમાં 'મારે પણ એક ઘર–હોય' માં લીના અને સુરેખા બંનેના પાત્રો બહુ સરસ રીતે ઊઠાવ પામ્યા છે. બહુ સચોટ રીતે આલેખાયેલું લીના અને સુરેખા વચ્ચેનું દ્વંદ્વ તે કેવળ બે બહેનો વચ્ચેનું દ્વંદ્વ નથી. તે લીનાના પોતાના જ હૃદયમાં ચાલતા બે પરિબળો વચ્ચેની લડાઈનું પ્રતિબિંબ છે અને આ વાત બહુ વેધક રીતે ત્યારે પ્રગટ થાય છે. જયારે લીના કહે છે : 'આઈ એમ એ ફાઈટર. આઈ વીલ ફાઈટ થ્રુ એન્ડ થ્રુ. હું છેક સુધી લડી લઈશ, પણ નમતું નહી આપું, હાર નહીં માનું.

લીનાની લડાઈ તે નિયતિ સાથે છે. નિયતિએ જે આપ્યું તે ચુપચાપ નહીં તો આક્રોશ સાથે પણ તે સ્વીકારી લે છે. કશું તોડી ફોડીને નિયતિનાં સર્વ વિધાનો ઉલટાવી નાખીને, પોતાના સુખનો માર્ગ પોતે કંડારવાનો, નિયતિને પડકાર ફેંકવાનો તે પ્રયત્ન પણ કરતી નથી. તે તો ચુપચાપ વિધિના ફેંકાતા પાસા જોયા કરે છે, પોતાના દ્વારે આવેલો પરમ સાર્થકતાનો રથ બીજા દ્વારા ભણી વળી જતો જોયા કરે છે, ને એ બીજા દ્વારે સ્વાગતનો દીવો પોતે જ પેટાવી આપે છે. લીનાની લડાઈ પોતાની જાત સાથેનો એક ભાગ છે. પોતાની અંદર પોતાના અંશને ચાહે છે, ને બીજાને ધિક્કારે છે. આ બે વચ્ચે સતત ચાલતો સંઘર્ષ તે જ એના જીવનનું યુદ્ધ છે અને એ યુદ્ધમાં તે જીતે છે. પોતાને માટે સુખ પામવાની ઈચ્છાનો છેલ્લો તંતુ એ છોડી દે છે તે પળે જ તેણે ઈચ્છેલું

સઘળું તેને મળે છે. હા, એ પ્રાપ્તિનું રૂપ જુદું છે, પરિવેશ જુદો છે, આ ઘર તેનું છે ને તેનું નથી. અપૂર્વને અનુપમ તેના છે તે તેના નથી, પણ હવે તેના હૃદયમાં ધિક્કાર નથી. પોતાની અંદર ચાલતા યુદ્ધમાં તેણે તે ધિક્કારને સંપૂર્ણપણે પરાજિત કર્યો છે અને એટલે જે પ્રાપ્તિનું આ બદલાયેલું રૂપ તેને ઈશ્વરની અનુકંપા સમાન લાગે છે. ઈચ્છા પ્રમાણે ન થવું અને ત્યાગની મૂર્તિ બની જીવવું એ જેમ લીનાના નસીબમાં લખાયેલું છે.

તો વળી 'રેતપંખી'ની સુનંદાના લલાટે પણ લખાયેલું છે. માત્ર સુનંદાની માનસિક સ્થિતિ જ એવી નહોતી કે એને કાંઈ આકાંક્ષા હોય, આગ્રહ હોય કે થોડામાં ઘણું જીવી નાખવાનો લોભ પણ હોય. ઠીક ઠીક સમજતી, સંવેદતી એ બીજવર જગ મોહનને પરણીને ગામડેથી આવી મુંબઈ જેવા મહાનગરમાં અને સરેરાશ વ્યક્તિને ફાળે આવે એ સુખ પણ એના માટે મૃગજળ બની રહે છે અને એની નિયતીને ઓળખાવવા 'રેતપંખી'નું રૂપક ખપ લાગે છે. અહીં કથા એક સ્ત્રીને છે જ એક સાથે કેટકેટલા મોરચે લડી શકે છે અને તે પણ માત્ર મનોબળના શસ્ત્રથી તે લેખિકા અહીં સરસ રીતે વ્યક્ત કરી શકયાં છે.

'મનની ઝીણી ઝીણી નિરર્થક પીડા અને એકાંતના વાંસવનમાં ભોંય ફાડી ફૂટી નીકળતા વિચારો', 'ત્રીજો કિનારો'ની નાયિકા અશુમીના વ્યક્તિત્ત્વને આ વાકયો જ વ્યક્ત કરે છે. 'સ્ત્રી અને પુરુષ' બેયના હાથમાં એકસરખી રેખા હોય છે ને આ શું ! તોય બેયના ભાગ્ય નોખાં નોખાં કાં હોય છે ?" – આ વાત આખી નવલકથામાં ત્રણેકવાર આવ્યા જ કરે છે. લેખિકા અહીં એક સરસ સત્ય કહે છે કે બીજી સ્ત્રી વિશે પત્નીને છેલ્લે જ ખબર પડતી હોય છે. બીજું એવું જ કડવું વાકય પાછળ આવે છે કે; 'જો કે પહેલાં ખબર પડે તોય શું થઈ શકવાનું છે ? અને એટલે જે ઉષ્મા અશુમીને કહે છે : "જાણો છો ગાંધારી પહેલી સ્ત્રી હતી જેણે છતી આંખે પાટા બાંધી આખી જિંદગી જીવી નાખી ! આપણે ગાંધારીના વંશજ છીએ." પ્રત્યેક નારીના આંતરમનને સ્પર્શતી આ વાત છે. એના મનના દરેક ખૂણાને સ્પર્શને જાણે કે લેખિકા વ્યક્ત થાય છે. સ્ત્રીનું જીવન નદીના બે કિનારા જેવું છે. એક જીવન જે વિધાતા જન્મ થકી માતા-પિતાને ત્યાંને ત્યાં આપે છે તે અને બીજું સમાજ એને આપે છે તે બે કિનારા વચ્ચેથી જળનો ચેતનવંતો વેગીલો પ્રવાહ કયાં ને કયાં વહી જાય છે, પણ સાથે કિનારા

વહી જઈ શકતા નથી. એ રહે છે, નિશ્ચિલ, નિર્જીવ, સ્ત્રી જેને માટે શરીર અને મનની પીડા ભોગવે છે તે લોકો તો સુખેથી જીવતાં હોય છે. સ્ત્રીએ પોતે સૌભાગ્યની નિશાનીનાં લટકણિયાં લટકાવી ફર્યા કરવાનું અને પુરુષ ? 'સ્ત્રીમાં પુરુષ પોતાનું સૌભાગ્ય જોતો હોત તો જોતું'તું શું ?' કશુંક અત્યંત નાજુક, કાચની કૂંપી જેવું એની અંદર ખણખણ કરતું તૂટે અને એની અસંખ્ય કરચોથી વીંધાઈનેય હસતે મોઢે જીવવું એટલે નારી. નારીની આ વ્યાખ્યા ભલે આજના સમયમાં એટલી સુસંગત નથી એ કબૂલ પણ તદ્દન અસંગત પણ નથી એ પણ એટલું જ સાચુ છે. સ્ત્રી Herself એ ધગધગતા રણમાં ખુલ્લા પગે ચાલે છે અને એને પગે જે ફોડલા પડે છે એ જ કારણે એને વેદનાની ઋચા કંઠસ્થ છે અને એટલે જ અહીં નાયિકા એક વળાંક પર આવીને ઊભા રહી ગયા પછી વિચારે છે : 'આજે એ નથી મા, નથી મિત્ર પણ એ એક કેવળ સ્ત્રી છે. જેને ગોપાલ રાવે એક વખત કહયું હતું : આશુ, જીવનમાં એક કેન્દ્રમાં સમાઈને જીવીશ નહી ફેલાઈ જજે' અને હકીકત એ છે કે ઘણીવાર વ્યક્તિને ખોઈ દઈને જ આપણે એને પામીએ છીએ.

લેખિકા લખે છે કે પોતાની નવલકથાની દરેક સ્ત્રી નાયિકા – પોત પોતાના જીવનની દિશા શોધતી આ સ્ત્રીઓ જીવનને અડધે મુકામે મળી ગઈ છે, એક નિર્જીવ ટાપુ પર. વહાણ ડૂબી ગયું છે અને દરિયાની દૂરની ક્ષિતિજ રેખા પર આંખ માંડી રહે છે. શું સફરે નીકળેલું કોઈ વહાણ એમને શોધી શકશે ? કશું કરવાનું નથી, માત્ર પ્રતિક્ષા કરવાની છ. શેની પ્રતીક્ષા ? એના ઉત્તારની જાણ હોત તો ? લેખિકા તો આટલું વિચારી અટકી જાય છે પણ આપણને હવે પ્રશ્ન એ થાય છે કે ઉત્તરની જાણ હોત તો પણ શું ? તા. ૧૮-૦૪-૦૩ ના 'ઈન્ડિયન એકસપ્રેસ'માં સમાચાર છે કે એક મુસલમાન યુવતી પર બળાત્કાર થતાં એણે પતિને તથા પોલીસ સ્ટેશનને જાણ કરી. પરિણામે પતિએ છૂટાછેડા આપી દીધા. અહીં પ્રશ્ન એ થાય કે સ્ત્રીનો એ જ વાંક કે એ સત્યને જાહેર કરે ? સાચું બોલવાનો અધિકાર પણ સ્ત્રીનો નહીં? નારીનું ભાગ્ય ભલેને લોકો બૂમો પાડીને પોકારતા હોય કે સમય બદલાયો છે, નારી પ્રત્યેનો અભિગમ બદોલાયો છે, કાયદાઓ બદલાયા છે પણ નારીનું ભાગ્ય નથી બદલાયું એ પણ એટલું જ કડવું સત્ય છે ?

આમ અહીં આ પ્રકરણમાં ધીરુબહેન પટેલ, કુન્દનિકા કાપડીયા, સરોજ પાઠક, ઈલા આરબ મહેતા અને વર્ષા અડાલજા એ પાંચ લેખિકાની નવલકથા અને તેના અન્ય સર્જન વિશે વાત કરી આ સર્વ લેખિકાના સર્જનમાં નારી જીવનની વિભાવના આ સર્વએ સુંદર રીતે આલેખી છે. આ પાંચેય લેખિકાઓ તેના સમયની ઉત્તમ લેખિકાઓ ગણાય છે પણ તેમાંય વર્ષા અડાલજાનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી લેખિકાઓમાં એક આગવું સ્થાન માન ધરાવનારું છે. વર્ષા અડાલજાની નવલકથાની નાયિકાઓ – લેખિકાએ વર્ણવેલી નારી સંવેદનની વિભાવના તે નવલકથા સાહિત્યમાં ગૌરવની વાત છે અને શ્રી–વર્ષા અડાલજા પણ ગુજરાતી નવલકથા સાહિત્યમાં ગૌરવથી અને ગર્વથી લઈ શકાય તેવું નામ છે.

– ૧૯૪૦ પછી ગુજરાતી સામાજિક નવલકથાઓમાં નારી વિભાગના : ડૉ. હીના પ્રતીક મહેતા.

– ‘સરોજ પાઠકનાં કથાસાહિત્યમાં નારી’ – ડૉ. સુહાસ એ. ડાભી.

## પ્રકરણ-૭
## ઉપસંહાર

પ્રસ્તુત મહાશોધ નિબંધના પ્રથમ પ્રકરણમાં નવલકથા સ્વરૂપના ઘટકતત્ત્વોની સૈદ્ધાંતિક વાત કરી છે. આધુનિક ગદ્યસ્વરૂપોમાં સૌથી વધુ પ્રચલિત નવલકથાનું સ્વરૂપ છે. આ કથા સ્વરૂપનાં દરેક ઘટક તત્ત્વોને વિશેષ રીતે સ્પષ્ટ સમજાવ્યા છે. ત્યારબાદ બીજા પ્રકરણમાં આપણી આ નવલકથાના સ્વરૂપને સવાસોથી વધુ વર્ષના ગાળાના ઈતિહાસમાં ઘણા બધા શક્તિશાળી સર્જકના હાથે આ સ્વરૂપ રચાયું અને અત્યાર સુધીમાં ઘણા બધા પ્રયોગો થઈને આજ સુધી રચાતું રહયું છે. આથી 'નવલકથા સ્વરૂપનો વિકાસ' વિશે બીજા પ્રકરણમાં વાત કરી છે.

પ્રસ્તુત શોધ નિબંધમાં ત્યારબાદ વર્ષા અડાલજાની સામાજિક નવલકથા, પ્રણયનવલકથા, રહસ્યમય નવલકથા, વિશે વિશેષ વાત કરીને તેમની નવલકથાકાર તરીકેની વિશેષતાને સિદ્ધ કરી બતાવી છે.

વર્ષા અડાલજાની સામાજિક નવલકથાઓ વિશે કરેલા અધ્યયનમાં એના જુદાં-જુદાં પાસાઓની ચર્ચામાં એ સ્પષ્ટ થાય છે કે સામાજિક નવલકથાઓની દષ્ટિએ વર્ષા અડાલજા આધુનિક યુગના એક ગણનાપાત્ર નવલકથાકાર છે. એમની સામાજિક નવકલથાઓનું મૂલ્ય કોઈ રીતે ઊણું ઊતરતું નથી નવલકથાના સ્વરૂપની જે જે આવશ્યકતાઓ છે તેને લાક્ષણિક રૂપે શ્રીમતિ વર્ષા અડાલજાની નવકલથાઓમાં સરસ રીતે સિદ્ધ થયેલ પરખાય છે. કુટુંબ જીવન હોય કે સાંસારિક સમસ્યા હોય, જેલ જીવનની વાત હોય કે, રાજકારણની વાત હોય કે નારીના હૃદયની સૂક્ષ્મ આંતરવ્યથા હોય. બધામાં એમની કલમ એકધારી ફરી વળે છે. જીવનને તેના યોગ્ય સ્વરૂપમાં જોવાની અને સાંસારિક પરિસ્થિતિને ઉચિત સંદર્ભમાં મૂલવવાની લેખિકાની આગવી દષ્ટિ છે અને આપણે જોયું તમે ગમે તેવી ઝાકઝમાળ ભરી પશ્ચિમની સંસ્કૃતિનું પ્રલોભન હોવા છતાં લેખિકાએ પૂર્વની સંસ્કૃતિને તેની અનેક મર્યાદાઓ હોવા છતાં પૂરા ગૌરવથી સ્વીકારી છે. એની અનેક કથાઓમાં એ વસ્તુ ફલિત થાય છે. સમાજના ખૂણે ખૂણે એમની દષ્ટિ ફરી વળે છે તે ઉપરાંત, કેટલાંક પાત્રોની વિશિષ્ટ પરિસ્થિતિ અને સમસ્યાઓને પણ તેમણે લક્ષમાં રાખી છે. જેવી કે પાગલપણું, પક્ષઘાત, માનસિક અસ્થિરતા વગેરે તો વળી પ્રણય નવલકથામાં પ્રેમ, સહાનુભૂતિ, આદર, સ્વાર્પણ ત્યાગ આદિ જીવનની ઉચ્ચ

ભાવનાઓને પણ સંસારમાં મૂર્ત થતી બતાવી છે. એ દર્શાવે છે કે જીવનની સુંદર અને કંગાલ બંને વાસ્તવિક પરિસ્થિતિને સર્જકે બહું નજીકથી નિહાળી છે. પણ સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ એમણે દામ્પત્ય જીવનનું સુરેખ આલેખન આકર્ષક રીતે કોઈ નવલકથામાં દર્શાવ્યું નથી. પરિણામે સુખી પ્રણયજીવન જયાં ત્યાં દષ્ટિગોચર થાય છે ખરું પણ પ્રસન્ન દામ્પત્યની ઊણપ એમની સામાજિક નવલકથાઓમાં વર્તાય છે, તે જરા મનને ન ગમતુ હોય તેવું લાગે છે.

જીવનની સઘળી પરિસ્થિતિમાં પાત્રોની મનઃસ્થિતિનું વાસ્તવિક નિરૂપણ લેખિકાની નવલકથામાં દેખાય છે. એમની નવલકથાઓ આથી મુખ્યત્ત્વે પાત્રના વ્યક્તિત્ત્વનેસમર્થ રીતે ઉપસાવે છે. પાત્રાલેખનની ર્દષ્ટિએ પ્રભાવક બનતી એમની નવકલથા વસ્તુવૈવિધ્ય, પ્રસંગ આલેખન, સંવાદ આદિની ર્દષ્ટિએ પણ સિદ્ધિ હાંસલ કરે છે. તેમાં યે નારી જાતને પુરુષો દ્વેષ વગર સહાનુભૂતિથી જોવાની લેખિકાની ર્દષ્ટિ અત્યંત ધ્યાનપાત્ર બને છે. નવલકથાઓ જીવનની જટિલ સમસ્યાઓને લઈને આવે છે. વળી આ બધી સમસ્યાઓનો ઉકેલ એમની પાસે નથી પણ નવલકથાકારનું કામ સામાન્ય રીતે વસ્તુને એના યથાતથ સ્વરૂપમાં મૂકી આપવાનું છે. જીવનની સંભવિતતાને નિરૂપવાનું છે. એના ઉકેલ માટે સંસારે માર્ગ શોધી લેવાનો છે.

તો વળી રહસ્યમય નવલકથામાં લેખિકાએ સુંદર કથા વસ્તુની ગૂંથણી દ્વારા રહસ્ય પ્રગટ કરે છે. કથામાં રહસ્યને એવી રીતે મૂકયું છે કે વાર્તાના અંત સુધી ભાવક નક્કી ન કરી શકે કે હવે શું થશે ? રહસ્યમય નવલકથામાં વર્તાવસ્તુ દ્વારા રહસ્ય તો લેખિકા ઊભું કરે છે પણ સાથે સાથે આપણને વિચારતા કરે છે. નવાં નવાં પાત્રો દ્વારા રહસ્યને ઘૂંટીને મૂકે છે. વાર્તાના અંત સુધી પહોંચે ત્યારે ભાવકે નક્કી કરેલા નિર્ણયખોટા પડે અને નવું જ રહસ્ય સામે આવે છે.

નવલકથામાં આવતાં પાત્રોને તેની રહસ્યની શોધ કરવામાં જે બહાદૂરી બતાવી છે તે દાદ માગી લે તેવા છે. રહસ્યમય નવલકથાના ડિટેકટીવને શેરલોક હોમ્સનું બિરૂદ આપવામાં આવે છે. તે લગભગ બે-ત્રણ કથામાં પુનરાવર્તન પામ્યું છે. રહસ્ય ઊભું કરતા પાત્રો અને પછીથી નવી જ રીતે રહસ્યનો ઊઘાડ કરતા પાત્રોને લેખિકાએ સરસ રીતે વર્ણવ્યા છે.

રહસ્યમય નવકલથામાં લેખિકાએ રહસ્યની સાથે કેટલાંક રહસ્યમય વાતાવરણ સર્જાય તેવા વર્ણનો અને તેવી કેટલીક શબ્દ રચચનાઓ દ્વારા આખીય નવલકથામાં રહસ્ય ઊભું કરવામાં લેખિકાની સિદ્ધિ રહેલી છે. આખીય રહસ્યમયતામાં પણ લેખિકા પ્રણયની કયાંય ઝકલ દેખાડી દે છે. એટલે રહસ્યના વાતાવરણથી થોડીવાર હળવાશ ઊભી થાય છે. રહસ્યમય કથામાં આવતા ડીટેકટીવના પાત્રો પણ ખૂબજ હોંશિયાર અને ચતુર બતાવ્યા છે અને આખીય કથાના રહસ્યને સુંદર રીતે ઉદ્દઘાટીત કરીને તે છેલ્લે વાર્તાનું રહસ્ય પ્રગટ કરે છે. પોલીસ પાત્રો પણ ચતુર અને શાણા આલેખ્યા છે. અત્યારે હાલમાં કહેવાતા પોલીસતંત્ર જેવું નિષ્ક્રિય પોલીસ તંત્ર બતાવ્યું નથી વાર્તામાં રહસ્ય ઊભું કરવાની નવી નવી ટેકનિક લેખિકા ખૂબ જ સરસ રીતે જાણે છે.

આમ પ્રણય નવલકથા, સામાજિક નવલકથા, અને રહસ્યમય નવકલથાઓના સઘળાં પાસાઓને જોતા લાગે છે કે આધુનિકયુગમાં નારી નવલકથાકાર તરીકે વર્ષા અડાલજાએ માતબર સર્જન દ્વારા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને તેથી તેઓ આધુનિક યુગનાં એક પ્રભાવક સર્જક બની રહે છે. નવલકથા ઉપરાંત પણ લેખિકાએ અન્ય સ્વરૂપો વિશે પણ પોતાની કલમ ચલાવી છે. પણ નવકલથાઓ આપણને જેટલી સ્પર્શે છે તે પરથી કહી શકાય કે આધુનિકયુગની ઉત્તમ નવલકથા લેખિકાઓમાં એ ઊંચુ સ્થાન, માન પ્રાપ્ત કરે છે. નવલકથાની કથાવસ્તુ, પાત્રો, પ્રસંગો, રહસ્યો આપણને જીવનના એક સ્તરનું દર્શન કરાવી જાય છે, એ એમની અનુપમ સિદ્ધિ છે. જુદા-જુદા પ્રકરણોમાં નવલકથાના સ્વરૂપનાં વિવિધ અંગોની દષ્ટિએ આપણે એમની સિદ્ધિની ચર્ચા અત્યંત વિગતે કરી છે અને તેમાંથી ફલિત થતી એમની પ્રતિભાને તેના યોગ્ય સ્વરૂપમાં મૂલવવા કોશિશ કરી છે.

# સંદર્ભસૂચિ

## • વિવેચન ગ્રંથો •


૧. ધીરેન્દ્ર મહેતા, 'નંદશંકરથી ઉમાશંકર', આવૃત્તિ-૧૯૮૪.

૨. ધીરુભાઈ ઠાકર, 'સાંપ્રત સાહિત્ય', આવૃત્તિ-૧૯૭૮.

૩. ચુનીલાલ મડિયા, 'વાર્તા વિમર્શ', આવૃત્તિ-૧૯૯૧.

૪. ચુનીલાલ મડિયા, 'કથાલોક', આવૃત્તિ-૧૯૬૮.

૫. નરેશ વેદ, 'નવલકથા : શિલ્પ સર્જન', આવૃત્તિ-૧૯૮૩.

૬. એન. પીયર્સન, 'નવલકથા સ્વરૂપ', આવૃત્તિ-૧૯૮૬.

૭. પ્રવીણ દરજી, 'નવલકથા સ્વરૂપ', આવૃત્તિ-૧૯૮૬.

૮. બાબુ દાવલપુરા અને નરેશ વેદ, 'ગુજરાતી કથા વિશ્વ', આવૃત્તિ-૧૯૮૫.

૯. મણિભાઈ તંત્રી, 'ગુજરાતી નવલકથા', સા. આવૃત્તિ-૧૯૧૧.

૧૦. રોજર હેન્કલે, 'નવલકથા સ્વરૂપ', આવૃત્તિ-૧૯૮૩.

૧૧. રતિલાલ દવે તથા પુષ્પાબેન અમીન, 'નવલકથા સ્વરૂપ સર્જન અને સમીક્ષા', આવૃત્તિ-૧૯૭૦.

૧૨. રઘુવીર ચૌધરી અને રાધેશ્યામ શર્મા, 'ગુજરાતી નવલકથા'.

૧૩. રાધેશ્યામ શર્મા, 'સાંપ્રત', આવૃત્તિ-૧૯૭૮.

૧૪. શિરીષ પંચાલ, 'નવલકથા', આવૃત્તિ-૧૯૮૪.

૧૫. સાક્ષરોનો સાક્ષાત્કાર.

૧૬. હિના દેસાઈ, 'શ્રીમતિ વર્ષા અડાલજાની સામાજિક નવલકથા', આવૃત્તિ-૨૦૦૯.

૧૭. હેન્રી જેઈમ્સ, 'ધ આર્ટ ઓફ ફિકશન', આવૃત્તિ-૧૯૩૪.

## • સાહિત્યિક સામયિકો •


૧. 'ગ્રંથ', વાડીલાલ ડગલી વિશેષાંક, વર્ષ-૨૩, સંયુક્ત અંક ૪-૫-૬, એપ્રિલ-મે-જૂન-૧૯૮૬, પૃ. ૨૪.

૨. 'ગ્રંથ', જુલાઈ-૧૯૮૪, 'શાપિત જિંદગીની કથા', પસાદ બ્રહ્મભટ્ટ, પૃ. ૧૮.

૩. 'ગ્રંથ', વર્ષ-૧૮,અંક-૬, જૂન-૧૯૮૧, ગુલાબદાસ બ્રોકર, પૃ. ૨૨.

૪. 'પરબ', અંક-૭, ૧૯૯૦, 'પિતૃપરક સંસ્કૃતિ અને સાહિત્યની ભૂમિકા', પ્રશાંત ર. દવે, પૃ. ૩૨.

૫. 'પરબ' અંક-૭, ૧૯૯૦, 'નારીવાદ : ભૂમિકા અને સંદર્ભ લેખ', ચંદ્રકાન્ત ટોપીવાળા, પૃ. ૧.


## • વર્તમાનપત્રો •


૧. 'દિવ્ય ભાસ્કર', રવિવાર, ૧૨-માર્ચ, ૨૦૦૬, પૃ. ૩ ની મુલાકાત.

૨. 'દિવ્ય ભાસ્કર', 'કળશ', તા. ૨૫-૦૧-૨૦૦૬, બુધવાર.

૩. 'નવ ભારત ટાઈમ્સ', બુધવાર, ૧૨-માર્ચ, ૧૯૯૭.